

નિવે

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્ર. મંડળ ત
રસૂરિ ગ્રંથમાળાના ગ્રંથાંક ૧૦૧ ત
ઉપાસુઓના હસ્તકમળમાં મુકતાં આ

શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરિ મ
શૈલીયુક્ત. સરળ પણ ભાવવાહી
રસપૂર્ણ કસાયલી કલમથી આલેખાય
રીતે પરિચિત છે. ભજનસંગ્રહના
જે મહાન્ રસસાગર રેલ્યો છે તે આ
ભક્તિરસમાં તલ્લીન કરી મુકે છે.

આવાં ઉત્તમ કોટિનાં દ્રવ્યાનુયોગન
ના પ્રદેશમાં દોરી જાય છે. આ ભજને
મદ્ આનંદઘનજી, શ્રી ચિદાનંદજી તથા
જ્ઞાન વૈરાગ્ય ગર્ભિત ઉપદેશક પણ
જેઓ ગુરૂમહારાજને આ ભજનો લક્ષ
જ્ઞાનસાગરમાં ડુબ્યા હોય તેવી મ
શ્રી તેઓ અનુભવ ભજન ગાવામાં કે
તેનો તેને અનુભવ થાય છે. આ ભજ
પણ જૈનેતરોનો મોટો ભાગ પણ તે
એટલુંજ નહિં પણ આજ ગ્રંથની ત્રણ
આવૃત્તિ અગાઉ ખપી ગઇ છે અને
માનમાં ચુંટી કાઢેલાં ભજનોનો
પ્રકટ કરી તેની બે હજાર પ્રતો કાઢેલ
મારે જ્ઞાન ભક્તિના ઉપાસકોમાં તેની
આવૃત્તિ પ્રકટ કરવા ફરજ પડી છે.



નિવેદન.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્ર. મંડળ તરફથી પ્રસિદ્ધ થતી. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળાના ગ્રંથાંક ૧૦૧ તરીકે આ ગ્રંથ પ્રકટ કરી જ્ઞાનરસ પિપાસુઓના હસ્તકમળમાં મુકતાં અમને ઘણોજ આનંદ થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરિ મહારાજની અધ્યાત્મજ્ઞાનપરિપૂર્ણ, સ્યાદ્વાદ શૈલીયુક્ત. સરળ પણ ભાવવાહી અને અર્થભાવ ગાંભિર્યાદિ ગુણયુક્ત રસપૂર્ણ કસાયલી કલમથી આલેખાયલાં ભજનોથી ગુર્જર આલમ સારી રીતે પરિચિત છે. ભજનસંગ્રહના અગીઆર ભાગોમાં તત્વજ્ઞાન, આદિ જે મહાન્ રસસાગર રેલ્યો છે તે અપૂર્વ છે. આ ભજનો, જનસમાજને ભક્તિરસમાં તલ્લીન કરી મુકે છે.

આવાં ઉત્તમ કોટિનાં દ્રવ્યાનુયોગનાં અધ્યાત્મભજનો વાંચકને કોઇ નવીન જ પ્રદેશમાં દોરી જાય છે. આ ભજનોથી પૂર્વે થઇ ગયેલા આપણા જ્ઞાનીશ્રીમદ્ આનંદઘનજી, શ્રી ચિદાનંદજી તથા શ્રીદેવચંદજી આદિ જ્ઞાની પુરૂષોનાં જ્ઞાન વૈરાગ્ય ગર્ભિત ઉપદેશક પણ રસભર્યા ભજનોની યાદ આવે તેવાં છે, જેઓ ગુરૂમહારાજને આ ભજનો લલકારતાં, દેહાત્મભાવ વિસરી જાણે જ્ઞાનસાગરમાં ડુબ્યા હોય તેવી મસ્તદશામાં જોવાને ભાગ્યશાળી થયા હશે તેઓ અનુભવ ભજન ગાવામાં કે શ્રવણકરવામાં શું આનંદ આવે છે તેનો તેને અનુભવ થાય છે. આ ભજનો માત્ર જૈનોજ વાંચે છે એમ નથી પણ જૈનેતરોનો મોટો ભાગ પણ તેનો લાભ બહુજ પ્રેમ ભક્તિથી લે છે. એટલુંજ નહિં પણ આજ ગ્રંથની ત્રણ આવૃત્તિઓ થઇ તેની ૪૦૦૦ પ્રતો અત્યાર અગાઉ ખપી ગઇ છે અને આ અને બીજા ભાગમાંથી અધ્યાત્મ જ્ઞાનનાં ચુંટી કાઢેલાં ભજનોનો સંગ્રહ શ્રી અધ્યાત્મભજનસંગ્રહ નામે પ્રકટ કરી તેની બે હજાર પ્રતો કાઢેલી તે પણ ખપી ગઇ છે અને અત્યારે જ્ઞાન ભક્તિના ઉપાસકોમાં તેની માગણી અતિશય હોવાથી આ ચોથી આવૃત્તિ પ્રકટ કરવા ફરજ પડી છે. એજ તેની ઉપયોગિતા બતાવે છે.

કેટલાક સારા સંસ્કારી જૈનેતરો, અને ગ્રામ્ય ભક્તજનોને જ્યારે આ ભજનો એકતારા તથા મંજીરા સાથે ગાતા સાંભળીએ છીએ અને ડોલતા જોઇએ છીએ ત્યારે લેખક સૂરિજી પ્રતિ આપણો ભક્તિભાવરસ વહેતો ઉછળી ઉઠે છે. આ ભક્તિ અને જ્ઞાન રસથી ભરેલાં પુષ્પોને વિચાર સૂત્રમાં ગુંથી ભજન માલિકા બનાવ્યા છતાં તેમાં ઉચ્ચ કોટિની કાવ્યશક્તિ તથા સાહિત્યદૃષ્ટિએ રસની જમાવટની ઝાંખી થતાં સૂરિજીને ભક્ત કવિ કહેવાય છે અને ગુર્જર જૈનરસ સાહિત્યમાં અભિવૃદ્ધિ કરનાર આ કાવ્ય ગ્રંથમાંના ભજનોનો જ્ઞાન રસાસ્વાદ આપણી ગુર્જર અને જૈન આલમ સારી રીતે લે એ જ મહદીચ્છા.

આ ગ્રંથ છપાવવા ખાતે ગામ પીંડાપા (તા૦ પાદરા) ની બાઇ વીજકોર તે શા. નાથાભાઇ નારણજીની વિધવાએ રૂ. ૨૦૦) બસો રૂપીઆ વડુ (તા. પાદરા) ના શા. છગનલાલ લક્ષ્મીચંદ હસ્તક તથા ગામ વડુની બાઇ રતન શા. નાથાભાઇ નરોત્તમની વીધવા એ રૂા. ૨૦૦) બસો રૂપીઆ કુલ ૪૦૦) ચારસો મદદ તરીકે આપ્યા છે તે માટે મંડળ તેમનો આભાર માને છે. ૐ શાંતિ.

સં. ૧૯૮૧ ચૈત્ર વદિ ૧૧
પાદરા.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.
રા. વકીલ. મોહનલાલ હીમચંદ.



પ્રસ્તાવના.

(આવૃત્તિ ચોથી.)

ભજનસંગ્રહ ભાગ પ્રથમ મનુષ્યોને અતિપ્રિય થઇ પડ્યો છે. અને તેની આજ સુધીની ત્રણ આવૃત્તિ ખપી ગઇ છે અને ગુજરાત કાઠીઆવાડ વિગેરે દેશોમાંથી તેની માગણી થવાથી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે તેની ચોથી આવૃત્તિ બહાર્ પાડવાનો વિચાર કર્યો અને વિ. સં. ૧૯૮૧ ની સાલમાં છપાવવા આપ્યો તેનાં પ્રુફ અમોએ બનતી કાળજીએ સુધાર્યાં છે, છતાં પણ પ્રેસ કાચ્પ દોષ વિગેરેથી અશુદ્ધિ થઇ હોય તો તેને સુધારવા માટે સજ્જનોને વિનંતી છે, અશુદ્ધિ શુદ્ધિ પત્રક આ સાથે આપવામાં આવ્યું છે. જે જે ગામમાં ભજન રચાયાં તેને ગામનાં નામ આપવામાં આવ્યાં છે. વિ. સં. ૧૯૫૭ તથા ૧૯૫૮-૫૯-૬૦-૬૧-૬૨ ની સાલનાં ભજનો જે જે ઠેકાણે રચાયાં તે તે સ્થાનનાં નામ પણ સાથે પ્રસંગોપાત્ત જોડવામા આવેલાં છે. અને તેથી તે સ્થાનમાં અમુક ભજન રચ્યું તે જાણવાને માટે ઐતિહાસિક બીના કાયમ રહે તે યોગ્ય છે, આ ગ્રંથમાં અધ્યાત્મજ્ઞાનનાં તત્ત્વજ્ઞાનના વૈરાગ્યનાં, તથા ઔપદેશિક તથા બોધનાં ભજનો તથા પ્રભુના સ્તવનો છે તેમાંથી જેને જે ગ્રહણ કરવું હોય તે ગ્રહણ કરવા યોગ્ય છે. ભજનોને હાલમાં જૈન શાસ્ત્રની રીતીએ સજ્ઝાયો કહેવામાં આવે છે અને તે સજ્ઝાયોને ઠેકાણે બોલવામાં આવે છે. હિન્દુ ધર્મિઓમાં ભજન શબ્દ રૂઢ થએલો છે. જૈનોમાં પણ ભજન શબ્દ સ્વાભાવને ઠેકાણે વપરાવા લાગ્યો છે. શ્રીમદ્ આનંદઘનજીના વચનમાં પણ ભજન શબ્દ વપરાયો હતો. એટલે હવે ભજન અગર સજ્ઝાય એવા

શબ્દનો મતભેદ રહેશે નથી અને સર્વલોકો ધર્મમાંથી સત્યસાર ખેંચી શકે છે અને પોતાના આત્માની શુદ્ધિ કરવા તેમાંથી સત્ય ગ્રહણ કરી શકે છે. આત્મજ્ઞાન વિના ઉદાર વિચાર આચારો થઇ શકતા નથી માટે અધ્યાત્મજ્ઞાનને સર્વજ્ઞાનમાં પ્રધાનપદ આપવામાં આવ્યું છે. અધ્યાત્મ જ્ઞાનનો નિશ્ચયજ્ઞાનમાં સમાવેશ થાય છે. વ્યવહારજ્ઞાન તે નિમિત્ત કારણ જ્ઞાન છે અને નિશ્ચયજ્ઞાન તે ઉપાદાન કારણ જ્ઞાન છે. વ્યવહારજ્ઞાન તે સાધન છે અને નિશ્ચયજ્ઞાન તે સાધ્ય છે. જૈનો, વ્યવહાર નિશ્ચય બન્ને જ્ઞાનને સાપેક્ષ દૃષ્ટિએ માને છે, એક પણ નયનું ઉત્થાપન કરતા નથી એમ તે વર્તવામાં આવે છે તો તેથી આત્માની ઘણી શુદ્ધિ થાય છે. શુષ્ક અધ્યાત્મજ્ઞાન અને જડ ક્રિયાવાદ એ બેથી આત્મહિત થઇ શકતું નથી, માટે આત્મજ્ઞાનની સાથે ધર્મ ક્રિયાની પણ જરૂર છે. જાણીને તેને વર્તનમાં મૂકવું તે ચારિત્ર છે. જાણીને નિર્લેપ રહેવું તેજ અધ્યાત્મજ્ઞાનના ભજનો વાંચવાનું સાફલ્ય છે અને સર્વપ્રકારની શુભાશુભ વૃત્તિયોથી રહિત શુદ્ધ શુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા માટે અધ્યાત્મજ્ઞાન અત્યંત ઉપયોગી છે. અધ્યાત્મજ્ઞાન સર્વપદાર્થોમાંથી આત્માને મુક્ત નિઃસંગ. નિર્લેપ કરે છે માટે દરેક મનુષ્યે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્તકરવું જોઇએ. સાપેક્ષ દૃષ્ટિએ અધ્યાત્મજ્ઞાન, આત્માની શુદ્ધિ કરે છે. અધ્યાત્મજ્ઞાનની સાથે ચારિત્ર ક્રિયા માર્ગ અત્યંત ઉપયોગી છે. તે ધ્યાનમાં રાખીને અમોએ અધ્યાત્મજ્ઞાનનાં ભજનો બનાવ્યાં છે. નિશ્ચયજ્ઞાનમાં અધ્યાત્મજ્ઞાનની મુખ્યતા બતાવી છે અને વ્યવહારમાં વ્યવહારની મુખ્યતા બતાવી છે. કેવળજ્ઞાની વીતરાગ દેવ બન્ને નયને સાપેક્ષે સત્ય કથે છે. અને બન્ને નયથી મોક્ષ કથે છે એ આપણે કદી ભૂલવું ન જોઇએ, અને આત્માની શુદ્ધિમાં પ્રવર્તવું જોઇએ. અધ્યાત્મજ્ઞાન થવાને માટે વૈરાગ્યની ઘણી જરૂર છે, તથા સદ્‌ગુરૂના આલંબનની ઘણી જરૂર છે. તેથી વૈરાગ્યનાં ભજનો બનાવવામાં આવ્યાં છે. તથા ગુરૂનો મહિમા જણાવવામાં આવ્યો છે તેમજ મોક્ષમાર્ગમાં સંચરવા માટે પ્રભુની સ્તુતિ કરવાની જરૂર છે અને તેથી પરમોપકારક પ્રભુનાંસ્તવનો પણ બનાવવામાં આવેલાં છે, સાતનયની અપેક્ષાએ જૈનધર્મનું જ્ઞાન કરવાથી આત્મા એકાંત દૃષ્ટિવાળો મિથ્યાજ્ઞાની બની શકતો નથી, અને તે સાતનયોની અપેક્ષાએ સમ્યગ્‌દૃષ્ટિ યાને સ્યાદ્વાદ તત્વનું જ્ઞાન કરે છે તો તે દુનિયામાં ચાલતા અનેક ધર્મોમાંથી સાપેક્ષ દૃષ્ટિએ ઘણું સત્ય ગ્રહણ કરી શકે છે અને મિથ્યાત્વના ઘણા કદાગ્રહોથી મુક્ત થઇ શકે છે. જ્ઞાનીઓનો ઉપદેશ પણ ભજનો દ્વારા આત્મજ્ઞાનની સમ્યગ્‌દૃષ્ટિ મનુષ્યોને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો

હોય છે. ભજન એ મોટા ભાગે આત્માના ઉદ્‌ગારો છે અને તેમાં જેવો આત્મા હોય છે તેવું પ્રતિબિંબ હોય છે. આપણે કોઈનું પણ ભજન વાંચીએ છીએ ત્યારે આપણે તેનો આત્મા વાંચીએ છીએ એમ સમજાય છે. ભજનમાંથી સત્ય ખેંચી લેવું તે વાંચકનું કર્તવ્ય છે. ભજનો પણ અનેક પ્રકારનાં હોય છે, અને તેમાં સામાન્ય જ્ઞાનીને પરસ્પર વિરૂદ્ધતા જેવું લાગે છે-પણ સ્વપરશાસ્ત્રના જાણ અધ્યાત્મજ્ઞાની ગુરૂઓની સલાહ લેઈને વાંચવામાં આવે છે તો સર્વ ભજનોની પરસ્પર અવિરોધિતા ઉપયોગિતા અને વિવિધતા સમજાય છે, અને અધિકાર આદિ દષ્ટિએ એનું મહત્વ સમજાય છે, અને અધિકાર દિશાપરત્વે અમુક દષ્ટિએ અમુક ભજન છે અને તે અમુકને ઉપયોગી છે એમ દેશ કાળ અનુસારે સમજાય છે, માટે ગીતાર્થગુરૂના શરણે રહીને લખેલાં ભજનોને જે કોઇ વાંચશે તેને પહેલા ભજન સંગ્રહ ભાગમાંથી અગર ભજન સંગ્રહના અગીઆર ભાગમાંથી ઘણું જાણવાનું મળી શકશે. આધ્યાત્મિક ભજનો તે સંતોનું હૃદય છે અને તે મોટા ભાગે ધ્યાન સમાધિના ઉત્થાનકાળે હૃદયમાંથી પ્રગટેલો રસનો ઉભરો હોય છે તેમ આત્મજ્ઞાનીઓના સમાગમમાં જે આવે છે તે સમજી શકે છે. મનુષ્યજન્મનું ધ્યેય પરમાત્મદશા પ્રગટ કરવાનું હોય છે અને તે માટે તે જન્મ્યો છે એમ જ્યારે તે સમજે છે ત્યારે તે આત્માને પરિપૂર્ણ શુદ્ધ બુદ્ધ કરવા યત્ન કરે છે અને તેને જગત્ સાપેક્ષ દૃષ્ટિએ સાધનરૂપ થઇ પડે છે, અને આવાં ભજનો પણ તેને ઘણાં ઉપયોગી થઇ પડે છે, અનાદિકાળથી મનુષ્યનો સ્વભાવ એવો છે કે તે જે જાણે છે અનુભવે છે તે બીજાને વાણીદ્વારા જણાવે છે તેથી પરંપરાએ અધ્યાત્મજ્ઞાન આદિ જ્ઞાનનો વારસો ભવિષ્યના ભવ્યમનુષ્યોને મળતો રહે છે. તેથી ભવિષ્યનો મનુષ્ય પણ પરમાત્માને મેળવવા માટે છેવટે તે માર્ગે વળે છે. આત્મા, પ્રભુની શોધ કરે છે, પરમાત્મપદનું નિત્ય સુખ મેળવવાની લગની લગાડે છે અને દુનિયાનાં જન્મ, જરા, મરણનાં દુઃખ ટાળે છે. આવી પરંપરાને અનુસરીને મેં પણ મનુષ્યભવમાં પરમાત્મદશા પ્રાપ્ત કરવાને માટે જે જાણ્યું અનુભવ્યું તે વિશ્વજનોની સેવાર્થે તેઓના ભલા માટે તેઓની નિષ્કામ ભાવે રજુ કર્યું છે. તેમાંથી સજ્જનદૃષ્ટિએ જેને જે ઉપયોગી લાગે તે ગ્રહણ કરો અને આત્માનું કલ્યાણ કરે એજ મ્હારો મુખ્ય ઉદ્દેશ છે.

આ ભજન સંગ્રહમાં અગર બીજા પણ ભજન સંગ્રહના ભાગોમાં જે કંઇ વીતરાગ દેવની આજ્ઞા વિરૂદ્ધ લખવામાં આવ્યું હોય તેની સંઘની

આગળ માફી માગુ છું અને ગીતાર્થોને પ્રાર્થના કરૂં છું કે તેમાં તેઓ સુધારો કરે અને શુદ્ધિ કરે. આ ભજનસંગ્રહ ભાગ છપાવવામાં જે જે ગ્રહસ્થોએ ધનાદિકની મદદ કરી છે તેમને ધન્યવાદ આપું છું. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળના કાર્યવાહક વકીલજી શાહ–મોહનલાલ હિમચંદભાઇ છે. તથા શા. આત્મારામ ખેમચંદ તથા શા. લલ્લુભાઇ કરમચંદ એમણે પુસ્તકો છપાવવામાં ઘણો આગેવાની ભર્યો ભાગ લીધો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પુસ્તકો છપાવવામાં પુસ્તકોની કીંમત ઘણી ઓછી રાખવામાં આવે છે તેનું કારણ એ છે કે સર્વ કોઇ તેનો લાભ લઈ શકે. અને સર્વત્ર તેનો પ્રચાર થાય. ભજન સંગ્રહનાં ભજનોનો સર્વલોકો મોક્ષાર્થે ઉપયોગ કરો અને વાંચકોનું તથા શ્રોતાઓનું કલ્યાણ થાઓ એમ ઇચ્છું છું.

इत्येवं ॐ अर्हंमहावीर शान्तिः ३

મું. વિજાપુર.
વિક્રમ સં. ૧૯૮૧
ચૈત્ર વદિ ૮ શુક્રવાર } બુદ્ધિસાગર સૂરિ,

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

જગતમાં મનુષ્યોને આનંદની પ્રાપ્તિ પ્રાપ્તવ્ય છે. બાહ્યવસ્તુમાં આનંદ નથી એમ શ્રી વીરપ્રભુએ કેવલજ્ઞાનથી કહ્યું છે તેથી બીજા પ્રમાણની જરૂર નથી. **आप्तोक्तं वाक्यं प्रमाणं** એ નિયમને અનુસરી **आगमप्रमाण** પણ આનંદની સિદ્ધિમાં મળે છે. અનુમાનથી જોતાં પણ બાહ્યવસ્તુમાં આનંદ સિદ્ધ થતો નથી. આત્મામાં આનંદ છે એમ કેવલજ્ઞાની કહે છે અને તે અનુમાનથી પણ સિદ્ધ થાય છે. સત્ય આત્મિક આનંદનો અનુભવ આત્મિક જ્ઞાન વિના પ્રાપ્ત થતો નથી. આત્મિક જ્ઞાનની પ્રાપ્તિ માટે અધ્યાત્મ ગ્રંથો અને દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું મનન આવશ્યક છે. અધ્યાત્મશાસ્ત્ર વાંચવાથી અને મનન કરવાથી અનુભવ જ્ઞાન પ્રગટે છે અને તેથી સત્યાનંદની ખુમારી ઝળકી ઉઠે છે. અધ્યાત્મજ્ઞાનના ઉપયોગથી આત્માનેજ સેવ્ય ઉપાસ્ય ગણી શ્રી આનંદઘનજી તથા શ્રી ચિદાનંદજી વગેરેએ પદદ્વારા આત્મપ્રભુનું ગાન કર્યું છે. એમ શિષ્ટપુરૂષોએ સંસ્કૃત ગ્રન્થોમાં પણ

આત્મપ્રભુને ઉપાસ્ય સેવ્ય સમજી શ્લોકદ્વારા ગાન કર્યું છે. શ્રીહેમચંદ્ર આચાર્યે વીતરાગ સ્તોત્રમાં યઃપરમાત્મા પરંજ્યોતિઃ ઇત્યાદિ શ્લોકદ્વારા સ્તુતિ-ભક્તિ કરી છે. ગમે તે ભાષામાં, ગમે તે રાગમાં, ગમે તે છંદમાં આત્મપ્રભુની પદદ્વારા ભક્તિરૂપ સ્તુતિ કરવાથી અનંતભવ સંચિત કર્મમલનો અપગમ થાય છે, અન્તરમાં કોઇ પણ વસ્તુનું જ્ઞાન થાય તો તેનું વર્ણન શ્લોક પદ વગેરેથી થઇ શકે છે. અધ્યાત્મશાસ્ત્રનું જ્ઞાન થાય છે. તો, તે સંબંધી પદ વા શ્લોકદ્વારા જ્ઞાનની તરતમતાએ વર્ણન થઇ શકે છે. અધ્યાત્મશાસ્ત્ર પ્રતિ પદરચયિતાની વિશેષ રૂચિ હોવાથી કિંચિત્ અનુભવ જ્ઞાનરસની ખુમારીના સમયમાં લેખક પદોદ્વારા અધ્યાત્મ સ્વરૂપનું યથાશક્તિ વર્ણન કર્યું છે. અધ્યાત્મશાસ્ત્ર વિશેષતઃ નિશ્ચયનયને અનુસરે છે તેથી રચેલા પદો નિશ્ચય નયની સાપેક્ષ બુદ્ધિએ પ્રાધાન્યતા ભજે છે, એમ વાચકોએ કથન લક્ષ્યમાં ઉતારવું યોગ્ય છે, "જે પરણે તેનાં ગીત ગવાય" તેમ અત્રે પણ અધ્યાત્મમયપદો-વિષે સમજી લેવું. અધ્યાત્મજ્ઞાનનાં પદો વાંચીને સમજવાં, વિચારવાં અને વ્યવહારમાં વર્તન ઉચ્ચ રાખવું. આ પદોને કેટલાક અંધ શ્રદ્ધાળુ જૈનો ભજન કહી પોતાના ભક્તોને ભરમાવી પદોનો સ્વાદ લેવા દેતા નથી તે અફસોસની વાત છે. પદોમાં ભજન એવા શબ્દો આવવાથી કંઇ જૈન સિદ્ધાંતને હાનિ થતી નથી. કોઇ ચોખા કહે, કોઇ ચાવલ કહે અને કોઇ ભાત કહે અને કોઇ તંદુલ કહે પણ તે શબ્દના ભેદથી અર્થનો ભેદ થતો નથી, વસ્તુનું સ્વરૂપ સમજવું જોઇએ. ભજન અને પદ એવા એકાંત શબ્દભેદને આગ્રહથી પકડતાં અનેકાંત તત્ત્વની શ્રદ્ધા થતી નથી. અમારાં બનાવેલાં પદોને કોઇ અન્યમતાવલંબીઓ ભજન પણ કહે છે, અને જૈનો આપણે પદ કહીએ છીએ, પણ તેથી વસ્તુનો ફેરફાર નથી. કોઇ કહેશે કે અમારાં બનાવેલા પદોમાં " ભજન કરલે " વગેરે શબ્દો આવે છે તે આપણી મર્યાદા નથી, જૈન અધ્યાત્મજ્ઞાનિયોએ ભજન વગેરે શબ્દ મૂક્યા નથી અને તમ કેમ મૂક્યા છે, તેથી તે ઠીક ગણાય નહિ; એમ બોલનારને પ્રત્યુત્તરમાં કહેવાનું કે શ્રી આનંદઘનજી પોતાના પદોમાં ભજન એવો શબ્દ લાવેલા છે. જુઓ તે આ પ્રમાણે-प्रभु भजले मेरा दील राखी आठ पहोरकी चोसट घडीयां, दो घडीयां अब छाजी. प्रभु० જુઓ ત્યાં भजले શબ્દથી વ્યવહાર કર્યો છે. भज धातु सेवामां વર્તે છે. શબ્દનો સમુદ્ર અમુક દર્શનનો છે એમ નિશ્ચય નથી. શ્રી यशोविजयजी પણ ભજન એવા શબ્દથી પદ બનાવી કહે છે કે-भजन विनु जीवित जैसे प्रेत, मलिन, मंदमति डोलत घर घर, उदर भरनके हेत. છેલ્લી ટુંકમાં ઉપાધ્યાયજી કહે છે કે-कथे नहि गुनगीत सुजस प्रभुः साधन देख

अनन्त; रसना रस विगारो कांहांलो वूडत कुटुंब समेत, ઇત્યાદિથી પણ પૂર્વના આચાર્યો भजन શબ્દ લાગ્યા છે એમ સિદ્ધ થાય છે. આ પદોમાં ભજનનાં રાગો મૂકેલા છે તે શ્રી પં૦ રૂપવિજયજી મહારાજ તથા શ્રી પં૦ વીરવિજયજી મહારાજ જે જે રાગ સાંભળતા હતા તે તે રાગ ઉપર પૂજા સ્તવન, અને સઝાય વગેરે બનાવતા હતા. તેમ અમોએ પણ ભજનના રાગ લીધા છે, અમુકજ દર્શનના રાગ છે એવો કંઇ નિયમ નથી. તેથી મૂર્ખના ભરમાવ્યાથી આત્માર્થી પુરૂષો ભડકી જશે નહિ. અધ્યાત્મનાં પદોથી લેખકનો આશય વ્યવહારનયને નિષેધવાનો નથી, માટે પદ વાંચી કોઇ પણ જીવે વ્યવહારમાર્ગથી ભ્રષ્ટ થવું નહિ. કોઇ સ્થાને વ્યવહાર સંબંધી આક્ષેપ સમજાય તો તે અશુદ્ધ વ્યવહાર સંબંધી સમજવું, વ્યવહાર નય તો જીનશાસનનો આધાર છે, માટે વ્યવહારથી વિરૂદ્ધ શ્રદ્ધા કોઇએ સ્વપ્નમાં પણ ધારવી નહિ. ઉચ્ચ-શુદ્ધ-ગંભીર આત્મપદોમાં અવશ્ય ગુરૂગમ લેવી જોઇએ. સાત નયોની સાપેક્ષ બુદ્ધિપૂર્વક અધ્યાત્મપદોમાં અવળી વાણી છે તે પણ સમજવી. કેટલાંક એવાં પદો છે કે પૂર્ણ અધ્યાત્મશાસ્ત્રનો જ્ઞાતા હોય તથા દ્રવ્યાનુયોગનો જ્ઞાતા હોય તેનાવડેજ કૃષ્ણ વગેરે પદોમાં તથા અવળી વાણીમાં સાપેક્ષ બુદ્ધિથી રહેલી ગંભીરનય રહસ્યતા સમજી શકાય છે. પંડિત અધ્યાત્મ જ્ઞાતાઓનેજ યોગ્ય કેટલાંક પદ છે. પદોના ત્રણ વિભાગ સમજવા, ज्ञानमार्ग, अध्यात्मयोगमार्ग, અને वैराग्यमार्ग એ ત્રણ વિભાગ આ પદસંગ્રહમાં છે. નીતિ શિક્ષણનાં પદ પણ બનાવ્યાં છે; તે પણ ધર્મમાં પ્રવેશ કરતાં બહુ ઉપયોગી થઇ પડશે. છદ્મસ્થજ્ઞાનદૃષ્ટિથી જીનાજ્ઞા વિરૂદ્ધ કોઇ ઠેકાણે લખાયું હોય તેની ક્ષમા યાચું છું. જે જે ગામમાં જેવી જેવી આત્મપરિણતિનાં પદો બનાવ્યાં છે તે વાચકને સમજવા માટે જ્યાં પદ બનાવ્યાં છે તે સ્થળ પણ નોંધવામાં આવ્યાં છે. અમદાવાદના પ્રખ્યાત ઝવેરી, દાતાર ગુણમાં કર્ણસમ શેઠ લલ્લુભાઇ રાયજીની પદોમાં વિશેષ રૂચિ હોવાથી અને તે પદોથી તેમના આત્માને બહુ આનંદ મળે છે માટે આ પદસંગ્રહનું पारितोषिक પ્રેમભાવે તેમને અર્પણ કરૂં છું. श्रीसकलसंघ વગેરે ભવ્યજનો આ પદસંગ્રહરૂપ ગંગા નદીમાં ઝીલી નિર્મળ થાઓ એજ शुभाशा ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

ली०

मुनि० बुद्धिसागर.

वि. १९६३ मु. अमदावाद.



संसाराब्धिमें कथित पुरुषोंको सुख कैसे मिले, इस उपायमें बहुत मनुष्य तो यह समजते हैं कि, द्रव्योपार्जन करना, बहुत कुटुम्ब भेगा करना, राज्यमें अधिकार माप्त करना, लक्षों मनुष्योंसे पूजवाना इत्यादि परम सुखका साधन है. इसी वास्ते धर्म कर्म नित्य नैमित्तिक अनुष्ठान कुल मर्यादा आदिभी शिथिल करके पूर्वोक्त उपायमें लगते हैं. परंतु ये सब उपाय तो दुःखके है. उनसें परम सुख माप्ति कभी नही होती. जो धनमें सुख मिलता, तो चक्रवर्ती, राज्यको ठोकरमें ठुकराकर एकान्त सेवन क्यों करते.

न सुखे देवराजस्य, न सुखं चक्रवर्तिनः ।
यत् सुखं वीतरागस्य, मुनेरेकान्तवासिनः ॥

जो सुख एकान्तवासी मुनिका है, वो इन्द्र तथा चक्रवर्तीको नहि है. तथा जितना मनुष्य जादे संबंधी होगा, उतनाही दुःख जादे नीकलेगा. किसीको ज्वर आता है, किसीका मस्तक दुःखता है, कोई मुमूर्षु है, सबके दुःखसे दुःखी होना पडता है. राज्याधिकारकी तो औरभी दुर्दशा है, उसकी इच्छा करनी तो सबसें खराब है. आज कल राज्याधिकार ये है कि, अमुक महाशयको ५००) जुलमाना करनेका अधिकार मिला. अमुक महाशयको छ मास कैद करनेका अधिकार मिला. परंतु सभ्यगण! एसाभी अधिकार आपने सुना है कि अमुक शेठजीको फांसी माफ करनेका अ-

धिकार मिला, अथवा अमुक शेठजीको कैद माफ करनेका अधिकार मिला. मित्रगण! जिससें जीवदयां पले वोहि तो अधिकार कहा जाता है! और जो क्रूर परिणाम करनेवाले अधिकार हैं थोतो राजाके विना किसीको शोभित नहीं होते, इत्यादि वात शोचकर प्राचीन ऋषि महात्मा लोकोने वडे २ अध्यात्म शास्त्र रचकर सांसारिक जनोपर वो कृपा करी है, कि जिसका वखान सरस्वती देवी भी नहीं करसकती जैसा—

आसुप्तेरामृतेःकालं, नयेदध्यात्मचिन्तया ।
ईषन्नावसरंदद्यात्, कामादीनांमनागपि ॥

जव तक निद्रावस्था नहो, तथा मृत्यु न आवे तव तक अध्यात्म चिन्तासेही कालको वितावे, काम, क्रोध, लोभ, मोहको थोडासाभी मोका न दे जिससे आकर सतावें. वो अध्यात्म चिन्ता कितनी कठिन है. इस वातको सवही बुद्धिमान् जानते है, उस अध्यात्म शास्त्रकी रचना कितनी प्रकारकी भाषामें कितनेही संज्ञा शब्दोमें यद्यपि रचित है परंतु कितनेक तो विचारे मंदवुद्धियोंके समजमें नहीं आती. कितनेक वुद्धिमान्भी हैं तोभी अन्य भाषा होनेसे पूरा तत्त्व नहीं मिलता. अथवा कितनेक छंद प्रबंध के तथा गान विद्याके रसिक हैं. उनको गद्यभाषा नहीं रुचती इसलिये योग मार्ग क्रिया परायण श्री जैन श्वेताम्बर मुनिराजश्री वुद्धिसागरजीने वहुत आनन्दमे आकर मनोहर २ भजन छंदमें वनाकर तैयार किये हैं. जिनका स्वाद विशिष्ट साधारण सव लोकोंको मिले. इन सवका सार यह हैकी मनुष्योंकी अध्यात्मभे रुचि हो और काम क्रोधादि अन्तःशत्रुओंका नाश हो, और अध्यात्म पुष्टिके लिये वैराग्यका तथा भक्तिरसकाभी सार पूर्ण रीतिसे दिखाया है. कारणकि वैराग्यके वर्णन विना संसाराऽऽसक्ति दूर नहीं होती. और भक्तिके

विना चित्तके आवरण विक्षेप दूर नहीं होते. इसलिये वैराग्य तथा इष्टदेवमें अनुराग अध्यात्म चिन्ताका परमोपाय है. ये सम्पूर्ण भजन आद्यंतसे मैने प्राय सब सुने है. इनमे जैन शास्त्रकी रीति प्रमाण कहीं दोष नहीं है. कहीं द्रव्यार्थिक नयकी मुख्यता, कहीं पर्य्यायार्थिक नयकी मुख्यता, कहीं नैगमादि नय प्रमाण बहुत उत्तम रीतसे वर्णन कियाहै. जो मनुष्य जैन शास्त्र तथा अभिधा लक्षणा व्यंजनातात्पर्य्यादिवृत्तिके मर्मज्ञ हैं उन लोकोंको मुनिराजश्री बुद्धिसागरजी रचित शास्त्र सिद्धान्तमे वो आस्वाद मिलेगा, की जिसका फल एक एक पदकी भावनासे अनेज कर्मकी निर्जरा है. मित्रगण! ज्यादे क्या लिखे. अमारा मन तो इन पद रत्नको सुनकर सुखाब्धिमें मग्न होता है. तथा और लोक वैदिक धर्मावलंबी सुनते है तो चित्रकंसे लिखे होकर तथा कूद २ कह सुनते हैं. आहा! सत्यहो शास्त्रोंमे जंगम तीर्थ साधुओंको कहा है.

ह. न्याय व्याकरण साहित्याऽऽचार्य

पं. श्यामसुन्दराचार्य वैश्य, के. वी. एस, एम.

श्री अध्यात्मज्ञानप्रचारक मंडळ तरफथी

श्रीमद् बुद्धिसागरसूरिजीग्रन्थमाळामां प्रगट थयेला ग्रन्थो.

	ग्रथांक	पृष्ठ	किंमत.
	१ क. भजन संग्रह भाग १ लो.	२००	०–८–०
×	१ अध्यात्म व्याख्यानमाळा.	२०६	०–४–०
×	२ भजनसंग्रह भाग २ जो.	३३६	०–८–०
×	३ भजनसंग्रह भाग ३ जो.	२१५	०–८–०
×	४ समाधिशतकम्.	६१२	०–८–०
	५ अनुभवपच्चिशी.	२४८	०–८–०
	६ आत्मप्रदीप.	३१५	०–८–०
×	७ भजनसंग्रह भाग ४ थो.	३०४	०–८–०
	८ परमात्मदर्शन.	४००	०-१२-०
×	९ परमात्मज्योति.	५००	०-१२-०
×	१० तत्त्वबिंदु.	२३०	०–४–०
×	११ गुणानुराग. (आवृत्ति बीजी)	२४	०–१–०
×	१२–१३ भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका.	१९०	०–६–०

१४ तीर्थयात्रानुं विमान (आ. बीजी)	६४	०-२-०
१५ अध्यात्मभजनसंग्रह	१९०	०-६-०
१६ गुरुबोध	१७४	०-४-०
× १७ तत्त्वज्ञानदीपिका	१२४	०-६-०
१८ गहूंलीसंग्रह भा. १	११२	०-३-०
× १९-२० श्रावकधर्मस्वरूप भाग १-२ (आवृत्ति बीजी)	४०-४	०-१-०
× २१ भजनपदसंग्रह भाग ६ ठो.	२०८	०-१२-०
२२ वचनामृत	८३०	०-१४-०
२३ योगदीपक	३०८	०-१४-०
२४ जैन ऐतिहासिक रासमाळा.	४०८	१-०-०
× २५ आनन्दघनपद (१०८) भावार्थ संग्रह.	८०८	२-०-०
अध्यात्मशान्ति (आवृत्ति बीजी)	१३२	०-३-०
२७ काव्यसंग्रह भाग ७ मो	१५६	०-८-०
× २८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति	९६	०-२-०
× २९ कुमारपाल (हिंदी)	२८७	०-६-०
धी ४-३४ सुखसागर गुरुगीता.	३००	०-४-०
३५ षड्द्रव्यविचार	२४०	०-४-०
३६ विजापुरवृत्तांत	९०	०-४-०
३७ साबरमतीकाव्य	१९६	०-६-०
३८ प्रतिज्ञापालन.	११०	०-५-०

६३ प्रत्रसदुपदेश भा. २	५७६	१-८-०
६४ धातुप्रतिमालेख संग्रह भाग २	४२५	१-०-०
६५ जैनदृष्टिए ईशावास्योपनिषद्.	३६०	१-०-०
६६ पूजसंग्रह भाग १-२	४१५	२-०-०
६७ स्नात्रपूजा.		०-२-०
६८ श्रीमद् देवचंद्रजी अने तेमनुं जीवनचरित्र.		०-४-०
६९-७२ शुद्धोपयोग विगेरे संस्कृत ग्रंथ. ४	१८०	०-१२-०
७३-७७ संघकर्तव्यादि संस्कृतग्रंथ. ५	१६८	०-१२-०
७८-लाला लाजपतराय अने जैनधर्म.	१००	०-४-०
७९-चिन्तामणि.	१२०	०-४-०
८०-८१ जैनधर्म अने ख्रीस्तीधर्मनो मुक्तावली अने जैन ख्रीस्ति संवाद.	२२०	१-०-०
८२ सत्यस्वरूप.	२००	०-६-०
८३ ध्यानविचार.	६६	
८४ आत्मप्रदिपकाश.	१४०	०-४-०
८५ सांवत्सरिक क्षमापना.	८०	०-३-०
८६ आत्मदर्शन [मणिचंद्रजीकृत(२१)सज्झायोनो भावार्थ]	१५०	०-४-०
८७ जैन धार्मिक शंका समाधान.	५५	०-२-०
८८ कन्याविक्रयनिषेध.	२२०	०-८-०
८९ आत्मशिक्षा भावना प्रकाश.	११५	०-७-०
९० आत्मप्रकाश.	८०	०-१-०

९०	आत्मप्रकाश.	५६५	१—८—०
९१	शोक विनाशक ग्रंथ.	८०	०—१—०
९२	तत्त्वविचार.	१२५	०—६—०
९३	श्री ९७ अध्यात्म गीता वगेरे संस्कृत	२०५	१—०—०
	ग्रंथो ५.	५६	०—३—०
९८	जैन सूत्रमां मूर्तिपूजा.	२१०	०—८—०
९९	श्रीमद् यशोविजयजी जीवनचरित्र.	२१०	०—१२—०
१००	भजन संग्रह भाग ११		
१०१	भजन संग्रह भाग १ आ. ४	२१०	०—८—०
१०२	गुजरात बृहत् विजापुर वृत्तांत.		
१०३—१०४	श्रीमद् देवचन्द्रजी विस्तृत जीवनचरित्र तथा देवविलास		
१०५	मुद्रित जैन श्वेतांबर ग्रंथ गाईड		
१०६	ककावलि सुबोध		
१०७	स्तवन संग्रह (देववंदनसहित)		
१०८	पत्रसदुपदेश. भा. ३.		

× आ निशानीवाला ग्रंथो शिल्लीकमां नथी.

आ ग्रंथो मळवानु ठेकाणु.

१ वकील मोहनलाल हीमचंद पादरा. गुजरात.
२ शा. आत्माराम खेमचंद. माणंद.
३ शा. मोहनलाल नगीनदास [illegible].
[illegible] [illegible]—कोट. मुंबई.
४ शा. नगीनदास [illegible]. [illegible]. महेसाणा.
५ शा. [illegible]. विजापुर. ज्ञानमन्दिर.
६ बुकसेलर. मेघजी हीरजी. पायधुनी. मुंबई.
७ [illegible]. [illegible].

ભજનપદસંગ્રહ ભાગ પહેલાનું શુધ્દિ અશુધ્દિ પત્રકમ્

પૃષ્ઠ	લીટિ	અશુધ્દિ	શુધ્દિ
૪૯	૧૪	ચારત્ર	ચારિત્ર
૪૯	૧૬	ત્રિર	ત્રિરિ
૫૧	૧૩	ભાક્ત	ભક્તિ
૫૧	૧૫	આધક	અધિક
૫૨	૧૩	જના	જનો
૫૧	૨૨	ધંમ	ધર્મ
૫૩	૯	સિધ્દ	સિધ્દિ
૫૮	૬	આવ્યા	આવ્યો
૫૯	૨૪	આદમ	આતમ
૬૦	૮	નન્દા	નિન્દા
૬૦	૧૮	ગગડાં	ગિંગડાં
૬૦	૨૫	ફાવે	ફેરે
૬૩	૨૫	અવાધ	અવધિ
૬૩	૨૭	અન્તર	અન્તર્
૬૪	૯	માંદ	માંદિ
૬૫	૬	બુધ્દ	બુધ્દિ
૬૫	૧૯	વ્યાક્ત	વ્યક્તિ
૬૭	૨૪	રૂપા	રૂપો
૬૯	૪	સાહબ	સાહિબ
૭૦	૧૮	નાહ	નહિ
૭૬	૨૬	સિધ્દ	સિધ્દિ
૭૭	૧૦	આરત	આસ્તિ
૮૦	૨૭	પાપ્યો	પારખ્યો
૮૩	૧૮	ઉગારલ	ઉગારલે
૮૩	૮૩	રવવન	સ્તવન
૮૫	૪	નાહ	નહિ
૯૨	૧૩	વકાર	વિકાર
૯૩	૨૯	ધમ	ધર્મ
૯૬	૧૬	કશુંબ	કશુંબે
૯૮	૯૦	સ્વારાધદે.	સ્વાર.દિધા
૧૦૬	૪	નારનાર	ને.રમારે
૧૦૭	૧૩	કર્યા	કુર્યા
૧૧૦	૧૧	બત્રીસી	બત્રીસી
૧૧૧	[illegible]	સાહબે	[illegible]
૧૨૩	૧૮	સેપક	સેવક
૧૨૪	૧૯	ખાખા	ખાખી
૧૨૫	૧૬	ઢુંઢ	ઢુંઢ
૧૨૭	૫	રૂપે	રૂપે
૧૨૮	૧૫	નવદાર	નવકાર
૧૩૦	૭	પડ	પર્
૧૩૨	૭	સ્વરૂપ	સ્વપર
૧૩૩	૩૦	શવ	શિવ
૧૩૩	૩૧	બુધ્દ	બુધ્દિ
૧૩૮	૨૧	શીવર	શીવીર
૧૩૧	૧૫	વરાશ	વિરાશ
૧૩૧	૨૩	જ્દાગ્રાર	જ્દાધારે
૧૩૧	૨૯	વાંદ	વદિ
૧૩૫	૭	શાસ્ત્રાનુસાર	શાસ્ત્રાનુસાર
૧૩૫	૨૯	સનું	સમું
૧૪૦	૨૬	નહાં	નહીં
૧૪૦	૩૦	કરંતાં	કરતા
૧૪૦	૩૦	દૂર	દૂર
૧૪૩	૫	અભિન્નનના	અભિન્ન-નના
૧૪૪	૭	નાહ	નહિ
૧૪૪	૧૪	શૂર:	શૂર:
૧૪૬	૧૯	ભાક્ત	ભક્તિ
૧૫૫	૧૧	ભવેરે	ભાવેરે
૧૬૫	૧૧	કોધ	ક્રોધ
૧૬૭	૧૮	કોધ	ક્રોધ
૧૭૪	૩૦	તમારી	તનારી
૧૭૮	૪	હાર	હરિ
૧૭૯	૨૧	ખદો	ખધા
૧૮૦	૧૯	દૂરે	દૂર
૧૮૮	૨૧	રૂમઝુમા	રૂમઝુમાં
૧૮૯	૬	[illegible]	[illegible]
૧૮૯	૧૧	[illegible]	[illegible]
૧૮૯	૧૧	ગાસ	ગુનિ



અનુક્રમણિકા.


પદ	વિષય		પૃષ્ઠ.

પદ. વિષય.

પદ.	વિષય.	પૃષ્ઠ.

योगनिष्ठजैनाचार्यश्रीमद्बुद्धिसागरजीसूरीश्वर

कृत.



(भजन पद संग्रह.)

भाग १ लो.

શ્રી કેશરીયાજીનું સ્તવન.

૧

કેશરીયા તીર્થ બડા ભારી, ભવિક તુમ પૂજો નરનારી;
શરણુ એક રૂપભ પ્રભુ ધારી; કપટ ઓર નિંદાકું વારી. કે૦

સંવત ઓગણીશ બાસઠેમેં, વિજાપુરનો સંઘ,
દરશન કરવા નીકળ્યોરે, આણી હર્ષ ઉમંગ;
શોક સહુ ચિંતાને વારી, ગણી સબ મિથ્યા જગયારી. કે૦ ૧

કૃષ્ણપક્ષછઠ મંગલેરે, માસ રૂડો હે પોષ,
પ્રથમ જીનેશ્વર ભેટીયારે, પાયા મન સતોષ,
ધર્મ હે ઉપયોગે ધારી, જિનાજ્ઞા જાણી સુખકારી. કે૦ ૨

હરિહર બ્રહ્મા તું ખરોરે, શિવશંકર મહાદેવ,
દોષ અઢારે ક્ષય કર્યારે, સુરનર કરતા સેવ;
ખુદા તુમ અકલગતિ ન્યારી, નિરંજન બ્રહ્મદશા તારી. કે૦ ૩

પદ	વિષય		પૃષ્ઠ.

योगनिष्ठजैनाचार्यश्रीमद्बुद्धिसागरजीसूरीश्वर

कृत.



(भजन पद संग्रह.)

भाग १ लो.

श्री કેશરીયાજીનું સ્તવન.


૧

કેશરીયા તીર્થ બડા ભારી, ભવિક તુમ પૂજો નરનારી;
શરણ એક રૂષભ પ્રભુ ધારી, કપટ અરુ નિંદાકું વારી. કે૦
સંવત ઓગણીશ બાસઠમેં, વિજાપુરનો સંઘ,
દરશન કરવા નીકળ્યોરે, આણી હર્ષ ઉમંગ;
શોક સહુ ચિંતાને વારી, ગણી સબ મિથ્યા જગયારી. કે૦ ૧
કૃષ્ણપક્ષાષ્ટક મંગલેરે, માસ રૂડો હે પોષ,
પ્રથમ જીનેશ્વર ભેટીયારે, પાયા મન સંતોષ,
ધર્મ હે ઉપયોગે ધારી, જિનાગ્ના જાણી સુખકારી. કે૦ ૨
હરિહર બ્રહ્મા તું ખરોરે, શિવશંકર મહાદેવ,
દોષ અઢારે ક્ષય કર્યારે, સુરનર કરતા સેવ;
બુદ્ધિ તુમ આતમરતિ ન્યારી, નિરંજન બ્રહ્મદશા ભારી. કે૦ ૩

અલવેશ્વર અરિહંતજીરે, ચારઅતિશયવન્ત,
અજરામર નિર્મલ પ્રભુરે, સેવે સજ્જન સંત;
અચલ તુજ જગમાં બલિહારી, જિનેશ્વર જાણો જયકારી. કે૦ ૪

તુંહિ તુંહિ તું હું રમરૂંરે, વ્યક્તિથી હે ભેદ,
પિંડમાં પરગટ પેખતાંરે, વર્તે ભેદાભેદ;
લગી ઘટ રટનાથી તારી, જ્યોતકી હોવે ઉજીયારી. કે૦ ૫

અલખ અરૂપી તું પ્રભુરે, બુદ્ધિસાગર ધાર,
કર્મ શત્રુકું જીતીએરે, કરી કેશરીયાં સાર;
ધરી ઘટ ધ્યાન દશા સારી, લહો ઝટ મુક્તિ વધૂ પ્યારી. કે૦ ૬



ॐ शंखेश्वरपार्श्वनाथायनमः

સ્તવન.

૨

ચરમ જિનેશ્વર અતિ અલવેસર, સખી હું નિશદિન ધ્યાઉંરે;
પરિપૂર્ણસ્યાદ્વાદસ્વરૂપી, સપ્તનયોથી વિચારૂંરે. ચરમ૦ ૧
ગુણ અનંતા અજ અવિનાશી, કાર્ય કરે ભિન્ન ગ્રહીએરે,
તેમ પર્યાય અનન્તા આતમ, સમયે સમયે વહીએરે. ચરમ૦ ૨
અસ્તિતા પરદ્રવ્યાદિકની, સમયે સમયે અનન્તીરે;
ચેતનદ્રવ્યે નાસ્તિતા તસ, સત્યપણે તે વર્તન્તીરે. ચરમ૦ ૩
યદિ નાસ્તિતા વર્તે નહીં તો, પરપરિણામી હોયરે;
આત્મ અસ્તિતા સ્વધર્મે વર્તે, નાસ્તિરૂપે અવલોયરે. ચરમ૦ ૪

અસ્તિ નાસ્તિતા સમયે સમયે, આતમદ્રવ્યે ધરીએરે;
કર્મ વર્ગણા ભિન્ન વિચારી, નિજગુણને અનુસરીએરે. ચરમ૦ ૫
ગુણ પર્યાય અનન્તા તેથી, ભિન્ન ન આતમ કયારેરે;
ભિન્નાભિન્નસ્વરૂપે વર્તે, નિર્મલ નિશ્ચય ધારેરે. ચરમ૦ ૬
પૂર્ણકર પરમાતમ પ્રેમે, મનમંદિરમાં સ્મરીએરે;
બુદ્ધિસાગર અવસર પાકર, ભવજલસાગર તરીએરે. ચરમ૦ ૭



॥ શ્રી વીરજિન સ્તવન. ॥ રાગ સોરઠ.

૩

વીર જિનેશ્વર વચન સુધારસ,પીતાં અવિહડ પ્રીત જગીરી;
મિથ્યા પરિણતિ ભ્રમણા ભાગી,સુરતાવીર પદ જાય લગીરી. વી. ૧
અજ અવિનાશી અટલ અનાદિ, આત્માસંખ્યપ્રદેશપણેરી;
નિર્મળ શુદ્ધ સનાતન શાશ્વત, પ્રતિપ્રદેશે શકિત ઘણેરી વીર. ૨
આતમવીર્ય અનંતુ ધારક, આવિર્ભાવપણે જે ગ્રહેરી.
વીરનામ જિનવરનું જાણો, ઘટ ઘટ શકિત નિત્ય લહેરી. વી. ૩
તિરોભાવ નિજશક્તિ પ્રગટે, અસ્તિનાસ્તિ સ્યાદ્વાદમયીરી;
અલખ અગોચર અજરામરવર, વીર વીરતા પ્રગટ ભઇરી. વી. ૪
સમયે સમયે નિજઋદ્ધિ અનન્તિ, રત્નત્રયી થઇ શુદ્ધ છતીરી;
ચેતના પરગટ દો ઉપયોગે, વર્ગ રહિત અપવર્ગ ગતિરી. વી. ૫
પ્રતિપ્રદેશે કર્મવર્ગણા, લાગી અનન્તિ દૂર ગઇરી;
ષટ્ કારક શુદ્ધાં ઘટ પ્રગટ્યાં, સ્થિતિ સાદિ અનન્ત થઇરી. વી. ૬

તેહીજ વીરપણું મુજમાંહી, ભ્રાન્તિ ભ્રમણા દૂર કરીરી;
બુદ્ધિસાગર ધ્યાતાં પ્રગટે, સત્તા વીરસમાન ખરીરી. વીર. ૭



બોધપત્રમ્.

૪

નિર્મલ ક્ષાયિકચેતના, ચિદાનન્દ ગુણધામ,
આતમ સો પરમાતમા, અનન્તગુણ વિશ્રામ. ૧
સમય સમય નિજરૂપમેં, શક્તિ અનંત સહાય,
વિણશે નહિ કો કાળમાં, ચિદ્ઘન ચેતનરાય ૨
જ્ઞેય ત્રિકાલિક વસ્તુનું. ભાસન નિજમાં થાય,
ઉત્પત્તિ સ્થિતિ વ્યયતણી, સત્તા નિજ વર્તાય. ૩
શોધક શોધે અન્ય કાં, અસત્ ન ઉપજે ભાય;
ઉપાદાન ષટ્ કારકો, ઘટ ઘટમાં વર્તાય. ૪
ચિત્ત સ્થિર ઉપયોગતા, લાગે નિજપદમાંહ્ય;
અવર કોય ભાસે નહીં, નિશ્ચય ચરણ તે ત્યાંય. ૫
જ્ઞેયરૂપ ભાસે સહુ, જ્ઞાનગુણે નિજ કાજ;
દર્પણમાં અવભાસતા, ઉદાસીનતારાજ. ૬
ખાવે પીવે સહુ કરે, પણ તદ્રૂપ ન થાય,
ઉદયિકભાવે ભોગ પણ, ભિન્નપણું વર્તાય ૭
વિઘટે શ્રેણિ વિકલ્પની, અથવા જો વર્તાય,
તોપણ તેથી ભિન્ન તે, ભેદજ્ઞાન ત્યાં પાય. ૮

કરો કલ્પના કોટિ પણ, અગમ્ય નહિ કલ્પાય,
સોઽહં સોઽહં ધ્યાનથી, ભેદભાવ મિટ જાય. ૯

શાસ્ત્રો પણ શાક્ષી ભરે, જ્યાંથી પ્રગટ્યાં એહ,
સિદ્ધાચલ સમરો સદા, નિશ્ચય ગુણગણગેહ. ૧૦

અસંખ્યપ્રદેશી આતમા, ધ્યાનો ગાવો ભાઇ,
અનુભવીએ ભોગવ્યું, એ પદ સ્થિરતા લાઇ. ૧૧

ક્ષણ ક્ષણમાંહિ સમરીએ, આત્મ સદા સુખદાય,
આતમરામે મન રમે; શુદ્ધજ્ઞાન પ્રગટાય. ૧૨

સદ્ગુરૂ સંગત હીનતા, બાહ્યાચાર પ્રધાન,
અન્તરદૃષ્ટિ શૂન્યતા, બહિરાતમપદસ્થાન. ૧૩

જેને જેવી યોગ્યતા, જાણે તેવું જીવ;
સમજી સત્યસ્વરૂપમાં, રમજો ભવિ સદીવ. ૧૪

શ્રી શાન્તિઃ ૩.

બોધપત્રમ્.

૫

ખમટે તે મુખ ટેરતહીં, મુખરે નહિ તે ખગટે;
આપોઆપ સ્વભાવમાં, નૂરખ મનનો ઝપટે. ૧

શુદ્ધસ્વરૂપી ચેતના, નિશ્ચયભાવે ભજે,
આપોઆપ સ્વભાવમાં, પરમાતમપદ સજે ૨

જ્ઞાની ગીતારથ શાસન ધોરી, જ્ઞાને સકળ સુખરાશી;
બુદ્ધિસાગર પદ જ્ઞાનીનાં સેવો, હું તેજ્ઞાનીને દઉહું શાબાશીરે.જ

શ્રી શાંન્તિઃ ।। પે. ।।

॥ પદ ॥

૮

અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ,

અનુભવ આતમનો જો કરે, તદા તું અજરામર થઇ ઠરે;
દેહ દેવળમાં ઉંઘ્યા દેવને, ઘડી નહીં સુખ અરે;
સુરતા ઘંટે ઉંઘ ભાગે, જાગે દેવ દુઃખ હરે. તદાતું૦ ૧
ત્યાગે ન જલ જ્યું માછલું ભાઇ, તેમ ગુણ નિજ વરે;
અલખ અવિહડ આતમાની, દશા કબૂ નહિ ફરે. તદા૦ ૨
પાર્શ્વમણિસમ ધ્યાન તારૂં, સિદ્ધ બુદ્ધતા વરે;
પરમબ્રહ્મ સ્વરૂપ પામી, નામરૂપ નહિ ધરે. તદા૦ ૩
ગાડીમાંહિ બેશીને ઝટ, ચાલજે નિજ ઘરે;
સારથી મનડું અશ્વઇન્દ્રિય, સાચવે સુખ સરે. તદા૦
છેલ્લી બાજી જીતી લે ભાઇ, માયાથી શીદ મરે;
બુદ્ધિસાગર ચેત ઝટપટ, ચેતના કરગરે. તદા૦

શ્રી શાન્તિઃ ૨. વિઘાપુ

॥ પદ ॥

અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ.

૯

જીવલડા ઘાટ નવા શીદ ઘડે, પલકની ખબર તને નહિ પડે;
માયાથી મસ્તાન થઇ અરે, દુર્ગતિ રડવડે;
સદ્ગુરૂનો સંગ કરે ભાઇ, મારગ સાચો જડે. પલક૦ ૧
જે ઘરે ઘડીયાલ વાજે, નોબત ગડગડગડે;
તેહ ઘરે જો કાગ હડે, ગીત્યૂપ આથડે. પલક૦ ૨
મોહ મદિરા પીને મર્કટ, કૂદી છાપરે ચડે;
મનડું મર્કટ થાય વશતો, મુક્તિપુરી જઇ અડે. પલક૦ ૩
કર પ્રીતિ પરમાતમસાથે, ફોગટ ક્યાં આથડે;
બુદ્ધિસાગર આત્મધ્યાને, તુજને નહિ કોઇ નડે. પલક૦ ૪

॥ વિજાપુર ॥

॥ પદ ॥

રાગ ઉપરનો.

૧૦

મૂરખ મન મારૂં મારૂં શીદ કરે, ફોગટ ભવભ્રમણા કરતો ફરે,
તારૂં ધાર્યું થાતું હોય તો, ઇચ્છાવિણ કેમ મરે;
પાપની પોટ ભરીને પાપી, મરી નરક અવતરે. ફોગટ૦ ૧

॥ પદ ૧૨ ॥ રાગ ઊપરનો

નિર્ભય બ્રહ્મરૂપી તું સદા છે, શોધતો કયાં અન્યમાં;
ઉપાદાન કારણથકી નહીં, ભિન્ન તું કો કાલમાં,
શુદ્ધમારગ ઓળખીને, ઉત્તટ મારગ મા ચાલ. નિર્ભય૦ ૧
ઝાંઝવાના પાણી જેવી, જૂઠી માયાં જાલજી;
ભ્રમણામાંહી ભૂલી વ્હાલમ, ધૂલી શિરમા ડાલ. નિર્ભય૦ ૨
સૂરજ વાદળ વીંટીયો પણ, કદી નહીં બદલાયજી;
ધ્યાનવાયુયોગે તારું, શુદ્ધરૂપ પ્રગટાય. નિર્ભય૦ ૩
આપોઆપ વિચાર હંસા, સોઽહં સોઽહં ધ્યાનજી;
બુદ્ધિસાગર આતમા સો, સિદ્ધ શુદ્ધ ભગવાન્. નિર્ભય૦ ૪

ઇતિ શ્રી શાંતિ: શાંતિ: શાંતિ: વિદ્યાપુર

પદ-૧૩-રાગસોરઠ.

સાધુભાઇ સમરસ અમૃત પીવો, જન્મ જરા મરણાદિક વારી;
સાદિ અનંતસ્થિતિ જીવો. સાધુ૦ ૧
અસ્તિનાસ્તિ સ્યાદ્વાદસ્વરૂપી, અનેકાંતમત સમજે,
ગુણપર્યાય સ્વરૂપ વિચારી, આતમદ્રવ્યે રમજે, સાધુ૦ ૨
પંચદ્રવ્યથી ભિન્ન વિચારી, પર ઉપયોગ ન દીજે;
પક્ષાષ્ટક મોક્ષપદ સમરો, અનહદ આનંદ લીજે. સાધુ૦ ૩
ચારનિક્ષેપે ચરણ વિચારી, નિજપદ સ્થિરતા કીજે;
ભય ચંચળતા પરઆશ્રતા, તેથી દૂર રહીજે. સાધુ૦ ૪

પંકજ જલથી રહે જેમ ન્યારૂં, તેમ પરપુદ્ગલ ન્યારો;
અંતરદૃષ્ટિ સદા સ્થિરતામાં, સો પરમાતમ પ્યારો; સાધુ૦ ૫
નિર્મલ નિશ્ચય નિત્ય નિયામક, સાતનયે જેહજાણે;
બુદ્ધિસાગર આતમરાયા, સો ચઢતે ગુણઠાણે. સાધુ૦ ૬

ઇતિ શ્રી શાંતિઃ વિજાપુર.

પદ.(૧૪) મનસામાલીની, એરાગ

અનુભવ આતમાનીવાત કરતાં, લહેરી સુખની આવશે;
રોગી નહીં તું ભોગી નહીં તું, જાડો નહીં તલભારજી;
દેહમાં વસિયો માયારસિયો, અનુપયોગે ધાર. અનુભવ૦ ૧
તુજથી સહુ શોધાય વ્હાલા, આદિ નહીં તુજ અંતજી;
માયામાં મસ્તાન થઇ તું, લાખચોરાશી ભમંત. અનુભવ૦ ૨
પરસ્વભાવે ભાન ભૂલી, ઠર્યો નહીં એકઠામજી;
પાદ હેઠળ ઋદ્ધિ પરગટ, દેખે નહીં દુઃખધામ. અનુભવ૦ ૩
દેવસાહિબે રીઝીને તને, આપી નરનો દેહજી;
સાધ્ય સિદ્ધિ સાધીલે તું, માગ્યા વરશ્યા મેહ. અનુભવ૦ ૪
સોઽહં સોઽહં ધ્યાનયોગે, જાગે આતમ જ્યોતજી;
બુદ્ધિસાગર ભાનુ પ્રગટે, થાય ભુવન ઉદ્યોત. અનુભવ૦ ૫

વિજાપુર

પદ. (૧૫)

અલખદેશમેં નિવાસ હમારા, માયાસેં હમ હૈ ન્યારા;
નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ હમ ધ્રુવતારા. અ૦ ૧
સુરતાસંગે ક્ષણુ ક્ષણુ રહેના, દુનિયાદારી દૂર કરણી;
સોહંજાપકા ધ્યાન લગાના, મોક્ષ મહાલકી નિસરણી. અ૦ ૨
પઢના ગણના સબકી જૂઠા, જબ નહીં આતમ પીછાના;
વરવિના કયા જાન તમાસા, લુણુબિન ભોજનકું ખાના. અ૦ ૩
આતમજ્ઞાન વિના જન જાણો, જગમાં સઘળે અંધિયારા;
સદ્‌ગુરૂસંગે આતમધ્યાને, ઘટભિંતરમેં ઉજ્યારા. અલખ૦ ૪
સબસેં ન્યારા સબ હમમાંહિ, જ્ઞાતા જ્ઞેયપણુ ધારે;
બુદ્ધિસાગર ધન ધન જગમેં, આપ તરે પરકું તારે. અલખ૦ ૫

॥ ઇતિશ્રી શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥ વિજાપુર.

(પદ ૧૬) દેખો ભાઇ મહા વિકલ સંસારી--એ રાગ.


અનુભવ આતમ વાતો કરીએ, સદ્‌ગુરૂસંગે જ્ઞાન વિચારી;
પરપરિણુતિ પરિહરીએ..............................અનુભવ૦ ૧
મારૂં તારૂં પરમાં માની, ભવજલધિ કેમ તરીએ ?
પ્રતિપ્રદેશે કર્મવર્ગણા, વાર અનંતી વરીએ. અનુભવ૦ ૨
આચ્છાદિત આતમની ઋદ્ધિ, ભૂલ્યો ભવજલદરીએ;
ઉત્પત્તિ સ્થિતિ વ્યયને વિચારી, અંતર દૃષ્ટિ ધરીએ. અનુભવ૦ ૩
નયનિક્ષેપે આતમ જાણી, કઠિન કર્મ નિર્જરીએ;
બુદ્ધિસાગર અચળ મહોદય, શાશ્વતશિવપદ વરીએ. અનુભવ૦ ૪

ઇતિ શ્રી શાંતિઃ શાંતિઃ ॥ વિજાપુર)

॥ પદ ॥ ૧૭ ॥ રાગ ગોડી. નિશાની કહા બતાવું રે એ રાગ.

નગુરાનો સંગ ન કીજેરે, સંગતથી ગુણ જાય. નગુરા.
કોળાની સંગતથકીરે, વાસ કાળીકનો જાય;
ગંગાજલ જલધિ ગયું રે, તુરત ગુણ પલટાય, નગુરાનો૦ ૧
સડેલ પાનના સંગથીરે, સુભપાન બિગડાય;
કાગ સંગથી હંસનોરે, મૃત્યુ અવસ્થા પાય. નુગરાનો૦ ૨
સંગત જેવી પ્રાણીનેરે, તેવો તે થઇ જાય;
વેશ્યાની સંગતથકીરે, વિષયે મન લલચાય. નગુરા૦ ૩
સત્ય તત્ત્વ સમજે નહીંરે, સત્યમાર્ગ અજ્ઞાન;
આપમતિએ ચાલતારે, બુદ્ધિહીન નાદાન. નગુરા૦ ૪
સંગત તેની વારીએરે; કરીએ સદ્ગુરૂ સંગ;
શાસ્ત્રોથી પણ સંગનોરે, ગોલમજીઠસમરંગ. નગુરા૦ ૫
પ્રેમે સંગતિ પારખીરે, કરીએ મનવિશ્વાસ;
બુદ્ધિસાગરટેકથીરે, રહીએ સદ્ગુરૂપાસ. નગુરા૦ ૬

ઇતિ શ્રી શાન્તિઃ ॥ વિજાપુર.



પદ. (૧૮) રાગ ગોડી નિશાની કહા બતાવું રે એ રાગ.

સુગુરાની સંગત કીજેરે, સંગતથી ગુણ થાયઃ—સુગુરા૦
પાર્શ્વમણિના સંગથીરે, લોહ તે સોનું થાય;
ઇયળ ભમરી સંગથીરે, ભમરીનું પદ થાય સુગુરા૦ ૧

સુસંગતથી ગુણ વધેરે, દોષો દૂરે જાય;
ભ્રાન્તિ ભ્રમણા સહુ ટળેરે, સત્યરૂપ પ્રગટાય. સુગુરા૦ ૨
ભ્રમણામાં દુનિયા ફરેરે, માને દુઃખમાં સુખ;
સ્વપ્ન સુખલડી ભક્ષતાંરે, ક્યાંથી ભાગે ભૂખ. સુગુરા૦ ૩
યથામતિ રૂચિયથીરે, જેવી સંગત થાય;
તન્મયવૃત્તિ ફેરથીરે, શુદ્ધજ્ઞાન ન ગ્રહાય. સુગુરા૦ ૪
દુર્લભ દેવ આરાધનારે, દુર્લભ સદ્ગુરૂસેવ;
સદ્ગુરૂ સેવન ભક્તિથીરે, પામો અમૃતમેવ. સુગુરા૦ ૫
જેની જેવી યોગ્યતારે, તેનો આપે બોધ;
બુદ્ધિસાગર સેવીએરે, સદ્ગુરૂની કરી શોધ. સુગુરા૦ ૬

શ્રી શાન્તિઃ રૂ. ॥ વિ. ॥


પદ ॥ ૧૯ ॥ સોવે સોવે સારી રૈનગુમાઈ રાગ પીલુ.

પરઘર ભટકત સુખ ન સ્વામી, વિનતિ સમજ મુજ અંતર્યામી,
પરઘર૦॥
કાલ અનાદિ ભટક્યો વ્હાલમ, સ્વપ્નામાં પણ સુખ ન દીઠું,
અશુદ્ધપરિણતિ કારજ એ સબ, ભ્રાન્તિથી મનમાને મીઠું. પર૦ ॥૧॥
ટાળ અનાદિ પડ્યો નવી છૂટે, નિર્મલ નિર્ધન ચોરો લૂંટે;
આત્મિક સહજ સ્વભાવ જે પ્રગટે, ચેતન શક્તિ સહજ વિછૂટે પ.
ક્ષાયિકપન્ચક લબ્ધિભોગી, યોગી પણ જે સહજ અયોગી;
સ્થિતિ સાદિ અનન્ત વિલાસી, આવિર્ભાવે શુદ્ધપ્રકાશી. પ૦

॥ પદ ॥ ૧૭ ॥ રાગ ગોડી. નિશાની કહા બતાવું રે એ રાગ.

નગુરાનો સંગ ન કીજેરે, સંગતથી ગુણ જાય. નગુરા.
[illegible] સંગતથીરે, [illegible] જાય;
ગંગાજલ [illegible] ભળ્યું રે, તુરત ગુણ [illegible]. નગુરાનો૦ ૧
[illegible] પાનના સંગથીરે, [illegible];
કાગ સંગથી હંસોરે, [illegible] પાપ. નગુરાનો૦ ૨
સંગત જેવી આદરીરે, તેવો તે થઇ જાય;
વેશ્યાની સંગતથકીરે, વિષયે મન લલચાય. નગુરા૦ ૩
સત્ય તત્ત્વ સમજે નહીરે, સત્યમાર્ગ અજાન;
આપમતિએ ચાલતારે, બુદ્ધિહીન નાદાન. નગુરા૦ ૪
સંગત તેની વારીએરે; કરીએ સદ્ગુરૂ સંગ;
શાસ્ત્રોથી પણ સંગનોરે, ગોલમજીઠસમરંગ. નગુરા૦ ૫
પ્રેમે સંગતિ પારખીરે, કરીએ મનવિશ્વાસ;
બુદ્ધિસાગરટેકથીરે, રહીએ સદ્ગુરૂપાસ. નગુરા૦ ૬

ઇતિ શ્રી શાન્તિઃ ॥ વિજાપુર.



પદ. (૧૮) રાગ ગોડી નિશાની કહા બતાવું રે એ રાગ.

સુગુરાની સંગત કીજેરે, સંગતથી ગુણ થાયઃ—સુગુરા૦
પાર્શ્વમણિના સંગથીરે, લોહ તે સોનું થાય;
ઇયળ ભમરી સંગથીરે, ભમરીનું પદ થાય સુગુરા૦ ૧

સુસંગતથી ગુણ વધેરે, દોષો દૂરે જાય;
ભ્રાન્તિ ભ્રમણા સહુ ટળેરે, સત્યરૂપ પ્રગટાય. સુગુરા૦ ૨
ભ્રમણામાં દુનિયા ફરેરે, માને દુઃખમાં સુખ;
સ્વપ્ન સુખલડી ભક્ષતાંરે, ક્યાંથી ભાગે ભૂખ. સુગુરા૦ ૩
યથામતિ રૂચિથકીરે, જેવી સંગત થાય;
તન્મયવૃત્તિ ફેરથીરે, શુદ્ધજ્ઞાન ન ગ્રહાય. સુગુરા૦ ૪
દુર્લભ દેવ આરાધનારે, દુર્લભ સદ્ગુરૂસેવ;
સદ્ગુરૂ સેવન ભક્તિથીરે, પામો અમૃતમેવ. સુગુરા૦ ૫
જેની જેવી યોગ્યતારે, તેવો આપે બોધ;
બુદ્ધિસાગર સેવીએરે, સદ્ગુરૂની કરી શોધ. સુગુરા૦ ૬

શ્રી શાન્તિઃ રૂ. ॥ વિ. ॥

પદ ॥ ૧૯ ॥ સોવે સોવે સારી રૈનગુમાઈ રાગ પીલુ.

પરઘર ભટકત સુખ ન સ્વામી, વિનતિ સમજ મુજ અંતર્યામી,
પરઘર૦॥
કાલ અનાદિ ભટક્યો વ્હાલમ, સ્વપ્નામાં પણ સુખ ન દીઠું,
અશુદ્ધપરિણતિ કારજ એ સબ, ભ્રાન્તિથી મનમાને મીઠું. પર૦ ॥૧॥
દાઝ અનાદિ પડયો નવી છૂટે, નિર્મલ નિર્ધન ચોરો લૂંટે;
આત્મિક સહજ સ્વભાવ જે પ્રગટે, ચેતનશક્તિ સહજ વિખૂટે પ.
ક્ષાયિકપન્ચક લબ્ધિભોગી, યોગી પણ જે સહજ અયોગી;
સ્થિતિ સાદિ અનન્ત વિલાસી, આવિર્ભાવે શુદ્ધપ્રકાશી. પ૦

ધ્યાતાં નિર્મલ ધ્યાનપ્રભાવે, નિજઘર સાહિબ ક્ષણમાં આવે;
બુદ્ધિસાગર અવસર પાકર, ધ્યાનાનન્દી પદ નિજગાવે. ૫૨૦

શ્રીશાન્તિઃ ૩ (વિજાપુર.)

પદ. (૨૦) આશાવરી રાગ

અવધૂત અનુભવ પદ કોઇ રાગી, દૃષ્ટિ અન્તર જસજાગી. અ.
જલપંકજવત્ અન્તર ન્યારા, નિદ્રાસમ સંસારા;
હંસ ચન્ચુવત્ જડ ચેતનકું. ભિન્ન ભિન્ન કર ધાર્યા. અવ૦ ૨
પુદ્ગલ સુખમેં કબહુ ન રાચે, ઉદયિકભાવે ભોગી;
ઉદાસીનતા પરિણામે તે, ભોગી નિજ ધન યોગી. અવ૦ ૨
ક્ષાયોપશમિકભાવે મતિશ્રુત--, જ્ઞાને ધ્યાન લગાવે;
આપહિ કર્ત્તા આપ અકર્ત્તા, સ્થિરતાએ સુખ પાવે. અવ૦ ૩
કારક પટ્ ઘટ અન્તર્ શોધે, પરપિરિણતિકું રોધે;
બુદ્ધિસાગર ચિન્મયચેતન, પરમાતમપદ બોધે. અવ૦ ૪

શ્રીશાંન્તિઃ ॥ વિજાપુર. ॥

પદ (૨૧)

અરે જીવ શીદને કલ્પના કરે-એ રાગ.

સુખ દુઃખ ભોગવવાં જીવ પડે, કર્યું દૈવ ક્ષણમાં આવીને અડે.
કનક કોટિ પ્રાપ્ત કરવા,કોઇક દ્વીપ સન્ચરે;

ચ્હાણુમાંહી બેઠાજાતાં, અર્ધપંથમાં મરે. કર્યું૦ ૧
એક પિતાના પુત્ર બેને, જનની સાથે જણે
એક નિરક્ષર મૂર્ખ રહેવે, જ્ઞાની જગ એક ભણે. કર્યું૦ ૨
કુબ્જ આંબાકેરી લેવા, કોઇક ઝાડે ચડે;
આયુષ્યઅવધિ આવી હોય તો, પલકમાંહિપડે. કર્યું૦ ૩
થનાર હોય તે થાય જીવડા, શીદને ચિન્તા કરે;
બુદ્ધિસાગરઆત્મધ્યાને, વાંચ્છિતકારજ સરે. કર્યું૦ ૪

શાન્તિઃ॥વિજાપુર.

પદ. (૨૨)

નહિ અલખ લખ્યા કણુ જાવેરે, કોઇ અનુભવી મનમાં ભાવે॥
મનવાણીકાયાથી ન્યારા, નિરાકાર નિર્ધારા;
જાતિ લિંગ વચન નહિ જામેં, સોહિ સાહિબ દિલપ્યારારે. કો૦ ૧
સ્યાદ્વાદસત્તાએ પૂરા, કોઇ ન વાતે અધૂરા;
કાયરસેં તે રહેવે દૂરા, પામે ચિદ્ઘન જનજે શૂરારે. કોઇ૦ ૨
ભેદજ્ઞાન રવિ અન્તર પ્રગટે, મોહતિમિર સહુ વિઘટે;
આતમ તે પરમાતમરૂપે, ઇયળ ભૃગ જ્યું ચટકેરે. કોઇ૦ ૩
સદ્ગુરૂસંગે અમૃત પામી, રોગ શોગ સહુ વામી;
બુદ્ધિસાગર નિર્ભય ખેલે, ધ્યાને સદા નિર્નામીરે. કોઇ૦ ૪

શ્રી શાન્તિઃ ૩. ॥ વિજાપુર ॥

પદ ॥ ૨૩ ॥ રાગ સોરઠ

સાધુ ભાઇઅલખ નિરંજન સોડહં;
પન્ચભૂતથી ન્યારા વર્તે, પુચ્છો અંતર કોડહં સાધુ૦ ૧
રૂપાતીતસ્વરૂપી પરગટ, રૂપારૂપપ્રકાશી;
સહજસ્વભાવે સમતા ધારી, અત્યાનંદ વિલાસી. સાધુ૦ ૨
સબ ઋદ્ધિ ઘટ અંતર તેરા, ખોજત મિટત અન્ધેરા;
અગમપંથકા વાસી હંસા, શું માને જગ મેરા. સાધુ૦ ૩
અનેકકું એકમાંહિ સમાવી, સ્થિર દૃષ્ટિથી ધ્યાવે;
નિર્મલ નિર્ભય નિશ્ચય નિરખી, આપોઆપ સુહાવે. સાધુ૦ ૪
એક મિલ્યા તબ સબકું છાંડયા, દુર્ઘટ ઘાટ ઓળંઘી;
બુદ્ધિસાગરનિર્ભય ખેલે, સમતાનંદતરંગી. સાધુ૦ ૫

॥ વિજાપુર. ॥

પદ (૨૪) રાગ સોરઠ

સાધુભાઇ ધ્યાન સમાધિ વરીજે, આત્મસમાધિ પાકર પ્રેમે,
ભવ જલધિકું તરીજે. સાધુ૦ ૧
અસંખ્યપ્રદેશી આપોઆપે, સ્થિર ઉપયોગે ભાસે;
સ્વપ્નદશાસમ સંસારે તબ, મનકું કબહું ન વાસે; સાધુ૦ ૨
બાહિર વાસકું ત્યાગી અન્તર, શુદ્ધવાસમાં વશીએ;
અભેદપ્રવૃત્તિ નિર્ભયરૂપે, કરતાં લેશ ન ખસીએ. સાધુ૦ ૩

અનુભવ દર્શન દૃષ્ટિ પામી, વીર્યોલ્લાસ વિકાસે;
સહજસ્વરૂપી રૂપારૂપી, જ્ઞાતાજ્ઞેય પ્રકાશે. સાધુ૦ ૪
જ્યાં લો અંતર તત્ત્વ ન ધ્યાવે, ત્યાં લો સુખ નહિ પાવે;
અંતર શોધી બોધી પદનિજ, સત્યાનન્દે કહાવે. સાધુ૦ ૫
નામયોગથી કાજ ન સીજે, યું સાહિબ કયું રીઝે;
સદ્‌ગુરૂ સંગે રહીએ નિશદિન, અનુભવ પ્યાલા પીજે, સાધુ૦ ૬
ષડ્ દર્શનકા ઝઘડા ભેદી, થાવે ચિદ્‌ઘન વેદી;
છેદી કર્માષ્ટકકા ઝઘડા, કબહુન હોવત ખેદી. સાધુ૦ ૭
યુગ્રો પૂજે આતમપદકું, ભોગી પણ તે અભોગી;
બાદ્ધસાગરશિવપદ સાધે, તો નિશ્ચયથી યોગી. સાધુ૦ ૮

શ્રી શાન્તિઃ ૩. ॥ ૭૬૨ ॥



પદ. (૨૫) રાગ સોરઠ.

સાધુભાઇ સમય સુધારસ પીજે, અન્તર આતમ હીરો પરખી,
સુખકર તેહ ગ્રહીજે. સાધુ૦ ૧
શુદ્ધસ્વરૂપે રૂપારૂપી, નિત્યાનિત્ય વિલાસી.
પરપુદ્‌ગલથી ન્યારા વર્તે, લોકાલોકપ્રકાશી. સાધુ૦ ૨
અન્તર અખય ખજાનો ભારી, વર્તે છે સુખકારી;
લક્ષ્ય લગાવી લેવો ભાઇ, સમજો નરને નારી. સાધુ૦ ૩
વેદક આતમ પણ નહિ વકતા, અનુભવ અંતર ધારો;
ખેલે આતમ આપસ્વભાવે, તો હોવે ભવપારો. સાધુ૦ ૪


જો સમજે તો સમજી લેને, મળીયું ઉત્તમ ટાણું;
જેવું ઉત્તમ ષડ્રસ ખાણું, તેવું શિવ વહુ આણું. સાધુ૦ ૫
નિજપદવાસી તું અવિનાશી છે તું ગુણગણરાશી;
બુદ્ધિસાગર આતમધ્યાને, ઝગમગ જ્યોતવિલાસી. સાધુ૦ ૬

(ઈડર)

પદ.(૨૬) એડી એડી ગોઠા કીજે નર માંહીલા- એ ભજનનો રાગ.

એણીપેરે ધ્યાન ધરીજે, ઘટ અન્તર એણીપેરે ધ્યાનધરીજેરે-હેજી.॥
મનકર વશમેં ને તનકર કબજે, આતમરૂપ સમરીજેરે હેજી;
આસન મારી આશા મારી, સમતાભાવ વરીજે. ઘટ૦ ૧
સ્થિર ઉપયોગકરી ધ્યાવોનર માંહિલા, ચિત્તપરમાંનવીદીજે રે હેજી,
અસંખ્યપ્રદેશા પરમાતમ સો, પોતાનાપર રીઝે. ઘટ૦ ૨
જિનકેમદીનથાય, ગ્રઅનિજ પદતબ, ઝગમગજયોતિજગાવેરેહેજી;
બુદ્ધિસાગરનિર્ભયદેશી, સમજે તે નર પાવે. ઘટ૦ ૩

શાન્તિઃ ૩ ॥ (ઈડર)



પદ (૨૭(રાગ-ઉપરનો)

એણીપેરે પ્રભુસમરીજે, ઘટ અન્તર્ એણીપેરે પ્રભુ-સમરીજેરે હેજી.
ક્રોધ કપટ કજીયાથી અળગા, રાગદ્વેષ દૂર કીજેરે, હેજી;

ચિત્તવાળી પરમાંથી પ્રેમે, અન્તર સુરતા દીજે. ધ૮૦ ૧
અલખ અરૂપી અજરામરહરદમ,સ્મરતાં દિલઉજ્યારીરે, હેજી;
ધ્યાન કરંતાં ત્રિભુવન સાહિબ, આપે શિવસુખ ભારી. ધ૮૦ ૨
અનુક્રમે યોગાભ્યાસ કરીને, જીવ શિવરૂપતા પાવેરે, હેજી;
બુદ્ધિસાગર સમજે તેને, ભવભ્રમણા દૂર જાવે. ધ૮૦ ૩

શાન્તિ; ૩. (ઇડર)

પદ. (૨૮) ભયા અનુભવ રંગ મજીઠારે—એ રાગ


ગુરૂવિના કોઇ તત્ત્વ ન પાવેરે, ભટકત ભટકત દેશોદેશી ॥
જ્યાં ત્યાંગુરૂની બુદ્ધિ ધારી, વન્દન કરવા દોડે;
દુષ્ટગુરૂનો સંગ કરીને, ફોગટ માથું ફોડે. ગુરૂ૦ ૧
ધોળુંતેટલું દુધ ગણીને, નિજબુદ્ધિથી ચાવે;
આક ગોદૂધ ભેદ ન જાણે, ચાવે ડાકડમાલે. ગુરૂ૦ ૨
અન્તર્ તત્ત્વ વિના જગમૂઢા, ગુરૂનું નામ ધરાવે;
ભોળાજન ભરમાવી પોતે, દોડી દુર્ગતિ જાવે. ગુરૂ૦ ૩
સદ્ગુરૂ શ્રદ્ધાવિણ આ જગમાં, કબુ ન આવે પારો;
જ્યાં ત્યાં જાવે ત્યાં તે તેવો, એ મૂરખનો ધારો. ગુરૂ૦ ૪
આતમજ્ઞાની સદ્ગુરૂકેરા, ધરો મનમાં વિશ્વાસા;
બુદ્ધિસાગર આપસ્વભાવે, થાવે સદ્ગુરૂદાસા. ગુરૂ૦ ૫

॥ શ્રી શાન્તિઃ ૩ (વિજાપુર)

પદ ૨૯ (રાગધીરાનો)

દુનિયા છે દીવાનીરે, તેમાં શું તું ચિત્ત ધરે,
જોને જરા જાગીરે, માયામાં મુંઝી શાને ફરે;   દુનિયા૦
દુનિયાંદારી દુઃખ કરનારી, દૃષ્ટિ ફેરેફેર,
જેવી દૃષ્ટિ, તેવો તું છે, સમજે નહિતો અન્ધેર;
માયાના બાંધ્યા જીવોરે, કારજકાજે કરગરે.   દુનિયા. ૧
દુનિયાં જીતી નહિ જીતાશે, તેમાં રાખે ચિત્ત,
જશ અપજશમાં મનજો વર્તે, તો નહીં થાય પવિત્ત;
જગત્‌ભાન ભૂલેરે, કારજ સહુ સહેજે સરે.   દુનિયા૦ ૨
ઘડીમાં સારો ઘડીમાં ખોટો, દુનિયાં બોલે બોલ,
ખોટાને સારો કોઇ કહેવે, કોણ કરે તસ તોલ;
સમજીને સૌ રહેવુંરે, કરશે જેવું તેવું ભરે.   દુનિયા૦ ૩
સ્વપ્ના જેવી દુનિયાદારી, દર્પણમાં મુખ છાય;
આત્મવિના પુદ્‌ગલમાં ખેલે, સુખ કદી નહીં થાય;
સમજે સમજુ શાણારે, ચિદ્‌ઘનઅર્થી શાન્તિ વરે. દુનિયા૦ ૪
સૌથી ન્યારો ચિદ્‌ઘન પ્યારો, અંતર આતમ લેખ;
પરમાતમ પરગટ પોતે તું, શુક્લધ્યાને દેખ;
બુદ્ધિસાગર સમજીરે, વળજો ચિદાનન્દઘરે.   દુનિયા૦ ૫

॥પેથાપુર॥



॥ પદ ॥ ૩૦ (રાગ ધીરાનો)

અનુભવી આવોરે, અનુભવ વાત કરો.
માયાની ભૂલ ભાગીરે, દેખાડો શિવમાર્ગ ખરો; અનુ.

ચરમનયનથી મારગ જોતાં, મારગ નાવે હાથ,
બાહિર નયણે મારગ જોતાં, ભૂલ્યો ત્રિભુવનનાથ.
મા યાની મોજ મારીરે, તેને હવે અપહરો. અનુભવી૦ ૧

ભૂલ્યો ઝલ્યો ભવમાં ભારે, ખરે દિવસ અંધાર,
અંધારે અથડાણો જ્યાં ત્યાં, લાખચોરાશીમઝાર;
આડો અવળો દોડયોરે, વિનતડી દીલ ધરો. અનુભવી૦ ૨

ખાવું પીવું મન નવી ભાવે, સમજું તોપણ મૂઢ,
મુજ મન કોઇ ન તુમ વિણ જાણે, એ અંતરનું ગૂઢ;
ગપ્પા હાંકી ગાયોરે, કારજ મુજ કો ન સર્યો. અનુભવી૦ ૩

જ્યાં ત્યાં જઇ પૂછું તુજને, વિરલા જાણે તુજ,
તુજ વિણ મંદિર શૂનું લાગે, પાડે ન કોઇજન સુજ;
કુગુરૂએ ઘેર્યોરે, અજ્ઞાને હું લડથડયો. અનુભવી૦ ૪

અનુભવીએ અનુભવ આપ્યો, અંતરનયણે દેખ,
બુદ્ધિસાગર અગમપન્થમાં, સરખા આતમ લેખ;
સદ્ગુરૂના સંગેરે, મુક્તિસુખ સહેજે વરો. અનુભવી૦ ૫

(પેથાપુર)

પદ (૩૧) રાગ ધીરાના પદનો.

અજ્ઞાની અથડાણારે, સત્ય નવી સમજી શકે;
પોતાની હઠ પકડીરે, મનમાને તેવું બકે. અજ્ઞાની૦

સત્ય ન સોધ્યું અંતર નયણે, જડમાં માને ધર્મ;
ધર્મ મર્મનો ખ્યાલ કરે નહિ, બાંધે ઉલટાં કર્મ;
અંધારૂં અજવાળેરે, કહો કેમ ટકી શકે. અજ્ઞાની૦

જાનડીયા જેમ વરવિના તેમ, જ્ઞાની વિના ગ્રંથ;
નાક વિના જેમ મુખ ન શોભે, અનુભવી વિણ તેમ પંથ;
છીપ રૂપા જેવીરે, આઘેથી જોતાં ચકચકે. અજ્ઞાની૦

આપમતિ ત્યાં યુક્તિ ખેંચી, મતની તાણાતાણ;
કરતા કર્મ વધારે લોકો, સાતનયોના અજાણ;
જ્ઞાનીની આગળ આવીરે, કહો કેમ ટકીશકે. અજ્ઞાની૦

ભૂલ્યો કહેતાં ભૂલ ન ભાગે, પ્રગટે જો ઘટજ્ઞાન,
ત્યારે ભ્રામણા ભ્રાન્તિ ભાગે, આવે આતમસાન;
બુદ્ધિસાગર બોધેરે, અંતર સૂર ઝગમગે. અજ્ઞાની૦

(પેથાપુર)

રાગ ઉપરનો—॥ પદ (૬૨)

જ્ઞાનીની સંગ સારીરે, સમજો મન નરનારી.
જંગમ કલ્પવલ્લિરે, જ્ઞાનની સંગ નિર્ધારી. જ્ઞાની.॥

પત્થર પત્થર રત્ન ન હોવે, યુગે યુગે નહિ દેવ;
ઠામ ઠામ નહિ કલ્પવૃક્ષ જ્યું, ત્યું જ્ઞાનીગુરૂ મેવ,
પાપ પંકમાં કાપેરે, દેખાડે શિવપુરબારી, જ્ઞાની૦ ૧

ઘટમાં પરમાતમ દેખાડે, શાશ્વતસુખભંડાર,
અનુભવજ્ઞાને સ્થિરતા આપે, ભય ચન્ચલતાવાર;
વાસનાવિષ વારીરે, આપે પદ અનહારી, જ્ઞાની૦ ૨
પાર્શ્વમણિથી બહુ ચઢીયાતા, જ્ઞાની સદ્ગુરૂ સન્ત,
અર્પે આતમરૂપ બરોબર, કરી મિથ્યાત્વનો અંત;
મિથ્યા ટેવ વારીરે, શુદ્ધપદે ચિત્ત ઠારી. જ્ઞાની૦ ૩
મહાતીર્થ મહાદેવ મહેશ્વર, કરો જ્ઞાનીનો સંગ;
આપોઆપસ્વરૂપે વર્તો, પામી અનુભવરંગ;
બુદ્ધિસાગર બોધીરે, અંતર ઘટઉજ્બ્યારી. જ્ઞાની૦ ૪

(પેથાપુર)

રાગ ઉપરનો—॥ પદ ॥ (૩૩)

પત્થરના નાવે બેશીરે, તરનાર કેણીપેરે તરે,
તેલ આશા રેતીરે, પીલે કહો કેમ સરે; પત્થર.॥
જલ વલોવો માખણ અર્થે, તે તો નિષ્ફલજાય;
અજ્ઞાની કુગુરૂની સંગે, તત્ત્વ કશું ન જણાય;
અંધાને દોર્યા અંધેરે, દામ કેણીપેરે ઠરે. પત્થર૦ ૧
બાવળીયાને બાથ ભરો પણ, સરે ન કાર્ય લગાર,
ઢૂંઢાંની કદી પાન ન બનશે, ખરસીંડે પાપડ સાર,
જોઇને તમે જોજોરે, કુગુરૂઆ ધરોધરે. પત્થર૦ ૨

ખારાજળથી તૃષા ન ભાગે, કુચક્રા ભક્ષે ભૂખ,
જુઓ વિચારી મનમાં સમજુ, ઉલટું થાવે દુઃખ;
સડેલ શઠની સંગેરે, કહો કોઇ કેમ સુધરે. પત્થર૦ ૩
આતમ કર્મ સ્વરૂપ ન જાણે, કારણકાર્યસ્વરૂપ.
ગુણ પર્યાય દ્રવ્ય નહિ જાણે, તે શું ટાળે ધૂપ;
તાડવૃક્ષ છાયારે, તાપ કેણીરીતે હરે. પત્થર૦ ૪
ભિક્ષુકઘરમાં હસ્તી બાંધ્યો, ખાવે શું ખોરાક,
બુદ્ધિસાગર એણીપેરે બોલે, કુગુરૂ છે નાપાક;
સુગુરૂને સેવેરે, પન્ચમીગતિ પ્રાણી વરે. પત્થર૦ ૫

(પેથાપુર)

॥ પદ ॥ ૩૪ ॥ રાગ સવૈયા.

તત્ત્વ સ્વરૂપી અલખ બ્રહ્મ તું, પરમાતમ પરગટ પોતે;
ઘટમાં વસિયો માયાવશથી, જડમાં નિજને શું ગોતે, તત્ત્વ૦ ૧
અજરામર અવિનાશી અરૂપી, આંખ મીંચકર અવધારો;
રટના અવિહડપદની લાગે, તો હોવે ઘટ ઉજીયારો. તત્ત્વ૦ ૨
અવિચલઅસંખ્યપ્રદેશીઆતમ, ચિદ્દ્ઘન ચેતન તું પ્યારો;
નિત્યાનિત્ય સ્વરૂપી જ્ઞાતા, અનેકાન્તમત નિરધારો. તત્ત્વ૦ ૩
પરમેષ્ઠીમય પરગટ પોતે, સમજ સમજ આતમદેવા.
બુદ્ધિસાગર પ્રેમભાવથી, કરવી તેની દિલ સેવા. તત્ત્વ૦ ૪

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ (ઇડરગુફા)

॥ પદ ॥ (૩૫) અવસર બેર બેર નહીં આવે—એ રાગ.

પ્રભુજી તુમ દર્શન સુખકારી, તુમ દર્શનથી આનંદ પ્રગટે,
જગજનમંગલકારી. પ્રભુજી૦ ૧
તપ જપ કિરિયા સંયમ સર્વે, તુમ દર્શનનેમાટે;
દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજઘરવાટે. પ્રભુજી૦ ૨
અનુભવ વિણ કથની સહુ ફીકી, દર્શન અનુભવયોગે,
ક્ષાયિકભાવે શુદ્ધસ્વભાવે, વર્તે નિજગુણભોગે. પ્રભુજી૦ ૩
દેશ વિદેશે ઘરમાં વનમાં, દર્શન નહીં પામીજે;
દર્શન દીઠે દૂર ન મુક્તિ, નિશ્ચયથી સમજીજે. પ્રભુજી૦ ૪
ચેતનદર્શન સ્પર્શનયોગે, આનંદ અમૃતમેવા;
બુદ્ધિસાગર સાચો સાહિબ, કીજે ભાવે સેવા. પ્રભુજી૦ ૫

શ્રી શાન્તિઃ ૩–(અમદાવાદ.)

અજપાજાપે સુરતા ચાલી—એ રાગ.

પદ. (૩૬)

સ્વપ્ના જેવી દુનિયાદારી, કદી ન તારી થાનારી;
દૃષ્ટિ ખોલકર દેખો હંસા, મિથ્યા સબ જગકી યારી. સ્વપ્ના. ૧
દર્પણમાંપ્રતિબિમ્બ નિહાળી, શ્વાન ભ્રાન્તિથી બહુ ભસ્યો;
જૂઠીમાયા જૂઠી કાયા, ચેતન તેમાં બહુ ધસ્યો. સ્વપ્ના. ૨

નિજ છાયા કૂપજલમાં દેખી, કૂદી કૂપે સિંહ પડયો;
પર પોતાનું માની ચેતન, ચારગતિમાં રડવડયો. સ્વપ્ના. ૩
છીપોમાં રૂપાની બુદ્ધિ,--માની મૂરખ પસ્તાયો;
જડમાં સુખની બુદ્ધિ ધારી, જ્યાં ત્યાં ચેતન બહુ ધાયો. સ્વપ્ના. ૪
કુટુમ્બ કબીલો મારો માની, કીધાં કર્મો બહુભારી;
અંતે તારૂં થશે ન કોઇ, સમજ સમજ મન સંસારી. સ્વપ્ના. ૫
જન્મ્યા તેતો જરૂર જાશે, અહીંથી અંતે પરવારી;
સમજ સમજ ચેતન મન મેરા, બુદ્ધિસાગર નિર્ધારી. સ્વપ્ના. ૬

અમદાવાદ.

॥ પદ ॥ (૩૭) રાગ પૂર્વનો.

અલખ અગોચર નિર્ભય દેશી, સિદ્ધ સમોવડ તું ભારી,
અનુભવ અમૃતભોગી હંસા, અકલગતિ વર્તે તારી. અલખ ૧
અસંખ્યપ્રદેશે દૃષ્ટિ દેકર, શ્વાસોશ્વાસે ધટજાગો;
સ્થિરતા સમતા લીનતા પામી, દૂરે પરપરિણતિ ત્યાગો. અલખ ૨
ભેદજ્ઞાનથી ભાવો ભવિકા, આતમ રત્નત્રયીસ્વામી;
અભેદદૃષ્ટિ અંતર લક્ષો, થાવો શિવપદસુખરામી. અલખ ૩
ભાગ્યદશા પૂરણ જસ હાવે, આતમધ્યાને મન લાગે;
બુદ્ધિસાગર ધન્ય નરાજગ, પ્રણમો સન્તો દિલરાગે. અલખ ૪

પદ (૩૮) રાગ મલ્હાર

ઐસા સ્વરૂપ વિચારો ઐસા, શુદ્ધરૂપ ગીથી ધારીરે. ઐસા.
પુદ્ગલ રૂપાદિકથી ન્યારો, નિર્મલ સ્ફટિકસમાનોરે;
નિજ સત્તા ચિદ્ઘનથી અખંડિત, કબહુ રહે નહિ છાનોરે. ઐસા૦ ૧
ભેદજ્ઞાન સૂર ઉદયે જાગી, આતમભાવે ધ્યાનોરે;
સ્થિરદૃષ્ટિ મસ્તાનિજ ધ્યાની, પરપરિણતિના ત્યાગીરે ઐસા૦ ૨
કર્મબંધ રાગાદિક વારી, શક્તિ શુદ્ધ સમારીરે;
ઝીલો સમતાગંગાજલમેં, પામી ધ્રુવકી તારીરે. ઐસા૦ ૩
નિજગુણ રમતો રામ ભયો જબ, આતમરામ કહાયોરે,
બુદ્ધિસાગર શોધો ઘટમાં, નિજમાં નિજ પરખાયોરે. ઐસા૦ ૪

(અમદાવાદ)

॥ પદ ॥ ૩૯ જીવલડા ઘાટ નવા શીદ ઘડે-એ રાગ

પરમપદ પરમેતો સુખ મળે, અનાદિ દુઃખની ભ્રાન્તિ ટળે ॥
શુદ્ધસ્વરૂપે જાગે ચેતના, નિજધન નિજમાં મળે;
સાધ્યલક્ષી આતમાથઇ, અકલપણે નિજ કળે. પરમ૦ ૧
ત્યાગી થઇને ત્યાગી લે તું, અવસર આવ્યો ફળે;
બુદ્ધિસાગર જાગતાં ઘટ, કર્મનું કશું નહીં વળે. પરમ૦ ૨

વિજાપુર.

॥ સ્તવન ॥ (૪૦) બેની પ્યારીરે મારી.–એ રાગ

વીર પ્રભુ વ્હાલારે મારા, લાગે મનમાં અતિશય પ્યારા. વીર;
ત્રિશલાનંદનરે નાણી, પાંત્રીસગુણથી શોભે વાણી. વીર. ૧
દુનિયાદારીરે ત્યાગી, આતમગુણથી પ્રીતિ લાગી. વીર;
ત્રીશે વર્ષેરે દીક્ષા, લીધી જગજન કરવા શિક્ષા. વીર. ૨
કેવળ કમળારે પામ્યા, જન્મ જરાદિક દુઃખડા વામ્યા. વીર;
બુદ્ધિસાગરરે સેવા, ભાવે કરતાં શિવસુખ મેવા, વીર. ૩

અમદાવાદ (દ. ભ.) વંડામાં)


પદ (૪૧) પરખીને લેજો નાણુંરે–એ રાગ.

માયા ન મુરખ તારીરે, શું માને મારી મારી,
મારી મારી કરતાં તારી, ઉમર સહુ પરવારીરે.
માયા ન તારી, માયા૦
રાવણ સરખા રાજા ચાલ્યા. ચાલ્યા રંક ભીખારીરે.
માયા ન તારી. માયા૦
જેની હાકે ધરણીધ્રૂજે, તે પણ ચાલ્યા હારીરે.
માયા ન તારી, માયા૦ ૧
ડહાપણના દરિયામાં ડૂલી, શિરપર ધૂલી ડારીરે;
માયા ન તારી. માયા૦
કપટકળામાં કાળો થઇને, મારી પેટ કટારીરે.
માયા ન તારી, માયા૦ ૨

નિર્દય નફ્ફટ નાગો થઇને, કીધી ચોરી ઝારીરે;
માયા ન તારી. માયા૦
દગા પ્રપંચો પાખંડ માંડી, દેખ્યો નરકની બારીરે.
માયા ન તારી. માયા૦ ૩
અભિમાનના તોરે ફૂલી, વાત કરી તકરારીરે;
માયા ન તારી. માયા૦
વાતવાતમાં લડી પડયો તું, ધર્મ ન હૃદયે ધારીરે.
માયા ન તારી. માયા૦ ૪
નિંદામાં નિશદિન શૂરો થઇ, દોષ કર્યા તેં ભારીરે;
માયા ન તારી. માયા૦
સંતની સંગત કદિ ન કીધી, પાપીથી પ્રીતિ પ્યારીરે.
માયા ન તારી. માયા૦ ૫
લાલચુ લંપટ લુચ્ચો બની તેં, કરી કુસંગી યારીરે;
માયા ન તારી. માયા૦
ભજન પ્રભુનું ભૂલી તેંતો, ધર્મિસંગ નિવારીરે.
માયા ન તારી. માયા૦ ૬
જ્ઞાનની વાત ન મનમાં ગમતી, પ્યારી ધંધર ધારીરે;
માયા ન તારી. માયા૦
ફોગટ મમતામાં ફૂલીને, ઉમર આખી હારીરે.
માયા ન તારી. માયા૦ ૭
ચેતો ચેતો ચિત્તમાં ચટપટ, સમજે નરને નારીરે;
માયા ન તારી. માયા૦
આંખ મીંચાએ કશું ન હાથે, જાતું સૌ વિસારીરે.
માયા ન તારી. માયા૦ ૮

કરશો પરમાતમથી પ્રીતિ; ગુરૂ સેવો ઉપગારીરે;
માયા ન તારી. માયા૦
બુદ્ધિસાગર ધર્મીજનની; હું જાઉં બલિહારીરે.
માયા ન તારી. માયા૦ ૯

અમદાવાદ. ॥ શાંતિઃ ॥



પદ.—(૪૨)

પરખીને લેજે નાણું રે, આ આવ્યું ઉત્તમ ટાણું;
ટૈં ટૈં કરતાં તુરત વારમાં, આવે જમનું આણુંરે. પરખીને૦ ૧
હૈં હૈં કરીને હસતાં આવ્યું, પરભવનું પસ્તાનુંરે, પરખીને૦
ફૂલણ ફાંકાં મારે શું તું, પડતું રહેશે ભાણુંરે. પરખીને૦ ૨
શું મસ્તાનો થઇને મ્હાલે, ચાલ્યા લાખ નવાણું રે. પરખીને૦
મોહમાયાના વશમાં થાતાં, પડ્યું ઝાઝમાં કાણું રે, પરખીને૦ ૩
માથે કાલ ઝપાટો વાગે, ઉંઘણ શું? ઉંઘાણું રે. પરખીને૦
થાતાં એદી આળસનો તું, નર્કનું પામે લ્હાણું રે. પરખીને૦ ૪
પ્રભુને પ્રેમે કદિ ન ભજતાં, દુઃખ વાદળ પથરાણું રે, પરખીને૦
જન્મજરાનાં દુઃખડાં ટાળે, તો તને જોગી જાણું રે. પરખીને૦ ૫
હાહા કરતાં વર્ષો ગાળે, આત્મિકધન ભૂલાણું રે. પરખીને ૦
બુદ્ધિસાગર ચેતો ચેતન, અંતર ગાવો ગાણું રે. પરખીને૦ ૬

(અમદાવાદ—આંબલીપોળ.)

પદ. (૪૩) રાગ મરાઠી સાખી.

જાગો જોગી અલખ સ્વરૂપી, પૂર્ણાનન્દવિલાસી;
નિજપદમાંહિ વાસ તુમારા, જ્ઞાતાજ્ઞેય પ્રકાશી,
ખેલો આતમરે, અવસર આવ્યો સારો,
જુગો જુગ તુંહિ મન પ્યારો. ખેલો૦ ૧
ચિદ્ઘન શુદ્ધ સ્વરૂપે સોહે, મુનિજનનાં મન મોહે;
દિનમણિ ત્રણભુવનમાં તું છે, પોતે પોતાને બોહે. ખેલો૦ ૨
અન્તર્ ધન પરખીલે ! તારૂં, સારામાં જે સારૂં;
તન્મયવિશ્વાસી થા તેનો, પ્યારામાં જે પ્યારૂં. ખેલો૦ ૩
ભૂલી દુનિયાનાં ડહાપણને, વળજે આતમવાટે;
ઉંધાશ નહિ તું અગમપન્થમાં, માલ છે માથાસાટે. ખેલો૦ ૪
હાથે નહીં તે સાથે કરલું, અદ્ભૂત એહ તમાસા;
પામ્યા અનન્તા પામે તેને, તે પદના તું પ્યાસા. ખેલો૦ ૫
ચિન્તામણિ નિર્ધનના હાથે, તેતો કબહુ ન ચડશે;
માનો મનમાં જે તે આવ્યું, પરભવ માલુમ પડશે. ખેલો૦ ૬
ચકટામાં મીસરી વેરાણી, કીડી કળાથી ખાવે;
કુંજર તેને ગ્રહી શકે નહિ, યોગ્યતાએ સહુ પાવે. ખેલો૦ ૭
જેના માથે સદ્ગુરૂ નહીં છે, નગુરા ભટકે ભારે;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, સદ્ગુરૂ તરે ને તારે. ખેલો૦ ૮

પેથાપુર.

પદ. (૪૪) ચેતાવું ચેતીલેજેરે. એ રાગ.

અરે જીવ પામર પ્રાણીરે, તારૂં કબૂ ન કોઇ થાશે;
સ્વારથનું સગપણ જગમાં સૌ, જ્ઞાની એમ પ્રકાશે. અરે૦ ૧
સાંજસમે જેમ પંખી ટોળું, ભેગું બેઠું ભાવે;
વ્હાણું વાતાં નિજનિજ પંથે, એકલડાં સહુ જાવે. અરે૦ ૨
સંધ્યાની વાદળીયો જેવું, જૂઠું માયા જાણું.
તેમાં રખડી મરતાં નાહક, સાર કશો નહીં ભાળું. અરે૦ ૩
ખોટું મોટું કરીને માન્યું, રહે ન અંતે છાનું;
અલખ ખલકમાં સાચો સમજી, ઝાલો તેહનું બાનું અરે૦ ૪
નરભવ દુર્લભ પામી પ્રેમે, કર પરમાતમપ્રીતિ;
સાચો સાહિબ સત્ય સુજાડે, ટાળે ભવ ભવભીતિ. અરે૦ ૫
ખટપટલટપટ ઝટપટ ત્યાગી, પરમાતમને ધ્યાવો;
બુદ્ધિસાગર શાશ્વત સુખડાં, સહજે સંતો પાવો. અરે૦ ૬

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અમદાવાદ. આં. પો.

પદ (૪૫) સોરઠ.

પરમ પ્રભુ ઘટ અન્તરમાં જાગો, ગાવો ધ્યાવો વધાવો. પરમ૦
પિંડે પરમાતમ વસિયા તસ, પૂજા ગુરૂ રચાવો;
સન્તાનન્દથી પ્રકાશે ચિત્ત, તન્મય ત્યાં થઇ જાવો. પરમ૦ ૧

ભાવદયાચંદનથી અર્ચો, સદ્ગુણપુષ્પ ચઢાવો;
ક્ષાયિકસમકિત ધૂપ કરો વળી, જ્ઞાનદીપક પ્રગટાવો. પરમ૦ ૨
ક્ષાયિકચરણનો સ્વસ્તિક કરીએ, અનુભવનૈવેદ્ય ધરીયે;
આવિર્ભાવે આત્મિકગુણફળ, ધરતાં મંગળ વરીએ. પરમ૦ ૩
સામગ્રી પૂજનની પામી, પૂજે અંતરયામી;
પૂજક પૂજ્યપણું પ્રગટાવી, થાવો ચિદ્ઘનસ્વામી. પરમ૦ ૪
ગુણસ્થાનક ચોથું પામીને, લ્યો પૂજનનો લ્હાવો;
બુદ્ધિસાગર પૂજન અર્થે, મળે ન અવસર આવો. પરમ૦ ૫

ઇતિશ્રી શાંતિઃ શાંતિઃ શાંતિઃ

અમદાવાદ.

॥ગુરૂપદ ॥ (૪૬) સવૈયા

ગુરૂગમથી બાહ્યજ્ઞાન ગ્રહો તુમ, ગુરૂ દેવના ગુરૂ દીવો;
ગુરૂ આંખોને ગુરૂ છે પાંખો, ગુરૂ ગીતારથ જગ દીવો. ગુરૂ૦ ૧
ગુરૂકૃપાથી જ્ઞાનજ પ્રગટે, વિઘટે મિથ્યામલ ભારી;
ચિરંજીવજો ગુરૂ ગીતારથ, બૂડતાં બેડલી તારી. ગુરૂ૦ ૨
દેવ ગુરૂ દો ખડે દેખકર, વન્દો કિસકું પહેલા જાઇ;
ઉપકારી ગુરૂ બંદન પહેલા, જ્ઞાનજ્યોતિ દિયું બતાઇ. ગુરૂ૦ ૩
ગુરૂને દેખી વંદન કરવું, નમ્ર વચનને ઉચ્ચરવું;
હાથ જોડકર સુણો દેશના, ગુરૂ વિનયે મનડું ધરવું. ગુરૂ૦ ૪

સમકિતદાયક સદ્ગુરૂ દર્શન, વિધિયે કરજો નરનારી;
આગુનિ પણ ગુરૂની આણા,લોપો નહિ હિમ્મત ધારી ગુરૂ૦ ૫
જેનામાંહે સદ્ગુરૂ નહીં તે, નગુરા દુઃખ લહેશે ભારી
એવા ગુરૂને જાણજો અર્થે, સમજ સમજ મન સંસારી. ગુરૂ૦ ૬
ગુરૂની ભક્તિ કરજો પ્રેમે, શ્રદ્ધા મન લાવી સારી;
બુદ્ધિસાગર વંદો સદ્ગુરૂ, હું જાઉં તસ બલિહારી. ગુરૂ૦ ૭

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

આમદાવાદ.

॥ પદ ॥ ૪૭ રાગ-કલ્યાણ.

[illegible] આતમરામ, [illegible] આતમરામ;
[illegible] ચિત્તરામ, અહો૦
[illegible] અહો૦ ૧
[illegible] અહો૦
[illegible] અહો૦ ૨
[illegible] અહો૦
[illegible] અહો૦ ૩
[illegible] અહો૦
[illegible] અહો૦ ૪

વ્યવહારે શુદ્ધ વર્તે તદર્થે, ક્ષણ ક્ષણમાંહી સહાય, મહા૦
કારણે કાર્ય મહોદય સિદ્ધિ, બુદ્ધિસાગર ગુણ ગાય. મહા૦ ૫

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પેથાપુર.

॥ પદ ૪૮ ॥ રાગ મરાઠી સાખી.

મૂરખ જીવડા કાંઇ ન સમજ્યો, પાપ કીધાં કઇ ભારી,
તપ જપ દાન ક્રિયાદિક છોડી, કીધાં તેં ચોરી જારી;
અબ ચેતોરે ચિત્તમાં ચતુર વિચારી, છોડી આ દુનિયાદારી; અબ.
કોઇ કોઇની સાથ ન આવે, તન ધન જૂઠ કહાવે;
નાહક મમતા તેમાં રાખી; નરક નિગોદે જાવે. અબ૦ ૨
કીધાં વાર અનંતી સગપણ, લાખચોરાશી ભટકી;
વારં તેમાં વળ્યું શું? ચેતન, લાલચમાંહિ લટકી. અબ૦ ૩
માયાનાં વિષવૃક્ષો વાવે, આવે ફળનો નડારાં;
પ્યાર કરતાં જગમાં પરગટ, થયાં જનો દુઃખિયારાં. અબ૦ ૪
આતમ તે પરમાતમ દેહે,—છે પ્રીતિ તસ સાચી;
આતમ સમોવડ કોઇ નથી જગ, રહેજે તેહશું રાચી. અબ૦ ૫
અલખપન્થમાં અજબ તમાશા, કોઇ ન કોઇકા દાસા;
બુદ્ધિસાગર અવસર પાકર, ધર આતમવિશ્વાસા. અબ૦ ૬

પેથાપુર.

પદ. ॥૪૯॥ રાગ મરાઠી સાખી.

જોઇ જોઇને જોઇ મેં લીધું, મનડું નિશ્ચય કીધું;
દુનિયામાં સ્વારથનું સગપણ, કારજ કાંઇ ન સિદ્ધયું,
મોરા આતમ રે સત્ય તું હિ એકેલા, તું હિ ગુરૂ તું હિ ચેલા;. મોરા૦ ૧

આ સંસારે જડમાં રાચી, વિષયારસમાં માચી;
ભૂલ્યો ભટક્યો અટક્યો લટક્યો, ગણી માયાને સાચી. મોરા૦ ૨

શોધી શોધીને સારજ કાઢ્યો, સૂત્ર સિદ્ધાંત વિચારી;
સત્યસ્વરૂપી તત્ત્વમસિ તું, નિરાકારસુખકારી. મોરા૦ ૩

મન વાણીકાયાસેં ન્યારા, ગુણ અનન્તાડધારા;
પરમેશ્વર પરગટ પોતે તું, ટળતાં કર્મ વિકારા. મોરા૦ ૪

અદ્ભૂત યોગી નિજગુણ ભોગી, કેવલજ્ઞાનપ્રકાશી,
અન્તર્ધનનો રાજા તું છે, તુજમાં મક્કા કાશી, મોરા૦ ૫

સામગ્રી સહુ પામ્યો હંસા, જાવે અબ શું ? ભૂલી;
બાજીગરની બાજીસમ જગ, અન્તે ધૂલકી ધૂલી. મોરા૦ ૬

સરદારીયે તેં વહાણ હંકાર્યું, શિવપુર જાવા ધાર્યું;
ભૂલ્યો તો ભટકીશ ભવમાં તું, નક્કી નશીબ પરવાર્યું. મોરા૦ ૭

આવ્યો અવસર ચૂક ન ચેતન, આપોઆપ તરેગા;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, ધ્યાને કાર્ય સરેગા; મોરા૦ ૮

પેથાપુર

॥ પદ ॥ (૫૦)

॥ સમતાએ આત્માને આપેલો ઉપાલમ્ભ

સુગુણ સનેહા સ્વામી મ્હેલે પધારો,
વિનતડી અવધારો, કૃપાળુ સ્વામી મ્હેલે પધારો
શેરીએ શેરીએ સ્વામી ફુલડાં બીછાવું,
તોરણ નવીન રચાવું; કૃપાળુ; ૧
વ્રત નિયમ કરી શરીર શોષાવું,
લુખાં અલુણાં ધાન્ય ખાવું, કૃપાળુ;
તારા માટે હું તો તીરથ કરતી,
ફરીફરી તે ડુંગર ફરતી. કૃપાળુ; ૨
દીવાની થઇને મેં તો દુનિયામાં ખોળ્યા,
માયાના દરિયા ડોળ્યા, કૃપાળુ;
પીંપળાને પાણી મેં તો પ્રેમથી રેડયાં,
રૂષિયોને પ્રેમથી તેડયા, કૃપાળુ; ૩
માળાના મણકા હું તો નિશદિન ગણતી,
ગ્રન્થોને પ્રેમથી હું ભણતી, કૃપાળુ;
ત્યાગી થઇનેરે મેં તો ચીવર ત્યાગ્યાં,
ભીક્ષાનાં ભોજન માગ્યાં. કૃપાળુ; ૪
વનવાસી થઇને મેં વાઘાંબર પેર્યું,
ચિન્તાએ મન મારૂં ઘેર્યું કૃપાળુ;
જ્યાં ત્યાં જાવું હું ત્યાં તો શૂન્યજ ભાસે,
દુઃખ હું કહું કોની પાસે. કૃપાળુ; ૫

લાખ ચોરાશી જીવયોનિ હું ભમતી,
જન્મ જરા દુઃખ ખમતી, કૃપાળુ;
ચારગતિમાં મારી લાજ લુંટાણી,
દુષ્ટોએ જ્યાં ત્યાં તાણી. કૃપાળુ; ૬
મારી વ્હારે કોણ ચઢશે પ્રીતમજી,
બોલ્યામાં રાખું હવે શરમશી? કૃપાળુ;
મોટાના ઘરની મારી લાજ લુંટાતી;
તેમાં ફજેતી તારી થાતી, કૃપાળુ; ૭
ઘરણી વિના તમે વેશ્યાના સંગી,
એંઠું ખાઇને થયા ભંગી, કૃપાળુ;
વિષયના પ્યાલા અમીમાનીને પીધા,
વેશ્યાએ હાલ બે કીધા. કૃપાળુ; ૮
સમજો તો સમજણ છેલ્લામાંછેલ્લી;
ગઇ વેળા ન આવે વહેલી, કૃપાળુ;
નાનો બાલુડો નથી પારણે સૂતો,
જેથી સમજતો નથી હું તો, કૃપાળુ; ૯
વાંક ગુન્હો શો મારોરે આવ્યો,
વૈરી વેશ્યાએ ભમાવ્યો, કૃપાળુ;
સુખ અનન્તું ઘરમાં ન દીઠું,
વિષ્ઠાએ ભૂંડ મન મીઠું, કૃપાળુ; ૧૦
વેશ્યા તો નારી કદિ થાશે ન તારી,
વૈરિણી દુઃખ દેશે ભારી, કૃપાળુ;

મુખે મીઠી ને મન રાખે છે કાતી,
ફોલી ખાધી તારી છાતી. કૃપાળુ૦ ૧૧
ઘણું કહેતાંરે મને આંસુડાં આવે,
શરમ તને શીદ નાવે. કૃપાળુ;
કહો તો સ્વામીજી હું વેરાગણ હોઉં,
કહો તો નિશદિન રોઉં, કૃપાળુ૦ ૧૨
નિર્દય થઇ તમે સામું ન જુવો,
પોતાની પત તેમાં ખુવો, કૃપાળુ;
આવી કુલવટ તમે કયાંથીરે રાખી,
કયા ભગતે તે ભાખી. કૃપાળુ૦ ૧૩
દુષ્ટચોરોએ તમને પકડીને લુંટ્યા,
કષ્ટ આપીને ખૂબ કુટ્યા, કૃપાળુ;
જાગીને જુવો જરા આંખ ઉઘાડી,
દૃષ્ટિનો દોષ દૂર કાઢી. કૃપાળુ૦ ૧૪
પાયે પડીને એમ વિનતિ કરૂં છું,
ધ્યાન સદા હું ધરૂં છું, કૃપાળુ;
બોલો બોલો ને હવે ઉત્તર આપો,
ચરણ કમલમાં થાપો, કૃપાળુ ૧૫
ભાન લાવીને હવે સ્વામીજી બોલે,
પ્રેમથી અન્તર્ ખોલે—

સુગુણી મારી તે મારી.

કાળ અનંતો મેં ફોગટ ગાળ્યો.
ભાવી ટળે નહિ ટાળ્યો, સુગુણી૦ ૧૬
આડે મારગે પ્રાણપતિ પધારે.
વ્હાલી સ્ત્રી તેને વારે. સુગુણી;
આજે તેં તારી સેવા બજાવી,
ફરજ સતીની બજાવી, સુગુણી૦ ૧૭
વેશ્યાનો સંગ હવે કરૂ ન શાણી,
સંગત બૂરી મેં જાણી, સુગુણી;

સમતાના સંગે એમ સ્વામીજી આવ્યા,
તત્ત્વ રમણતામાં ફાવ્યા. ગુણુણી૦ ૧૮
ગુણઠાણે ચોથે સ્વામિજી ચઢીયા,
વેશ્યાના હાથ હેઠે પડિયા—
અન્તરમાં જુઓ વિચારી.

ભેદદૃષ્ટિ થઇ ભિન્નતા શોધી,
લીધું સત્ય જ ઘટ શોધી, અન્તરમાં૦ ૧૯
ક્ષાયિકભાવે નિજ ઘરમેં તપાસી,
જ્ઞાનથી કીધું પ્રકાશી; અન્તરમાં;
ક્ષપકશ્રેણિએ મહેલે ચઢંતા,
ક્ષાયિકલબ્ધિ વરંતા, અન્તરમાં૦ ૨૦
શક્તિ વ્યક્તિ ઘટ અન્તર જાગી,
સુખ વિલસે મહાભાગી, અન્તરમાં;
પુદ્‌ગલ સંગ નિવારી સ્વઠામે,
તન્મય રૂપ શુદ્ધ પામે. અન્તરમાં૦ ૨૧
આતમ નરનારી સમતા સંયોગ,
ભોગવે શાશ્વત ભોગ. અન્તરમાં;
મળીયા સમય લેખે એમ જ આવે,
બુદ્ધિસાગર શિવદાવે. અન્તરમાં૦ ૨૨

૧૯૬૨ પેથાપુર.

॥ પદ ॥

(૫૧)

ચેતન અનુભવ રંગ રસીજે, આગમદોહન અનુભવ અમૃત.
યોગી અનુભવ રીજે;

અનુભવ અમૃતવલ્લિ સરખો, અનુભવ કેવલ ભાઇ;
અનુભવ શાશ્વત સુખ સહોદર, ધ્યાનતનુજ સુખદાઇ. ચે૦ ૧
અનુપમ અનુભવ વર્ણન કરવા, કો ન સમર્થ કહાવે;
અનાગોચર સહજસ્વરૂપી, અનુભવ કોઇક પાવે. ચેતન૦ ૨

અનુભવહેતુ તપ જપ કિરિયા, અનુભવ નાત ન જાતિ;
નયનિક્ષેપાથી તે ન્યારો, કર્મ હણે ઘનઘાતિ. ચેતન૦ ૩

વિરલા અનુભવરસ આસ્વાદે, આતમધ્યાને યોગી;
આતમ અનુભવવિણ જે લોકો, શિવ સાધે તે ઢાંગી. ચેતન૦ ૪

અનુભવયોગે આતમદર્શન, પામી લહત ખુમારી;
બુદ્ધિસાગર સાચી વ્હાલી, અનુભવ મિત્તશું યારી. ચેતન૦ ૫

૧૯૬૨ અમદાવાદ.

॥ ૫૬ ॥

(૫૨)

ચેતન આપ સ્વભાવ વિચારો, આપસ્વભાવે ક્ષાયિકતૃપ્તિ;
આવે ભવજલધિ આરો–ચેતન૦ ૧

જ્ઞાનામૃતનું પાન કરીને, પરપરિણુતિકું નિવારી;
શુદ્ધચરણ ભોજનથી તૃપ્તિ, થાશે શિવસુખકારી. ચેતન૦ ૨

આતમગુણોથી તૃપ્તિ સાચી, જ્ઞાની જન એમ ભાખે;
આતમધ્યાન કરે જે કોઇ, તે ઘટ અન્તર્ ચાખે. ચેતન૦ ૩

પુદ્ગલથી પુદ્ગલને તૃપ્તિ, આતમ આપસ્વભાવે;
અનુભવયોગે સ્થિરતાસંગે, તૃપ્તિ જન કોઇ પાવે. ચેતન૦ ૪

સ્વપ્નસરિખી મિથ્યા તૃપ્તિ, સંસારે જન જાણો;
ભ્રાન્તિનિવારક જ્ઞાનિઘટમાં, તૃપ્તિ વાત પીછાને. ચેતન૦ ૫

મધુ સાકર ઘૃતથી જે તૃપ્તિ, જ્ઞાની મન્ન તે ખોટી;
આતમશુદ્ધસ્વભાવે રમતાં, તૃપ્તિ છે જગ મોટી. ચેતન૦ ૬

ઇન્દ્રાદિક પણ વિષયવિકારે, તૃપ્તિ કદીય ન પાવે;
આપસ્વભાવે ધ્યાનદશામાં, તૃપ્તિ સહેજે થાવે. ચેતન૦ ૭

આત્મધ્યાની નિસ્પૃહયોગી, મમતાસંગ નિવારી;
ભિક્ષુક સુખિયા જગમાં સાચા, તસ જાઉં બલિહારી. ચેતન૦ ૮

નિભિઁય નિજ દેશે છે તૃપ્તિ, ચું વદતિ જિનવાણી;
બુદ્ધિસાગર અવસર પાકર, તૃપ્તિ લહો ગુણખાણી. ચેતન૦ ૯

અમદાવાદ.

—•—

॥ પદ ॥

(૫૩)

જ્ઞાની વિરલા કોઇ જગતમાં, જ્ઞાની વિરલા કોઇ,
વદુ વિચારી જોઇ—જગત્માં—જ્ઞાની૦

કોઇ ભાષાજ્ઞાનથીરે, ધરતા મન અહંકાર;
ભાષા કારણ જ્ઞાનનુંરે, નાવે ભાષા પાર. જગત્માં૦ ૧

વાદવિવાદે માનતારે, કોઇક સાચું જ્ઞાન;
પરપરિણતિ પોષ્યાથકીરે, વાધે ઉલટું માન. જગત્માં૦ ૨

રાગદ્વેષનો ક્ષય કરીને, અર્પે આતમભાન;
પૂરણ શાન્તિ જેહથીરે, જાણો સત્ય તે જ્ઞાન. જગત્માં૦ ૩

આતમઅનુભવ જ્ઞાનથીરે, નાસે ભવભયફંદ;
બુદ્ધિસાગર પામતારે, જ્ઞાની પૂર્ણાનન્દ. જગત્માં૦ ૪

અમદાવાદ.

—•—

પદ.

(૫૪)

શાન્તિ સદા સુખદાયી, જગત્માં શાન્તિ સદા સુખદાયી,
સેવો ચિત્તમાં ધ્યાયી—જગત્માં—શાન્તિ૦

ભવજંજાળે ભટકતાંરે, શાન્તિ હોય ન લેશ;
મનચંચલતા ત્યાં હુવેરે, ઉલટો વાધે ક્લેશ. જગત્માં૦ ૧

સત્તા ધનવૃદ્ધિથકીરે, હોય ઉપાધિ જોર;
ચિત્ત સ્થિરતા નહિ ભજેરે; પ્રગટે દિલમાં તોર. જગત્માં૦ ૨

દુનિયાની ખટપટથકીરે, ખટપટિયું મન થાય;
મનડું ભટકે બાહ્યમાં તો, બહિરાત્મપદ પાય. જગત્માં૦ ૩

લેશ વિકલ્પ ન ઉપજેરે, અન્તર્ વર્તે ધ્યાન;
ઉપાધિ અળગી હુવેરે, હોવે શાન્તિભાન. જગતમાં૦ ૪
ખારા જલના પાનથીરે, કદી ન તૃપ્તિ થાય;
ધૂમાડા બાચકે ભરેરે, હાથ કશું નહિ આય. જગતમાં૦ ૫
માયામમતાયોગથીરે, કદિ ન શાન્તિ હોય;
શાન્તિ વર્તે આતમમાંરે, નિશ્ચયથી અવલોય. જગતમાં૦ ૬
આતમધ્યાને આતમારે, શાન્તિથી ભરપૂર;
બુદ્ધિસાગર શાન્તિમાંરે, રહેવું સદા મગરૂર. જગતમાં૦ ૭

અમદાવાદ.

॥ પદ ॥
(૫૫)

કોઇ ન કરશો પ્રીત, ચતુરનર કોઈ ન કરશો પ્રીત,
પ્રીત વસે ત્યાં ભીત, ચતુર નર કોઈ ન કરશો પ્રીત.
પ્રીતિ ભવદુઃખ મૂળ છેરે, પ્રીતિનું ફળ શોક;
પ્રીતિ કરતાં પ્રાણીનેરે, વાધે રોગ વિયોગ. ચતુર. ૧
સ્વારથમાં અન્ધા બનીરે, પ્રીત કરે નરનાર;
પરપુદ્ગલની લાલચેરે, વૃદ્ધિ કરે સંસાર. ચતુર. ૨
સ્વારથની જે પ્રીતડીરે, તેનો અન્તે નાશ.
અનુભવીએ દાખવ્યુંરે, ધર તેનો વિશ્વાસ. ચતુર. ૩
મૂરખ સાથે પ્રીતડીરે, કરતાં નિશદિન દુઃખ;
પંડિત સાથે પ્રીતડીરે, કરતાં નિશદિન સુખ. ચતુર. ૪
આતમ તે પરમાતમારે, પ્રીતિ છે તસ સાચ;
અભિસમ આતમપ્રીતડીરે, પરપ્રીતિ જ્યું કાચ. ચતુર. ૫
ધર્મસ્નેહને સાચવીરે, કરીએ સજ્જનસંગ;
યોગ્યજનો લહી યોગ્યતારે, પામે અનુભવરંગ. ચતુર. ૬
અનુભવરંગ મજીઠ જ્યુંરે, આતમમાંહિ સુહાય;
બુદ્ધિસાગરહંસ જ્યુંરે, ચઞ્ચુ વિરલા પાય. ચતુર. ૭

૧૯૬૨ અ. દ. શ. ૨.

॥ પદ ॥

(૫૬)

આનંદ ક્યાં વેચાય, ચતુર નર આનંદ૦

આનંદની નહિ હાટડીરે, આનંદ વાટ ન ઘાટ;
આનંદ અથડાતો નહિંરે, આનંદ પાટ ન ખાટ. ચતુર નર. ૧.

ક્ષણિકવિષયાનંદમાંરે, રાચ્યા મૂરખ લોક;
જડમાં આનંદ કલ્પીનેરે, જન્મ ગમાવે ફોક. ચતુર. ૨

બાલપણે અજ્ઞાનથીરે, રમવામાં આનંદ;
ક્ષણિક આનંદ તે સહીરે, રાચે ત્યાં મતિમંદ. ચતુર. ૩

અજ્ઞાને જે ભક્તિમાંરે, માન્યો મન આનંદ,
આનંદ સાચો તે નહીંરે, મૂરખમતિનો ફંદ. ચતુર. ૪

ભેદજ્ઞાન દૃષ્ટિ જગેરે, જાણે આતમરૂપ;
આતમમાં આનંદ છેરે, ટાળે ભવભયધૂપ. ચતુર. ૫

જ્ઞાની જ્ઞાનથકી લહેરે, શાશ્વત સત્યાનંદ;
યોગી આત્મસમાધિમાંરે, પાવે આનંદકંદ. ચતુર. ૬

આનંદ અનુભવયોગથીરે, પ્રગટે ઘટમાં ભાઇ;
સદ્‌ગુરૂ સંગત આપશેરે, જ્ઞાનાનંદ વધાઇ. ચતુર. ૭

સદ્‌ગુરૂ હાટે પામશોરે, આનંદ અમૃત મેવ;
બુદ્ધિસાગર કીજીએરે, પ્રેમે સાચી સેવ. ચતુર. ૮

અમદાવાદ. દ. ભ. વં.

પદ

(૫૭)

અમરપદ પરખી લેજોરે, પરખ્યાથી સુખ થાય. અમર૦

કોઇક રાચ્યા માનમાંરે, કોઇક રાચ્યા દામ;
પરભવ જાતાં પ્રાણિનેરે, કોઈ ન આવે કામ. અમર૦ ૧

ગાડી વાડી લાડીમાંરે, જીવો ભૂલ્યા ભાન;
વિષ્ઠાના કીડાપરેરે, પરવસ્તુ ગુલતાન. અમર૦ ૨

દુઃખ સન્તતિદાવાનલેરે, કદી ન શાન્તિ થાય;
નિજપદ જાણે જે નરારે, સાચી શાન્તિ તે પાય. અમર૦ ૩

મન વચકાયા યોગનીરે, નિવૃત્તિ જબ થાય;
અધ્યાતમસુખ સંપજેરે, જન્મ મરણ દુઃખ જાય. અમર૦ ૪

સમતા સ્થિરતા સંપજેરે, અનુભવ જાગે જ્યોત;
વર્તે નિજપદ ભિન્નતારે, થાય ભુવન ઉદ્યોત. અમર૦ ૫

વિષયવાસના પરિહરીરે, કરતાં આતમધ્યાન;
અજર અમરપદ ભોગવેરે, ચેતન ગુણની ખાણ. અમર૦ ૬

જ્ઞાનિસદ્ગુરૂ સંગતેરે, હોવે આત્મપ્રકાશ;
બુદ્ધિસાગર કીજીએરે, સંતની સંગત ખાસ. અમર૦ ૭

અમદાવાદ દ. ભ. વં.

૫૬

(૫૮)

સદા સુખકારી પ્યારીરે, સમતા ગુણ ભણ્ડાર—સદા૦

જ્ઞાનદશાફલ જાણીએરે, તપ જપ લેખે માન;
સમતા વિણ સાધુપણુંરે, કાસકુસુમ ઉપમાન. સદા૦ ૧

વેદ પઢો આગમ પઢોરે, ગીતા પઢો કુરાન;
સમતા વિણ શોભે નહીંરે, સમજે ચતુરસુજાણ. સદા૦ ૨

નિશ્ચય સાધન આતમનુંરે, સમતાયોગ વખાણ;
અધ્યાતમયોગી થવારે, સમતા પ્રશસ્ય પ્રમાણ. સદા૦ ૩

સમતા વિણ સ્થિરતા નહીં રે, સ્થિરતા લીનતાકાજ;
સમતા દુઃખહરણી સદારે, સમતા ગુણ શિરતાજ; સદા૦ ૪

પરપરિણતિ ત્યાગી મુનિરે, સમતામાં લયલીન,
નરપતિ સુરપતિ સાહિબારે, તસ આગળ છે દીન. સદા૦ ૫

સાચી નિજપદધ્યાનથીરે, સેવો સમતા સાર;
બુદ્ધિસાગર પીજીએરે, સમતામૃતગુણકાર. સદા૦ ૬

અમદાવાદ દ. ભ. વં.

॥ પ્રભાતિયું. ॥

(૫૯)

ઉઠો ચેતન આળસ છંડી, ધર્મ હૃદયમાં ધારોરે;
પ્રમાદે શું પોઢયો ચેતન, જાય ફોગટ અવતારોરે. ઉઠો. ૧

નિદ્રા લેતાં કાળ અનંતો, ચારગતિમાં ભમીયોરે;
તોપણ શું તું તેના વશ થઇ, શય્યામાંહિ રમીયોરે. ઉઠો. ૨

નિદ્રાને આહાર વધાર્યા, વધતાં ચેતન જાણોરે;
તેહનો નાશ કરીને ચેતન, ધર્મ હૃદયમાં આણોરે. ઉઠો. ૩

શું સંસારમાં સાર વિચારી, મારૂં મારૂં કરતોરે;
મૃત્યુતણો ભય માથે ગાજે, છાયામીશે ફરતોરે. ઉઠો. ૪

કર્મ કાઠીયા આતમધનને, નિશદિન લુંટે પ્રાણીરે;
જાગ જાગ આતમ નિજભાવે, એવી જિનવરવાણીરે. ઉઠો. ૫

ઉઠી પ્રભાતે પાપારંભનાં, કામ નિવારણ કરજોરે;
ચોવીસ જિનવર સકલતીર્થને, હ્રદમાંહિ ભવી ધરજોરે. ઉઠો.

શ્રી સંખેશ્વર સાહિબ મોરા, નામ જપું હું તોરારે;
સકલમંગલ કર્ત્તા દુઃખ હર્તા, નાસે કર્મ કઠોરારે. ઉઠો.

દાન શીયલ તપ ભાવનાભેદે, ધર્મ સેવન જે કરશેરે;
બુદ્ધિસાગર શિવપદ પામી, ભવસાગર ઝટ તરશેરે. ઉઠો.

પાદરા.

શ્રી અભિનંદનસ્તવન.

(૬૦)

અભિનંદન જિન વંદીએ, સમતારસ ભંડારરે;
દોષ અઢારે ક્ષય થયા, ઉપન્યા ગુણ ગુણકારરે. અભિ૦

સુરપતિ સુરતરૂ ઉપમા, પ્રભુને કહો કેમ છાજેરે;
[illegible] સુખની આગળે, ચિંતામણિ પણ લાજેરે. અભિ૦ ૨

[illegible] અપરંપારરે;
[illegible] પામોરે. અભિ૦ ૩

શુદ્ધ બુદ્ધ અવિનાશી તું, અવિચલ નયનાનંદરે;
પામી સુરતરૂ પુણ્યથી, સેવે બાઉલ કોણ મંદરે. અભિ૦ ૪

અનુપમ પ્રભુ ગુણધ્યાનથી, નિશદિન મનમાં રાચ્યુંરે;
બુદ્ધિસાગરજિન ધ્યાવતાં, લાગ્યું સ્વરૂપ શુદ્ધ સાચુંરે. અ૦ ૫

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લોદરા.

॥ શ્રી વીરસ્તુતિ ॥ દુહા.

(૬૧)

વીર જિનેશ્વર વંદીએ, ત્રિશલાનંદન ધીર;
ભયભંજન ભગવંતજી, સર્વવીરમાં વીર. ૧

પ્રણમું પદકજ પ્રેમથી, જયજય શ્રી જગદીશ;
અદ્ભુત ચરિત્ર આપનું, જાણું વિશ્વાધીશ. ૨

સ્મરતાં ચારત્ર તાહરૂં, ગુણ આવે નિજ અંગ,
રોમરોમ વ્યાપે અહો, વૈરાગ્યાદિ અભંગ. ૩

ક્યાં સર્ષપને સુરગિરિ, તુજ મુજ અન્તર એમ;
વારંવાર હું વિનવું, ભાજે પ્રભુજી કેમ. ૪

નથી યોગ્યતા ધર્મની, નથી યોગ્ય ચારિત્ર;
નથી શક્તિ તુજ ભક્તિમાં, મન પણ નહીં પવિત્ર. ૫

અંતર ત્યાગ ન વસ્તુનો, બાહ્યવસ્તુમાં રાગ;
પરનિંદા જિહ્વા થકી, મનમાં કાળો કાગ. ૬

અદેખાઇ ભંડાર હું, ઉપશમ નહીં લગાર;
સદા ક્રોધથી ધમધમું, પાપીનો શિરદાર. ૭

ક્ષમા નહીં તલમાત્રને, પજવું સંત સદાય;
પરલવરીમાં રક્ત હું, નિષ્ફળ આયુ જાય. ૮

સાધુ સંત ન પારખ્યું, કરૂં ન સેવા લેશ;
વાદવિવાદે રક્ત થઇ, પામ્યો મિથ્યાક્લેશ. ૯

અહંભાવમાં વ્યર્થ હું, ગાળું નિશદિન કાળ;
સ્મરણ કરૂં નહીં તાહરૂં, મુઝી માયાજાળ. ૧૦

દોષ ન દેખું આત્મના, પરદોષોમાં રક્ત;
કરૂં ન ભક્તિ સંતની, થયો કુસંગી ભક્ત. ૧૧

પરોપદેશે દક્ષતા, વાણી વદુ રસાળ;
જાણો છો જિન એ સહુ, દીનોદ્ધાર દયાળ. ૧૨

હાસ્ય કુતૂહલ મેં કર્યાં, કીધાં ભક્ષ અભક્ષ;
જિનવર ભાષિત ધર્મમાં, કદી ન રાખ્યું લક્ષ. ૧૩

ઘડી ન કીધું ધ્યાન મેં, ઇચ્છયાં પૂજામાન;
કદી ન ગાયા જ્ઞાનીને, ગાયાં કૂડાં ગાન. ૧૪

નમ્યો ન સદ્ગુરૂ દેવને, ધરી ન આણા શીસ;
શિક્ષા દેતાં સંતપર, કીધી મનમાં રીસ. ૧૫

જનમનરંજનહેતુથી, કીધાં ધાર્મિકકર્મ;
આત્મિકશુદ્ધસ્વભાવનો, ભૂલ્યો સત્યજ ધર્મ. ૧૬

ક્યાં પ્રભુની નિઃસંગતા, ક્યાં પ્રભુનો દૃઢરંગ;
ત્રિશલાનંદન જગધણી, સત્યજ તારો સંગ. ૧૭

રાગારિજયથી થયો, રત્નત્રયી ગુણધામ;
રાગારિ વશમાં પડ્યો, સર્વદોષનું ઠામ. ૧૮

તુજ ઘટમાં ઋદ્ધિ સહુ, પ્રગટી આવિર્ભાવ;
તિરોભાવ મુજમાં સહી, પામ્યો હજી ન દાવ. ૧૯

નિજપદ ભોગી તું સહી, કરૂં હું પુદ્ગલભોગ;
રોગી શોગી હું સહી, ઘટે ન તુજમાં જોગ. ૨૦

અજરામર નિર્મલ તુંહિ, શાશ્વતસુખભંડાર;
અદ્ભુત શક્તિ તાહરી, કોઇ ન પામે પાર. ૨૧

સાધ્ય સાધક તારૂં થવું, રમી નિજ ઉપયોગ;
શુદ્ધસ્વરૂપાકારતા—વ્યક્તિ શિવ સુખભોગ. ૨૨

આત્મસ્વરૂપિ સમરસે, તુજ સેવા સુખકાર,
આતમ તે પરમાતમા, ઘટમાં નિશ્ચય ધાર. ૨૩

[illegible] [illegible] સહજ આતમા, [illegible] સેવ;
નિજ સ્વભાવ તે સહિ, જાણે તે તું દેવ. ૨૪

સ્તુતિ પચ્ચિશી ગાઇ મેં, હૃદય ધરીને વિવેક,
બુદ્ધિસાગર આત્મના, ધર્મે સાચી ટેક. ૨૫

ઇત્યેવં શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વણાદ.

॥ અથ શ્રી સદ્ગુરૂસ્તુતિઃ ॥

[૧૨]

નમો નમો શ્રી સદ્ગુરૂ, સમકિતદાયક દેવ,
પ્રણમું પદપંકજ મુદા, સેવન કરૂં સદૈવ. ૧
ગુરૂશ્રદ્ધાગંગાજલે, નિર્મલ આતમ થાય;
ગુરૂકરૂણાદૃષ્ટિથકી, રત્નત્રયી પ્રગટાય. ૨
ભક્તિ કરો ગુરૂની ઘણી, ગુરૂ ભક્તિ આધીન;
શક્તિ જગે ગુરૂભક્તિથી, દીન પણ હોવે જિન. ૩
ગુરૂસેવામાં તીર્થ સહુ, સહેજે સુજ્ઞ સમાય;
નિમિત્ત કારણ તીર્થથી, અધિક તસ મહિમાય. ૪
ઉપાદાન છે આતમા, તીર્થ સકલ શિરદાર;
તસ શુદ્ધિ અર્થે ગુરૂ, તીર્થ તીર્થ નિર્ધાર. ૫
સમયાજ્ઞા વિધિથી સદા, ગુરૂ આરાધો ભવ્ય;
આત્મજ્ઞાન પ્રાપ્તિ કરી, એહજ છે કર્તવ્ય. ૬
ભક્ષ્યાભક્ષ્ય જણાવતા, હેયાદેય વિચાર;
સત્યાસત્ય જણાવતા, ધર્માધર્માચાર, ૭
પાપ પુણ્ય પરખાવતા, જીવાજીવસ્વરૂપ;
સદુપદેશે સદ્ગુરૂ, ટાળે ભવભયકૂપ. ૮
મિથ્યાતમઃ નિવારવા, સદ્ગુરૂ સૂર્યસમાન;
રાગ રોગને ટાળવા, ધન્વંતરિસમ જાણ. ૯
ગુરૂ ગુરૂ જગ સહુ કહે, ગુરૂ કોને કહેવાય;
જ્યાં ત્યાં ગુરૂની બુદ્ધિથી, પામર જન ભટકાય. ૧૦

સદ્ગુરૂ સંગત યોગથી, શુદ્ધ તત્ત્વ પરખાય;
એક નામ અર્પિયે, નિર્મળ જ્યોત જગાય. ૧૧

સદ્ગુરૂ ભક્તિ સેવના, કરજો ભવિ નિશદિન;
અમૃત નહીં હાથમાં, સદ્ગુરૂ સંગતહીન. ૧૨

[illegible] સંગમાં, [illegible] લોક;
[illegible], જગમાં પાડે પોક. ૧૩

[illegible] મંગળ શાંતિ સ્થાન;
[illegible] નિરાનંદ ગુણવાન; ૧૪

[illegible] સિધ્યાંત;
[illegible] આપે [illegible]. ૧૫

[illegible] દુર્લભ ગુરૂ [illegible];
[illegible] ગુરૂના દાસ. ૧૬

[illegible]
[illegible]. ૧૭

[illegible]
[illegible]. ૧૮

[illegible]
[illegible]. ૧૯

[illegible]
[illegible]. ૨૦

[illegible]
[illegible]. ૨૧

[illegible]
[illegible]. ૨૨

[illegible]
[illegible]. ૨૩

[illegible]
[illegible]. ૨૪

સદ્ગુરૂ પશ્ચિરશી કહી, ગુરૂથી સહુ તરનાર;
બુદ્ધિસાગર વન્દના, હોજો વારંવાર. ૨૫

નરોડા.

૫૬

(૧૩)

હમારો દેશ છે ન્યારો, પ્રભુ પ્રેમે જણાવાનો;
હમારા દેશમાં શાન્તિ, અલખ નામે ગણાવાનો. ૧

હમારો તે તમારોછે, તમારો તે હમારો છે;
સમજતાં સહુ સુખી થાવે, જઇ દેશમાં ફરી નાવે. ૨

હમારા દેશમાં યોગી, અલખની ધૂન લગાવેછે;
હમારા દેશમાં સંતો, અલખનાં ગાન ગાવેછે. ૩

નહિં જ્યાં શોક નહિં જ્યાં રોગ, નહિં જ્યાં જન્મ ને જાતિ,
નહિં જ્યાં દુઃખ દિલગીરી, નહિં જ્યાં વર્ણ ને જ્ઞાતિ. ૪

સદા જ્યાં યોગીઓ જાગે, નાહ કોઈ વૈખરી બોલે;
નહિં જ્યાં કર્મનું નામ, અતુલ ધન શુદ્ધ કો તોલે. ૫

અખંડસુખની વહે ધારા, સદા શુદ્ધ બુદ્ધ નિર્ધારા;
લહે દેશ તે મહારાણા, અવર સહુ જાણ નાદાના. ૬

નહિં પઞ્ચભૂતકા વાસા, હમારા દેશ બાહુ ખાસા;
હમારો દેશ જે જાણે, અનંતાં સુખ તે માણે. ૭

અલખ દેશી અવિનાશી, પરમપદ એજ વિશ્વાસી;
ચલો હંસા અલખ દેશે, અરૂપી આતમના વેશે. ૮

સદા તસ ધ્યાનમાં રહેજો, અખંડાનંદ ઘટ લેજો;
બુદ્ધ્યબ્ધિ આત્મનો સંગી, હમારા દેશ ગુણરંગી. ૯

અમદાવાદ.

પદ

(૬૪)

ચેતાવું ચેતી લેજોરે એ છે બાલપણાનો ખેલી-એ રાગ.

ચેતાવું ચેતી લેજોરે, એક દિન જરૂર ઉઠી જાવું;
ધૂળની માયા ધૂળમાં મળશે, ફોગટ મન પસ્તાવું. ચેતાવું૦ ૧
સ્વપનાની સુખલડી દેખી, ફોગટ મન લલચાવું,
તન ધન જોબન પામી સંતો, શું મનમાં હરખાવું. ચેતાવું૦ ૨
આશા બેડીએ બંધાણો, પરધન ખાંતે ખાવું,
નીચાં કર્મ કરીને અંતે, નાહક નરકે જાવું. ચેતાવું૦ ૩
ભૂલી આતમજ્ઞાનકી બાજી, માયામાં લપટાવું,
ભ્રમણામાં ભૂલીને ભાઈ, બ્રહ્મસ્વરૂપ કેમ પાવું. ચેતાવું૦ ૪
તારૂં તારી પાસે જાણી, સમતામાં દિલ લાવું,
અલખ નિરંજન આતમજ્યોતિ, બુદ્ધિસાગર ધ્યાવું. ચેતાવું૦ ૫

મહેસાણા.

પદ

(૬૫)

ચેતે તો ચેતાવું તનેરે, પામર પ્રાણી—એ રાગ.
ફુલ્યો શું ફરે છે ફૂલીરે, મૂરખ પ્રાણી.
કાયામાયા જૂઠી કેવી, ઝાંઝવાના નીર જેવી,
તેને તુચ્છકરી દેવીરે. મૂરખ-ફુલ્યો૦ ૧
આઉખું જાવે છે ખૂટી, કરે શું તું માથાકૂટી,
ખૂટી તેની નહીં બૂટીરે. મૂરખ-ફુલ્યો૦ ૨
પાણીમાંહી પરપોટો, ખેલ સહુ એમ ખોટો,
માન નહીં મન મોટોરે. મૂરખ-ફુલ્યો૦ ૩
કુટુંબ કબીલો સારો, માન નહીં મન મારો,
એક દિન થશે ન્યારોરે. મૂરખ-ફુલ્યો૦ ૪

આંખે જે જે દેખે મારૂં, તે તે બાઇ નહીં તારૂં,
માને કેમ મારૂં મારૂંરે. મૂરખ-ફુદપો૦ ૫
ચેતી લેને જાય ચાલી, ફરી માયાફૂટ ખાલી,
માયામાં શીદ રહ્યો મ્હાલીરે. મૂરખ-ફુદપો૦ ૬
કાયામાયાથીરે ન્યારો, અરૂપી અલખ પ્યારો,
બુદ્ધિસાગર મન પ્યારોરે મૂરખ-ફુદપો૦ ૭

આજોલ.

પદ

(૬૬)

કોઇક વિરલા પાવેહો જગમેં, અધ્યાતમ રસપાવે.
કોઇક ગાવે કોઇક ધ્યાવે, વિરલા કોઇ પચાવેહો. જગમેં૦ ૧
સિંહણકેરૂં દુગ્ધ પાત્ર,—સોનાનામાં ઠરશે,
ખાય બીલાડી ખીરનું ભોજન, વમન તે વારે કરશેહો. જગમેં૦ ૨
વિષ્ટાકેરૂ ભોજન રાસભ,—પેટ ભરીને ચરશે,
સાકરસ્વાદ તે શું સમજે, પ્રાણ પલકમાં હરશેહો. જગમેં૦ ૩
મોતીકેરો ચારો દેખી, કાગ ચાંચ નવિ ધરશે,
ચક્રવર્તિની ખીરજ ખાતાં, નિર્ધન હામ ન ઠરશે હો. જગમેં૦ ૪
પાત્રતામાં અધ્યાતમરસ, હામ ધરીને ઠરશે,
બુદ્ધિસાગર આતમધ્યાને, વંછિત સઘળાં સરશેહો. જગમેં૦ ૫

મહેસાણા.

પદ

(૬૭)

સુનીયો બાતાં રાગ સદાશિવ, મત ચડજતના ઘુલેવા એ રાગ.
આ જગ સુપનાકેરી બાજી, ચેતન ફુલી શું ફસીયો,
તન ધન જોબન માત પિતા સબ, ક્ષણમાં
મૂકીને ખસીયો. આ૦ ૧ —

[illegible] નજરમાં આવું હેતો.
[illegible] પાય લાગે હેતો. આ૦ ૨

[illegible] લાગી કે કરશે;
[illegible] તેનું ભરશે. આ૦ ૩

[illegible] પ્રીતિ પ્રમાણ કરે.
[illegible] અભિમાન ધરે. આ૦ ૪

[illegible]
[illegible] આ૦ ૫

[illegible]
[illegible] આ૦ ૬

[illegible]

[illegible]

૫૬.

(૬૯)

જે કોઇ પ્રેમીઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે-એરાગ.
જ્ઞાન કહો કેમ થાય, મૂરખને જ્ઞાન કહો કેમ થાય,
કોટિ કરો ઉપાય-મૂરખ૦

બાર મેઘ જો સાથ ચઢીને, વરસે મુશલધાર,
મગશેલીયો પાષાણ ન ભીંજે, જળમધ્યે નીરધાર. મૂરખ૦ ૧

શ્વાનપૂછડી વાંકી ટાલી, સિદ્ધ નહીં કરાય,
ગંગાજલમાં ન્હાય કાગડો, કાગપણું નવીજાય. મૂરખ૦૨

સાબુએ ચોળીને કોયલા, ધૂવે જલમાં કોય,
પણ રંગ બેરંગ નહુવે, ગર્દભ ગાય ન હોય, મૂરખ૦૩

દારૂઘરમાં દૂધ ભરો પણ, મટે ન દારૂ વાસ,
ઝાંઝવાના જલથકી કદી, મટે ન જલની પ્યાસ. મૂરખ૦ ૪

માથાકૂટ મૂરખની આગલ, રણમાંહી જયું પોક,
અંધા આગલ આરશી જેવી, જાવે વાણી ફોક. મૂરખ૦ ૫

ભાગવત ભેંસની આગલેરે, ગાંડા આગલ ગાન,
કપિ ન કરશે રત્ન પારખું, એ યુક્તિ દિલ જાન. મૂરખ૦ ૬

મૂરખ આગલ બોધ કરે તે, ભારે ખત્તા ખાય,
સુગરી વાનરને ઉપદેશે, માળો નિજ વિખરાય. મૂરખ૦ ૭

બાળક સમજે દૂધ પાનમાં, જાણે શું તે વેદ,
અંધારા અજવાળા વચ્ચે, શો અંધકને ભેદ. મૂરખ૦ ૮

ગયા ગામડીઆ રાજસભામાં, દીલ્લી નગર મઝાર,
ગાયન કરતાં ગાયકને તો, દીધા ડામ ગમાર. મૂરખ૦ ૯

ગુણી ન્યાયી જાણીનેરે, દેજો ભાઇ બોધ,
મુફકદાથકી બોધતાંરે, ઉલટો વાધે ક્રોધ. મૂરખ૦ ૧૦

યોગ્યતા લોહચુંબકેરે, સમજણ સુચિ ગ્રહાય,
બુદ્ધિસાગર યોગ્યતારે, કોઇક વિરલા પાય. મૂરખ૦ ૧૧

મેહેસાણા.

પદ

(૭૦)

અંતરના અજ્ઞાનેરે, વ્હાલા દુઃખ પાય છે.
નિરંજન સેવેરે, કડાકૂટ જાય છે;
ક્યાંથી આવ્યો અને ક્યાં જાઇશ, શાથી જગ જન્માય;
તારૂં કોણને છે તું કોનો, મરીને ક્યાં તું જાય;
અંતરના વિચારેરે, સમજણ સહાય છે. અંતર૦ ૧

ડહાપણ તારૂં શું દુનિયામાં, જૂઠી સ્વાર્થે સગાઇ,
ભલા ભલા પણ મૂકી ચાલ્યા, આવે ન સાથે કાંઈ;
જલમાંના પરપોટારે, જેવી એહ કાય છે. અંતર૦ ૨

જગની માયા દુઃખની છાયા, કર નહિ ત્યાં વિશ્રામ;
ફળ કિમ્પાકના સરખું સુખ ત્યાં, કેવલ દુઃખનુંધામ;
જોઇને તમે જોજોરે, ભોળા જન ભરમાય છે. અંતર૦ ૩

વન્ધ્યાને સ્વપ્નાની અંદર, સારો પુત્ર જણાય;
પરણાવ્યો ચોરીની અંદર, મનમાં સુખ બહુ પાય;
મરી ગયો તે રોતીરે, મૂર્છા બહુ ખાય છે. અંતર૦ ૪

રૂવે પીટે માથું પછાડે, આંખો ઉઘડી જાય;
પુત્રકલ્પના સુખ દુઃખ ખોટું, બુદ્ધિસાગર ગાય;
દુનિયા ઉંધી ચાલેરે, શું ત્યાં કો ઉપાય છે. અંતર૦ ૫

મહેસાણા.

પદ

(૭૧)

નેવાનું પાણી મોભેરે, વ્હાલા ચાલ્યું જાય છે,
દુનિયા મન અવળુંરે, સવળું મન્ત ગાય છે;
જાવું ત્યાં તો કોઇ ન જાવે, કરવું તે ન કરાય;
જાણવું તે તો રહીગ્યું બાકી, રાતને દીન ગણાય;
મોહદારૂ પીવેરે, ભાન તો ભૂલાય છે. નેવાનું૦ ૧

સાજનને તો કે જાણીને, કરી નહીં મારેચાર;
કેને સાજન આની મેળે, વિરહ પડ્યા અવતાર;
અન્તર મન આણીને, મેળે કેમ અભ્યાસ છે. નેત્રાનું૦ ૨
લાહુબળાનું બારાનું દરદ, તેનું મેળ મુકેલ;
તેનું આત્મસ્વરૂપે ધાનું, નથી આગાનો ખેલ;
કોઈક જીવ પામશે, બુદ્ધિસાગર સાથ છે. નેત્રાનું૦ ૩

મહેસાણા.

૫૮

(૭૨)

આપ સ્વભાવમાંરે, અવધૂ સદા મગનમેં રહેના—એ રાગ.

આતમધ્યાનથીરે, સન્તો સદા સ્વરૂપે રહેવું,
કર્માધીન છે સૌ સંસારી, કોઇને કાંઇ ન કહેવું. આતમ૦ ૧
કોઈ જન નાચે કોઇ જન રૂવે, કોઇ જન યુદ્ધ કરંતા.
કોઇજન જન્મે કોઇ જન ખેલે, દેશાટન કોઇ ફરતા. આતમ૦ ૨
વેળુ પીલી તેલની આશા, મુરખ જન મન રાખે;
બાવળીયા વાવીને આંબા,-કેરી રસ શું ચાખે. આતમ૦ ૩
વેરિ ઉપર વેર ન કીજે, રાગીથી નહીં રાગ;
સમભાવે સાજનને નિરખે, તો શિવ સુખનો લાગ. આતમ૦ ૪
જૂઠી જગની પુદ્‌ગલબાજી, ત્યાં શું રહીએ રાચ;
તન ધન યૌવન સાથ ન આવે, આવે ન માતપિતાચ. આ. ૫
લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જોજો વિચારી;
એકદિન ઉઠી જાવું અન્તે, દુનિયા સો વિસારી, આતમ૦ ૬
ભલા ભલા પણ ઉઠી ચાલ્યા, જોને કેઇક ચાલે;
બીલાડીની દૃષ્ટે ચઢીયો. ઊંદરો શું મહાલે. આતમ૦ ૭
કાળઝપાટો સૌને વાગે. યોગિજન જગ જાગે;
બુદ્ધિસાગર આતમ અર્થી, રહીજો સો વૈરાગ્યે. આતમ૦ ૮

શ્રી શાન્તિઃ

મહેસાણા.

પદ

(૭૩)

હડી રમતમાં પડીરે સન્તો, હડી રમતમાં પડી—એ રાગ.

પાપકર્મ બહુ ભારીરે નિન્દા, પાપકર્મ બહુ ભારી;
મનમાં જોજો વિચારીરે, નિન્દા—એ ટેક.

નિન્દકની દૃષ્ટિ છે અવળી, ગુણ અવગુણ દેખાય,
પાપીઆં પાપી છે નિન્દક, મરી નરકમાં જાયરે. નિન્દા૦ ૧

કાગડા દેખે ચાંદાંને જેમ, નિન્દક દેખે દોષ;
વિષ્ટાભક્ષકની પેઠે એ, શું કરવો ત્યાં રોષરે. નિન્દા૦ ૨

ચાડી ચુગલી નિન્દક કરતો, કલંક ચઢાવે શીર;
ચંડાલથી પણ નિન્દક પાપી, ધોતો પરનાં ચીરરે. નિન્દા૦ ૩

ક્રિયાકાણ્ડ નિંદકનાં સંતો, લેખે નહીં ગણાય;
નામ દેઇને નિંદા કરતો, મુક્તિપુરી નહિ પાયરે. નિન્દા૦ ૪

સાધુ સન્ત વૈરાગી ત્યાગી, જોગી ભોગી ફકીર;
નિંદા પરતણી પરહરશો, પામો ભવજલ તીરરે. નિન્દા૦ ૫

નિંદાનાંહિ સહુ લપટાયા, બચિયા કોઇક સન્ત,
નિંદક સાથે નથી ભળવું, વાણીથી ઓળખંતરે. નિન્દા૦ ૬

મોહેપાકની મૂત્રી નિંદા, મુક્તિમાર્ગ પ્રતિકૂળ;
લાખચોરાશીમાં ભટકાવે, નાખી માથે ધૂળરે. નિન્દા૦ ૭

સમકીતી નિન્દા નવી કરશે, કરશે ગુણનું ગાન;
[illegible] ગુણનું કર બહુમાનરે. નિન્દા૦ ૮

સર્વજીવ [illegible] જિનવરનાં, [illegible] હોય;
[illegible] તેને કોયરે. નિન્દા૦ ૯

[illegible] કરે ન નિન્દા [illegible];
બુદ્ધિસાગર [illegible] રે. નિન્દા૦ ૧૦

[illegible]

પદ

(૭૪)

શામળિયાની પાઘડી—એ રાગ.

જીવડા ફુલી ફરે શું ફોક, તારૂં જગ કો નહીં;
તારી કાયા સુકોમળ કેળ કે, તે પણ અહીં રહી;
ઘર હાટને ચોપડારે, કુટુમ્બને પરિવાર,
આંખ મીચાએ સાથમાંરે, કોઇ ન આવે લગાર. તારૂં૦ ૧
હસતો ખાતો પહેરતોરે, ફરતો મારે લ્હેર;
કાળ કોળીઆ આગળેરે, લાગે શી ત્યાં દેર. તારૂં૦ ૨
પુણ્ય પાપને નવી ગણેરે, અભિમાનના તોર;
એક દિન એહવો આવશેરે, ચાલે નહિ કંઇ જોર તારૂં૦ ૩
કૂડ કપટને કેળવેરે, કજીયા ને કંકાસ
માંહોમાંહે લડાવતોરે, મરી નરકમાં વાસ. તારૂં૦ ૪
રાજા રંકને બાદશાહરે, હકીમ હોદ્દાદાર;
કાળે સહુ ભક્ષણ કર્યારે, તારો ત્યાં શો ભાર. તારૂં૦ ૫
મરી મરી સહુ ચાલીયારે, પરગટ ચાલે પેખ;
પૃથ્વી થઇ નહીં કોઇનીરે, ચેતન નજરે દેખ. તારૂં૦ ૬
આજ કાલ કરતાં થકારે, દહાડા વીતી જાય;
કરવું હોય તે કીજીએરે, પસ્તાવો પછી થાય. તારૂં૦ ૭
મરી મુઆ મ્હોલાતારે, જગ વર્તાવિ આણ;
ધાગાવિણ નાગા ગયારે, જોને નજરે મશાણ. તારૂં૦ ૮
વંશ કોઇનો નવી રહ્યોરે, નામ જાતને ભાન;
આયુષ્ય ખૂટે ચાલવુંરે. પરભવ લેવી વાટ. તારૂં૦ ૯
વૈરાગ્યે મન વાળજોરે. તો લહેશો ભવપાર.
બુદ્ધિસાગર ચેતજોરે, પામો શિવ સુખકાર. તારૂં૦ ૧૦

મહેસાણા.

પદ.

(૭૫)

ઉપરનો રાગ.

ચેતન ! ! ચેતો ચતુરસુજાણ, વખત વહી જાય છે;
ભજીલેને પ્રભુજીનું નામ-વખત૦
અંજનગિરિ ધોળા થયારે, ચેત ચેત ઝટ ચેત;
ભમે તેતરપર બાજ જ્યુંરે, કાળ ઝપાટા દેત. વખત૦ ૧
મનમાં આશા અતિઘણીરે. નવનવ વધતી જાય;
આશા ગાગર ફુટતાંરે, આધિ ઉપાધિ સમાય. વખત૦ ૨
લલચાયા કોઇ લોભમાંરે, કપટે કોઇ કુટાય;
મિથ્યાઇમાં મ્હાલતારે, ભવમાંહી ભટકાય. વખત૦ ૩
સ્વારથીયા સંસારમાંરે, સ્વપ્ના જેવું સુખ;
સાચું સુખ નહિ પ્રાણીયારે, અંતે દુઃખનું દુઃખ. વખત૦ ૪
ગાદી તકીયા બેસતારે, કરતા લોક સલામ;
હસી હસી દેતા તાળીયોરે, ઉઠી ચાલ્યા તેના રામ. વખત૦ ૫
સારૂ નરતું નવી ગણ્યુંરે, કીધાં બહુલાં પાપ;
જીભલડીના જૂઠડેરે, પામ્યો અતિ સન્તાપ. વખત૦ ૬
જ્ઞાન ધ્યાન વિવેકમાંરે, કાઢયો નહિ કંઇ કાળ;
દુઃખદાવાનલ સારિખીરે, રચ્યો ખટપટ જાળ. વખત૦ ૭
મોહમાયા મૂકી પરીરે, સદ્ગુરૂનો કર સંગ;
બુદ્ધિસાગર પામીએરે, આતમ અનુભવ રંગ. વખત૦ ૮

મહેસાણા.

પદ.

[૭૬]

રાગ ઉપરનો.

તારૂં નામ ન રૂપ લખાય, અલખ પરમાતમા,
તારી શક્તિ અનંત કહાય. અલખ૦
જ્ઞાનાદિક તુજ સંપદારે, કર્માચ્છાદિત થાય;
પરભાવે રંગી ચેતનારે, કર્મગ્રહણનો ઉપાય. અલખ૦ ૧

ધૂમાડા બાચ્કે ભરેરે, હાથ કશું નહિ આય,
પર પોતાનું માનતાંરે, જન્મ મરણ દુઃખ પાય. અલખ૦ ૨
દેખે તે તારૂં નહીંરે, તાહરૂં તાહરી પાસ;
પોતાને રંક માનીનેરે, ક્યાં કર તું પર આશ. અલખ૦ ૩
કાલ અનંતો ઉંઘીયોરે, મિથ્યાત્વપણી મઝાર;
સદ્ગુરૂએ ઉઠાડીયોરે, સફલ થયો અવતાર. અલખ૦ ૪
વિનય ભક્તિ કરૂણા ગ્રહીરે, ભાવ અપૂર્વ સહાય;
ચિદ્ઘનસંગે ખેલતાંરે, કર્મકલંક કરાય. અલખ૦ ૫
શુદ્ધસ્વરૂપી ચેતનારે, દો ભેદ વર્તાય,
દેહાતીત થઈ આતમારે, જ્યોતિ જ્યોત મિલાય. અલખ૦ ૬
શુદ્ધસ્વરૂપે આતમારે, સત્તાએ સહુ હોય;
બુદ્ધિસાગર ધ્યાવતાંરે, આપસ્વરૂપે જોય. અલખ૦ ૭

મહેસાણા.

૫૯.

(૭૧)

ચેતાવું ચેતી લેજેરે—એ રાગ.

જુઓ આ કાચી કાયારે, જેવા પાણીના પરપોટા;
જેજે ભાવો નિરખે નયણે, જાણ જરૂર મન ખોટા. જુઓ૦ ૧
હાડ માંસ રૂધિરને ધાતુ, ઉપર ચામડી કાચી;
વિષ્ટા મૂતર લીંટ કોથળી, રહ્યો શું ? તેમાં રાચી. જુઓ૦ ૨
શત ઘટ જલના ઉપર ઢેરૂ, તોપણ કાયા મેલી;
પવિત્રતા એમાં ક્યાં દીઠી, અવસર આવે ઘેલી. જુઓ૦ ૩
તીન ભુવનનો સ્વામી આતમ, કાયામાંહિ વસિયો;
આયુષ્ય અવધિ પૂરી થાતાં, દેહગેહથી ખસિયો. જુઓ૦ ૪
થઈ નહિ કોઈની થશે ન તારી, માને મારી મારી;
બુદ્ધિસાગર ચેતી લેજે, ચિદ્ઘન અન્તર ધારી. જુઓ૦ ૫

વિજાપુર.

પદ

(૭૮)

રાગ ઉપરનો.

ચેતાવું ચેતન મારારે, આતો જૂઠી માયા બાજી;
સુપનાની સુખલડી ખાતાં, ભૂખ જરા નવી ભાજી. ચેતાવું૦ ૧
સાગરકેરૂં પાણી નિર્મલ, પીતાં લાગે ખારૂં;
તૃષા ન ભાગે તૃષ્ણા જલથી, વચન માની લે મારૂં. ચેતાવું૦ ૨
ફાંફાં મારે ફોગટ ફૂલી, ભ્રમણામાંહિ ભૂલી;
કાચી કાયા માટી વાસણ, અન્ત ધૂલની ધૂલી. ચેતાવું૦ ૩
ઝાંઝવાના જલને દેખી, મૃગલાં પીવા દોડે;
સિંહ ગુફામાં મેઘ ગાજથી, ફોગટ માથું ફોડે. ચેતાવું૦ ૪
રંકો ચાલ્યા રાજા ચાલ્યા, ચાલનહારા ચાલે.
મૃત્યુ બાજનો ભય છે માથે, ફોગટ શું તું મ્હાલે. ચેતાવું૦ ૫
આરે કાયામાં આતમહીરો, જ્ઞાનાનન્દનો દરીયો;
બુદ્ધિસાગર પામંતાં તે, ભવસાગર ઝટ તરીયો. ચેતાવું.

મહેસાણા.



॥ પદ ॥

(૭૯)

રાગ ઉપરનો.

અરે આ જગમાં મોટીરે, જ્યાં ત્યાં તૃષ્ણા નદિયો વહેતી;
જ્ઞાનધ્યાનની તોડી તેડો, જાય તડાકા દેતી. અરે૦
તૃષ્ણાનદીમાં આશા પાણી, મોહમેઘ ત્યાં વરસ્યો;
ચેતન ચાતક ટળવળતો ત્યાં, રહીયો તે તો તરસ્યો. અરે૦
દેહદેશના ઘટઘટમાંહિ, દેખંતાં દેખાતી;
પડિયા પ્રાણી ગોથાં ખાતા, વહેતી બહુ મદમાતી. અરે૦
ભળતી તેતો નરકનિગોદે, જ્યાં નહિ દુઃખનો આરો;
ચેતનહારા જલદી ચેતો, ઝાલો જ્ઞાની તારો. અરે
રંક બાલને પંડિત જોશી, બુઢ્ઢા ભોળા પડિયા;

રોગ શોગનાં ગોધાં ખાતા, જન્મમરણથી નડિયા. અરે૦ ૫
ક્રોધ મગરને નિન્દા ખાડો, અહંભાવની ભમરી;
પડીયા પ્રાણી પાપે તેમાં, નીકળ ગયો ત્યાં દમરી. અરે૦ ૬
સદ્ગુરૂ તારા હાથ ઝાલીને, બૂડતાને તારે;
બુદ્ધિસાગર સદ્ગુરૂસંગે, ઉતરો પેલી પારે. અરે૦ ૭

મહેસાણા.

---

(૭૯)

॥ શ્રીવીર સ્તવનમ્ ॥

અલી સાહેલી જિનવાણી સાંભળવા ઉભી રહેને—એ રાગ.

શ્રીવીર પ્રભુ ચરમ જિનેશ્વર, વંદી વિનતિ કીજીએ;
પ્રભુસમ થાવા આત્મિક અનુભવ,-રસના પ્યાલા પીજીએ ॥
પ્રભુ તુજ મુજ વચ્ચે અન્તર્ મોટું, પણ ધ્યાનથકી લાગ્યું છોટું;
આત્મિક અનુભવી મન તે ખોટું. શ્રી વીર૦ ૧
સિદ્ધશાશ્વત પદ સુખના રસીયા, અક્ષયસ્થિતિ સિદ્ધશિલા વસીયા;
મુજ મનમાન્દિરથી નવી ખસીયા. શ્રી વીર૦ ૨
પ્રભુ! કર્મ સંગ દૂરે ટાળી, આત્મિકઋદ્ધિને અજુવાળી;
વર્યા મુક્તિ વધુ ઝટ લટકાળી. શ્રી વીર૦ ૩
જ્ઞાનદર્શનચરણ એ રત્નત્રયી, વ્યાપી સિદ્ધ વ્યાક્ત ગુણમયી;
મિથ્યાત્વદશા સબ દૂર ગઇ. શ્રી વીર૦ ૪
મુખ વીર વીર એમ ઉચ્ચારૂં, પણ વીર ગુણ નવી સંભારૂં;
કહો આતમને કેમ કરી તારૂં. શ્રી વીર૦ ૫
હું ક્રોધી કપટીને દ્વેષી, મોહી રોગી ભોગી કલેશી;
રૂ ભવ અટવીમાં રહો બેશી. શ્રી વીર૦ ૬
નિરાગીથી કેમ રાગ કરૂં, જો રાગ દશા ઝટ પરિહરૂં;
તો ભવજલધિ હું સહેજે તરૂં. શ્રી વીર૦ ૭
પ્રભુ ધ્યાન દશા જો ચિત્ત જાગે, તો તુજ મુજ અંતર ઝટ ભાગે;
એમ સેવક ગુણ ગાવે રાગે. શ્રી વીર૦ ૮
ધ્યાતા જો ધ્યેયસ્વરૂપ ધ્યાવે, તો ધ્યાનદશા શેભે આવે;
બુદ્ધિસાગર એમ ગુણ ગાવે. શ્રી વીર૦ ૯

વિજાપુર,

પદ.

(૮૦)

ગઝલ.

અહો દૈવની ગતિ ન્યારી, સહુ પ્રાણીને થઇ ભારી;
ઘડીમાં કરે પલકમાં હરે, દીવો વાયુથી જુવો જ્યું ફરે. અ૦ ૧
જેના નાદથી સહુ નાસે, જેની જ્યોતિથી સહુ ભાસે
અવસ્થા એક તે ના ધરે, ગતિ દૈવની ગમે તે કરે. અહો૦ ૨
જેના શૌર્યથી સહુ બીના, જેની કાન્તિમાં સહુ લીના,
ભૂલ્યા ભૂલથી ભલી બાજી, ગતિ દૈવની રહી ગાજી, અ૦ ૩
જેની હાકથી સહુ બીતા, ભણ્યા ભાવથી વળી ગીતા;
જેવી કર્મની ગતિ તેવા, રૂવે કે મરે જમે મેવા. અહો૦ ૪
અવસ્થા સદા વિચિત્રા સહુ, જુઓ રામની કથા શું કહું;
જુઓ કૈરવો બહુ ફૂલ્યા, પ્યારી પ્રાણ ધન સહુ ડૂલ્યા અ૦ ૫
પલકમાં તાપ પલકમાં છાય, અવસ્થા એક કદિ ના જાય;
ધરી માન શું ભૂલે ભાન, ચેતી ચિત્તમાં ધરો ધ્યાન. અહો૦ ૬
સજી સાધનો ધરો ધ્યાન, બુદ્ધિ આત્મના કરો ગાન;
અવસ્થા ન એક જાનારી, બુદ્ધિસાગરે કહ્યું ધારી. અહો૦ ૭

વિજાપુર.

॥ પદ ॥

(૮૧)

ચેતન અનુભવ રટના લાગી, અલખ તોરી આતમસેં રઢ—
લાગીરે હેજી. કોઇ વિરલા તુજ ગુણ રાગી—અલખ૦ ૧
કાદવમેં ચીર ધોવે ધોબી, બીજ બોયા ઉખર ભ પ્રાણી;
વાણીકા સહુ બેટા જાયા, કર્યું જગત ધૂલધાણી. અલખ૦ ૨
ભૂલ્યો જન જગકું ચેતાવે, વેશ્યાં સહુકું નાચ નચાવે;
ઉદ્યાજન ઋદ્ધિ બહુ પાવે, જાગ્યા શીશ કટાવે. અલખ૦ ૩
પંડિત પોપટ બહુ બહુ બોલે, ફણિધર સામો તાકી ડોલે;
પરઘર મૂરખ ઋદ્ધિ ખોળે, નારી કંત હીંચોળે. અલખ૦ ૪

અનુભવ વિરલા જોગી જાણે, મૂરખ આપમતિકું તાણે;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, ઠરશો નિર્ભયસ્થાને. અલખ૦ ૫

અમદાવાદ.

॥ પદ ॥

[૮૨]

માયામાં મનડું મોહ્યું રે—જાગીને જો તું,
નરભવનું જીવન ખોયું રે-જાગીને જો તું.—એ ટેક.
માતાની કૂખે આવી નવ માસ ઉંધો રહીયો,
ત્યાં દુઃખ અનન્તુ લહિયોરે. જાગીને જો તું, માયા૦ ૧
બાલપણામાં સમજ્યો ન દેવગુરૂ સેવા,
રમવું ને મીઠા મેવારે. જાગીને જો તું, મા૦ ૨
જુવાનીમાં જુવતીના સંગ બહુ ખેલ્યો.
તેં ધર્મને પડતો મેલ્યો રે. જાગીને જો તું, મા૦ ૩
પૈસાને માટે પાપો કર્યાં તેં બહુ ભારી,
તેં આતમને વિસારી રે. જાગીને જો તું, મા૦ ૪
રાગદ્વેષે વાહ્યો અજ્ઞાને ભરમાયો,
નાહક જ્યાં ત્યાં ધાયો રે. જાગીને જો તું, મા૦ ૫
સુખે દુઃખે પ્રાણીને એક દિન મરવું.
પણ કામ વધાર્યું વરવુંરે જાગીને જો તું, મા૦ ૬
કરીશ જેવું પામીશ ભાઈ તેવું,
કાંઇ ન કોઇને દેવું રે, જાગીને જો તું, મા૦ ૭
સ્વપ્નાની બાજી બાજી, રહ્યાં શું તેમાં રાજી,
કોઇને કાંઇ ન છાજીરે. જાગીને જો તું, માયા૦ ૮
બુદ્ધિસાગર ભવ્યો ચેતજો વિચારી,
સમજો નરને નારી રે. જાગીને જો તું, મા૦ ૯

અમદાવાદ.

પદ.

(૮૩)

જોતાં જોતાં ચાલ્યા ગયારે—જોડીયા તારા.

રમણીક રઢીયાળા, રંગે રૂડા રૂપાળા,
મરી ગયા બહુ વ્હાલારે. જોડીયા૦ ૧
ખમાખમા જેની થાતી, જગ આણ વર્તાતી;
ચાલ્યા પરભવ વાટીરે. જોડીયા૦ ૨
જુતાં બૂટ પહેરી ચાલ્યા, વ્યભિચારી થઇને મ્હાલ્યા;
ઘોરમાંહી ગોદી ઘાલ્યારે. જોડીયા૦ ૩
પાઘડી માથાએ ઘાલી, ફર્યા દેશોદેશ મ્હાલી;
મશાણે તે ગયા ખાલીરે. જોડીયા૦ ૪
નાતને જાતને નડે, વૈરને ઝેરથી લડે, પોક તેની જોને પડેરે. જો૦ ૫
ચેતી લ્યોને નરનારી, હેત શિખામણ સારી;
બુદ્ધિસાગર સુખકારીરે. જોડીયા૦ ૬

અમદાવાદ.

પદ.

(૮૪)

પ્રભુ મનાવા, પ્રભુ મનાવા, સખી હું પ્રેમે જાઉંરે;
ભટકો દેશોદેશ નેમે, સ્વામીને ઘેર લાઉંરે. પ્રભુ૦ ૧
ચૌદ ભુવનમાં આથડી પણ, પ્રભુ ન દીઠા ક્યાંયરે;
શરીર ભિંતર ખોળ્યા તો, પ્રભુજી દીઠા ત્યાંયરે; પ્રભુ૦ ૨
ભાગી ભ્રમણા થઇ સૌભાગી, જુદી ઘડી ન રહાઇરે;
અલખ અરૂપી આતમાની, સાચી એક સગાઇરે. પ્રભુ૦ ૩
હરખી સ્વામી ઘેર આવ્યો, નાઠું ઘર અન્ધેરરે;
બુદ્ધિસાગર જાણતાં તે, ભાગે ભવનો ફેરરે. પ્રભુ૦ ૪

માણસા.

પેથાપુર સુવિધિનાથ સ્તવન.

(૯૫)

સુવિધિ જિનેશ્વર સાહબ સેવો, આપે શિવપુર મેવો,
સદા ઘટ અન્તર્ જામી.
પ્રેમ લાવીને પ્રભુ પાય પડું છું, દુ:ખડાં મારાં રડું છું. સદાઘટ૦ ૧
અષ્ટપ્રકારી હુતો પુજા રચાવું, ભાવે ભાવનાભાવું. સદાઘટ૦ ૦
બોલો પ્રભુ જરા પ્રેમ ધરીને, દયાની દૃષ્ટિ કરીને. સદાઘટ૦ ૨
શાનેમાટે મને તારો ન સ્વામી, કહેશો જે ગુણની છે ખામી. સ૦ ૦
પ્રેમ ધરીને તે ગુણોને આપો, જેથી જાય બળાપો. સદાઘટ૦ ૩
કહેશો જો યોગ્યતા નથી તારામાં, આપો તે યોગ્યતા
મારામાં. સદાઘટ૦ ૦
કહેશો સમયે તુજ યોગ્યતા આવે, આપો સમય તે ભાવે.સદા૦ ૪
કહેશો કે દીલ નથી મુક્તિનું સાચું, તે પણ
ભાવથી યાચું. સદાઘટ૦ ૦
કહેશો જો જ્ઞાન નથી તુજનેરે મારૂં, તેથી હું
કેમ કરી તારૂં. સદાઘટ૦ ૫
તેપણ જ્ઞાન મને ઘડીમાં આપો, શાનેમાટે તમે નાપો. સદા ૦
કહેશો કે શ્રદ્ધા નથી તુજ સાચી. શ્રદ્ધા તેવી મેં યાચી સદા૦ ૬
મોડા વહેલા શિવ તમે પમાડો, શીદને વાર લગાડો. સદા ૦
શ્વાસોશ્વાસે ભક્તિ જો જાગે, બોલ્યા પ્રભુગુણ રાગે સદા૦ ૭
અન્તરજામીની ભક્તિ તો કરશું, તન્મય થઇને વિચરશું. સ ૦
અનુભવ નયણે અગમપંથ જાશું, પોતાની ઋદ્ધિ કમાશું. સ૦ ૮
અજરામર અજ જે અવિનાશી, સુખ અનન્તવિલાસી. સ૦ ૦
નામરૂપ નહીં નિર્મલજ્ઞાની, બુદ્ધિસાગર સેવો જાણી, સદા૦ ૯
પેથાપુર.

॥ પદ ॥

[૯૬]

રાગ ઉપરનો.

સહજ સ્વરૂપી મારો અંતરજામી. પરમાતમ ઘટસ્વામી,
પ્રભુ ચિન્મય ગુણધારી;
નિશ્ચયનયથી શુદ્ધસ્વરૂપી, જાણો એ રૂપારૂપી; પ્રભુ ચિન્મય૦ ૧

પર્યાય સમયે સમયે અનંતા, પ્રતિપ્રદેશે ફરંતા; પ્રભુ૦
ઉત્પાદ વ્યય સ્થિતિ ત્રણ સ્વરૂપે, સમયે દ્રવ્ય પ્રરૂપે; પ્રભુ૦ ૨
આનંદ આપે ભવદુઃખ કાપે, આપોઆપ પ્રતાપે; પ્રભુ૦
આત્મિક શુદ્ધસ્વભાવનો ભોગી, યોગીનો પણ યોગી; પ્રભુ૦ ૩
શક્તિ અનંતી સદાનો જે સ્વામી, નામી પણ તે અનામી; પ્રભુ૦
સુજન સ્નેહી વ્હાલો ધ્યાનેરે આવે, બુદ્ધિસાગર સુખ પાવે. પ્ર૦ ૪

પેથાપુર

॥ પદ ॥

[૮૭]

યાદ કરી લે સિદ્ધ સનાતન, છોડી સબ દુનિયાદારી;
પરગટ પિંડરે વસીયો પોતે, પરમબ્રહ્મપદ ગુણધારી; યાદ૦ ૧
હુંને મારૂં સબ પરિહારી, કર તું પરમાતમયારી;
તત્ત્વભાસ માયા નહિ તેરી, બોલ ખરી પંચમ બારી. યાદ૦ ૨
મુક્તિસ્થાન નહિ તેરા દુસરા, કર મિલજાને તઈયારી;
ધ્યાન લગાદે શ્વાસોશ્વાસે, સકલ સંગસેં પરવારી. યાદ૦ ૩
નિર્મલ આત્મપ્રદેશ નીહાળી, વર ચિન્મયપદ સુખકારી
નાદ તું ન્યારા તેથી પ્યારા, વીતરાગ પદમય ભારી. યાદ૦ ૪
સત્યનિરંજન નિર્ભય દેશી. પાવે તો હું હુશીયારી;
બુદ્ધિસાગર અનુભવ પામી, સત્તા ધ્યાવું નિરધારી. યાદ૦ ૫

પેથાપુર.

॥ પદ ॥

[૮૮]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

પ્રેમી પરદેશો જના ત્યાં, લોભથી લલચાવશે;
મનહર મોહી માનિનીઓ, હાવભાવ દર્શાવશે. જીવડા૦ ૩
સ્વસ્થ ચિત્તે ચાલવું ત્યાં, મોહઘાટી ભેદવી,
ઘાટ અવઘટ ઉતરીને, આત્મસત્તા વેદવી. જીવડા૦ ૪
ચિત્તનિજ ઉપયોગમાંહી, રાત્રી દિવસ ચાલજે;
પામી પ્રેમ દેશ તારો, નિજસ્વરૂપે મ્હાલજે. જીવડા૦ ૫
સારી આલમ દેખજે તું, જ્યોતિજ્યોત મિલાવજે.
ભૂલી જગનું ભાન વાલ્હમ, તારી ધુવની પાવજે. જીવડા૦ ૬
અનંત અક્ષર આતમાં તું, જોડીલાને જગાડજે;
બુદ્ધિસાગર તરણા પાછળ, ભાનુને તું ભાળજે. જીવડા૦ ૭

દેવરાસણ.

॥ પદ ॥

[૮૯]

રાગ ઉપરનો.

જીવડા ઝગમગેછે જ્યોતિ તારી, અસંખ્યપરદેશોકરી;
શુદ્ધશ્રદ્ધા સદ્‌ગુરૂની,–વાણીએ વર્તી ખરી, જીવડા૦ ૧
ચંદ્ર ભાનુ કોટિ ઉગે, કરે પ્રકાશ અપારજી,
તેહથી પણ આત્મજ્યોતિ, જૂદી અનંતીધાર. જીવડા૦ ૨
તેજનું પણ તેજ એ છે, સર્વ એમાં સમાયજી,
લઘાલઘી નહિ એહમાં કંઈ, સંતથી પરખાય; જીવડા૦ ૩
અનંતશક્તિ સુખનું તે, ધામ નામાતીતનું;
વૈખરીથી કહ્યું ન જાવે, શું કહું ત્યાં ગીતનું. જીવડા૦ ૪
પરમ આત્મસ્વરૂપની ત્યાં, સ્થિતિ એકાકારજી;
અનંત વ્યક્તિ ગુણથકી એક, દોષ નહિ જ્યાં લગાર. જીવડા૦ ૫
પક્ષાપક્ષી કયાં કરો ભાઇ, વાદવિવાદ વિચારજી:
તત્ત્વરૂપ ન અન્યથા હોય; નિશ્ચય એ નિર્ધાર. જીવડા૦ ૬
શુદ્ધ સત્તા આત્મકેરી,–તેહનો તીરોભાવજી.
આવિર્ભાવે હોવતાં તે, મુક્ત આત્મસ્વભાવ. જીવડા૦ ૭

સાર એ સહુગ્રંથનું છે, એહમાં જેનું ધ્યાનજી;
બુદ્ધિસાગર આત્મધ્યાને, પ્રગટે શુદ્ધ જ્ઞાન. જીવડા૦ ૮

પેરવા.

॥ પદ ॥

[૯૦]

પંથડો નિહાળુંરે-બીજા જિનતણોરે એ-રાગ

જીવડા તું જાગીને જોજે ધર્મનેરે, જાગ્યો તેનું જ નામ;
જાગ્યા પણ ઉંઘતા પ્રાણીયારે, કેવલ દુઃખનું ધામ. જીવડા૦ ૧

જાગ્યાજન ઉંઘ્યા નાહ સાંભળ્યારે, ઉંઘ્યા જાગે કોઈ;
જાગે ઉંઘે જ્ઞાની આતમારે, નહિ ત્યાં અચરીજ હોઈ. જીવડા૦ ૨

ગંભીર જ્ઞાનીગમથી સહુ ઘટેરે, સત્યરૂપ નિરધાર.
ડાકડમાલે ધર્મ ધર્તિંગ કરે, મોહ્યા મૂઢગમાર. જીવડા૦ ૩

અંતર્યામી આતમ ઓળવેરે, ધર્મતણું નહીં ભાન;
સમકિત શ્રદ્ધા દૂરે મૂકીનેરે, મિથ્યાત્વે ગુલતાન. જીવડા૦ ૪

ધર્મ ધર્મ પોકારે દુનિયારે, પામે નહિ શિવપંથ;
બુદ્ધિસાગર પામર પ્રાણીનેરે, તારે ગુરૂ નિર્ગ્રંથ. જીવડા૦ ૫

માણસા.

પદ

(૯૧)

ભજન કરી લે ભજન કરી લે એ રાગ.

પ્રભુને ભજ તું પ્રભુને ભજ તું, સફલ કર નરદેહરે,
કોના માગ્યા વરસીયા છે, માનવ ભવના મેહરે. પ્રભુ૦ ૧

આ દેહવ્યાપી આતમાની, પ્રગટે કરી જ્યોતરે;
જ્ઞાન રૂપ તે હંસનો છે, કરે સ્વપર ઉદ્યોતરે. પ્રભુ૦ ૨

અહિંરે ભટકે જીવડા શું ? કરી લે ઘરમાં ખોજરે.
નિજ અનુભવ મોતિ ભરીયાં [illegible] સુખ મોજરે. પ્રભુ૦ ૩

આતમ તે પરમાતમા છે, પ્રભુ વિભુ જગદીશરે;
ભિન્નપણું ત્યાં કર્મથી છે, કહું હું વિશ્વાવીશરે. પ્રભુ૦ ૪
અનંત આતમ વ્યક્તિથી છે; સિદ્ધ સરખા ભાઇરે;
બુદ્ધિસાગર આતમધ્યાને, ભજન સ્ફુરણા આઇરે. પ્રભુ૦ ૫

માણસા.

૫૯.

[૬૨]

રાગ ઉપરનો.

ભજન કર મન ભજન કર મન, ભજન કર ભગવંતરે;
મૃત્યુ માથે ગાજતું તુજ, મનમાં શું હરખંતરે. ભજન૦ ૧
મૂછ મરડી મ્હાલતાને, ગરવે દેતા ગાળરે,
રાવણ જેવા રાજવી પણ, કોળીયા થઇ ગયા કાળરે. ભ૦ ૨
દેતા હસી હસી તાળીયોને, માયામાં ગુલતાનરે;
પરભવવાટે ચાલીયા તે, ભૂલી ભમે નાદાનરે. ભજન૦ ૩
રજની થોડી વેષ ઝાઝા, આયુ એળે ન ગુમાવરે;
ફરીફરીને નહિ મળે જીવ, ધર્મકરણનો દાવરે. ભજન૦ ૪
જરૂર જન્મી જાવું એકદિન, કોઇ ન જગ ઉગરંતરે;
બુદ્ધિસાગર શરણ કરી લ્યો, દેવ શ્રી અરિહંતરે. ભજન૦ ૫

માણસા.

૫૯

(૬૩)

રાગ ઉપરનો.

ભજન કરીલે ભજન કરીલે, ભજન કરીલે ભાઇરે;
દુનિયાદારી દુઃખની ક્યારી, જૂઠી જગની સગાઇરે. ભજ૦ ૧
કાયા સુકોમળ ફેણ જેવી, બીગડતાં નહિ વારરે;
ભલભલા પણ ચાલીયા તો, પામરનો શો ભારરે. ભજન૦ ૨
કાદવકેરા કીચડમાંહિ, કીડા લાખ કરોડરે;
કીટક જેવો માનવી તું-જાણી પ્રભુ મન જોડરે. ભજન૦ ૩

[illegible]
[illegible] અ૦ ૪

[illegible]
[illegible] ૫

[illegible]
[illegible] ૬

[illegible]
[illegible] ૭

માણસા.

પદ.

(૯૮)

રાગ ઉપરનો.

જુઓ ઝપાટો જુઓ ઝપાટો, કાળનો વિકરાળરે;
જગત જીવને પાશ પકડી, કરતો નિત્ય ફેરાળરે. જુઓ૦ ૧

રાજા રંક રૂ બાદશાહને, માલીકને મહીરાણરે;
ગાદી ઘાલ્યા ઘોરમાંહિ, ચાલ્યા કેઈ મશાણરે. જુઓ૦ ૨

ચોરી જારી ચુગલીમાંહી, કાઢે દિવસને રાતરે;
તેનાં શરીર મળી ગયાં માટીમાંહિ, કોઇ ન પુછે વાતરે. જુઓ૦૩

રાત ન ગણશે દિન ન ગણશે, વૈધૃતને વ્યતિપાતરે;
જોતાં ટગમગ ચાલશું જીવ, માત પિતાને ભ્રાતરે. જુઓ૦ ૪

ચાલ્યા અનંતા ચાલશે જગ, વૃદ્ધ યુવા નર નારરે;
બુદ્ધિસાગર ચલતપંથે, ધર્મતણો આધારરે. જુઓ૦ ૫

માણસા,

पद

(९५)

राग सोरठ.

प्रीतम मुज शुद्ध बुद्ध अविनाशी, अलख अगोचर अजरामरहै;
परमानंद विलासी. प्रीतम० १
निर्मळ निःस्नेही निःसंगी, लोकालोकप्रकाशी;
नर वा नारी नहीं नपुंसक, शाश्वत शिवपुरवासी. प्रीतम० २
काया माया वचनातीत है, नहि गंगा ओर काशी;
बुद्धिसागर चेतन चिद्घन, समजे तो सुखराशि. प्रीतम० ३

माणसा.

पद.

(९६)

पदम प्रभु प्राणसे प्यारा—ए गझल

चेतन तारी गति न्यारी, समज ले चित्तमां धारी. चेतन०
प्रकाशी तुं अविनाशी, त्यजी दे आश सुखवासी;
आहारादिकथी रहो न्यारा, वहो निज रूप निर्धारी. चेतन० १
नहीं तुं देह नहीं वाणी, ग्रही ले सत्य हित जाणी;
अनुभव सत्य ल्यो साचो, सदा त्यां स्थिर थई राचो. चेतन० २
नहीं ज्यां दुःखनी छाया, नहीं ज्यां राग परछाया;
सदा शुद्ध बुद्ध एकीलो, ग्रहीने भव्य सुख झीलो चेतन० ३
मुनीन्द्रे ब्रह्मने गायो, योगीन्द्रे योगथी ध्यायो,
बुद्ध्यब्धि ध्यान तस साचुं, अवर तो जाणवुं काचुं. चेतन० ४

माणसा.

પદ.

(૯૭)

રાગ સોરઠ.

પ્રીતમ મુજ કબહુ ન નિજઘર આવે; પરઘર ભટકત યાચક હોકર,
વેશ્યાસંગી કહાવે. પ્રીતમ૦ ૧

મોહમદિરા વેશ્યા પાકર, નાચ વિવિધ નચાવે;
ઘટ શ્રદ્ધ સહુ ફેલી ખાવે, ભ્રમણામાંહિ ભૂલાવે. પ્રીતમ૦ ૨

જાઓ સખી મુજ સ્વામી મનાવો, રીઝી યથા ઘર આવે,
પરઘર માહરો દાવ ન ફાવે, કહીયું ફોગટ જાવે. પ્રીતમ૦ ૩

લાવી મનાવી સખી જ્હાં જાકર, અત્યાનંદ વરાવે;
બુદ્ધિસાગર સિદ્ધ સુહંકર, સેજે પતિ પધરાવે. પ્રીતમ૦ ૪

માણસા.

પદ.

(૯૮)

રાગ સોરઠ.

પ્રિયા સમ છટકી ભટકી અટકી, ખેંચી તાણી ઘરમાં ઘાલી,
તો પણ જાવે છટકી. પ્રિયા૦ ૧

આપમતીલી નાસે ઉઠી, પરઘર ચોરે લુંટી;
દેતાં શીખામણ ભરીને ચુંટી, રોવે માથું કૂટી. પ્રિયા ૨

જોગી જતિની પાસે જાકર, લાવું એસી બૂટી;
પાણીમધ્યે ઘસકર પાવું, વશ થૈ પડે ન વિછૂટી. પ્રિયા૦ ૩

જાગી જોગી પાસે જાતાં, હરખી બૂટી દીધી;
બુદ્ધિસાગર પાતાં ઘસીને, વશ થૈ ચાલત સિદ્ધિ. પ્રિયા૦ ૪

મહેસાણા.

પદ સોરઠ.

(૯૯)

ભલા મુજ અનુભવ અમૃત ભાવે, બાકસ બુકસ બાકી ભોજન,
મુજ મન એહ સોહાવે, ભલા૦ ૧
મતમતાંતર ષટ્ દર્શન સાહુ, ત્યાંકી વાત જણાવે;
હંસચંચુ વિવેક ધરે જબ, તબ સોઽહંપદ પાવે. ભલા૦ ૨
નિરાકાર નિઃસંગી નિર્મળ, નામ ન કોઇ ધરાવે;
મન પાણીથી ન્યારો વર્તે, નિજ નિજને પરખાવે. ભલા૦ ૩
આસ્તનાસ્તિ સ્યાદ્વાદસ્વરૂપી, ઘટ ભિતર વહી સાચો;
સુખ અનંતુ ક્ષણમાં વિલસે, શોધે બાહિર કાચો. ભલા૦ ૪
વરતે ન્યારો જડથી ચેતન, આપસ્વરૂપે અભેદી;
બુદ્ધિસાગર નિર્વેદીને, જાણે કર્યુંકર વેદી. ભલા૦ ૫

પદ સોરઠ.

(૧૦૦)

આતમ અપનો સ્વરૂપ નીહારો, બાહિર દૃષ્ટિ ભટકત ભવમાં;
અન્તરદૃષ્ટિ તું તારો. આતમ૦ ૧
શુદ્ધ નિરંજન ચિદ્દ્ઘનસ્વામી, સ્વરૂપરમણ અવિનાશી;
ક્ષાયિકભાવે નિજગુણ ભોગી, જ્ઞાનાનંદ વિલાસી. આતમ૦ ૨
કાયા માયાથી છે ન્યારો, બ્રહ્મસ્વરૂપ નિરધારો;
ઉત્પત્તિ સ્થિતિ વ્યયનો વિલાસી, ગુણગણનો નાહ પારો. આતમ૦ ૩
પૂરવ કોડી વર્ષનું સ્વપ્નુ, જાગંતાં દૂર થાવે;
શુદ્ધસ્વભાવે જાગંતાં ઝટ, પરપરિણતિ દૂર જાવે. આતમ૦ ૪
એ હું એનો એછે મારૂં, દિવસે પણ અંધારૂં;
બુદ્ધિસાગર જોતાં જાગી, શું મારૂં ને તારૂં. આતમ૦ ૫

વિજાપુર.

પદ સોરઠ.

(૧૦૧)

મનવા એસી રમે કર્યું બાજી, હોત ન પ્રભુ તુમ રાજી. મન૦ ૧
રાણી બાજીથી નારાજી, રમતાં પારસ કાજી,

રમત ભમત ચૌગતિમાં પ્યારા, નિર્બળ હોકર પાજી. મન૦ ૧
કાળ અનંત ગમાયો રમતાં, જ્ઞાનકળા નહીં છાજી,
શિખામણ અબ માન લે મારી, દૂર કરે કર્યું ઝાઝી. મનવા૦ ૨
છોડી બાજી મનવે જ્યારે, કુમતા કુલટા લાજી;
બુદ્ધિસાગર ચિદ્દ્ઘનસંગી,—સમતા ગગને ગાજી. મનવા૦ ૩

વિજાપુર.

પદ સોરઠ.

(૧૦૨)

ચેતન ચિદ્દ્ઘન સંગીરંગી, અજ અવિનાશી અભંગી. ચેતન૦
પરપરિણતિસેં નામ ધરત હે, ફેરત ફેરત દોય રંગી;
દો રંગી એકરંગી હોવે, તબ હોવત નિજસંગી. ચેતન૦ ૧
જાગત ભાગત ઉંઘ દશા સહુ, નાસત કર્મ કુઢંગી;
આપસ્વરૂપે આપ સમાયો, અચળ અટળ એ ઉમંગી. ચેતન૦ ૨
સ્યાદ્વાદી સમજે છે ક્ષણમાં, નિજ ધન અન્તર પાવે;
બુદ્ધિસાગર ચેતો ચિત્તમાં, સો નિજ ઘરમાં આવે. ચેતન૦ ૩

વિજાપુર

પદ.

(૧૦૩)

હંસા સોઽહં ચિન્મય ધ્યાવે, અલખ અગોચર થાવે. હંસા૦
શક્તિ અનંતી સત્તા તારી, સ્થિતિ અનંતી ધરાવે;
તત્ત્વરમણતા પ્રગટે જબહી, અનુભવ અમૃત પાવે. હંસા૦ ૧
ઉપાદાન પણ આપોઆપે, સમરે શક્તિ સ્વભાવે;
ઘટ શોધે સો બોધે નિજકું, નિજઘર આતમ આવે. હંસા૦ ૨
આનંદ અનહદ અંતર પ્રગટે, આપોઆપ સ્વભાવે;
કાલ કર્મકા ભયકું તોડી, નિર્ભયપદ વર્તાવે. હંસા૦ ૩
નાથ અનામી નિવૃત્તિમય, શુદ્ધસ્વરૂપ સોહાવે;
આતમ સો પરમાતમહે નિજ, બુદ્ધિસાગર ગાવે. હંસા૦ ૪

વિજાપુર.

પદ.

(૧૦૪)

સોવે સોવે સારી રેન ગુમાઇ-એ રાગ.

ચિદ્દઘન સંગી ગુણગણ રંગી, આતમ અનુભવ સમરો પ્યારે;
આત્મા અસંખ્યપ્રદેશી સોહં, આપ તરે ઓર પરને તારે. ચિદ્દઘન૦ ૧
ત્યાગ લેવનકું પૂતળી લુણકી, સાગરમાંહિ પ્રવેશે જ્યારે;
જલરૂપ હોકર કબહુ ન આવે, પરમાતમ પદ પરખે ત્યારે. ચિદ્દઘન૦ ૨
ગુરૂગમ શ્રદ્ધા પાકર પ્રાણી, અંતર લક્ષ્ય વિચારે જ્યારે;
બુદ્ધિસાગર અજરામર થઇ, ભવભય ભ્રમણા વારે ત્યારે. ચિદ્દઘન૦ ૩

માણસા.

પદ.

(૧૦૫)

આતમ અનુભવ કોઇક પાવે, પાવે સો પરઘર નહિ જાવે, આતમ૦
પરઘર નાચ નચાવત કુલટા, અંતર ધન સબ શેલી ખાવે. આતમ૦ ૧
સ્વરૂપપ્રકાશી તિરોભાવે, હોવત જબ સોહિ આવિર્ભાવે;
પરમાતમપદ સોહિ પિછાને, અંતર જ્યોતિ શુદ્ધ જગાવે. આતમ૦ ૨
હોવત નહિ જે કબહુ ન પ્રગટે, પ્રગટે સો સત્યરૂપ કહાવે;
સદ્દવસ્તુ તીન કાલમાં હોવે, સત્ય નિત્ય ચેતન પરખાવે. આતમ૦ ૩
આતમભૂલે ભવમાં ભટકે, સમરે તો નિજરૂપ લખાવે;
બુદ્ધિસાગર શોધો ઘટમાં, સંત મુનીશ્વર જાકું ધ્યાવે. આતમ૦ ૪

માણસા.

પદ.

(૧૦૬)

સમજીલે શાણા મન મેરા, આ સંસાર ન કબહુ તેરા;
તેરા તેરી પાસે ભાઇ, શોધ્યા વિણ અંતર અંધેરા. સમજી૦ ૧
કોટિયતન કરો કબહુ ન ભવ તરો, આતમજ્ઞાન વિના નહિ પ્યારા;
અનેકાન્ત આતમદીસતા, ધ્યાતાં પાવત સુખ અપારા. સમજી૦ ૨

બાહિર ભટકે અંતર ભૂલ્યો, ચંચળતા મનકી ભજનારા,
દેવ નિરંજન ભવભયભંજન, ન્યારા નહિ તુજથી સુખકારા. સ૦ ૩
ચિંતામણિ તુજ હસ્તે ચઢીયો, પડીયો અંધારામાં પ્યારા;
બુદ્ધિસાગર અજપાજાપે, અનુભવ જ્ઞાને હોય ઉજિયારા. સ૦ ૪

માણસા.

॥ પદ ॥

[૧૦૭]

રાગ જંગલો

અબહુમ અજરામર અવિનાશી, જ્ઞાનાનંદ વિલાસી. અબહુમ.
તીન ભુવનમેં દૃષ્ટિ દીધી, વસ્તુ પરખી લીધી,
વસ્તુ સ્વરૂપે આનંદ પાયો, ઘટમેં નિરખી ઋદ્ધિ. અબહુમ૦ ૧
જેનું હશે તે ભોગવી લેશે, અવરતણી શી ઉદાસી;
ભેદ જ્ઞાનથી ભ્રમણા ભાગી, આપોઆપ પ્રકાશી. અબહુમ૦ ૨
પર તે પોતાનું નહીં થાશે, જોતાં જાગી જણાશે;
ખોજે ઘટમાં ગુરૂગમ જ્ઞાને, શુદ્ધ તત્ત્વ પરખાશે. અબહુમ૦ ૩
આદિ અંત ન જેનો આવે, સકલ કલાથી સુહાવે;
બુદ્ધિસાગર આતમ ગાતાં, પાર કદૂ નહિ આવે. અબહુમ૦ ૪

માણસા.

પદ

(૧૦૮)

વિમલાચલવાસી મારા વ્હાલા સેવકને વિસારો નહીં—એ રાગ
ઝટપટ જુગની જુઠ જોજો. જગ૦ કોઈ તારું નહિ તારું નહિ;
તું તો અવિચલ આતમ અમલ વિભુ, સુખકારી સહિ કારી સહિ ઝટ૦
કાલ અનાદિ ભવમાં ભટક્યો. ધર્યા વિવિધ અવતાર;
છેદન ભેદન તાડન તર્જન, પામી દુઃખ અપાર. જગ૦ઝટ૦ ૧
કાચ ચિંતામણીઆદિ ભમતાં. પામ્યો આનન્દ કંદ;
બુદ્ધિ [illegible] અંતે [illegible] કંદ. જગ૦ઝટ૦ ૨

સગાં સંબંધી લાડી ગાડી, વાડીને વસ્તાર;
મરતાં કોઇ સાથે ન આવે, મિથ્યા સબ સંસાર. જરા૦ઝર૦ ૩
મારૂં મારૂં કરતો મ્હાલે, થશે ન ત્હારૂં કોય,
તારૂં તારી પાસે જાણે, તો સુખ સહેજે હોય. જરા૦ઝર૦ ૪
સુખ દુઃખ વાદળ છાયાપેરે, ક્ષણમાં આવે જાય;
પરને પોતાનું માને પણ, પોતાનું નહીં થાય. જરા૦ઝર૦ ૫
ચેતીલેને પામર પ્રાણી, પામી અવસર બેશ;
બુદ્ધિસાગર સુખમાં મ્હાલે, દેખી નિર્ભય દેશ. જરા૦ઝર૦ ૬

માણસા.

સ્તવન.

[૧૦૯]

વિમલાચલના વાસી મારા વ્હાલા—એ રાગ.

મહાવીર પ્રભુ સુખકારી સદા, તુજ પાય નમું પાય નમું;
પ્રભુ આણ ધરૂં શીર ધ્યાન ધરૂં, નિજભાવે રમું ભાવે રમું.મ૦
ઘાતિકર્મનો નાશ કરીને, પામ્યા કેવલજ્ઞાન,
આતમસો પરમાતમ જાણી, ધ્યાયું શુકલધ્યાન. સદા. મ. ૧
રત્નત્રયીની સ્થિરતા પામ્યા વામ્યા ભવ જંજાલ;
પરમાતમ પરમેશ્વર પરગટ, કરતા મંગલમાલ. સદા૦ મ૦ ૨
સમવાયી પંચે તુજ મળીયાં, ગળીયાં કર્મો આઠ;
કારણ પંચ વિના નહિ કારજ, શ્રી સિદ્ધાંતે પાઠ. સ૦ મ૦ ૩
સંપ્રતિ શાસન તારૂં પામી, ઉદ્યમનો સમવાય,
કરતાં કારણ પંચે પામી, પરમાતમ પદ થાય. સદા૦ મ૦ ૪
આતમ તે પરમાતમ સાચો, નિર્મલ સિદ્ધ સમાન;
બુદ્ધિસાગર ઘરમાં શોધો, ત્રણ્ય ભુવનનો ભાણ. સદા. મ૦ ૫

માણસા.

मनुष्यभवक्षणिकता.

(૧૧૦)

વ્હાલાવીર જિનેશ્વર—એ રાગ.

અરે આ જીંદગાની મનુભવની એળે જાય છેરે;
ઘડી ક્ષણ વીત્યો તે તો પાછો કદિય ન આયછેરે;
મન ચિંતાતું કદીય ન થાતું, પાપે ભરીયું જીવતર ખાતું;
માયામાં મસ્તાનો થઈ મકલાય છેરે. અરે૦ ૧
પ્રભુ ભજન પલવાર ન કીધું. સાધુ સંતને દાન ન દીધું;
વિષયારસ વિષ પીને મન હરખાયછેરે. અરે૦ ૨
જન્મ મરણની નદીઓ વહેતી, ખરખર ચાલંતાં એમ કહેતી;
અસ્થિર ચંચલ સત્તા ધન વરતાયછેરે. અરે૦ ૩
સફલ કરીને મનુ જન્મારો, આતમરામ ભજીલે તારો;
બુદ્ધિસાગર ચેતે તો સુખ પાયછેરે. અરે૦ ૪

માણસા.

પદ.

[૧૧૧]

માન માયાના કરનારારે, જરા જોને તપાસ તારી કાયા—એ રાગ

અરે ફૂલી ફોગટ ફરનારારે, અણધારે દિવસ મરનારા,
જોને ઠોઠડીમાં કેઇ ઠરાણારે, ઘણા મરેલ ઘોરમાં ઘલાણા;
વૈદને સૈદને રોગીને શોગી, રંક ભલે હોય મહારાણા;
પોક પડી તેના નામની મોટી, તેનાં મડદાં બળે છે મશાણારે.
અણધારે૦ ૧
માટીની કાયા માટીમાં મળશે, કરો ઉપાયો હજારા,
સુર દાનવ જન કોડી મલે પણ, નાહિ કોઈ ઉગરનારારે. અ. ૨

લાખોની રાખો થઇ છે મશાણે જે, હતા નહીં ડરનારા,
માનમાયામાં મ્હાલે શું માનવ, જલ પરપોટા થનારારે. અ. ૩
અન્તર જોને તારૂં તપાસી, ત્યાગીને વિષય વિકારા.
સાણંદ પદ્મપ્રભુ જિનમંડલ, બુદ્ધિસાગર સુખકારારે. અ. ૪

લોદરા.

નેમિનાથ સ્તવન.

(૧૧૨)

વિમલા નવ કરશો ઉચ્ચાટ—એરાગ.

પ્યારા નેમ પ્રભુ મુજ મન મંદિરીએ પધારજોરે;
રાગને રોષ શત્રુને ધ્યાનથી દૂર નિવારજોરે. પ્યારા૦ ૧
જન્મ મરણના ફેરા ટાળી, પામ્યા મુક્તિ સ્ત્રી લટકાળી;
વ્હાલા દિન દયાળુ, સેવકને સંભાળજોરે. પ્યારા૦ ૨
કર્મ ન લાગે પ્રભુજી તમને, સમય સમય લાગે પ્રભુ અમને;
પ્રભુજી દુઃખનાં વાદળ મુજથી દૂરે ટાળજોરે. પ્યારા૦ ૩
શીગતિ થાશે ઓ પ્રભુ મારી, ચારગતિ ભટકયો દુઃખભારી;
તુજ પદ શરણ ગ્રહ્યાને કરૂણા કરીને ઉગારજોરે. પ્યારા૦ ૪
શરણાગત વત્સલ ભયભંજન, અકલગતિ તું દેવ નિરંજન;
બુદ્ધિસાગર ભવજલ સાગરપાર ઉતારજોરે. પ્યારા૦ ૫

વિજાપુર.

મલ્લિનાથ સ્વવન.

(૧૧૩)

મલ્લિજિન વંદિએ ભવિભાવેરે, સુરા સુર મુનિવર ગુણગાવે. મલ્લિ૦
પ્રભુ માત કૂખે જન્મ આયારે, ઇન્દ્રાદિક સુરગિરિપર લાયારે;
આઠ જાતિ કળશે નવરાવ્યા. મલ્લિ૦ ૧

ત્રણજ્ઞાને પ્રભુ ગુણવંતરે, પ્રતિબોધ્યા મિત્ર મહંતરે;
ભાવે દીક્ષા ગ્રહી સુખવંત. મલ્લિ૦ ૨
વિચર્યા પ્રભુ દેશ વિદેશરે, પરભાવતણો નહીં લેશરે;
ટાળ્યો મોહભાવ સંક્લેશ. મલ્લિ૦ ૩
પ્રમાદદશા દૂર ટાળીરે, વર્યા ક્ષપકશ્રેણિ લટકાળીરે,
મોહરાયતણો મદ ગાળી. મલ્લિ૦ ૪
ચારે ઘાતી કર્મ ખપાવીરે, ધ્યાનાંતરીએ પ્રભુ આવીરે;
કેવલ કમલા ઘટ પાવી; મલ્લિ૦ ૫
પ્રભુ સમવસરણમાં સુહાયારે, મળ્યા ઇન્દ્રાદિક નર રાયારે;
નવ તત્ત્વ જિનેશ્વર ગાયા. મલ્લિ૦ ૬
પ્રભુ વાણી ગુણ પાંત્રીસરે, અતિશય સોહે ચોત્રીશરે;
સિદ્ધ બુદ્ધ પ્રભુ જગદીશ. મલ્લિ૦ ૭
શાશ્વત શિવપદ ઝટ પાયારે, પરમાતમરૂપ સોહાયારે;
બુદ્ધિસાગર ગુણ ગાયા. મલ્લિ૦ ૮

વિજાપુર.

आत्मभावना

(૧૧૪)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને-એ રાગ.

એવોરે દિવસ તે મારો ક્યારે આવશે, ભ્રાન્તિ સમ હું
જાણીશ આ સંસારજો.
ક્રોધ કપટ ઈર્ષ્યા રાગાદિક વૈરિયો, ત્યાગીશ ખોટા વિષયતણા
વિકારજો. એવો૦ ૧
માત પ્રમાણે દેખીશ સઘળી નારીયો, ભાઇ પ્રમાણે
લેખીશ શત્રુવર્ગજો;
સુખ દુઃખ આવે હર્ષ વિષાદ ના સંપજે, વિદ્યા ધન વધતાં
નાહીં હોવે ગર્વજો. એવો૦ ૨
વૈરાગ્યે રંગાશે મન મારૂં સદા. ધોવાશે મનમેલ બધો નિર્ધારજો.
વિષયવિકારો વિષની પેઠે લાગશે, અંધ બને છે
જેમાં નરને નારજો. એવો૦ ૩

મોજમઝામાં સુખ કદીય ન ભાસશે, મમતાનું
હું તોડી નાખીશ મૂળજો.
સગાં સંબંધી પોતાનાં નાહ લાગશે, માટી સોનું ભાસે
મન જેમ ધૂળજો. એવો૦ ૪
ધર્મધ્યાન ધ્યાતા થઇ આતમસ્વરૂપમાં, રમતો રેહી હું
પડું નહિ ભવકૂપજો;
સમતાસંગે કર્મ કલંક વિદારતો, થાઉં હું શિવશાશ્વત
સુખ ચિદ્રૂપજો. એવો૦ ૫
કુમિત્રોની સોબત ત્યાગી જ્ઞાનથી, સદ્ગુરૂ સંગતિ કરતો
રહું નિશદિનજો. ૬
બુદ્ધિસાગર જન્મ જરા પરિહારીને; આતમસ્વભાવે
પરમાતમપદ લીનજો. એવો૦ ૭

વિજાપુર,

ત્રિધાત્મ સઝાય.

(૧૧૫)

નમો નમો અરિહંતને, સિદ્ધ ભજો ચિત્ત ધ્યાયી;
આચારજ ઉવઝાયને, સાધુ સકલ સુખદાયી. ૧
આતમ તીન પ્રકાર છે, બાહિર અન્તર તેમ;
પરમસેહ ત્રીજો ગ્રહયો, અક્ષય સુખ લહો જેમ. ૨

નિંદડી વેરણ હુઇ રહી, એ રાગ.

બહિરાતમ પહેલો કહ્યો, તેહંલક્ષણ હો કહ્યું શાસ્ત્ર મઝારકે,
પુદ્ગલ મમતા ચિત્તથકી, માને તેને હો આતમરૂપ સાર કે,
જિનવાણી ચિત્ત ધારીએ. ૧
ધન ભાઈ ભગિનીને, પુત્ર પુત્રીહો કુટુંબ પરિવારકે;
તેહના સંગે રાચીયો, આતે ધર્યોહો લહે દુઃખ અપારકે.જિન૦ ૨
દેહને આતમ માનતો, ભિન્ન રામજેહો નહિ તેહ અજાણકે;
બહિરાતમ પહેલો કહ્યો, ભેદ આતમનો છંડો સુજાણકે. જિન૦ ૩

અષ્ટકર્મની સંગતિ, પામી આતમહો નાના અવતારકે,
ચાર ગતિમાં સંચરે, મહારૈરવ હો દુઃખનો નહિ પારકે. જિ૦ ૪
આતમ કર્મ સંબંધ છે; અનાદિથી હો રજકનકદ્દષ્ટાંતકે;
અનાદિ અનંત ભવિ આશ્રયી, અભવ્યનોહો કહું સુણો
થઇ શાંતકે. જિન૦ ૫
અનાદિ અનંત અભવ્યનો, નિત્યાનિત્ય હો વળી કર્મ સંબંધકે;
અભવી ભવી ક્રમથી સુણી, કિમ બાંધેહો બંધ થઇ ભવી
અંધકે. જિન૦ ૬
રૂપી શરીરને આશ્રયી, રહ્યો આતમહો અરૂપી મહંતકે,
અંતર આતમ જાણજો, ભેદ બીજો હો કરે કર્મનો અંતકે. જિ૦૭
કર્મ સંગ દૂરે કરી, પામ્યા કેવલહો, જ્ઞાન ગુણ મહંતકે;
તીન ભુવનના ભાવને, જાણે સમયે હો ચિદાનંદભદંતકે. જિ૦ ૮
દ્રવ્યગુણપર્યાયના–જ્ઞાતા જ્ઞાનેહો પરમાતમ જેહકે;
ભેદત્રીજો એહ આત્મનો, ધ્યાવો હૃદયે હો ધરો તેહશું નેહકે. જિ૦૯
ઇયળ ભમરી સંગથી, ભ્રમરીરૂપ હો પામે જેમ એહકે;
પરમાતમપદ ધ્યાવતાં, બુદ્ધિસાગર હો લહે શિવસુખ ગેહકે. જિ૦૧૦

કાવીઠા.

॥ વીરપ્રભુ સ્તવન ॥ ભુજંગીછંદ.

(૧૧૬)

નમો વીર વિશ્વે સદા સૌખ્યકારી;
પિતા માત ભ્રાતા ચ દુઃખાપહારી;
કથી દેશના ભવ્ય કલ્યાણ જાણી,
નમું વીર પ્રેમે બહુ પ્યાર આણી. ૧
કહ્યો મુક્તિમાર્ગ ક્રિયા જ્ઞાન ભેદે,
ગ્રહી ભવ્ય જીવો દુઃખ વૃન્દ છેદે;
કહ્યાં દ્રવ્ય પટ્ઝા સદા જે અનાદિ,
નમું ભાવથી સત્ય સ્યાદ્વાદવાદી. ૨

સાણંદ.

૫૬

૧૧૭

વિમલા નવ કરજો ઉચ્ચાર. એ રાગ

ચેતન ચતુરાઇથી શિવપુર મારગ ચાલજેરે;
છોડી વિષય વિકારો, મનડું નિજઘર વાળજેરે.
દુનિયાદારી દૂર વિસારી, ઉપયોગે આતમગુણધારી;
ક્ષયોપશમધ્યાને તું કર્મ વિદારજેરે. ચેતન૦ ૧
ઘનઘાતી ચઉકર્મ ખપાવે, આત્મિક શુદ્ધસ્વભાવે ભાવે;
પોતાને તું પર પરિણતિથી વારજેરે. ચેતન૦ ૨
સ્થિરતા આપસ્વરૂપે આવે, પરમાનંદ પ્રેમે ત્યાં પાવે;
બુદ્ધિસાગર ધ્યાન ધરીને આતમ તારજેરે. ચેતન૦ ૩

અમદાવાદ.

શ્રી શાન્તિનાથ સ્તવનમ્

૧૧૮

જય જય શાંતિ જિણંદ, જગતમાં જય જય જય શાંતિ જિણંદ;
આપ તર્યાને પરને તારો, સેવે ચોસઠ ઇંદ. જગતમાં ૧
પ્રભુ શાંતિ પ્રેમે લીધી, દોષ કરી સહુ દૂર; જગત્માં૦
જન્મ જરા મરણાદિક વારી, સુખ પામ્યા ભરપૂર. જગત્માં૦ ૨
સમવસરણમાં દેશના દેઇ. તાર્યા પ્રાણી અનેક; જગત્માં૦
સેવક તારો કૃપા કરીને. આપો સત્ય વિવેક. જગત્માં૦ ૩
પાપ કર્યાં મેં ભવમાં ભારે. ગણતાં નાવે પાર; જગત્માં૦
શરણ કર્યું મેં તારૂં સ્વામી. હાથ ગ્રહીને તાર. જગત્માં૦ ૪
નામ સ્થાપના દ્રવ્ય ભાવથી. ધ્યાતાં શિવસુખ થાય; જગત્માં૦
બુદ્ધિસાગર બે કર જોડી, વંદે ત્રિભુવનરાય જગત્માં૦ ૫

(આ૦ ૬ બ. વં.)

પદ.

(૧૧૯)

પરમપદ પ્રેમી કોઇક ધ્યાવે, ધ્યાવે સો ઘટ પાવે. પરમ૦એ ટેક
સમજી આત્મસ્વરૂપ સ્વભાવે, પરપરિણતિકું નિવારે,
નિજગુણ બાજી ખેલે હંસા, સોવતહે સંસારે. પરમપદ૦ ૧
અધિકારિ વિણ નહિ કો સમજે, કરત ઉપાયો કોટી;
સર્વ સમાયું છે ઘટમાંહિ, બાત નહિંહે ખોટી. પરમપદ૦ ૨
શક્તિભાવે સો વ્યક્તિરૂપે, થાવે તો સુખ સાચો;
અનુભવ તાકો પાસી પરગટ, માયામાં શીદ રાચો. પરમ૦ ૩
અન્તર દૃષ્ટિ વિના જગમૂઢા, સત્ય સ્વરૂપ ન બોધે;
બુદ્ધિસાગર અવસર પાકર, કોઇક પદ નિજ શોધે. પરમ૦ ૪

શાંતિ

મેસાણા.

પદ.

[૧૨૦]

સોરઠ.

સબ જન ધર્મ ધર્મ મુખ બોલે અન્તર
પડદા ન ખોલેરે૦ સબ૦ એ ટેક.
કોઇ ગંગા જમના ઝૂલ્યા, કોઇ ભભુતે ભૂલ્યા,
કોઇ જનોઇમાં ઝંખાણા, ફકીરી લેઇ ફૂલ્યા. સબ૦ ૧
ચાલત ચાલત દોડયો દોટે, પણ પાસેનો પાસે;
ટીલાં ટપકાં છાપ લગાવી, શિવપુર કેમ પમાશે. સબ૦ ૨
મુંડ મુંડાવે ગાડરિયાં જગ, કેશને તોડે રંડી;
માલા મણકા બેરી પહેરે, નિત્ય ચાલે પગદંડી; સબ૦ ૩
ધર્મ ન વરણે ધર્મ ન મરણે, ધર્મ ન કરવત કાશી,
ધર્મ ન જાતિ ધર્મ ન ભાતિ, ધર્મ ન જંગલ વાસી, સબ૦ ૪

ગઢાં ખાખમાંહિ આળોટે, તે પણ સાચાં ખાખી;
નિર્વંશ્રાં પશુ પંખી ફરે છે, મમતા દિલમાં રાખી. સમ૦ ૫
જબતક અન્તર્ તત્ત્વ ન ખૂલે, તબતક ભવમાં ઝૂલે;
બુદ્ધિસાગર આતમધર્મે, ભ્રાન્તિ ભ્રમણા ભૂલે. સમ૦ ૬

મહેસાણા.

પદ.

(૧૨૧)

સોડહં સોડહં સોડહં સોડહં,
સોડહં સોડહં દિલમાં વસ્યોરી;
હું તું ભેદભાવ દૂર નાઠો,
ક્ષાયિકભાવે કદિ ન ખસ્યોરી સોડહં૦ ૧
દિલસાગરમાં અમર દીવો તું;
મન મંદિરમાં દીપ જિસ્યોરી;
જ્યાં ત્યાં દેખું ત્યાંહિ તુંહિ તુંહિ,
પ્રાણપતિ બીન પ્રેમ ફિસ્યોરી. સોડહં૦ ૨
તું તારામાં સમાયો સહેજે.
પરને કહો કેમ જાય કહ્યોરી.
સબ સ્થલ તુજ અંતર પ્રગટી.
જ્યોતિમેં જ્યોતિ જગાય રહ્યોરી. સોડહં૦ ૩
જાતું ન આતું લેતું ન દેતું.
અન્તર્ પડદો ખૂલ ગયોરી;
સુખસાગરની લહેરો ઉછળે.
આતમ હંસ ત્યાં ઝીલ રહ્યોરી. સોડહં૦ ૪
હસતું રોતું ખરતું ન મરતું.
દુઃખ દાવાનલ શાંત ભયોરી;
બુદ્ધિસાગર સોડહં ધ્યાને.
પરમાતમપદ આપ બન્યોરી; સોડહં૦ ૫
(સાણંદ)

પદ.

(૧૨૨)

શૂરાની ગતિ શૂરા જાણેરે, ત્યાંતો કાયર થરથર કંપે,
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કોઇ જંપે,
પરમારથ પામે સો પૂરા; નહીં વળે કંઇ ગપ્પે. શૂરાની૦ ૧
કાન આંખ બિન મારો વાલ્હમ, સુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મારો સ્વામી, રૂપારૂપીકું પરખે. શૂરાની૦ ૨
આતમરૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડો તાળું;
બુદ્ધિસાગર અવસર પાકર, નિજઘરમાં ધન ભાળુ. શૂરાની૦ ૩

માણસા.

પદ.

(૧૨૩)

બહુ લાગે ગુણિજન પ્યારૂં, ચતુરનર સમજેતો બહુ સારૂંરે હેજી.
ચેતન વચન માની લે મારૂં. ચતુર૦ એ ટેક.
કરવું તેતો કાંઇ ન કીધું, મોહ માયામાં મનડું દીધું;
નિજ કારજ કંઇ ન સિદ્ધયું. ચતુર૦ ૧
જાણ્યું પ્યારૂં પણ તે ભૂલ્યો, ઢોંગર કાંકરાં મારી ફૂલ્યો;
તુંતો જગ જંજાળે ઝૂલ્યો. ચતુર૦ ૨
ક્ષણક્ષણ આયુષ્ય વીતી જાવે, અન્તર સમજ્યામાં નહિ આવે;
પશુપાલણથી પસ્તાવે. ચતુર૦ ૩
મોહ માયાને ઝટપટ ત્યાગી, આત્મસ્વરૂપે થા વૈરાગી;
થા તું અગમ અનુભવ રાગી. ચતુર૦ ૪
[illegible] તેમાં નહિ [illegible];
[illegible] ચતુર૦ ૫
તેમાં રાચે તે નહિ સારૂં, [illegible] ન્યારૂં;
નહિ [illegible] ચતુર૦ ૬
[illegible] ગુરૂગમની યારી;
[illegible] ચતુર૦ ૭

એક દિન અવશ્યાર્યું છે જાવું, નાહક માયામાં હરખાવું;
શું પંડિતને પરખાવું. ચતુર૦ ૮
અમૂલ્ય અવસર રૂડો પામી, ધા તું અંતર ગુણ વિશ્રામી;
તું છે ચિદ્દઘન ચેતન સ્વામી. ચતુર૦ ૯
જાગીસે તું અંતર ભાવે, રમજે આતમ શુદ્ધસ્વભાવે;
જેથી જન્મ મરણ દુઃખ જાવે. ચતુર૦ ૧૦
નામ રૂપથી ન્યારો ધારી, પરમાતમ પદ થા અધિકારી;
બુદ્ધિસાગર ગુરૂ સુખકારી. ચતુર૦ ૧૧

અમદાવાદ.

પદ.

(૧૨૪)

ધ્યાન સદા સુખકાર, જગતમાં ધ્યાન૦
સદગુરૂ પાસે શીખીએરે, છવાછવ સ્વરૂપ;
પદ્દ્રવ્યાદિક ધારીનેરે, ટાળો ભવભય ધૂપ. જગતમાં૦ ૧
ચિત્ત ચંચળતા વારીનેરે, નિર્જન દેશે વાસ;
કીજે શમસુખ પામવારે, ત્યાગી પુદ્દગલ આશ. જગતમાં૦ ૨
જિજ્ઞાસા શુદ્ધ ધર્મનીરે, આતમધર્મે પ્રેમ;
અંતર સ્થિરતા જ્ઞાનથીરે. શિવસુખ મંગલ ક્ષેમ જગતમાં૦ ૩
નય નિક્ષેપ પ્રમાણથીરે, ધ્યાવો આતમરાય;
સદસદ્ ભેદાભેદથીરે, નિજગુણ વ્યક્તિ થાય. જગતમાં૦ ૪
અડગવૃત્તિથી ધ્યાવતાંરે, હોવે મન વિશ્રામ;
અનુભવ ત્યારે જાગશેરે. આનંદ ઉદધિ ઠામ. જગતમાં૦ ૫
વીર પ્રભુએ ધ્યાનથીરે, પામ્યું કેવલજ્ઞાન;
ધ્યાને કર્મનો ક્ષય થતોરે, એમ ભાખે ભગવાન. જગતમાં૦ ૬
ધ્યાને સ્થિરતા મન ભજેરે, ધ્યાને સ્થિર ઉપયોગ.
સાક્ષી તેનો આતમારે, લહીએ શિવસુખ ભોગ. જગતમાં૦ ૭
સાર સારમાં ધ્યાન છેરે, સમજે વિરલા કોય;
બુદ્ધિસાગર ધ્યાનથીરે, સહેજે શિવપદ હોય. જગતમાં૦ ૮

અમદાવાદ

કક્કાવલિ પદ.

(૧૨૫)

કક્કા કારણ જોગે કાજ, સામગ્રી પામી સહુ આજ;
કર્માષ્ટકનો કીજે નાશ, ધારી આતમનો વિશ્વાસ;
માનવ ભવનું મળીયું ઝાઝ, કક્કા કારણ જોગે કાજ. ॥૧॥

ખખ્ખા ખાંતે પ્રભુને ભજો, સમતા સ્થિરતા દિલમાંસજો;
ખરી વાતને હૃદયે ધાર, ક્રોધ કપટ મિથ્યા સહુ વાર;
પરનારી પરધનને તજો, ખખ્ખા ખાંતે પ્રભુને ભજો. ॥૨॥

ગગ્ગા ગાણું ગા જિનરાય, સાચો મોક્ષતણો ઉપાય;
ગર્ભાવાસે લહો ન વાસ, અંતરમાં જો જિન વિશ્વાસ;
જન્મ જરાનાં દુઃખડાં જાય, ગગ્ગા ગાણું ગા જિનરાય. ॥૩॥

ઘઘ્ઘા ઘોર કર્મ શું કરે, વાર ઘણી તું ભવમાં ફરે;
ઘાંચીની ઘાણીના ફેર, બળદ પરે વરતે અંધેર;
જરૂર જન્મ્યા તેતો ખરે, ઘઘ્ઘા ઘોર કર્મ શું કરે. ॥૪॥

ઙઙાવશ કીજે સહુ અંગ, સંત જનોની કીજે સંગ;
મુખથી કદી ન દીજે ગાળ, ફોગટ શું થાવું વાચાળ;
જ્ઞાની સંગે વાધે રંગ. ઙ.ઙા.૦ ॥૫॥

ચચ્ચા ચેતન ધર્મે ચાલ, કરજે અંતરનો તું ખ્યાલ;
ચાર ગતિનો કરવો છેદ, જાણી જીવ પુદ્ગલનો ભેદ;
ધર્મહીન વર્તે સહુ બાલ, ચચ્ચા ચેતન ધર્મે ચાલ. ॥૬॥

છછ્છા છોકરવાદી તજી, રત્નત્રયી સ્વામીને ભજી;
છોડો વિરૂવા વિષય વિકાર, મુક્તિનાં સુખ સમજીસાર;
અન્તર્યામી પ્રેમે યજી. છછ્છા૦ ॥૭॥

જજ્જા જીવતર ચાલ્યું જાય. ગયો વખત પાછો નહિઆય;
જોજે અંતરમાં તું ધર્મ, જેથી નાસે સઘળાં કર્મ;
જોતાં દિલમાં સહુ જણાય. જજ્જા૦ ॥૮॥

ઝઝ્ઝા ઝડપે કાલ કરાલ, વાટ જ મોક્ષ નગરનીઝાલ;
ધર્મ ઝાઝ ઝાલો નરનાર, ક્ષેમે પામો ભવનો પાર;
શું મુંઝે તું માયા ઝાલ. ઝઝ્ઝા૦ ॥૯॥

ઞઞા નિરંજનને સેવ, ત્યાગી નિંદાદિક સહુ ટેવ;
નગુરાનો કીજે નહિં સંગ, પ્રભુ ભજનમાં પાડે ભંગ,
આતમ પરમાતમ છે દેવ. ઞઞા૦ ॥૨૦॥

ટટા ટૅંટૅં કરી શું હસે, જોયું સઘળું ચાલ્યું જશે;
જેના દિલમાં આતમ નાદ, ટળિયા તેના વાદવિવાદ;
શાને મોહ માયામાં વસે. ટટા૦ ॥૨૧॥

ઠઠા ઠાલી શું ફુલાય, ભલા ભલા પણ ચાલ્યા જાય;
ઠાઠમાઠમાં ખોયું સર્વ, ગાફલ થઇને કીધો ગર્વ;
ઠરશું નિર્ભયતા ઘટપાય. ઠઠા૦ ॥૨૨॥

ડડા ડંકો દે નિજદેશ, રાગાદિક સેવો નહિ લેશ;
કર્મ વૈરીને દેઇ દંડ, વર્તાવો નિજ આણ અખંડ;
અનુભવ રંગે રમિયે બેશ. ડડા૦ ॥૨૩॥

ઢઢા ઢમઢમ વાગે ઢોલ, શું તારૂં છે જગમાં બોલ;
ધરજે ધર્મતણી કર ઢાલ, કરજે આતમની સંભાલ;
સત્યાસત્યનો કરજે તોલ. ઢઢા૦ ॥૨૪॥

ણણા ન્યાયી થા દિનરાત; કરજે સત્ય ધર્મની વાત;
ન્યાય નીતિથી સુખડાં વરે, ભવસાગરને સહેજે તરે;
કોપે કદી ન કરજે ઘાત. ણણા૦ ॥૨૫॥

તતા તીર્થંકરને સેવ, સર્વ દેવમાં મોટા દેવ;
ત્રિવિધ તાપો હરતા આપ, મનમાં કર જિનવરનો જાપ;
કર્મ મર્મ નાસે તતખેવ. તતા૦ ॥૨૬॥

થથા સ્થિરતા મનમાં રાખ, આતમ અમૃત રસને ચાખ;
હાલે મેરૂ પણ નહિ ચિત્ત, આતમધ્યાનની એવી રીત;
વિવાદી વચનો નહિ ભાખ. થથા૦ ॥૨૭॥

દદા દાન દયા આદરો, દીનતા વાણી નહિ ઉચ્ચરો;
દીનતા દાલિદર દુઃખદાસ, એ સહુ દાને હોવે નાશ;
શાને રાચી જ્યાં ત્યાં ફરો. દદા૦ ॥૨૮॥

ધધા ધર્મ પ્રીતિ ધરો, ધ્યાતા ધ્યેયદશાને વરો;
ધોળું એટલું દુધ ન હોય; સર્વ મતોમાં ધર્મ ન જોય;
સંગત ધૂર્તોની નહીં કરો. ધધા૦ ॥૨૯॥

નન્ના પોતાનો કર ન્યાય, શાથી તું ભવમાં ભટકાય;
નડિયે નહિ પરને તલભાર, નિર્દયતાને દૂર નિવાર;
કીજે સંગત સંત સદાય. નન્ના૦ ॥૨૦॥

પપ્પા પરિહરિએ સહુ પાપ, નાસે જેથી સહુ સંતાપ;
પ્રેમે પ્રભુનું પૂજન કરો, દ્વેષ કલેશ ઇર્ષ્યા પરિહરો;
રાખો દીલમાં પ્રભુની છાપ. પપ્પા૦ ॥૨૧॥

ફફ્ફા ફોગટ માયા ફંદ, રાચી રહે તેમાં અતિમન્દ;
ધન સત્તાથી ફૂલો ફોક, લક્ષ્મી ગયાથી ફોગટ શોક;
ત્યજી દે મિથ્યા મતિનો છંદ. ફફ્ફા૦ ॥૨૨॥

બબ્બા બળીયો થા તું દીલ, મોહરાયને ક્ષણમાં પીલ;
સર્વ સંગનો કર પરિત્યાગ, અન્તરના ઉપયોગે જાગ;
નવવિધ ગુપ્તિ પાળો શીલ. બબ્બા૦ ॥૨૩॥

ભભ્ભા ભણતર ભાવે ભણો, પંચ ભાવને જ્ઞાને ગણો;
ભક્તિથી થાશો ભગવાન્, અન્તરમાં જો પ્રગટે ભાન;
અન્તરના શત્રુને હણો. ભભ્ભા૦ ॥૨૪॥

મમ્મા માનવ ભવ સુખકાર, દશ દૃષ્ટાન્તે દુર્લભ ધાર;
મૂકી મોહ માયાને માન, કરજે આતમનું તું ધ્યાન;
મળીયું ટાણું કયૂં ન હાર. મમ્મા૦ ॥૨૫॥

યય્યા હિંસાયજ્ઞ નિવાર, હિંસામાં નહિ ધર્મ લગાર;
યાચી લે તું શાશ્વત સુખ, દુનિયા સુખને માની દુઃખ,
પંચ મહાવ્રત પ્રેમે ધાર. યય્યા૦ ॥૨૬॥

રરા કરતું આતમ રાગ, સારો ફરીને મળે ન લાગ;
રમત ગમતથી રહેજો દૂર, સેવો ચેતન સુખ ભરપૂર;
કુમતિથી દૂરે ઝટ ભાગ. રરા૦ ॥૨૭॥

લલ્લા લોભે લક્ષણ જાય. લાલચથી કર્યું પાપ ન થાય;
જાણો લોભતણો નહીં થોભ, નિર્મલ મનમાં પ્રગટે ક્ષોભ.
ઉંચ નીચને લાગે પાય. લલ્લા૦ ॥૨૮॥

વવ્વા જૂઠું વિસારો સહુ, જાણતાને શું બહુ કહું;
વિદ્યા વિનય વિવેક વિચાર, કરતાં ઉતરીયે ભવપાર;
વેરે દુઃખડાં વાધે બહુ. વવ્વા૦ ॥૨૯॥

શશશા શાન્તિ રાખો રહેમ, રૂશ ધરને મહીએ નેમ;
શાન્ત સુધારસ પાનજ કરો. સ્વર્ગાદિકમાં જઇ અવતરો;
શાન્તપણાથી પામો ક્ષેમ. શશા૦ ॥૩૦॥
ષષા ષડ્દ્રવ્યે લય લાય, સદ્ગુરૂ સમજી તે સમજાય;
આત્મદ્રવ્ય આદરવો એક, જ્ઞાનવાન્ સોઽહં એ ટેક,
રત્નત્રયી સાધન સદુપાય. ષષા૦ ॥૩૧॥
સસ્સા સુમતિ સંગે રહો, શાશ્વત સુખડાં તેથી લહો;
ત્યજી દે કુલટા કુમતિ સંગ, દેખાડે દુર્ગતિના રંગ.
નિંદા હીલના સર્વે સહો. સસ્સા૦ ॥૩૨॥
હહહા હર્ષે શિવપુર જાઓ, કરી કમાણી ખાંતે ખાઓ;
આતમ તે પરમાતમ થાય, જન્મ મરણનાં દુઃખડાં જાય;
સોઽહં સોઽહં ક્ષણ ક્ષણ ધ્યાઓ. હહહા૦ ॥૩૩॥
અઆ અર્હં દિલમાં ધરો, મહામંત્ર ધ્યાવો સુખવરો;
ઋદ્ધિ સિદ્ધિ સુખ દાતાર, શ્રદ્ધાથી ગણજો નરનાર.
મૂલ મંત્ર અર્હં છે ખરો. અઆ૦ ॥૩૪॥
ગુર્જર સાણંદ ગામે વાસ, કરીને રચના કીધી ખાસ.
ભણતાં ગણતાં મંગલ માલ, મટશે મિથ્યા માયા જાળ;
બુદ્ધિસાગર સુખનીઆશ, ગુર્જર સાણંદ ગામે વાસ ॥૩૫॥
સંવત્ ઓગણીસ ત્રેસઠશાલ; શુકલપક્ષ વૈશાખ રસાલ,
અષ્ટમી શનિવારે શુભજોડ, કરતાં વાંછિત ફળ્યાં કરોડ,
પઢિત મનમાં પ્રગટે વહાલ. સંવત૦ ॥૩૬॥

પદ.

(૧૨૯)

હંસા કોઈરે જણાવો જોગીરાજી, આ દેહ દેવળમાં રહેનાર રે;
હંસા માયાના મુલકનો માજીરાજી, એની શુદ્ધિ કોઇ કરનારરે.
હંસા૦ ૧
હંસા પરખે હીરો કોઈ પારખુંજી, લહે તત્ત્વ ન મૂઢ ગમારરે;
હંસા પિંડનો ઘડનારો માંહે પેશીયોજી, કરોળીયો રચીને જેમ જાળરે.
હંસા૦ ૨

હંસા અલખ પ્રદેશે મ્હાલવુંજી, હંસા ઘટમાં લગાવી ધ્યાનરે;
હંસા નિર્મલ જયોતિ ઝગમગેજી, હંસા કીજે અમૃતપાનરે. હંસા૦ ૩
હંસા જોગીડા જગાવે જોગ જ્ઞાનથીજી,હંસા જ્યાં નહિં ભેદ પ્રચારરે;
હંસા અનહદ આનંદ જોગથીજી, હંસા વિસરે દુઃખ અપારરે.
હંસા૦ ૪

હંસા ગુરૂ મળે જ્ઞાન બતાવશેજી, ભાવે ભેદ જણાવે ભેદરે;
હંસા બુદ્ધિસાગર સાચા સંતનીજી, પ્રેમે કરજો સાચી સેવરે.
હંસા૦ ૫

સાણંદ.

૫૬

(૧૨૭)

પ્રેમીડા બતલાવેરે, કોઈ મારો પ્રેમીડા બતલાવે;
પ્રેમી વિના હું નિશદિન ઝૂરૂ, પ્રેમી મળે સુખ થાવેરે. કોઈ૦ ૧
પ્રેમી ન મળતો વાટે ઘાટે, સઘળું શૂન્ય કહાવેરે. કોઈ૦ ૨
પ્રેમના પ્યાલા પીધા જેણે, તેને કશુંએ ન ભાવેરે. કોઈ૦ ૩
જલ બીચ મીન કમલ જલ જેવો, પ્રેમ પ્રભુ પરખાવેરે. કોઈ૦ ૪
બુદ્ધિસાગર આતમ સ્વામી, ભક્તિથી એમ ગાવેરે. કોઈ૦ ૫

સાણંદ.

૫૬.

(૧૨૮)

આ પ્રભુ ભજનનું ટાણું, ઘડી ગાને જિનગુણ ગાણું. આ૦
મોહ મદિરા પીતાં પામર, ધન તારૂં લુંટાણું. આ૦ ૧
ક્યાંથી આવ્યો ને ક્યાં જઈશ, ભૂલણુ શું ભુલાણું. આ૦ ૨
ફન્દે ફસિયો ફોગટ ફૂલી, મનડું શું મુંઝાણું. આ૦ ૩
ચિત્તમાં ચેતી લેને ચેતન, પડતું રહેશે ભાણું. આ૦ ૪
બુદ્ધિસાગર અવસર પામી, મુક્તિનું કર આણું. આ૦ ૫

શાંતિઃ ૩

સાણંદ.

૫૯.

(૧૨૯)

અબધૂ એસા જ્ઞાન વિચારી—એરાગ.

હંસા હરદમ વિચારો, આપહિ બાંધે આપહિ છોડે;
નિશ્ચયથી તું ન્યારો. હંસા૦ ૧
નય વ્યવહારે અનેક કહાવે, શું સદ્ગુરૂ સમજાવે;
નિશ્ચયનયથી એકરૂપ તું, જિન વચનામૃત ગાવે. હંસા૦ ૨
વ્યવહાર અને નિશ્ચય દોનયના, ભેદ કહ્યા છે ગ્રન્થે;
સાતનયો ઉપનય છે સાતસેં, ભાખ્યા જિન નિગ્રંથે; હંસા૦ ૩
સહુ સાક્ષેપે વર્તે સાચા, નિરપેક્ષ સહુ કાચા;
કથતા વસ્તુ સ્વરૂપ તે સર્વે, ઉપદેશે જિન વાચા. હંસા૦ ૪
દુર્ગમ ગંભીર નયનું સ્વરૂપ છે, જ્ઞાની ગીતારથ જાણે;
નયદૃષ્ટિમાં તારૂ વિનામૂઢ, ડૂબે તો દુઃખ માણે. હંસા૦ ૫
અનેકાન્ત વસ્તુ સહુ સાચી, કથન કરે જિન વાણી;
બુદ્ધિસાગર સત્ય વિચારી, તત્ત્વાર્થ લ્યો તાણી. હંસા૦ ૬

સાણંદ.

વીરપ્રભુ સ્તવન.

[૧૩૦]

અબહમ અમર ભયે ન મરેંગે—એ રાગ

સબસેં વીર પ્રભુ મુજ વ્હાલા. વીર૦—સબસેં૦
વીર વીર નિત્ય રટન કરૂં હું, પીના પ્રભુ ગુણ પ્યાલા. સબસેં૦ ૧
વીરની સેવા મીઠામેવા, વીર રટન ઘટ સાચું;
વીર વચનામૃત પીધું જેણે, લાગે સહુ રસ કાચું. સબસેં૦ ૨
વીરની ભક્તિમાં સહુ શક્તિ, ભક્તિ વિના સહુ મોળું;
વીરનામે ભય સઘળાં નાસે, મનડું હોવે ધોળું. સબસેં૦ ૩
પ્રેમે પ્રભુની ભક્તિ કરૂં નિત્ય, ભક્તિ સુખકર સાચી;
બુદ્ધિસાગર હું તો વીરના—નામે રહિયો રાચી. સબસેં૦ ૪

સાણંદ.

પદ.

(૧૩૧)

કાનુડા ન જાણે મોરી પ્રીત—એ રાગ.

જીવડા૦
જીવડા ભૂલી સત્ય સ્વરૂપ, ફોગટ જન્મ ગુમાવેરે.
જાણી ન જિનની વાણી, ખટપટમાં ખુંચ્યો પ્રાણી;
લક્ષ્મી લાલચમાં લલચાઇ, દિલમાં કશુંએ ન જોયુંરે. જીવડા૦ ૧
નિરખ્યો ન આતમ ન્યારો, પુદ્ગલથી જ્ઞાને પ્યારો;
જીવડા૦ ૨
જૂઠી જંજાળે જકડાયો, ડાહ્યો ડમરો થઇનેરે.
પરની પંચાતે ડાહ્યો, ગપ્પાં મારીને ગાયો;
જીવડા૦ ૩
સમજી સાચો આ સંસાર, મૃગ કસ્તુરી પેઠરે.
મનમાં મોટાઇ માની, પાયે પડિયો નહિ જ્ઞાની;
જીવડા૦ ૪
ફરતો ચાર ગતિના ફેર, સમજુ સમજી લેનેરે.
શિક્ષા સમજીને સારી, બહિરાતમવૃત્તિ વારી;
જીવડા૦ ૫
બુદ્ધિસાગર સમજો સત્ય, ગુરૂથી જ્ઞાન ગ્રહીનેરે.

સાણંદ.

પદ.

[૧૩૨]

કાનુડા ન જાણે મોરી પ્રીત—એ રાગ.

ચેતન
ચેતન સ્વારાથયો સંસાર, સગપણ સર્વે ખોટાંરે.
જૂઠી છે કાયા વાડી, ન્યારી છે ગાડી લાડી;
ચેતન૦
ફોગટ શાને મન ફૂલાય, અંતે સર્વે જાશેરે.
હાકે ધરણી ધ્રુજાવે, ભય તો દિલમાં નહીં લાવે;
ચેતન૦
ચાલ્યા રાવણ સરખા રાય, પાંડવ કૌરવ યોદ્ધારે.
સ્વારથથી જૂઠાં બોલે, સ્વારથથી જૂઠાં તોલે;
ચેતન૦
સ્વારથમાટે યુદ્ધો થાય, લડતા રંકને રાણારે.
સ્વારથથી નીતિ ત્યાગે, સ્વારથથી પાયે લાગે;
ચેતન૦
સ્વારથ કપટકળાનું મૂળ, પાપ અનેક કરાવેરે.

સ્વારથમાં સર્વે ડુલ્યા, ભણતર ભણીને ભૂલ્યા;
સ્વારથ આગળ સત્ય લુપાય, અન્ધા નરને નારીરે. ચેતન૦ ૫
સ્વારથથી મસ્તક કાપે, સ્વારથથી પદવી આપે;
સ્વારથ આગળ શાનો ન્યાય, બહેરા આગળ ગાણુંરે. ચેતન૦ ૬
સ્વારથી વિરલા છૂટ્યા, સ્વારથમાં સર્વે ખૂંચ્યા;
જગમાં સ્વાર્થનો પરપંચ, ન્યાય ચુકાદા બોલોરે. ચેતન૦ ૭
ધર્મી સ્વારથને ત્યાગે, દિલમાં આતમના રાગે;
તમ રવિકિરણે સ્વારથ નાશ, દીવે આતમજ્ઞાનેરે. ચેતન૦ ૮
પરમારથ પ્રીતિ ધારી, સેવો ગુરુ ઉપકારી;
બુદ્ધિસાગર ધરજો ધર્મ, દુનિયા સર્વ વિસારીરે. ચેતન૦ ૯

સાણંદ.

૫૬.

[૧૩૩]

કાનુડો ન જાણે મોરી પ્રીત. એ રાગ

કર ! તું શ્વાસોશ્વાસે જાપ, તત્ત્વસ્વરૂપનો હંસારે. કર તું૦
લક્ષ્યે વૃત્તિયો ઠારી, સ્થિરતા ઉપયોગે ધારી;
રમજો રંગે સુખ ભરપૂર, સાચો આતમદેવારે. કર તું૦ ૧
જેજે માગે તે આપે, દુઃખડાં ક્ષણમાંહિ કાપે;
શક્તિ અનંતિનો દાતાર, હરિહર બ્રહ્મા પોતેરે. કર તું૦ ૨
શુભે શાતાનો ભોગી, અશુભે અશાતા ભોગી;
શુદ્ધ સ્વભાવે નિજગુણ ભોગ, ક્યાં તું પરમાં ગોતેરે. કર તું૦ ૩
ભક્તિ પ્રીતિથી સેવે, પરમાતમ પદને હેવે,
ધ્યાતા ધ્યેયસ્વરૂપે આપ, ધ્યાને હૃદયે ધારોરે. કર તું ૪
અન્તર્ આતમ આરાધો, કારણથી કારજ સાધો;
બુદ્ધિસાગર શિવસુખ લહેર, પ્રગટે દિલમાં ભારીરે. કર તું૦ ૫

પદ.

(૧૩૪)

કાનુડો ન જાણે મોરી પ્રીતિ—એ રાગ.

આતમ નિજઘરમાં તું આવ!! સમજણ સત્ય વિચારીરે, આતમ૦

પરઘર રમતાં તું દુઃખી, કબહુ ન થઇયો સુખી;
વેઠયાં દુઃખડાં વારંવાર, કુમતિસંગે ભારીરે. આતમ૦ ૧

બહિરાતમયોગે ભારી, અંતર ઋદ્ધિને હારી;
કર્મપિંજરમાં પડિયો પેખ, સુરતા સર્વ વિસારીરે. આતમ૦ ૨

પરઘર ભમતાં ભીખારી, ઉત્તમ કુલવટ હારી;
થઇયો આશાનો તું દાસ, ગણીને તૃષ્ણા પ્યારીરે. આતમ. ૩

નિજ ઘરમાં શાશ્વત સુખરાશિ, ચેતન તેનો વિશ્વાસી;
આતમ અનુભવ અમૃતમેવ, સેવા કીજે સારીરે. આતમ૦ ૪

નિજ ઘરમાં પ્રભુતા છે તારી, માની હિતશિક્ષા મારી;
અસંખ્યપ્રદેશે દૃષ્ટિ વાળ!!, અંતર સુરતા ધારીરે. આતમ૦ ૫

સુમતિ વચનો વિચારી, દિલમાં સાચાં અવધારી;
આતમ આવ્યો નિજઘર લહેર, સુમતિ સંગ વિહારીરે. આ૦ ૬

નિજઘરમાં રંગે ઝટ વસિયો, સમતાસંગે થઇ રસિયો;
બુદ્ધિસાગર સુખડાં પાય, કર્મકલંક વિદારીરે. આતમ૦ ૭

સાણંદ.

પદ.

(૧૩૫)

કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ.

ઉત્તમ નરભવ અવસર છે એશો, ભજલે પ્રભુને ભાવેરે. ઉ૦

કુમતાકુટિલતા કેરે, રમતો તું નિશદિન રંગે;
ક્રોધ લોભનું મદ્યપાન, મોહ મદિરા પીનેરે. ઉ૦ ૧

સમતાનો સંગ ન કીધો, મુક્તિ મારગ નવિ લીધો;
પરમાત્મસ્વ ન જોયું કાંઇ, સાચું અસત્ય માનીનેરે. ઉત્તમ૦ ૨

સાધુની સંગત નહિ કીધી, દુર્ગતિ વાટજ તેં લીધી;
મૂરખ મનમાં શું મલકાય, પડતું રહેશે ભાણુંરે. જીવડા૦ ૩
આડા અવળા અધડાયા, લક્ષ્મીમાટે તું ધાયા;
તારૂં કદીય ન તેહ થનાર, સમજુ સમજી લેનેરે. જીવડા૦ ૪
શાને માટે તું ફુસિયા, થઇને માયામાં રસિયા;
સુખ નહીં પુદ્ગલમાં તલભાર, જડમાં જડતા ભાસેરે. જી૦ ૫
અનુભવ અન્તરમાં ધારો, જલ્દી આતમને તારો;
પામી પ્રેમે ગુરૂગમ જ્ઞાન, ધ્યાને મનડું ઠારીરે. જીવડા૦ ૬
કરજો પરમાતમ પ્રીતિ, ધારી અન્તરમાં રીતિ;
બુદ્ધિસાગર શિવપદ પાય, ચિદ્ઘન ચેતન રાગેરે. જીવડા૦ ૭

સાણંદ.

પદ.

[૧૩૬]

કાનુડો ન જાણે મોરી પ્રીત—એ રાગ.

જીવડા હજી જરા તો ચેત! બાજી આ છે છલીરે. જીવડા૦
નિન્દા કરવામાં શૂરો, પાપ પાખણ્ડે પૂરો;
લોભી સ્વારથમાં તૈયાર, પરમાં માની મારૂંરે. જીવડા૦ ૧
મોંજ મજા મન લાગી મીઠી, પરનારી પ્રેમે દીઠી;
મનમાં તૃષ્ણાનો નહિ પાર, માની મારૂંમારૂંરે. જીવડા૦ ૨
વિકથાની વાતો પ્યારી, કીધી તેં ચોરી જારી;
માયાપરિણતિમાં રહી મશગુલ, આખી ઉમર હારીરે. જીવ૦ ૩
લક્ષ્મીની લાલચ લાગી, બહિરાતમ પદનો રાગી;
મૂરખ લજવી જનની કૂખ, કોગટ ભારે માર્યોરે. જીવડા૦ ૫
મળીયું છે ઉત્તમ ટાણું, પરખી લે નયણે નાણું;
નાવે આવી કોઇ નસવાર, શાને આડું ધરે છેરે. જીવડા૦ ૬
અહિંતણાં આકુલાં દેરાં, તન ધન જોબન છે તેવાં;
બાજીગરની બાજી ફોક, અન્તે વિણશી જાશેરે. જીવડા૦ ૭

નરનારી મૂરખ જન ડાહ્યા, સાચી માનીને માયા;
ભવમાં ભટક્યા વારંવાર, જન્મજરા દુઃખ પામીરે. જીવડા૦ ૮
સાચી શિખામણ માની, થા તું આતમનો ધ્યાની;
બુદ્ધિસાગર સાચી સેવ, પ્રભુની અન્તર ધારીરે. જીવડા૦ ૯

સાણંદ.

પદ.

(૧૩૭)

કાનુડો શું જાણે મોરી પ્રીત—એ રાગ

મનડા ! ! આતમમાં લયલાવ ! !, શોગટ શાને ફરેછેરે. મનડા૦
મનુષ્ય ભવની પહેલાં, જ્યાં ત્યાં ભટકાતું ભારે;
હજીય ન છોડે એહ સ્વભાવ, મોહમાં મસ્ત બનીનેરે. મનડા૦ ૧
મન તું છે મર્કટ જેવું, ઠામ ઠરી નહિ રહેવું;
જલ્દી ત્યાગ કરો પરભાવ, સારી શિક્ષા ગ્રહીનેરે. મનડા૦ ૨
તપ તપિયા મુનિવર મોટા, જગમાં નહિ જેના જોટા;
હાર્યા તુજથી રંકને રાવ, ક્ષણ ચંચલતા લહીનેરે. મનડા૦ ૩
સ્વામી સન્યાસી ત્યાગી, ખાખી બાવા વૈરાગી;
ધ્યાન પગથીયે પાડે પાવ; ભ્રમણા ભૂલ કરાવીરે. મનડા૦ ૪
મહારથી વીર કથાયા, શરણે તારા તે આયા;
દુર્જય લડતા રણમાં દાવ, કરમાં શસ્ત્ર ધરીનેરે. મનડા૦ ૫
સાનુકુળ થાને વ્હાલા, સમતાના પીને પ્યાલા;
આનંદામૃતમાં ગરકાવ, શુદ્ધ સ્વરૂપ વરીનેરે. મનડા૦ ૬
મનડું ઉપયોગે લાગે, જગમાં જય ડંકો વાગે;
બુદ્ધિસાગર આતમ ભાવ,-શાશ્વત સુખડાં પાવેરે. મનડા૦ ૭

સાણંદ.

૫૬.

[૧૩૮]

જય જય આરતી આદિ જિણંદા—એ રાગ.

કર ચેતન શિવપુર તૈયારી, પર પુદ્‌ગલની છોડી યારી;
ચિદ્‌ઘન નિત્યાનિત્ય વિચારી, છોડીદે તું દુનિયાદારી. કર૦ ૧
જ્ઞાનથી વ્યાપક દ્રવ્યે અવ્યાપક, એકાનેકથી ધર્મ પ્રસાધક;
ભિન્નાભિન્ન સ્વરૂપી સાચો, ત્યજી તેને કયાં જડમાં રાચો. ક૦ ૨
સદા ઉપયોગી નિજગુણ ભોગી, નહિ પુદ્‌ગલનો ભોગી રોગી;
બહુનામીપણ જેહ અનામી, શક્તિઅનંતિનો જેસ્વામી. કર૦ ૩
તિરોભાવે જે જીવ કહાય, વ્યક્તિભાવે સિદ્ધ લહાય;
સમકિતથી અંતર આતમજે, ક્ષાયિકભાવે પરમાતમજે. કર૦ ૪
ધ્યાને આતમને આરાધે, અનુભવ અંતરમાં બહુ વાધે;
આનંદ મંગલ માલા પ્રગટે, રાગાદિક દોષો સહુ વિઘટે. કર૦ ૫
સુખની શ્રદ્ધા અન્તરવાસે, ભય ચંચલતા દૂરે નાસે;
બુદ્ધિસાગર ધ્યાનાભ્યાસે, ધ્યાતા તત્ત્વ સ્વરૂપ પ્રકાશે. કર૦ ૬

સાણંદ.

૫૬.

(૧૩૯)

ઉપરનો રાગ.

મોહ માયામાં જે જકડાણા, કર્મપાસમાં તે પકડાણા;
જેણે માયાની કીધી યારી, તેણે પામ્યાં દુઃખડાં ભારી. મોહ૦ ૧
વિષના પ્યાલા પીધા તેણે, કરી માયાની સંગત જેણે;
ભય ચંચલતા હર્ષ વિષાદ, મનડું ફરતું વાદવિવાદે. મોહ૦ ૨
પ્રભુ ભજન પલવાર ન ધાવે, ચાર દિશામાં મનડું ધાવે;
હૃદયે ધર્મની કાંઇ ન પ્રીતિ, રાખે નહિ સજ્જનની રીતિ. મોહ૦ ૩
ક્રોધ કપટ નિંદામાં પૂરા, હિંસા ચોરીમાં તે શૂરા;
વિનય વિવેક વિચાર ન જાણે, રાત દિવસ રહેતા અભિમાને. મો૦ ૪
જૂઠી વાતે જન ભરમાવે, દુર્જન શઠતામાં તે ફાવે;
દાન દયાની રીત ન રાખે, મુક્તિનાં સુખ તે નહિ ચાખે. મો૦ ૫

મનની મોજે દુનિયા મ્હાલે, નથી મરવું જાણે કોઇ કાલે;
કાલ ઝપટમાં પકડી પાડે, નાખે દુર્ગતિ દુઃખના ખાડે. મોહ૦ ૬
ચિંતામણિ નરભવને હારી, જન્મ મરણ પામે સંસારી;
બુદ્ધિસાગર આતમરાગી, થાવે મોહ માયાને ત્યાગી. મોહ૦ ૭

સાણંદ.

પદ.

(૧૪૦)

અદ્‌ભુત તમાસા હમને દીઠા, જ્ઞાની જન મન
મીઠારે. આ અજબ તમાસા૦
કીડી કુંજર ગળતી દેખી, હંસી મનમાં રોવેરે. આ૦ ૧
માખી ચાલે પર્વત હાલે, અંધો આરશી દેખેરે. આ૦ ૨
વાદળ વરસ્યું ચાતક તરસ્યું, લુલો હર્ષે દોડેરે. આ૦ ૩
મૂંગો ગાવે તૂર બજાવે, શીતલ અગ્નિ થાવેરે. આ૦ ૪
સિંહ શશાના ભયથી ધ્રુજ્યો, વાનર નાચે પરઘેરે. આ૦ ૫
કીડીએ જલધિ આખો પીધો, મૂષક સર્પને ગળતોરે. આ૦ ૬
બુદ્ધિસાગર ઘરમાં શોધો, રાત્રે સૂરજ ઝળહળતોરે. આ૦ ૭

સાણંદ.

પદ.

(૧૪૧)

[illegible]

સુણો [illegible] શિવપંથીકે, જિનવાણી [illegible]. સુ.
અસ્તિનાસ્તિ [illegible] દ્રવ્ય કહે, [illegible] નિર્ધાર. સુ. ૧
[illegible] સુણો૦
[illegible] નહીં [illegible]. સુ. ૨
[illegible] સુ૦
[illegible]. સુ. ૩
[illegible] સુ૦
[illegible]. સુ. ૪

દ્રવ્યક્ષેત્રને કાલભાવ વસ્તુમાંરે, પંચ હેતુથી કાર્ય સધાય; સુ૦
જ્ઞાન ક્રિયા સાધનથી સાધીએરે, સાધ્ય સિદ્ધ લહો સુખકાર સુ.૫
ઉપાદાન નિમિત્તથી સાધનારે, પંચહેતુથી કાર્ય સધાય; સુ૦
હોવે કાલાનુસારે સાધનારે, યતિ શ્રાદ્ધ માર્ગ વર્તાય, સુ૦ ૬
ગુરૂમુખથી ઉપદેશ સુણો ધર્મનોરે, દ્રવ્યભાવે ક્રિયા જ્યાં ધર્મ. સુ૦
લહો બુદ્ધિસાગર શુદ્ધ ધ્યાનથીરે, સત્ય શાશ્વત

સિદ્ધનાં શર્મ. સુણો૦ ૭

સાણંદ.

પદ.

(૧૪૨)

દુઃખી તું દીકરી મારી—(ગઝલ.)

ચેતન ચેતો હવે પ્યારા, વચન માનો જરૂર મારા;
મુસાફર તું જગતમાં છે, સમજલે સત્ય શામાં છે. ૧
દેખાતું તે નહીં તારૂં, થશે દિન એક તે ન્યારૂં;
ફુલી ફોગટ હરખાયા, જુઠી માયા અને કાયા. ૨
ફોગટ માની શું ફુલે છે, મોહાબ્ધિમાં શું ડૂલે છે;
ભજીલે સત્ય જિન દેવા, ખરા તે શાંતિના મેવા. ૩
ફના એક દિન સહુ હોશે, અરે તું આંખથી જોશે;
સદા તું ધ્યાનમાં જાગી, પ્રભુનો થા બહુ રાગી. ૪
સમજી લે સત્ય શિવ જાવા, ગ્રહીલે ધર્મની નાવા;
બુદ્ધિસુખ શાંતિનો બેલી, જીતી લે બાજી છે છેલી. ૫

સાણંદ.

પદ

(૧૪૩)

પરજીયાનો રાગ.

દેખો અન્તરમાં આતમારે, સુખ શાન્તિનું ધામ. સુખ૦ દેખો૦
પ્રેમે કરો તસ પૂજનારે, જેનું રૂડું છે નામ. દેખો૦ ૧

આત્માભિમુખના ડીંડમેરે, ત્યાગો પુદ્ગલ આશ. ત્યાગો૦ કેમો૦
જ્ઞાનિગુરૂ જ્ઞાન આપશેરે, કરો સંગ સુવાસ. કેમો૦ ૨
[illegible] માયાના તોરમાંરે, ભૂલે પોતાનું ભાન. ભૂલે૦ કેમો૦
જ્ઞાન વિના શું [illegible]રે, ભાનુ વિના શું [illegible]. ભાનુ૦ કેમો૦ ૩
[illegible] સાંભળોરે, રમો આતમરામ. રમો૦ કેમો૦
બુદ્ધિસાગર ગુરૂ [illegible]રે, સારે સઘળાંરે કામ. સારે૦ કેમો૦ ૪

પદ

(૧૩૪)

[illegible] [illegible]રે, આશામાં ભૂલી;
[illegible] [illegible]રે. આશામાં ભૂલી.
[illegible] [illegible] ભવમાં ફરવાનું તેં [illegible],
[illegible]રે. આશામાં૦
[illegible] ભવમાં [illegible] [illegible],
[illegible]રે. આશામાં૦ ૧
[illegible] નથી [illegible],
[illegible]રે. આશામાં૦
[illegible] નથી [illegible]
[illegible]રે. આશામાં૦ ૨
[illegible]
[illegible] આશામાં૦
[illegible]
[illegible] આશામાં૦ ૩
[illegible]
[illegible] આશામાં૦
[illegible]
[illegible] આશામાં૦ ૪

પદ.

(૧૪૫)

મ્હાલા વીરજિનેશ્વર વીનતડી અવધારશોરે-એ રાગ.

સાચો અન્તર સ્વામી આતમ દિલમાં ધ્યાવજોરે,
શોધડું અલખ જગાવી, નિર્ભયપદ ઝટ પાવજોરે. સાચો૦ ૧
સુખનો દરિયો ગુણથી ભરિયો, યોગી આતમધ્યાને વરીયો;
પ્રભુને અન્તર દિલમાં પ્રેમધકી પધરાવજોરે. સાચો૦ ૨
ભક્તિ કરજે પ્રભુની ભાવે, નિજગુણ કર્ત્તા આપ સ્વભાવે;
પોતાને તું ક્ષાયિકભાવે સમાવજોરે. સાચો૦ ૩
ઝટપટ જંઝાળોને ત્યાગી, સત્યજ્ઞાનથી થા તું રાગી;
બુદ્ધિસાગર અંતર આતમ પ્રભુને ગાવજોરે. સાચો૦ ૪

પદ.

(૧૪૬)

દુનિયામાં ફોગટ ફુલ્યોરે, જીવલડા જો તું;
વ્હાપણના દરિએ ડુલ્યોરે, જીવલડા જો તું.
જ્યાં ત્યાં મારૂં મારૂં કરીને તું તો મ્હાલ્યો,
દુર્ગતિ મારગ તેં ઝાલ્યોરે. જીવલડા૦ ૧
વનસ્પતિના ભવમાં છેદાયો બહુ ભેદાયો,
ત્યાં દુઃખ અનંતુ પાયોરે. જીવલડા૦
વિગલેંદ્રિના ભવમાં વેઠયાં દુઃખો તેં ભારી,
અજ્ઞાનાવસ્થા ધારીરે. જીવલડા૦ ૨
ભીખારીના ભવમાં તેં ભીખ બહુ માગી,
માયા મમતા નહિ ત્યાગીરે. જીવલડા૦
પશુ પક્ષીના ભવમાં વિવેકને વિસાર્યો,
ત્યાં ધર્મ ન હૃદયે ધાર્યોરે. જીવલડા૦ ૩
લક્ષ્મી મળતાં લોભી પાખંડનો પૂજારી,
ચેતનતા બૂડયો તારીરે. જીવલડા૦
હિંસા જૂઠ ચોરી અહંકારમાં અથડાયો,
માયામાં બહુ પછડાયોરે. જીવલડા૦ ૪

અદેખાઇથી નિન્દા કરી જનોની પાપી,
પ્રભુ આણા ઉત્થાપીરે. જીવલડા૦
સમજીને સત્ય વાણી, કરો ન પાછી પાની,
બુદ્ધિસાગરની વાણીરે. જીવલડા૦ ૫

સાણંદ.

॥ અથ અનુભવ બત્રિશી લિખ્યતે. ॥

દુહા.

(૧૪૭)

સદ્દગુરૂપદ પંકજ નમી, પૂજ્ય સ્તુત્ય હિતકાર,
આત્મધર્મ પ્રગટાવવા, મિત્ર મહા અવતાર. ૧
સ્વપર વિવેચન વસ્તુનું; આણી કરો વિવેક,
ઉપાદેય શુદ્ધાત્મનો, ખરો ધર્મ છે એક. ૨
જાણ્યું આત્મસ્વરૂપ તો, જાણ્યા સર્વ પદાર્થ,
આત્મ તત્ત્વના જ્ઞાનથી, અન્ય નહીં પરમાર્થ. ૩
સૂક્ષ્મજ્ઞાન જે આત્મનું, કાપે કર્મ અનંત,
જગ જાણે તો શું થયું, આવે નહિ ભવ અંત. ૪
ચરણ કરણ તપજપ સહુ, આત્મબોધ વિણ ફોક,
આત્મજ્ઞાન પરમાર્થને, વિરલા સમજે લોક. ૫
બાહ્યજ્ઞાનથી લોકમાં, માનપૂજા તો થાય,
શ્રોતા વક્તા બાહ્યના, બાહ્યદૃષ્ટિતા પાય. ૬
પંચમ ગતિ દાતાર છે, સત્યજ અનુભવજ્ઞાન,
અન્તર દૃષ્ટિ જાગતાં, હોવે અનુભવ ભાન. ૭
અન્તર્દૃષ્ટિ ચેતના, ત્યાગે પુદ્ગલસંગ,
આત્મસ્વરૂપે રમણતા, સમતાગંગ તરંગ. ૮
આત્માનુભવ યોગથી, ઝળકે આતમજ્યોત,
સ્થિરોપયોગે ધ્યાનથી, અન્તરમાં ઉદ્યોત. ૯
આત્મયોગી જે સુખ લહે, હોય ન તે સુખ ક્યાંય,
ઇન્દ્રાદિક પદવી લહે, તોપણ દુઃખની છાંય. ૧૦

જે પામ્યા તે ત્યાં રમ્યા, ભૂલ્યા પુદ્ગલ ભાન,
સુખસંગે રંગે રમે, પ્રાપ્તિ શિવકર સ્થાન. ૧૧

મન ચંચલતા ત્યાં મટે, દર્શનસ્પર્શન યોગ,
ભોગી થઇ ત્યાં ભોગવે, અનંત સુખનો ભોગ. ૧૨

જડ પુદ્ગલના ભોગને, જાણ્યા મનમાં રોગ,
શાતાશાતાવેદની, ટળીયા તેના શોગ. ૧૩

વિનાશિક પુદ્ગલ સહુ, તનધન મન્દિર પેખ,
અવિનાશી છે આત્મનો,-ધર્મ જ જ્ઞાને લેખ. ૧૪

પુદ્ગલ પ્રપંચ કારમો. ત્યાં શું સુખની આશ.
પર આશાથી પ્રાણિઓ, થાવે જગના દાસ. ૧૫

શુદ્ધાતમના ધ્યાનથી, સેવો સત્ય સદાય,
શક્તિ અનંતી જેહની, સ્મરતાં શિવસુખ થાય. ૧૬

રમતાં આત્મસ્વરૂપમાં, પામે યોગી સુખ.
પર પુદ્ગલમાં જે રમે, પામે તે મન દુઃખ. ૧૭

મન વચ કાયા ભિન્ન છે, આત્મતત્ત્વ સુખકાર;
રત્નત્રયીનું ધામ છે, શુદ્ધરૂપ નિર્ધાર. ૧૮

શુદ્ધરૂપ પરમાતમા, સત્તાથી પરખાય,
સેવો ધ્યાવો આતમા, વ્યક્તિભાવે થાય. ૧૯

પ્રેમ ભક્તિ વિશ્વાસથી, સેવો આતમદેવ,
આતમ તે પરમાતમા; કીજે તેની સેવ. ૨૦

શુદ્ધરૂપમાં ચેતના, રમતી રહે નિશદિન,
તો પ્રગટે સુખ સંપત્તિ, પરપુદ્ગલથી ભિન્ન. ૨૧

આત્મસ્વભાવે રમણુતા, સત્ય ચરણ અવધાર,
ગુણ સ્થાનક આરોહવા, પરપરિણુતિ પરિહાર. ૨૨

પરપરિણુતિના નાશથી, સ્થિરતા ઘટમાં થાય,
અખણ્ડ ચિન્મય ચેતના, શુદ્ધરૂપના પાય. ૨૩

સારસાર સહુ ગ્રન્થનું, સમ્યક્ ચેતન જ્ઞાન.
ચેત્યા તેમાં જે રમ્યા, પામ્યા શાશ્વત સ્થાન. ૨૪

અનુભવજ્ઞાને ઓળખે, જ્ઞાની શિવપુર પન્થ.
નિશ્ચય સરૂપે તે રમ્યા, સન્ત થયા નિર્ગ્રન્થ. ૨૫

ભોગપંકમાં લેપતા, જ્ઞાની કદી ન પાય,
જલપંકજવત્ ભિન્ન તે, અન્તરૂમાંહિ સહાય. ૨૬

અન્તર્ વૃત્તિઆતમા, ઔદયિક ભાવેભોગ,
ભોગવતાં પણ યોગી જે, ટાળે ભવભય રોગ. ૨૭

બાહ્યચરણ ચારિત્રમાં, એકાન્તે નહિ ધર્મ,
આતમજ્ઞાન વિના કદિ, ટળે ન આઠે કર્મ. ૨૮

અંતરનું ચારિત્ર તે, ચક્ષુથકી ન જણાય,
દૃશ્ય વસ્તુ પુદ્ગલ સદા, ચેતો આતમરાય. ૨૯

અલ્પ સમયમાં સાધીએ; આત્મતત્ત્વ સુખકાર,
સેવો ભવી શુદ્ધાત્મને, પરમ તત્ત્વ અવતાર. ૩૦

સિદ્ધા સિદ્ધે સિદ્ધશે, કરી કર્મનો અંત,
તે સહુ આતમ જાણીને, ઇમ ભાખે ભગવન્ત. ૩૧

આત્મિક શુદ્ધ સ્વભાવના,–ઉપયોગે છે ધર્મ,
બુદ્ધયબ્ધિ સુખ શાંતિથી, પામે શાશ્વતશર્મ. ૩૨

અનુભવ બત્રીસી રચી, ગામ પોર દિન એક,
વિચરી આનન્દ દેશમાં, પામી સાચી ટેક. ૩૩

ૐ અર્હંશાંતિઃ ૩

ચાર દિવસનું ચાંદરણું સંસારનું પદ.

(૧૯૮)

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.

ચાર દિવસનું ચાંદરણું સંસારનું,
[illegible] અંતે ફોકટે;
લક્ષ્મી સત્તાથી ફાંકો શું માનવી,
[illegible] અન્તે [illegible] ફોકટે. ચાર૦ ૧

[illegible]
[illegible]
[illegible]
[illegible] ચાર૦ ૨

મરડી મૂછો ચમચમ કરતા ચાલતા,
મગરૂરીમાં બોલે કડવા બોલજો;
રામ રમી ગયા પરરમણીના રાગમાં,
પાપ પુણ્યનો થાશે અન્તે તોલજો. ચાર૦ ૩

ખાતે હાથે જે ન ઉડાડે કાગડો,
કૃપણ એવા અન્તે ચાલ્યા જાયજો,
દાન પુણ્ય કરશે તે આવે સાથમાં,
અંતે પામર પાપ કરી પસ્તાયજો. ચાર૦ ૪

બણી ઠણીને દર્પણમાં શું દેખતો,
મુખછાયા મિષે મૃત્યુ દેખાયજો,
એવું જાણી ચેતો ચેતન ચિત્તમાં,
હાથે તે સાથે પરભવમાં થાયજો. ચાર૦ ૫

ડહાપણ તારૂં ધૂળમાં મળશે જીવડા,
કરજે દિલમાં દેવગુરૂ વિશ્વાસજો;
બુદ્ધિસાગર ધર્મ જગતમાં સાર છે,
ધર્મધ્યાનથી હોવે શિવપુર વાસજો. ચાર૦ ૬

આણંદ.

ચેતી લે તું પ્રાણિયા-પદ.

(૧૪૯)

વૈદર્ભી વનમાં વલવલે—એ રાગ.

ચેતી લે તું પ્રાણિયા, આવ્યો અવસર જાય;
સ્વાર્થિયા સંસારમાં, હેતે શું હરખાય. ચેતી૦ ૧

જન્મ જરા મરણાદિકે, સાચો નહિ સ્થિર વાસ;
આધિ વ્યાધિ ઉપાધિથી, ભવમાં નહીં સુખ વાસ. ચેતી૦ ૨

રામારૂપમાં રાચીને, જોયું નહીં નિજ રૂપ;
રંગાર દુનિયા રંગમાં, સહુનો વિષમી ધૂપ. ચેતી૦ ૩

માત પિતા ભાઈ દીકરા, દારાદિક પરિવાર;
મરતાં સાથ ન આવશે, મિથ્યા સહુ સંસાર. ચેતી૦ ૪

ચિંતામણિસમ દોહિલો, પામ્યો મનુ અવતાર;
અવસર આવો નહીં મળે, તાર આતમ તાર. ચેતી૦ ૫
જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણસી જાય;
કાચકુંભ કાયા કારમી, દેખી શું હરખાય. ચેતી૦ ૬
માયા મમતા પરિહરી, ભજો શ્રી ભગવાન;
કરવું હોય તે કીજીએ, તપજપ પૂજા દાન. ચેતી૦ ૭
કેઈક ઘાલ્યા ઘોરમાં, બાળ્યા કેઈ મસાણ;
આંખમીંચાએ શૂન્યતા, પડતા રહેશે પ્રાણ. ચેતી૦ ૮
વૈરાગ્યે મન વાળીને, ચાલો શિવપુર વાટ;
બુદ્ધિસાગર માંડજો, ધર્મ રત્નનું હાટ. ચેતી૦ ૯

સાણંદ.

શ્રી શાંતિઃ

શ્રી વીરભક્તિ સ્તવન.

(૧૫૦)

વૈદર્ભી વનમાં વલવલે. એ રાગ.

વીર જીનેશ્વર વંદના, હોજો વારંવાર;
લળી લળી વિનવું પ્રેમથી, મારા પ્રાણાધાર. વીરજીનેશ્વર૦ ૧
ભટક્યો ભવમાં ભુલથી, વેઠ્યાં દુઃખ અપાર;
જન્મ જરા મરણાદિકે, સ્થિરતા ન લગાર. વીર૦ ૨
પુણ્યે નરભવ પામીયો, મળ્યા ત્રિભુવન નાથ;
શરણ શરણ સાચું ગ્રહ્યું, ઝાલો સેવક હાથ. વીર૦ ૩
સાચી સેવા સ્વામીની, બીજું આળપંપાળ;
તુજ દર્શન રાચી રહું, મેઘ ચાતક બાળ. વીર૦ ૪
આગલના બહુ દોષને, ટાળો નાથ કૃપાળ;
જગમાં ત્રાતા છો સદા, દોષો ટાળો દયાળ. વીર૦ ૫
બાળક માની આપણો, બોલે મનની વાત;
તુમ આગળ મુજ વીનતિ, માનો એ અવદાત. વીર૦ ૬
તારો બાપજી બાળને, સારો સઘળાં કાજ;
સેવકને નહિ તજતાં, જશે આપની લાજ. વીર૦ ૭

ચંદન બાળા બાકુલે, લીધું શિવપુર રાજ;
અપરાધી કેઈ તારીઆ, કરજો સેવક સાજ. વીર૦ ૮
શરણાગત મુજ સાહિબા, સાચો તુજ વિશ્વાસ;
ચરણકમળની સેવના, પૂરો સઘળી આશ. વીર૦ ૯
વીર વીર હૃદયે વસો, શરણું સાચું એક;
બુદ્ધિસાગર બાળને, વીર ભક્તિની ટેક. વીર૦ ૧૦

સાણંદ.

શ્રીવીર સ્તવન.

(૧૫૦)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ—રાગ.

પરમ કૃપાળુ પુરૂષોત્તમ પરમાતમા.
વીર જિનેશ્વર ત્રિશલાનંદન દેવજો,
સિદ્ધ બુદ્ધ ત્રાતા જ્ઞાતા સહુ વસ્તુના,
પરમ ભક્તિથી પ્રેમે કરૂં હું સેવજો. પરમ કૃપાળુ૦ ૧

ક્ષાયિકભાવે પામ્યા સિદ્ધિ સ્થાનને.
સેવક ભમતો દુઃખદાયી સંસારજો,
આપ અરૂપી સેવકરૂપી કર્મથી;
નિર્મોહી તુમ સેવક મોહી ધારજો. પરમ કૃપાળુ૦ ૨

કામાદિક શત્રુ જીત્યા તેં ધ્યાનથી,
પીડે કામાદિક સેવકનું ચિત્તજો,
આશા તૃષ્ણા વારી આપ સ્વભાવથી,
આશા તૃષ્ણા દુઃખ દેછે મુજ નિત્યજો. પરમ કૃપાળુ૦ ૩

પરપુદ્‌ગલમાં મનડું મારૂં મ્હાલતું,
બંધાણી સંસારે સુખની આશજો.
કરૂણાસિંધુ કરૂણામૃતથી સિંચજો;
હરશો કામે જીનજી તારો દાસજો. પરમ કૃપાળુ૦ ૪

ધન કીર્તિમાં મમતાભાવે આચીઓ.
પ્રેમી મનડું પ્રમદા દેખી ધાયજો,

ચિંતામણિસમ દોહિલો, પામ્યો મનુ અવતાર;
અવસર આવો નહીં મળે, તાર આતમ તાર. ચેતી
જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણસી જાય;
કાચકુંભ કાયા કારમી, દેખી શું હરખાય. ૭
માયા મમતા પરિહરી, ભજો શ્રી ભગવાન;
કરવું હોય તે કીજીએ, તપજપ પૂજા દાન.
કેઇક ઘાલ્યા ઘોરમાં, બાળ્યા કેઇ મસાણ;
આંખમીંચાએ શૂન્યતા, પડતા રહેશે પ્રાણ.
વૈરાગ્યે મન વાળીને, ચાલો શિવપુર વાટ;
બુદ્ધિસાગર માંડજો, ધર્મ રત્નનું હાટ.

શ્રી વીરભક્તિ સ્ત૦

(૧૫૦)

વૈદર્ભી વનમાં વલવલે.

વીર જીનેશ્વર વંદના, હોજો વારં૦
લળી લળી વિનવું પ્રેમથી, મારા
ભટક્યો ભવમાં ભૂલથી, વેઠયાં
જન્મ જરા મરણાદિકે, સ્થિરતા
પુણ્યે નરભવ પામીયો, મળ્યા ત્રિ૦
શરણ શરણ સાચું ગ્રહ્યું, ઝાલો સેવક
સાચી સેવા સ્વામીની, બીજું આળ૦
તુજ દર્શન રાચી રહું, મેઘ ચાતક બાળ
બાળકના બહુ દોષને, ટાળે તાત કૃપાળ;
જગમાં ત્રાતા છો સદા, દોષો ટાળો દયાળ.
બાળક માની આગળે, બોલે મનની વાત;
તુમ આગળ મુજ વીનતિ, માનો એ અવદાત.
તારો બાપજી બાળને, સરશે સઘળાં કાજ;
સેવકને નહિં તારતાં, જાશે આપની લાજ.

ટૈં ટૈં ટૈં ટૈં શું કરો છો, ટળવળતા સહુ જાય;
સ્થિરતા આતમમાં જેની છે, ટૈં ટૈં તસ નહિ થાય. સુણજો૦ ૯
ઠોઠ ઠોઠ એમ શીદ કહો છો, સહુને એ છે છાપ,
અંતરમાં પરમાતમ પરખે, નહિ તે ઠોઠ અપાપ, સુણજો૦ ૧૦
ડાહ્યા ડાહ્યા શું કહો છો, ડાહ્યા ગાંડા સર્વ;
નિર્લેપી નિર્મોહી ડાહ્યા, કદી ન કરતા ગર્વ. સુણજો૦ ૧૧
ઢઠ્ઠો ઢઠ્ઠો શું કહો છો, સહુ ઢઠ્ઠા શિરદાર;
ભૂલ્યા મોહ માયાને જે જન, સાચા ઢઠ્ઠા ધાર. સુણજો૦ ૧૨
ઢોલ ઢોલ એમ શું કહો છો, સહુ છે ફૂટયા ઢોલ;
ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, સહુની વર્તે પોલ. સુણજો૦ ૧૩
અભિમાનના તોરે ફુલે, છે તે સાચા ઢોલ;
જેના દિલમાં વાત ન ટકતી, બોલે નિંદા બોલ. સુણજો૦ ૧૪
ઢમ ઢમ વાગી ઢોલ કહે છે, અન્તર્ દૃષ્ટિ ખોલ.
ઢોલ પોલના જેવિ દુનિયા, કરજો તેનો તોલ. સુણજો૦ ૧૫
ઢુંઢી ઢુંઢી ઢુંઢો સઘળું, ઢુંઢવું હોય તે ઢુંઢ;
અંધારે અજવાળું પેખું, એ અંતરનું ગૂઢ, સુણજો૦ ૧૬
તારૂં તારૂં શું કરે છે, ફોગટ લે અવતાર;
નહિ છે તારૂં ચેતન ચેતો પોતાને તું તાર. સુણજો૦ ૧૭
સ્થાવર સ્થાવર શું કહે છે, જગમાં તું છે સ્થિર;
સ્થિરતા સેવો સાચી સમજી, પામો ભવજલ તીર. સુણજો૦ ૧૮
દાતા દાતા શું કહો છો, દાતા જગના દાસ;
દાન કરે અન્તરના ગુણનું છોડી સઘળી આશ સુણજો૦ ૧૯
ધર્મી ધર્મી શું કહો છો, ધર્મી સહુ કહેવાય;
વસ્તુસ્વભાવે આતમ ધર્મે, વિરલા સમજે ભાય. સુણજો૦ ૨૦
નાગો નાગો શું કહો તો, નાગા જન્મે સર્વ;
નાગો નગુરા જનને સેવે, કરશો દિલમાં ગર્વ. સુણજો૦ ૨૧
નફ્ફટ નફ્ફટ શું કહો છો, નફ્ફટનો નહીં પાર.
સમજી ધર્મને પાપ કરે તે, સાચો નફ્ફટ ધાર. સુણજો૦ ૨૨
નિર્મલ નિર્મલ શું કહો છો, નિર્મલ કોઈ કહેવાય,
છલ કપટથી ન્યારો વર્તે, શુભમતિસંગ સદાય. સુણજો૦ ૨૩

ન્યાયી ન્યાયી શું કહો છો, ન્યાયીમાં અન્યાય;
પરમાતમને પ્રેમે પરખે; ભેદદૃષ્ટિથી ન્યાય; સુણજો૦ ૨૪
નીચ નીચ તું શું કહે છે; નીચા સંત સદાય;
જુઓ તાડ છે ઉંચાં કેવાં, પર્વત જો પેખાય, સુણજો૦ ૨૫
નીચ ઉંચનો ન્યાય જુબાને, જૂઠું સત્ય આચાર;
નીચા ઉંચા કુળથી માને, તે જગનો વ્યવહાર. સુણજો૦ ૨૬
પ્રેમી પ્રેમી શું કહો છો, પ્રેમ પછી છે દુઃખ;
સુખ વર્તે છે પ્રેમે દિલમાં, ભાગે સઘળી ભૂખ. સુણજો૦ ૨૭

પામર પામર શું કહો છો, પામરના શિરદાર;
આશા દાસીના જે વશમાં, તે પામર નર નાર; સુણજો૦ ૨૮
પંડિત પંડિત શું કહો છો, પંડિત પરખે સાર;
પરભાવે રમતો જે રહેવે, ફોકટ તસ અવતાર. સુણજો૦ ૨૯

પાજી પાજી શું કહો છો, પાજી પોતે પેખ;
અન્તર ગુણનું દાન કરે નહીં, સાચો પાજી લેખ. સુણજો૦ ૩૦
ફૂલણ ફૂલણ શું કહો છો, મન ફૂલે ફૂલાય,
ફૂલે નહિ જેનું મન ફંદે, ફૂલણ નહીં કહેવાય, સુણજો૦ ૩૧
બળીયો બળીયો શું કહો છો, બળીઆ ગયા મશાણ;
રાવણ પાંડવ કૌરવ યોદ્ધા, રહ્યાં નહિ નીશાન. સુણજો૦ ૩૨

ભુંડો ભુંડો શું કહો છો, ભુલ્યા તે તો ભૂંડ;
પ્રભુ ભજનમાં ભાવ ન વર્તે. તે ભવજલધિ ઝુંડ. સુણજો૦ ૩૩

ભૂલ્યો ભૂલ્યો શું કહો છો. ભૂલ્યા ભણીને વેદ;
જ્ઞાની ધ્યાની તપી જપીને. માયા આપે ખેદ, સુણજો૦ ૩૪

ભટક્યા ભટક્યા શું કહો છો. ભટકે રણનું રોઝ;
ભટક્યા નહીં તે જગમાં જોગી, કીધી આતમ ખોજ. સુણજો૦ ૩૫

ભોળા ભોળા શું કહો છો. ભોળા જન ભરમાય;
પરસ્વભાવે જે જન રમતા: ભોળા તેહ ગણાય. સુણજો૦ ૩૫

વાચક વાચક શું કહો [illegible] વાચક કંઇ [illegible];
પરપુદ્ગલ ભીખની [illegible] નાડુ દુનિયા ભટકાય, સુ૦ ૩૭
વાચક સાચા આતમજ્ઞાની. વાચે તેહ [illegible].
જ્ઞાની ધ્યાની યોગી સાધુ. જન મન વાચક રાય: સુણજો૦ ૩૮

રામા રામા શું કહો છો, રામા ભવનું મૂળ;
રામા રાગે રામ ન મળશે, અંતે મૂલંધૂલ. ... ગુણુજ્ઞે૦ ૩૯
રામ રામ જપતાં જે જાગે, દેખે જન તે રામ;
આતમ તે પરમાતમ રૂપે, સાચા જાણે રામ. ગુણુજ્ઞે૦ ૪૦
રાગી રાગી શું કહો છો, જૂઠા જગના રાગ;
આતમ રાગે જે રંગાયા, ધન ધન તે સૌભાગ્ય. ગુણુજ્ઞે૦ ૪૧
લાલચ લાલચ શું કરો છો, લાલચનો નહિ અન્ત;
લાલચ ત્યાગી વૈરાગી જગ, શોભે સાચાં સંત. ગુણુજ્ઞે૦ ૪૨
વૈરી વૈરી શું કહો છો, વૈરી આપોઆપ;
વૈર શમાવે સમતા આવે, નાસે સહુ સન્તાપ. ગુણુજ્ઞે૦ ૪૩
વેશ્યા વેશ્યા શું કરો છો, કુમતિ વેશ્યા દિલ;
વિકાર વેશ્યા વૈર ત્રેરને; ક્ષણમાં આતમ પીલ. ગુણુજ્ઞે૦ ૪૪
શાંતિ શાંતિ સહુ કહે છે, શાંતિ જાણે કોય;
શાંતિ જગની ભ્રાન્તિ હરતી, કબૂ ન દુઃખડાં હોય. સુ૦ ૪૫
સેવા સેવા શું કરોછો, સેવા કરતાં સર્વ;
પરમાતમ ગુરૂ જનની સેવા, ટાળે સઘળા ગર્વ ગુણુજ્ઞે૦ ૪૬
સાધુ સાધુ શું કહો છો, સાધુ સાધે ધર્મ;
પંચ મહાવ્રત પ્રેમે પાળે, ટાળે આઠે કર્મ ગુણુજ્ઞે૦ ૪૭
સાચું સાચું શું કહો છો, સાચું આતમ સુખ;
પરમાં સુખની આશા રાખે, પામે ભવનાં દુઃખ. ગુણુજ્ઞે૦ ૪૮
હાર્યા હાર્યા શું કહો છો, હાર્યા કામે વીર;
રાગાદિકને જીત્યા જગમાં, તીર્થંકર મહાવીર. ગુણુજ્ઞે૦ ૪૯
જ્ઞાની જ્ઞાની શું કહો છો, જ્ઞાની ગોથાં ખાય;
રાગ દ્વેષને જીતે જે જન, જ્ઞાની તેહ ગણાય. ગુણુજ્ઞે૦ ૫૦
આવ્યા આવ્યા શું કહો છો, આવ્યા ચાલ્યા જાય;
ત્રણ લોકમાં કીર્તિ જેની, આવ્યા તે સુખદાય. ગુણુજ્ઞે૦ ૫૧
બેઠા બેઠા શું કહો છો, બેઠા ઉઠે ભ્રાત;
બેઠા ક્ષાયિક ભાવે સિદ્ધો, ધન તેના અવદાત. ગુણુજ્ઞે૦ ૫૨
ઉઠયા ઉઠયા શું કહો છો, જોને ઉઠે જીવ;
ઉઠયા આતમ ભાવે સંતો, જાણી જીવને શીવ. ગુણુજ્ઞે૦ ૫૩

જોગી જોગી શું કહો છો, જોગી સાથે જોગ;
અલખ ખલકમાં સાચો સમજી, ભોગવતા નહિ ભોગ. સુ૦ ૫૪

જૂઠું જૂઠું શું કહો છો, જૂઠી જગ જંઝાળ;
જુઠામાં મારૂં જે માને, તે જન જગમાં બાળ, સુણજો૦ ૫૫

ભક્તિ ભક્તિ સેવો સજ્જન, ભક્તિ સુખનું મૂળ;
સાચા ગુરૂની ભક્તિ વણુ તે, કિરિયા જાણે ધૂળ, સુણજો૦ ૫૬

મંગલ મંગલ જિનવર જાપે, ગણજો સહુ નવકાર;
ચૌદ પૂર્વમાં મંગલ મોટું, ઉતરશો ભવપાર. સુણજો૦ ૫૭

ગુર્જર દેશે સાણંદ ગામે, ઓગણિશ ત્રેસઠ સાલ;
અષાડ સુદિ સાતમ સાંજે, સ્તવના મંગલ માલ;
સમજી ગણજો શ્રીનવકાર, તેથી ઉતરશો ભવપાર. સુણજો૦ ૫૮

ભણશે ગણશે જે જન ભાવે, તે લહેશે સુખસાર;
બુદ્ધિસાગર અવસર પામી ધર્મ હૃદયમાં ધાર;
સમજી ગણજો શ્રીનવકાર તેથી ઉતરશો ભવપાર, સુણજો૦ ૫૯

સાણંદ.

સદ્ગુરૂ સ્તુતિ પદ.

(૧૫૨)

સદ્ગુરૂની શિક્ષા સારીરે વિચારી જોજો.

તારે છે નરને નારીરે, વિચારી જોજો;
ગુરૂ જ્ઞાનીની સેવા, સાચા છે સુખના મેવા,
ગુરૂ સમજાવે હવારે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૧

ગુરૂની સાચી વાણી, શિવપુરની છે નિશાની;
તરશ્યાને જેવું પાણીરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૨

માથે ગુરૂજી ગાજે, તેની શોભા તો છાજે;
તેથી કુમતિ લાજેરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૩

ગુરૂની ભક્તિ પ્રીતિ, નાસે છે તેથી ભીતિ;
એ ઉત્તમ જનની રીતિરે, વિચારી જોજો. સદ્ગુરૂ૦ ૪

ગુરૂગમની બલિહારી, જગમાંહિ ઉપકારી;
સદ્‌ગુરૂની વાતો ન્યારીરે; વિચારી જોજો. સદ્‌ગુરૂ૦ ૫
બુદ્ધિસાગર દીવો, સદ્‌ગુરૂજી ચિરંજીવો;
ગુરૂવચનામૃત પીવોરે. સદ્‌ગુરૂ૦ ૬

સાણંદ.

સમાધિપદ.

૧૫૩.

ઓધવજી સંદેશો કહેજો સ્યામને–એ રાગ.

અન્તરના અલબેલા સાહિબ રીઝશે,
ત્યારે મારાં સઘળાં કારજ સિદ્ધજો;
અષ્ટ સિદ્ધિ ઘરમાં પ્રગટે છે ધ્યાનથી,
દાન ગુણોનું પોતાને પરસિદ્ધજો. અન્તર૦ ૧

યમ નિયમ આસનને પ્રાણાયામથી,
શરીર શુદ્ધિ થાશે ચિત્ત પવિત્રજો;
પદ્માસન સિદ્ધાસન વાળી બેસજો,
સુષુમ્ણા ભેદક આસનની રીતજો. અન્તર૦ ૨

પ્રત્યાહારે ચિત્તની સ્થિરતા સંપજે,
ધારણાયોગે ધારો અન્તર દેવજો;
ધ્યાનભેદ સમજીને ધ્યાને ધ્યાઇએ,
અન્તર આતમ પરમાતમની સેવજો. અન્તર૦ ૩

નિર્વિકલ્પ સમાધિ રૂપે સંપજે,
સુખનો દરિયો ગુણથી ભરીયો પૂરજો;
અલખ દશાની અવિચલ રટના લાગતાં,
નિર્મલ નિરખે નયણે આતમ નૂરજો. અન્તર૦ ૪

સહજ સમાધિ મોટી મનમાં માનીએ,
વળજો એની વાટે બહુલા વીરજો;
ડગે મેરૂપણ ચિત્ત ચંચલતા નવી હુવે,
ધ્યાન દશા એવી વર્તેનો ધીરજો. અન્તર૦ ૫

અનેકાન્તદૃષ્ટિથી આતમ ઓળખી,
પૂજો ધ્યાવો ગાવો શ્રી ભગવાન્જો;
નિર્નામી પણ અનેક નામો એહનાં,
ષડ્ દર્શનમાં સહુ ધ્યાવે છે ધ્યાનજો. અન્તર૦ ૬

સાતનયોથી સ્વરૂપ સમજો આતમનું,
સાપેક્ષે ષડ દર્શન આતમ સમાયજો;
સ્યાદ્વાદસત્તાથી પૂરણ પામીએ.
ભેદભાવ ઝગડા ત્યારે, દુર થાયજો. અન્તર૦ ૭

અન્તર સ્વામી સમજ્યા વિણ શું સેવના,
શ્રદ્ધા ભક્તિ પ્રીતિથી પરખાયજો;
શબ્દસૃષ્ટિ વિકલ્પ શમ્યા નિજશુદ્ધિમાં,
બુદ્ધિસાગર અન્તર્યામી ગાયજો. અન્તર૦ ૮

શાંતિઃ ૩

સાણંદ.

શક્તિપદ.

૧૫૪

ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ રાગ.

સહુ શક્તિના સ્વામી આતમ માહરા,
તારો મહિમા દીઠો અપરંપારજો;
કેવલજ્ઞાને જાણે લોકાલોકને,
ધ્યાતા પણ તું ધ્યેયસ્વરૂપી ધારજો. સહુ૦ ૧

કુમતિ સંગે રમતાં આ સંસારમાં,
પામી દુઃખો ભટક્યો વારંવારજો;
ગુરૂપ્રતાપે શુદ્ધ સ્વરૂપ નિહાળતાં,
ધન્ય દિવસને ધન્ય ઘડી અવતારજો. સહુ૦ ૨

ચમત્કાર વિદ્યા લબ્ધિનું સ્થાન તું,
ગુરૂગમ યુક્તિ ભક્તિ અર્પે સર્વજો;

પૂજા ભક્તિ ધ્યાનાશ્રય છે આતમા,
તત્ત્વજ્ઞાનથી નાસે મિથ્યાગર્વજો. સહુ૦ ૩
ચેતનશક્તિ ચેતનભાવે દેખીએ,
જડની શક્તિ જડસ્વભાવે જાણજો;
અનંત સુખનું સ્થાનક આતમ જાણીએ,
અનુભવયોગે પ્રગટે તેનું ભાનજો. સહુ૦ ૪
અખણ્ડ ઉપયોગે તું ઘટમાં જાગજે,
દુઃખમય જાણી સઘળો આ સંસારજો,
વક્તા ધ્યાતા ધ્યેય તત્ત્વની એકતા,
દ્રવ્યાર્થિકનયથી મનમાં નિર્ધારજો સહુ૦ ૫
આતમ કર્ત્તા કર્મ કરણ પણ આતમા,
સંપ્રદાનને અપાદાન પણ એહજો;
અધિકરણ પણ આતમને અવલોકીએ,
પર્યાયાર્થિકનયથી હોવે તેહજો. સહુ૦ ૬
સમજી સાતનયોથી આત્મસ્વરૂપને,
ટાળો મિથ્યાવિષયવાસના રાગજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો.
અન્તરથી કરજો સહુ માયા ત્યાગજો સહુ૦ ૭

શ્રી શાંતિઃ ૩

સાણંદ

આત્મપદ.

(૧૫૫)

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને-એ રાગ.

જ્ઞાનાનન્દી તત્ત્વસ્વરૂપી આતમા,
અન્તર્યામી પુરૂષોત્તમ ભગવાનજો;
બ્રહ્મા વિષ્ણુ શંકરને ગોપાળજી,
અનેક નામે શોભે તું ગુણવાનજો. જ્ઞાનાનન્દી૦ ૧

અન્તરદૃષ્ટિ દર્શન કીજે આત્મનું,
નાસે તેથી ભવભય ભ્રાન્તિ ભર્મજો;
સગુણ નિર્ગુણ આતમ તું સાપેક્ષથી,
અનેકાન્ત સ્વભાવી તારો ધર્મજો. જ્ઞાનાનન્દી૦ ૨

ત્હારી ભક્તિ સ્થિરતા શાન્તિ આપતી,
સ્વરૂપપ્રકાશક નિરાકાર નિર્ધારજો;
સંયમપુષ્પે પૂજો આતમરાયને,
તેથી પામો ભવસાગરનો પારજો. જ્ઞાના૦ ૩

રાગદ્વેષથી બાહરાતતમપદ જાણીને,
કરજો તેનો જ્ઞાનદૃષ્ટિથી નાશજો;
સ્થિરોપયોગે જાગો તત્ત્વ સ્વરૂપમાં,
અસંખ્યપ્રદેશે ક્ષાયિકભાવે વાસજો. જ્ઞાના૦ ૪

સામગ્રી પામીને આતમ ચેતજે.
મોહમાયાનો કરજે નહિ વિશ્વાસજો;
વિષયવિકારો વિષની પેઠે જાણજે,
પરપુદ્ગલની છોડી દેજો આશજો. જ્ઞાના૦ ૫

અખણ્ડ અવિનાશીની વાટે ચાલજે,
ષડ્દર્શનમાં સહુજન તુજને ગાયજો;
બુદ્ધિસાગર આવિર્ભાવ જગાવવા;
સત્સંગત ઉદ્યમ કરજો હિત લાયજો. જ્ઞાના૦ ૬

ૐ શાંતિ. શાંતિઃ શાંતિઃ

સાણંદ.

જાગૃતિપદ.

ચિદાનંદ ચેતનજી વ્હેલા જાગજો. એ પદ.

(૧૪૯)

આવજી વ્હેલા કહેજે સ્વામીને. એ રાગ.

ચિદાનંદ ચેતનજી વ્હેલા જાગજો
જીનનિકાના ખેલ નિરખી જાગજો:

ઉંઘ ઉંઘણુ ચારૂં છુંડી ચેતજો,
ઘેરણુ નિદ્રાવશથી દુઃખડાં માયજો. ચિદાનંદ૦ ૧
કાલ અનાદિ ઉંઘ્યો મિથ્યા રાત્રીમાં,
પરસ્વભાવે લેનો શ્વાસોશ્વાસજો;
સર્વવિઘાતક નિદ્રા દુઃખની ખાણુ છે,
શું કરશો ત્યાં સુખબુદ્ધિ વિશ્વાસજો. ચિદાનંદ૦ ૨
ભવિતવ્યતાયોગે સદ્ગુરૂસંગથી,
જાગ્યાંનાં ઘર દેખ્યો અનુભવ ભાણુજો;
સ્વતઃ પ્રકાશી ઝગઝગી જ્યોતિ આત્મની,
ઉઠયો ચેતન આળસ છંડી જાણજો, ચિદાનંદ૦ ૩
સુખની ધારા પ્રગટી સહજસમાધિથી,
શમ્યા વિકલ્પો પામી સ્થિરતાબોધજો;
વિષયવાસના આશા તૃષ્ણાપૂજના,
નાઠા દોષો મોહમાયાને ક્રોધજો. ચિદાનંદ૦ ૪
અનુભવયોગે તાળી લાગી ધ્યાનની,
બાહ્યભાવનું ભૂલાયું સહુભાનજો;
આતમરાગે રંગાણી છે ચેતના,
સેવે ઘટમાં શુદ્ધબુદ્ધ ભગવાનજો. ચિદાનંદ૦ ૫
શ્વાસોશ્વાસે સમરો શાંત કૃપાળુને,
કરશો કરૂણા પ્યારા આપોઆપજો;
હરતાં ફરતાં ખાતાં પીતાં પહેરતાં
ધંધા કરતાં સુરતાની છે છાપજો. ચિદાનંદ૦ ૬
દેહી છતાં વિદેહી પોતે એકલો.
ન્યારો અંતરથી કરતો સહુકામજો;
ક્ષયોપશમ ઉપશમભાવે છે સાધના,
દેશે દર્શન દીન દયાળુ રામજો, ચિદાનંદ ૭
સેવો ધ્યાવો બુઝો આતમરામને,
એનાથી સમજો છે જીવો સર્વજો;
જીવને શિવનો ભેદભાવ ઝગડો ટળ્યો,
બુદ્ધિસાગર નાઠો મિથ્યા ગર્વજો. ચિદાનંદ૦ ૮

સાણંદ.

स्वामीसेवक आत्मा.

स्वामीने सेवक तुं प्यारा आतमा. ॥

પદ.

(૧૫૭

ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ.

સ્વામીને સેવક તું પ્યારા આતમા,
અવ્યાપક પણ જ્ઞાને વ્યાપક સર્વજો;
અવિનાશી પણ અનિત્ય તું પર્યાયથી,
તુજને જાણ્યાં નાઠો મિથ્યા ગર્વજો. સ્વામીને૦ ૧

આતમભાવે માયા અસતી જાણીએ,
જડસ્વભાવે છતી માયાને પેખજો;
સંગ્રહની સત્તાથી એક જ આતમા,
અનેકવ્યક્તિ ભાવે આતમ દેખજો. સ્વામીને૦ ૨

નાક વિના શોભે નહિ મુખ સંસારમાં,
વર વિના શોભે નહીં જેવી જાનજો;
મીઠા વીણ ભોજનની શોભા જેહવી,
જ્ઞાન વિના આતમનું એવું જાણજો. સ્વામીને૦ ૩

જ્ઞાન વિના સાધો શું આતમ સાધના,
આતમજ્ઞાને ટળશે કર્મવિકારજો,
બુદ્ધિસાગર અવસર પામી ચેતીએ,
સદ્ગ્રંથોને સત્સંગમ આધારજો. સ્વામીને૦ ૪

સાણંદ.

वैराग्य

પદ.

(૧૫૮)

જીવ જાણે મારે મરવું નથી રે,
જેમ પીપળાના પાનને ખરવું નથી રે. જીવ૦ એ રાગ.

જીવ આવ્યો અવસર આ જાય છે રે,
શીદ માયામાં ગોથાં ખાય છે રે; જીવ૦

શાને જન્મ્યા જોને તું જીવડારે.
દેખ ઓસાઇ જાશે દીવડારે. જીવ૦ ૧
માની મોટાઈ માનવ મહાલતોરે,
અણધારે દિવસ ધશે ચાલતોરે. જીવ૦
શું ફૂલ્યો ફરે છે સંસારમાંરે,
મળ્યો માનવ ભવ નહીં હારમાંરે. જીવ૦ ૨
નામ ઠામ નિશાની રહે નહીંરે,
તારૂં આયુષ એળે જશે વહીરે. જીવ૦
મીઠી વાણી ન બોલતાં આવડીરે,
બોલે કડવી વાણી જેવી ફાવડીરે. જીવ૦ ૩
કણ ઘંટીમાં દળાય છે દેખતાંરે,
કાળ ઘંટી પીલાઈશ પેખતાંરે. જીવ૦
કર પ્રભુની ભક્તિ, જ્ઞાન ધ્યાનથીરે,
ચિત્તવાળી જૂઠા અભિમાનથીરે. જીવ૦ ૪
ચેત !! કોઇ ન કહેવા આવશેરે,
મારૂં મારૂં કરી દુઃખ પાવશેરે, જીવ૦
કર! પ્રભુ ભજન શ્વાસોશ્વાસથીરે;
વદે બુદ્ધિસાગર વિશ્વાસથીરે. જીવ૦ ૫

સાણંદ.

जगत्ना खेल छे खोटा.

ભજન.

(૧૫૯)

(પદ્મપ્રભુ પ્રાણુરે પ્યારા-એ રાગ.)

જગત્ના ખેલ છે ખોટા, કદી નહીં થાય મનમોટા. જગ૦ ૧
સદા છે દુઃખ માયામાં, સદાસુખ ધ્યાન છાયામાં;
પ્રભુનું નામ સુખ આપે, પ્રભુનું નામ દુઃખ કાપે. જગ૦ ૨

પ્રભુ ભક્તિ ન જો થાશે, તદા દિન દિન દુઃખ થાશે;
જીભલડી ગા જીનેશ્વરને, હૃદય તું દેવને સ્મરને. જગ૦ ૩
મુવા જે મોજમાં માતા, તર્યા જે દેવને ગાતા;
જગતમાં જન્મ ધાર્યો તેં, ભજન વિણ જન્મ હાર્યો તેં. જગ૦ ૪
છેવટની આંખ મીંચાશે, તદા તું ખૂબ પસ્તાશે;
હજી છે હાથમાં બાજી, કરી લે આત્મને રાજી. જગ૦ ૫
રમત ઘોડા ગમ્મત ગાડી, સુંદર શય્યા અને લાડી;
મળેલા ભોગ એ જાશે, પાછળથી કોઇ તે ખાશે. જગ૦ ૬
ગણી તું શોક દુનિયાને, પ્રભુના ભવ્ય ગુણ ગાને;
બુદ્ધ્યબ્ધિ સંતનો સંગી, ગ્રહે તે સુખ ગુણરંગી. જગ૦ ૮

ગોધાવી.

ભજન.

(૧૬૦)

ચેતતો ચેતાવું તનેરે પામર પ્રાણી—એ રાગ.

શાને તું કરે છે માયારે, નાહક પ્રાણી;
મરડી મૂછોને ચાલે, મગરૂરીમાંહિ મ્હાલે,
જવું પડે હાથ હાલેરે, નાહક૦ ॥ ૧
પ્રભુ નામ નહીં લીધું, સંતને ન દાન દીધું;
વિષયવિષ પ્રેમ પીધુંરે. નાહક૦ ૨
ભ્રાંતિમાં ભૂલી ભારી, આખી ઉમ્મર હારી;
થાશે કોણ ગતિ તારીરે. નાહક૦ ૩
બોહ તે પડે છે પાડેલા, પરના બૂરામાં ઘેલો;
મનમાં રહીને મેલોરે. નાહક૦ ૪
બીજાનું દેખીને સારૂં, મનમાં લાગે નઠારૂં;
ભલું થાશે કેમ તારૂંરે. નાહક૦ ૫
કપટથી કાળું થાશે, ધાર મન વિશ્વાસે;
પોતે તું તો છેતરાશેરે. નાહક૦ ૬

કપટ કળાને ત્યાગી, સદ્ગુરૂ શીખ માગી;
બુદ્ધિસાગર ઘટ જાગીરે. નાદુક૦ ૭

ૐ શાન્તિઃ ૩

ગોધાવી.

वैराग्य

પદ

(૧૬૧)

ચેતાવું ચેતી લેજેરે—એ રાગ.

જીવલડા પ્રભુ ભજીલેરે, અવસર આવ્યો એળે જાશે;
પ્રભુ ભજતાં દામ ન બેસે; કોટિ કર્મ કપાશે. જીવલડા૦ ૧
દુઃખ દાવાનળ ભવમાં ભમતાં, સુખ નીપજે નહીં સારૂં;
મોહ માયા ક્રોધે સપડાતાં, ભાગ્ય બગડશે તારૂં. જીવલડા૦ ૨
જૂઠી દુનિયાની બાજીમાં, મફલાઇ શું મ્હાલો;
કાળ પકડશે પલમાં આવી, સાચો મારગ ઝાલો. જીવડલા૦ ૩
વજ્ર પેટીમાં પેસો તો પણ, મરણ કદી નહિ મૂકે;
બુદ્ધિસાગર અવસર રૂડો, ચતુર થઇ શું ચૂકે. જીવલડા૦ ૪

ગોધાવી.

वैराग्य

પદ.

[૧૬૨]

ચેતાવું ચેતી લેજેરે—એ રાગ.

ગાફલ ગર્વ કરીનેરે, મનમાં મોટાઇથી ફૂલ્યો;
પ્રભુ ભજ્યાવિણ પાપ કર્મથી, ભવસાગરમાં ડૂલ્યો. ગાફલ૦ ૧ —

દગા પ્રપંચો પાપ કરીને, લક્ષ્મી ભેગી કીધી;
પરભવનું પસ્તાનું થાતાં, ખાશે કોઇક ઋદ્ધિ. ગાફેલ૦ ૨
હું પંચાતી ડાહ્યો ડમરો, હું નૃપતિ અધિકારી;
હુંહું કરતાં શ્વાસ ખસ્યાથી, ગતિ પકડશો ન્યારી. ગાફેલ૦ ૩
હુંમાં માયા હુંમાં જાયા, હુંના જગ પડછાયા;
હુંને મારૂં મૂકી દેતાં, સંતો સુખ બહુ પાયા. ગાફેલ૦ ૪
કોટિ કલ્પના કરે માનવી, કોઇ ન આવે સાથે;
બુદ્ધિસાગર ચેત્યા તે નર, જેને સદ્ગુરૂ માથે. ગાફેલ૦ ૫

સાણંદ.

कर्मभोग पद.

(૧૬૩)

અરે જીવ શીદને કલ્પના કરે—એ રાગ.

સુખ દુઃખ આવે સહુના શીરે, ભોગવ્યા વિણ તે કદી નહીં ટળે.
કોટી જન્મનાં કરેલ પાપો, અવસર આવે ફળે,
ધીરજ હારી શોક કરીને, શીદને જીવડા રડે. ભોગવ્યા૦ ૧
સીતા સતી દ્રૌપદી દમયંતી, વનવાસે રળવળે;
સુખ દુઃખ ભોગો આવે એણીપેરે, જેમ ગજેન્દ્ર કાંકુ ગળે. ભો૦ ૨
કલંક ચડ્યાં છે મહાસતીઓને, નામે મંગલ કરે;
શ્રીવીર પ્રભુના કાને ખીલા. ઠોક્યા ગોપે અરે. ભોગવ્યા૦ ૩
જરાકુમારને હાથે મરણું, થયું કૃષ્ણનું અરે;
દુઃખ આવ્યાં જ્યારે વીર પ્રભુને. સહાય કોઇ નહિ કરે. ભો૦ ૪
કર્યાં કર્મ ભોગવવાં સહુને. કોઇનું કાંઇ ન વળે;
સુખ દુઃખમાં સમભાવ વર્તે તે. મુક્તિપુરીમાં ભળે. ભોગ૦ ૫
ચેતન સુન્દર દેવા પણ જગમાં. દેખો નજરે ફરે;
બુદ્ધિસાગર સમતા સેવે. રાગ દ્વેષ નહીં છળે;
જ્ઞાનીને સુખદાઇ સહુ વિધ મળે. ભોગવ્યા૦ ૬

સાણંદ.

---

[૧૬૪]

પદમ પ્રભુ પ્રાણુસેં પ્યારા—એ રાગ.

મોને તમો સમા જાતિ, અમોને તમો સમા જ્ઞાતિ. અમોને૦ ૧
ણુ પંખી અમારાં છે, અમારાં તે તમારાં છે;
ટ્ટી કો કોઇનું વૈરી, નહીં કો કોઇનું ઝેરી;
ર્કુ જીવ મિત્ર મારા છે, મમત્વ ભાવ વિસાર્યા છે. અમોને૦ ૨
જીવોને પ્રેમથી ભેટું, અમારે કાંઈ નહિ છેટું;
અમારે સર્વથી હળવું, અમારે સર્વથી મળવું. અમોને૦ ૩
યાગંગા હૃદય વ્હેતી, અમોને પ્રેમથી કહેતી;
અમારામાં સદા ઝીલે, અનંતાં સુખ તસ દીલે. અમોને૦ ૪
અમારી આંખમાં ચંદ, અમારા નેત્રમાં ભદ્ર;
જગત્ આ ભાસતું મોટું, જગત્ આ ભાસતું ખોટું. અમો૦ ૫
અપેક્ષા જીનની સાચી; એકાંતે વાત છે કાચી;
બુદ્ધયબ્ધિ જીનની સેવા, અમારે શુદ્ધ એ મેવા, અમોને૦ ૬

સાણંદ.

---

૫૬. વેપારી ઉપર.

[૧૬૫]

ઓધવજી સંદેસો કહેજો શ્યામને. એ રાગ.

વ્યાપારી વ્યાપારે મનડું વાળજે,
કરજે ઉત્તમ સદ્‌વસ્તુ વ્યાપારજો;
કપટ કરીને છેતરજે સહુ કર્મને,
છેતરવા નહિ જીવોને તલભારજો. વ્યાપારી૦ ૧
વિવેકદૃષ્ટિથી સહુ વસ્તુ દેખજે,
સુખકર સારી વસ્તુનો કર પ્યારજો;
દાન દયા સંયમ શીયલને સત્યતા,
સમતા આદિ વસ્તુનો વ્યાપારજો. વ્યાપારી૦ ૨

સોદાગર સદ્ગુરૂજી સાચા માનજે,
લોભાદિક ચોરોનો કરજે ખ્યાલજો;
લાભ મળે તે સાચવજે ઉપયોગથી,
અન્તરૂદૃષ્ટિને કરજે રખવાળજો, વ્યાપારી૦ ૩
સ્યાદ્વાદદૃષ્ટિનાં કરજે ત્રાજવાં,
સહનશીલતા કાતર સારી રાખજો;
ગજ રાખો વ્યાપારી આતમજ્ઞાનનો,
સ્થિરતા ગાદી બેશી સાચું ભાખજો. વ્યાપારી૦ ૪
પ્રતિક્રમણના રોજમેળથી દેખજે,
દિવસમાં શું મળીઆ લાભ અલાભજો;
બાહ્ય લક્ષ્મીની ચંચલતાને વારજે,
જલનું બિન્દુ પડિયું જેવું ડાભજો. વ્યાપારી૦ ૫
દુઃખને પણ સુખ માની હિમ્મત ધારજે,
પરપરિણતિવેશ્યાનો સંગ નિવારજો;
ક્ષાયિકભાવે દાનાદિક ગુણ લાભથી,
જન્મ જરાનાં દુઃખ નાસે નિર્ધારજો. વ્યાપારી૦ ૬
માયાના વ્યાપારો ત્યાગી જ્ઞાનથી,
અન્તરના વ્યાપારે ધરજે ધ્યાનજો;
બુદ્ધિસાગર અનંત સુખડાં સમ્પજે,
આતમ થાવે સિદ્ધ બુદ્ધ ભગવાન્જો. વ્યાપારી૦ ૭

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સાણંદ.

વૈરાગ્ય.

પદ.

(૧૬૬)

જીવલડા જરૂર જાવુંરે, ફોગટ માયામાં શું ફસિયો,
માયામાં મુઝાઇ મૂરખ, લાખ ચોરાશી વસિયો—જીવ૦
મરણતણો ભય મોટો માથે, કોઇ ન આવે સાથે;
હસતાં હરશે કાળ ઝપટમાં કહ્યું ત્રિભુવન નાથે. જીવ૦ ૧

વૈદુ કરજો સૈદુ કરજો, કરજો લટપટ ચાળા,
આડી અવળી બાથભરે પણ, ભરવા પડે ઉચાળા. જીવ૦ ૨
ડાહ્યા ડમરા પર પંચાતે, કરજો કજીયા વાતે,
કાળ કાળીઓ હરશે લાતે, જાશો ખાણું ન ખાતે. જીવ૦ ૩
ચોરી ચુગલી નિંદા કીધી, પરને ગાળો દીધી,
મનમાં પાપ કરીને ભારી, નરકવાટ ઝટ લીધી. જીવ૦ ૪
પ્રભુ ભજનને ભૂલી ભોળા, દુનિયામાં ક્યાં દોડે,
બુદ્ધિસાગર માથા પથ્થરે, સીદને માથું ફોડે. જીવ૦ ૫

સાણંદ.

પ્રભુ મહાવીર પ્રાર્થના સ્તવન.

દ્વારકાંના વાસીરે અવસરીએ વહેલા આવજોરેજી—એ રાગ.

(૧૬૭)

ત્રિશલાના જાયારે, મહાવીર સ્હાયે આવજોજી,
નહીં આવો તો, થાશે સેવકના બેહાલ. ત્રિશલાના૦ ૧
દૈત્ય મહા મોહરે, વ્હાલા લાગ્યો પીડવારે,
દીધાં દુઃખ કહેતાં નાવે પાર. ત્રિશલાના૦ ૨
કામને અજ્ઞાનેરે સત્તા નિજ વાપરીજી,
બાળે ક્રોધ ઘડીઘડી હાલમાંહિ. ત્રિશલાના૦ ૩
પન્થ પાખંડ જાળેરે વીંટાયાનું ચોગથીજી,
કામ ફણીધર નાગની લાગીરે ચોટ. ત્રિશલાના૦ ૪
પંચમકાળ પૂરોરે જમ જેવો બેઠીયોજી,
સૂઝે નહિ ધર્મમાર્ગની રીત. ત્રિશલાના૦ ૫
ગાંડો ઘેલો તારોરે સેવક ત્હારો માનીનેજી,
તારો તારો ભવસાગરનીરે તીર. ત્રિશલાના૦ ૬
જગવત્સલ તારો વ્હાલાર સેવક હાથ ઝાલીનેજી,
નહીં તારો તો જશે તમારીરે લાજ. ત્રિશલાના૦ ૭
તોહ તુંહિ સમરૂંરે દુઃખીના બેલી આવજોરેજી;
શરણું એક બુદ્ધિસાગરને છે તુજ. ત્રિશલાના૦ ૮

સાણંદ.

પ્રભુ મહાવીર દેવ સ્તવન.

સોરઠ.

(૧૬૮)

વ્હાલા ત્રિશલાનંદન વીર જીનેશ્વર તારજોરે,
જાણી બાલ તમારો વિનતડી અવધારજોરે. વ્હાલા૦

રમત ગમતમાં જીવન ગાળ્યું, કામક્રોધથી મનડું બાળ્યું;
પ્યારા !! કરૂણામૃત સિંચનથી તાપ નિવારજો. વ્હાલા૦ ૧
જ્ઞાનવિના હૃદયે અંધારૂં, કરશે તુમવિણ કો અજવાળું;
સુખકર કામક્રોધ વિષયાદિક અરિ સંહારજોરે. વ્હાલા૦ ૨
ભક્તિ કરૂં ભાવે શિરસાટે, વળવા મોક્ષનગરની વાટે,
બાળક કહીને મુજને તુજ અંકે બેસારજોરે. વ્હાલા૦ ૩
પ્રેમવિના લુખીછે ભક્તિ, ગુણપર્યાયવિના જેમ વ્યક્તિ,
પ્રભુજી દીનદયાળુ અશુભવૃત્તિ સંહારજોરે. વ્હાલા૦ ૪
શરણ એક તારૂંછે સાચું, નિશદિન તુજ ભક્તિથી રાચું,
પ્રેમે બુદ્ધિસાગર બાળકને ઉગારજોરે. વ્હાલા૦ ૫

સાણંદ.

વૈરાગ્ય.

પદ.

(૧૬૯)

મરાઠી સાખી.

માનવભવ પામી સુખકારી, ચેતી લ્યો નરનારી,
જન્મ જરાનાં દુઃખડાં ટાળી, પામો ધ્રુવની તારી;
પ્રભુ ધ્યાનેરે અજરામર થઇ ઠરશો,
ભવસાગર ઝટ તરશો. પ્રભુ૦ ૧

બાગ કરાવ્યા મહેલ ચણાવ્યા, ઘમઘમ ગાડી દોડે,
જુવાનીમાં જુવતી સંગે, પરનારો મન જોડે. પ્રભુ૦ ૨

ધન છૂટે નહિ તન છૂટે પણ, કંજુસ ધર્મની વારે,
પાપકર્મમાં લક્ષ્મી ખર્ચે, બેસી પાપીપારે. પ્રભુ૦ ૩
ધર્મને ઢોંગ કરીને માન્યો, આપમતિથી ચાલ્યો,
આયુષ્ય અવધિ પૂરી થાતાં, ઠાલો માલો ચાલ્યો. પ્રભુ૦ ૪
છેલ છબીલો થઇને ફરતો, ઠમઠમ કરતો મ્હાલ્યો,
ફૈક્કડ થઇને ફૂલી ફરતો, જમડે ઝડપી ઝાલ્યો. પ્રભુ૦ ૫
જીવડા જાણી લેને જીનને, પાપીને જીન તારે,
બુદ્ધિસાગર જીનભક્તિથી, ઉતરો પેલી પારે. પ્રભુ૦ ૬

સાણંદ.

વૈરાગ્ય

૫૬.

(૧૭૦)

રાગ મરાઠી સાખી.

ભૂલી ભવ ભ્રમણા ઝંઝાળે, ઢોંગટ આયુ ગાળો,
માનો ઘર મ્હેલોને મારા, પણ ભરશો ઉચાળો;
અરે ક્યાંધીરે અક્કલ ઉંધી સૂઝી, કદી વન્ધ્યા ગાય ન દુઝી. ૧
શું? કજીયા કંકાસો કરતા, આડા અવળા ફરતા,
જન્મ્યા તેને મરવું માથે, મરવા જેવા ખરતા. અરે૦ ૨
કુટુંબ કબીલો મારો માની, સ્વારથમાં સપડાયો,
નીતિ ત્યાગી અવગુણ રાગી, લક્ષ્મીથી લલચાયો. અરે૦ ૩
લોભે લક્ષણ સઘળાં ખોયાં, અભિમાન બીજ બોયાં,
ધર્મવાત તલભાર રૂચે નહિ, કર્યાં કર્મ ન જોયાં. અરે૦ ૪
સાધુ દેખી છટકી જાતો, પાપીથી હરખાતો,
નિંદા લવરી વૈર ઝેરની, કરતો નિશદિન વાતો. અરે૦ ૫
ચેતી લેને પામર પ્રાણી, સદ્ગુરૂ શરણું તારે.
બુદ્ધિસાગર સત્સંગતિથી, ઉતરો પેલી પારે;
લેજો લ્હાયોરે આનન્દ ભવનો પ્રાણી. અરે૦ ૬

સાણંદ.

વૈરાગ્ય

પદ.

(૧૭૧)

(પરજીયાનો રાગ)

મારૂં મારૂં તમે શું કરોરે, સ્વપ્ના જેવો સંસારરે,
ઝાંઝવાના જલ જેહવું, સુખ નથી તલભારરે;
પ્રેમે પ્રભુ ગુણ ગાઈએ, કર્યું સાથે થનારરે,
ચેત્યા ચેતનને પામીયા, થયો જયજયકારરે. પ્રેમે પ્રભુ૦ ૧

ફૂલ્યો ફોગટ શું ફંદમાંરે, ફૂલે તેટલાં ફોકરે;
ઠાઠમાઠે બંધાણી ઠાઠડી, પડે પાછળ પોકરે. પ્રેમે૦ ૨
માયામાં મુંઝી શું મરોરે, બાળ મોટા મરનારરે;
મરનારાને રૂવે માનવી, રોનારાં જનારરે. પ્રેમે૦ ૩
મારૂં મારૂં જીવ શું કરેરે,—મ્હારૂં કો ન થનારરે.
મૂકી સહુ મરી ચાલવું. જોઇ ચેત નિર્ધારરે. પ્રેમે૦ ૪
અણધાર્યા એકદિન ચાલવુંરે, કેમ મુંઝે ગમારરે;
કર્યાં કર્મ તે સાથે આવશે, વ્હાલાં કરશે ન વારરે. પ્રેમે૦ ૫
સારૂં સારૂં જીવ શું કરેરે, નથી માયામાં સારરે;
જેવા ધુમાડાના બાચકા, જેવો વેશ્યાનો પ્યારરે. પ્રેમે૦ ૬
રોફ રોબડ શું મારતોરે, જોને કસઇનાં ઢોરરે,
જેવું જળોનું ફુલવું, પુંઠ જેવી છે મોરરે. પ્રેમે૦ ૭
લાખચોરાશીમાં ભમ્યોરે, વેઠયાં દુઃખ અપારરે;
પુણ્યે માનવ ભવ પામીયો, હજી હાથે ન હારરે. પ્રેમે૦ ૮
કેઇક ઘલાણા ઘોરમાંરે, કેઇ બાળ્યા મસાણરે;
જોનારાની ગતિ એહવી, જીવ જૂઠું ન જાણરે. પ્રેમે૦ ૯
સદ્‌ગુરૂ સેવા સાધનારે, ધરો ધર્મથી પ્યારરે;
બુદ્ધિસાગર ગુરૂદેવનો, ખરો મોટો આધારરે. પ્રેમે૦ ૧૦

સાણંદ.

ભકિતપદ.

રાગ ઉપરનો.

(૧૭૨)

ભક્તિ કરો ભગવંતનીરે, મન લાવીને પ્યારરે,
પ્રેમે પ્રભુપદ પૂજીએ, તજી વિરૂવા વિકારરે;
ભક્તિ જગતમાં દોહીલી, સહુ શાસ્ત્રનુંસારરે;
ટલે કોટિ જન્મની કલ્પના, સુખ શાંતિનું દ્વારરે. ભક્તિ૦ ૨
રણમાં ચડયો વીર વેગથીરે, ધરે પાંછા ન પાયરે,
શૂરે ધડથી કપાતાં શીર તે, એવો ભક્તિના ન્યાયરે. ભક્તિ૦ ૨
બળી જવાને ચાલતીરે, સતી હર્ષે હરખાયરે;
પડે તે ન્હેમાં પ્રેમથી, ગુણ તેના ગવાયરે. ભક્તિ૦ ૩
પપૈયો પિયુ પિયુ બોલતોરે, કર્યો મેઘના નેહરે,
અન્ય પાણી નહીં આભડે, પડે તોપણ દેહરે. ભક્તિ૦ ૪
તન ધન જૂઠું જાણીનેરે, દીલ લાવીને રાગરે;
સાચા સાહિબને આદરો, ધરી શ્રદ્ધા વૈરાગ્યરે. ભક્તિ૦ ૫
કાયર થઇ નહી કંપીએરે, લડો કર્મની સાથરે.
કરી કેશરીયાં જીતીયે, ઝાલો મુક્તિનો હાથરે. ભક્તિ૦ ૬
ન્હેલ રાધાવેધ સાધવોરે, પણ ભક્તિ મુશ્કેલરે,
બુદ્ધિસાગર ગુરૂસંગથી, જોતાં લાગે છે ન્હેલરે. ભક્તિ૦ ૭

સાણંદ.

પદ.

(૧૭૩)

રાગ જીંજોટી.

(નાથકૈસે ગજકો બંધ છુડાયો—એ રાગ.)

પરમપદ પરમાતમ ગુણ ગાવું. પ્રેમે નિશદિન ધ્યાવું. પરમ૦ ૧
સાર શુદ્ધ સિદ્ધાંત સકળનું, આતમ તત્ત્વ પ્રકાશ્યું;
ધ્યાતા ધ્યેયને ધ્યાન એકત્વે. સિદ્ધ સનું સુખ ભાસ્યું. પરમ૦ ૨

આતમ પરમાતમ વિવેચન, દુઃખ મમતા હરનારૂં;
અન્તર્યામી સાખ પૂરે છે, લાગ્યું મન તે પ્યારૂં. પરમ૦ ૩
ભક્તિ ધ્યાન ઉપાસના યોગે, સાચો સાહિબ સેવું;
પૂરણ તત્ત્વ સ્વરૂપે ખેલું, નિજ શક્તિ નિજ દેવું. પરમ૦ ૪
શુષ્ક જ્ઞાનથી કાજ ન સીઝે, રહેણીથી ઘટ રીઝું;
અન્તર્યામી સેવા સાધુ, ખળથી કાંઈ ન ખીજું. પરમ૦ ૫
ક્ષયોપશમથી બાહ્યરમણતા, ભવમાંહી ભટકાવે;
ક્ષયોપશમથી અન્તર્ રમતાં, સમભાવે શિવ થાવે. પરમ૦ ૬
ભાન ભૂલાતું જગત્નું જ્યારે, જાગે અનુભવ ત્યારે;
ક્ષાયિકભાવે સર્વ પ્રકાશક, ઉતરે પેલી પારે. પરમ૦ ૭
અવિહડ રાગે મન રંગાણું, અવિહડ રટના લાગી;
બુદ્ધિસાગર ધ્યાનદશાથી, અન્તર્જ્યોતિ જાગી. પરમ૦ ૮

સાણંદ.

વૈરાગ્ય.

પદ.

(૧૭૪)

(વૈદરભી વનમાં વલવલે. એ રાગ.)

જાગીને જો તું જીવડા, કોણ છે તું શું કર્મ;
ક્યાંથી આવ્યો ક્યાં જાવશે, મૂર્ખ સમજ્યો ન મર્મ. જાગીને૦ ૧

મિલ્કતમાં શું મોહીયો, જૂઠું જગનેરે જાણ;
દેહી પણ નહીં દેહ છે, પરખો દેહ પ્રમાણ. જાગીને૦ ૨

કૂડ કપટમાં કાઢતાં, કુંડા જીવતર ભાઇ;
અન્તે એકીલો આતમા, સાચી ધર્મ સગાઇ. જાગીને૦ ૩

મુંઝયો શું માયા મોહમાં, કદી મૂકે ન કાળ;
લાખો લખપતિ લોભમાં, બન્યા અંતે બેહાલ. જાગીને૦ ૪

અધરાનો શું રે આશામાં, આશાનો નહીં અંત;
ચતુર વિવેકી ચેતીને, સેવ!! સદ્ગુરૂ સંત. જાગીને૦ ૫

કાચો કુંભ કાયા કારમી, હાલી મૂકી દે ઠાઠ;
ભજી લે પ્રભુજીને ભાવથી, અરે પહોર તું આઠ. જાગીને૦ ૬
જીવતર ચાલ્યું જાય છે, જેવું નદીઓનું નીર;
ધર્મ ધરો ધરી ધ્યાનને, વારે વળજોરે વીર. જાગીને૦ ૭
આવ્યો અવસર આતમા, ભોળા ભૂલ. મા ભૂલ;
બુદ્ધિસાગર મોહબાજીમાં, અંતે ધૂળની ધૂળ. જાગીને૦ ૮

સાણંદ.

વૈરાગ્ય.

૫૬.

(૧૭૫)

(ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો. એ રાગ.)

પામર પ્રાણી ન પારખે, આવ્યો હીરલો હાથ;
કાપી અરે કલ્પવૃક્ષને, ભરે બાવળીએ બાથ. પામર૦ ૧
રાસભ સાકર શું કરે, જેને વિષ્ટાથી રાગ;
દ્રાક્ષ લુંબને શું કરે, કાળો કપટીરે કાગ. પામર૦ ૨
લાલચથી લલચાય છે, પ્રમદા દેખીને પ્રેમ;
વિરૂવા વિષયમાં વ્હાલ છે, નથી નીતિને નેમ. પામર૦ ૩
દાન દેવામાં દીનતા, પ્રભુ પૂજ્યામાં પંગ;
શેરો છે નિજ સ્વાર્થમાં, ટોલ જેવા કુઢંગ. પામર૦ ૪
આશાના આધીન છે, દયા દેવ ન દીલ;
સદ્ગુરૂ સંત ન સેવતો, જેવો વનનોરે ભિલ્લ. પામર૦ ૫
કસ્તુરીમૃગ ગંધને, લેવા મારેરે દોટ;
કસ્તુરી છે નિજ નાભિમાં, જેની વર્તે ન ખોટ. પામર૦ ૬
ભૂલ્યો પામર પ્રાણીયો, પ્રભુ પરખ્યા ન પ્રેમ;
અંતરના અજ્ઞાનથી, હાર્યો હીરલો નેમ. પામર૦ ૭
સદ્ગુરૂ શરણ કર્યા વિના, જાય જન્મારો ફોક;
બુદ્ધિસાગર મોહ બાજીમાં, ફૂલે દુનિયા ફોક. પામર૦ ૮

સાણંદ.

સાતવાર.

પદ

(૧૭૬)

(વૈદરભી વનમાં વલવલે—એ રાગ.)

સેવો સદ્ગુરૂ પ્રાણીયા, સંત સેવ્યાથી સુખ;
કોટી જન્મની કલ્પના, ટળે કર્મનાં દુઃખ. સેવો૦ ૧
આદિત્યવાર ઉપાસીએ, રૂડા આતમરામ;
સોમે સમતા શાંતિથી, કરીએ ધર્મનાં કામ. સેવો૦ ૨
શુદ્ધ બુદ્ધ પરમાતમા, બુધવારે સેવ;
ગુરૂવારે ગુણ ગાઇએ, જય જય ગુરૂદેવ. સેવો૦ ૩
શુક્રવાર સોહામણો, સુણો સૂત્ર સિદ્ધાંત;
જાગે જ્યોતિ જ્ઞાનની, ટળે ભવની ભ્રાંત. સેવો૦ ૪
શૂરા થઇએ જ્ઞાનમાં, કીજે સંતનો સાથ;
શનિવારે શુભ આતમા, કીજે હીરો હાથ. સેવો૦ ૫
કહેણી રહેણી સમ રાખીએ, રટો આતમરાય;
બુદ્ધિસાગર ભાવથી, લાગો સદ્ગુરૂ પાય. સેવો૦ ૬

સાણંદ.

સંત ઉપર.

પદ

(૧૭૭)

(વૈદરભી વનમાં વલવલે—એ રાગ.)

સંત સમાગમ દોહિલો, દોષો સહુ હરનાર;
સુધરે ક્ષણમાં આતમા, પામો ભવજળ પાર. સંત૦ ૧
નાખો અગ્નિમાં લાકડાં, તુરત ભસ્મ થનાર;
સંત સમાગમ અગ્નિથી, બળે કર્મ વિકાર. સંત૦ ૨
સ્વપ્નદશા કોટિ વર્ષની, જાગતાં તે જાય;
ગંગાજળથી નિર્મળા, સદ્ગુરૂનો ન્યાય. સંત૦ ૩

સ્પર્શમણિના સ્પર્શથી, લોહું સોનું થાય;
રવિ ઉદયે જગમાં જુઓ, સર્વત્ર જણાય. સંત૦ ૪
ઇઅળ ભમરી સંગથી, ભમરી પદપાય;
બુદ્ધિસાગર સદ્ગુરૂ, સંગત મહિમાય. સંત૦ ૫

સાણંદ.

વૈરાગ્ય

પદ.

[૧૭૮]

જાયછે જાયછે જાયછેરે, આ જુવાની ચાલી જાયછે;
પાણીના રેલો જલધિ ભરતી, આયુષ્ય ઘટતું થાયછેરે. આ જુ૦ ૧
આકાશે ચાલે વાદળીયો, જેવો વિજળી ચમકારછેરે. આ જુ૦ ૨
મનમાં જાણે થાઉંછું મોટો, ક્ષણે ક્ષણે ઘટી જાયછેરે. આ જુ૦ ૩
માયા રામા તન ધન દેખી, મૂરખ મન ભરમાયછેરે. આ જુ૦ ૪
ફુલી ફરે ફુલણજી પેઠે, રેફમાંહિ રગડાયછેરે. આ જુ૦ ૫
મનમાં જાણે મારા સરખો, જગમાં નહીં જણાયછેરે. આ જુ૦ ૬
લટપટ લટપટ ઝટમાં કરતો, જમના પાસ પકડાયછેરે. આ જુ૦ ૭
શું લેઈ આવ્યો શું લેઈ જાઇશ, ફોગટ શું ફુલાયછેરે. આ જુ૦ ૮
સદ્ગુરૂ દેવને ધર્મ ભજી લે, બુદ્ધિસાગર સુખ થાયછેરે. આ જુ૦ ૯

વિજાપુર.

શ્રીનમિનાથ સ્તવન.

(૧૭૯)

પ્રભુજી તારો વ્હાલો લાગે છે દેદાર—એ રાગ.

નમિ જીન બાજી નમેછે આવાર, પાર ઉતારો, પાર ઉતારો;
તારો તારો તારો તારો તારો પ્રભુજી આવાર. નમિ૦ ૧

લાખ ચોરાશી જીવાયોનિ, ભટકો ચાર ગમન;
પુણ્યે આવ્ય ભવ પામીને, શરણું આપું ભગવંત;
પાર ઉતારો પાર ઉતારો તારો તારો તારો તારો તારો
કરો જયકાર. નમિ૦ ૨

ચાર અતિશય જન્મથકી છે, ઓગણીશ દેવના કીધ,
કેવળ પ્રગટે અગ્યારશ જાણું, ચોત્રીશ અતિશય સિદ્ધ;
પાંત્રીશવાણી પાંત્રીશવાણી, ગુણી ગુણી ગુણી ગુણી ગુણી,
મહિમા અપાર. પાર ઉતારો, પાર ઉતારો તારો૦ નમિ૦ ૩

ચંદને ચાહે ચાતક પક્ષી, ભાણ ચાહે જેમ મોર,
તેમ પ્રભુ તુમ દર્શન ચાહું, બુદ્ધિ કહે જીનરાય;
આનંદકારો, આનંદકારો, પ્યારા પ્યારા પ્યારા પ્યારા પ્યારા.
નમિ જીનરાય—નમિ૦ ૪

વિજાપુર.

સિદ્ધાચળ સ્તવન.

(૧૮૦)

(અબ તો પાર ભયે હમ સાધુ.)

શ્રી સિદ્ધાચલ નયણે નીરખી,
સિદ્ધાચલ મુજરૂપ લહ્યુંરી;
ભવ ભય ભ્રમણા ભ્રાંતિ ભાગી,
શત્રુંજયગિરિ નામ ગ્રહ્યુંરી. શ્રી સિદ્ધાચલ૦ ૧

કર્માષ્ટક શત્રુ ભયભંજન,
વિમલાચલ મનમાંહિ વસ્યોરી;
હું તું ભેદભાવ દૂર જાતાં,
ધ્યાતાથી નહીં દૂર ખસ્યોરી. શ્રી સિદ્ધાચલ૦ ૨

સ્થિરપણે તું હૃદયે ભાસ્યો,
તુજ દર્શનથી હર્ષ ભયોરી;
અજરામર દુઃખવારક દર્શન,
કરતાં મોહ તે દૂર ગયોરી. શ્રી સિદ્ધાચલ૦ ૩

સાહુ તીરથનો નાયક તારક,
કર્મ નિવારક સિદ્ધ ખરોરી;
અજ અવિનાશી શુદ્ધ શિવંકર,
ચિદાનંદ શુભ નામ ધર્યોરી. શ્રી સિદ્ધાચલ૦ ૪

અનહદ આનંદદાયક નિર્મલ,
તુજ પ્રદેશો શાસ્ત્રે કહ્યારી;
જે દેખે તે તુજથી ન જુદો,
આપોઆપ સ્વભાવ રહ્યારી. શ્રી સિદ્ધાચલ૦ ૫

સ્થાવર તીરથ નિશ્ચય તું છે,
ત્રસ પ્રાણી તુજ સેવ કરેરી;
સ્થાવર તીરથ પોતે કોતુક,
સંગત તેહવું રૂપ ધરેરી. શ્રી સિદ્ધાચલ૦ ૬

જંગમ તીરથ ગુરૂમુખવાણી,
સુણતાં મહાતમ ચિત્ત ધર્યોરી;
નિશદિન તુંહિ તુંહિ રટણ કરૂં હું,
મન મંદિરમાં તુંહિ રહ્યોરી. શ્રી સિદ્ધાચલ૦ ૭

તીરથ તીરથ કરતો ભટક્યો,
પણ નહીં આતમ શાંત થયોરી;
મુનિરાજ શાશ્વત ગિરિ દેખી,
ભવદાવાનલ દૂર ગયોરી. શ્રી સિદ્ધાચલ૦ ૮

પાપી અભવી દુરભવી પ્રાણી,
દર્શન સ્પર્શન કણ ન કરેરી;
સહજાનંદ તીરથ એ ફરસી,
ભવપાથોધિ ભવ્ય તરેરી. શ્રી સિદ્ધાચલ૦ ૯

દ્રવ્ય ભાવથી તીરથ સમજી,
સેવો ભાવો ધ્યાન ધરોરી;
સિદ્ધાચલ આદીશ પૂજી,
બુદ્ધિસાગર શાંતિ વરોરી. શ્રી સિદ્ધાચલ૦ ૧૦

મહેસાણા.

ગુંહલી.

(૧૮૧)

જીરે પરવ પજુસણ આવીયાં, તમે ધર્મ કરો નરનાર;
ગુરૂવાણી સુણો એકચિત્તથી, જેથી પામો ભવજલપાર. જીરે૦ ૧
દેવદર્શન ટંક દો કીજીએ, પ્રભુ પૂજા કરીએ સાર;
પાપારંભનાં કામો ટાળીએ, કરો ધર્મતણો વ્યાપાર. જીરે૦ ૨
આઠ દિવસ પુણ્યે પામતાં, કરો શક્તિપણે ઉપવાસ,
શીલ પાળીએ શુભ ભાવથી, કદિ જૂઠું ન બોલીએ ખાસ. જીરે૦ ૩
પડિક્કમણું દો ટંકનું કરો, નહીં રમીએ મોહે જુગાર;
વારંવાર પજુસણ નહીં મળે, લહી માનવનો અવતાર. જીરે૦ ૪
જેવું કરશો તેવું પામશો, જાણો આ સંસાર અસાર;
જીવ એકલો આવ્યો એકલો, જશે પરભવમાં નિર્ધાર. જીરે૦ ૫
પાપ કર્મ કરી ધન મેળવ્યું, તેતો સાથ ન આવે લગાર;
ચેત ચેત ચેતાવું જીવડા, તને સાન ન આવે લગાર. જીરે૦ ૬
ઘડી લાખ ટકાની વહી જશે, નહીં મળશે ટાણું ગમાર;
રૂડું પરમ પજુસણ સેવતાં, બુદ્ધિસાગર જગ જયકાર. જીરે૦ ૭

મહેસાણા.

દેહદેરાસરમાં આતમદેવ.

(૧૮૨)

શામળીયાની પાઘડી. એ રાગ.

દેખો દેહદેરાસરમાંહિ, પરમદેવ આતમા,
વન્દો વન્દોરે ભવિક સુજાણ, ઉઠી પરભાતમાં;
દેહદેરાસર દીપતું રે, નિશ્ચયલોક મઝાર,
લોકાકાશની પેઠે તેના ચેત છે આકાર. પરમ૦ ૧
મતિશ્રુત દીવાઓ અંતરે દેખો સમકિત દ્વાર;
પેસતાં તેમાં ભલારે, દીઠા દેવ જયકાર પરમ૦ ૨

બે કર જોડી વન્દીએરે, વીર્યોલ્લાસ વધંત;
અષ્ટ પ્રકારી પૂજનારે, કીજે મન એકંત. પરમ૦ ૩
ઉપશમજલ કલશે ભરીરે, પ્રેમે કરો પખાલ;
અકિન્ચનતા કેશરેરે, પૂજો પરમ દયાલ. પરમ૦ ૪
ઉદાસીનતા પુષ્પનીરે, ગુંથી માળ ચઢાવ;
ધ્યાનધૂપ પ્રગટાવીનેરે, મોહ અશુચિ હઠાવ. પરમ૦ ૫
જ્ઞાનદીપ પ્રગટાવીએરે, થાય મહા ઉદ્યોત;
સંયમના શુદ્ધસ્વસ્તિકેરે, મળશે જ્યોતિમાં જ્યોત. પરમ૦ ૬
અનુભવ રસ નૈવેદ્યથીરે, પામો સુખ અનન્ત;
શિવફલ પૂજન સેવનારે, જે કરશે તે મહન્ત. પરમ૦ ૭
રૂપારૂપી સ્વરૂપધીરે, શક્તિ અનન્ત સહાય;
વૈખરીથી ગાવતાંરે, વચન અગોચર થાય. પરમ૦ ૮
પુષ્ટાલમ્બન જાણીએરે, સૂત્રસિદ્ધ સુખકાર;
જિનપ્રતિમા જિનવર સમીરે, પૂજો ધરી વ્યવહાર. પરમ૦ ૯
નિમિત્ત કારણ સેવતાંરે, ઉપાદાન શુદ્ધ થાય;
નયસાપેક્ષો માનતાંરે, જિનશાસન જયકાર. પરમ૦ ૧૦
ઉપાદાન સમરે યદારે, આપોઆપ પૂજાય;
બુદ્ધિસાગર સુખ લહેરે, ચિદાનન્દ ગુણગાય. પરમ૦ ૧૧

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

મહેસાણા.

आत्मानुभव.

૫૬.

(૧૮૩)

લગા કલેજે છેદ ગુરૂકારે—એ રાગ.

ભયા અનુભવ રંગ મસ્તાને, ઉસકી બાત ન બગને ધાની;
વીરરસકો નો અનુભવ જાને, મર્દજનોંકી છાતી.
પતિવ્રતા પતિમનકું જાને, કુલટા લાતો ખાતી. ભયા૦ ૧

શાબ્દિક તાર્કિક પણ્ડિત છાકે, તે પણ વહાં જઈ થાકે;
શબ્દતીર પણ જ્યાં નહિ પહોંચે, શબ્દવેધીનાં તાકે. ભયા૦ ૨
ગર્ભમાંહિ તો બોલતાને, બહિર જન્મ તબ મૂગે;
મૂગે ખાયા ગોળ ઉસકી, બાત કછૂ ન કરૂંગે. ભયા૦ ૩
જાણે સો તો કછૂ ન કહેવે, પરમારથ તસ સચ્ચા;
બુદ્ધિસાગર સદ્ગુરૂસંગે, પક્કા રહો નાહ કચ્ચા. ભયા૦ ૪

માણસા. શાન્તિઃ

શૂરાનું પદ.

(૧૮૪)

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

શૂરાની ગત શૂરા જાણેરે, ત્યાંતો કાયર થરથર કંપે;
કથા પુરાણી બહુ કરેરે, રામ રામ કીર જંપે;
પરમારથ પામે સો પૂરા, નહીં વળે કઇ ગપ્પે. શૂરાની૦ ૧
અવિહડ પ્રીત પતિશું લાગી, નિદ્રા ગઇ અબ જાગી;
જલ બીન મીન રહે ન વિખૂટું, રાગ ગયો પણ રાગી. શૂ૦ ૨
કાન આંખ બિન સારો વાલ્હમ, સુણતો ને વળી નિરખે;
રૂપાતીત પણ મ્હારો સ્વામી, રૂપારૂપીકું પરખે. શૂરાની૦ ૩
સહજ સ્વભાવે અનુભવ રસકું, પીતાં ચઢે ખુમારી;
બુદ્ધિસાગર કોટિ પ્રયત્ને, ઉતરે નહીં ઉતારી. શૂરાની૦ ૪

માણસા.

શાન્તિઃ

भिक्षुकपद.

લગા કલેજે છેદ ગુરોકારે—એ રાગ.

(૧૮૫)

ભિક્ષુક હોકર ફરી ભવાટરે, દેર દેર આશા કીધ સગાઇ;
ભટકત ભટકત ભૂલો પડિયો, ઠામ સ્થિર નહીં ઠરિયો;
રાજા પોતે ભિક્ષુક ભ્રમણા, બુદ્ધિ દુઃખનો દરિયો. ભિક્ષુ૦ ૧

માગે તેને કદી ન મળશે, મળશે તે નવી રહેશે;
આપ આપકા ખોજે ઘરમાં, આનન્દ અનહદ લેશે. ભિક્ષુ૦ ૨
ધ્યાન સમાધિ ઘટમેં લાગે, ક્ષુધા પિપાસા ભાગે;
રંગાએ તે કદિ ન રાગે, શ્વાસોચ્છ્વાસે જાગે. ભિક્ષુક૦ ૩
આશાતૃષ્ણા જોર હઠાવી, ચિત્ત નિજપદમાં રાખે;
બુદ્ધિસાગર ભિક્ષુક સચ્ચા, અનુભવ અમૃત ચાખે. ભિક્ષુ૦ ૪

માણસા.

શાન્તિઃ

आत्मामां शोध.

૫૬.

(૧૮૧)

લગા કલેજે છેદ ગુરોકારે-એ રાગ.

ઘર ખોજ્યા બિન પાર ન આવેરે, દોડત દોડત મનની દોરે;
પુસ્તક શોધ્યા વાયુ રોધ્યા, પડી ખબર નહીં ઘરકી,
સદ્ગુરૂ સંગે રહો ઉમંગે, લહો ખબર અન્દરકી. ઘટ૦ ૧
જ્યાં ત્યાં આથું મારીનેરે, ભૂલ્યો ભમે પરઘેર;
જડમાં નિજને શોધવોરે, અહો મહા અન્ધેર. ઘટ૦ ૨
મૃગલો કસ્તુરીની ગંધે, આડા અવળો દોડે;
ભ્રમણાએ ભૂલ છે તે મોટી, તોડે સો નિજ જોડે. ઘટ૦ ૩
પરનો કર્તા પરનો હર્તા, નિજગુણ સહેજે ધર્તા.
આપસ્વરૂપે આપ પ્રકાશી, સમજે સો જન તરતા. ઘટ૦ ૪
આતમ રૂચિ ગુરૂગમ કુંચી, લહી ઉઘેડા તાળું;
બુદ્ધિસાગર અવસર પામી, નિજ ઘરમાં ધનભાળું. ઘટ૦ ૫

માણસા.

ૐ શાન્તિઃ ૩

નિજદેશી પદ.

લગા કલેજે છેદ ગુરેંકારે.—એ રાગ,

(૧૮૭)

સુણ નિજ દેશી બચન હમારારે, સાથી ભમતો તું પરદેશે;
પરદેશે ગાળે દિન કલેશે, ઘડી ન સુખ વિશ્રામા;
તડકે છાંયે સુખ નહિં કયાંયે, ઠરતા નહિ એક ઠામા. સુણ૦ ૧
સગાં સંબંધી નિજ ઘર ભૂલ્યો, પરઘર દુઃખમાં ડૂલ્યો;
દુઃખમાં સુખની આશ ધરીને, ફોગટ ફૂલણ ફૂલ્યો. સુણ૦ ૨
નિજ ઘર નારી રોતી ભારી, તેને તેં વિસારી;
દુઃખમાં દિવસ ગાળે ગરીબડી, ગઇ અક્કલ કયાં તારી. સુ૦ ૩
લાખ ચોરાશી બજારમાંહિ, ભમીશ ઘાટોઘાટે;
બુદ્ધિસાગર અવસર પામી, વળજે નિજ ઘર વાટે. સુણ૦ ૪

માણસા.

ગુરૂમહિમા પદ.

લગા કલેજે છેદ ગુરેંકારે—એ રાગ.

(૧૮૮)

ગુરૂ વિના કોઇ જ્ઞાન ન પાવેરે, વાંચો પુસ્તક પોથી પાનાં;
ગુરૂની શ્રદ્ધા ગુરૂની ભક્તિ, ગુરૂ આજ્ઞા દિલ રાખે,
કુગુરૂનો ભરમાવ્યો ભમે નહિ, સો અનુભવ રસ ચાખે, ગુરૂ૦ ૧
ઉપરથી ગુરૂ નામ ધરાવે, મનમાં નહીં વિશ્વાસા;
આપમતિથી મનમાં મ્હાલે, તે નહીં ગુરૂકા દાસા. ગુરૂ૦ ૨
માધાસારે માલના જેવી, ગુરૂની ભક્તિ કરતા;
ગુરૂ વચનામૃત પીતાં પ્રાણી, અનુભવ સુખડાં વરતા. ગુરૂ૦ ૩
કાલાદિક સામગ્રીએગે, વર્તે સજ્જન પ્રાણી;
બુદ્ધિસાગર કોઇક વિરલા, સમજે ગુરૂની વાણી, ગુરૂ૦ ૪

માણસા.

ૐ શાન્તિઃ

શુષ્કજ્ઞાન પદ.

લગા કલેજે છેદ ગુરૂકારે—એ રાગ.

(૧૮૯)

શુષ્કજ્ઞાન શું કરી શકેરે, પાંખો બિન ચાલે નહીં પંખી.
તર્ક વિતર્ક વાદ વિવાદ; આપમતિને થાપે,
અંધારે અથડાણા લોકો, શુદ્ધ માર્ગ ઉત્થાપે શુષ્ક૦ ૧
સત્ય માર્ગ નહીં દીલમાં સૂઝે, ગુરૂ વચને નહીં બૂઝે,
બ્રહ્મની વાતો કરતા મિથ્યા,-પક્ષ તાણમાં ઝૂઝે. શુષ્ક૦ ૨
પરમારથ હેતુ નથી જાણે, શંકાથી મન રાંળે;
ગહન વાતને સત્યજ્ઞાનની, યુક્તિથી કોઇ તોળે, શુષ્ક૦ ૩
કરવાનું તે દીલ ન ધરતા, બ્રહ્મજ્ઞાની થઇ ફરતા;
જેમ સોઇજથી જાણે જાડો, તેમ નિજને અનુસરતા. શુ૦ ૪:
પુરૂષાર્થને પ્રેમે પકડે, નહીં પ્રીતિ જસ ઝઘડે;
બુદ્ધિસાગર આતમ જ્ઞાને, પોતાનું નહિં બગડે. શુષ્ક૦ ૫

માણસા.

आत्मगुरु पद.

કોઇ ભેદ અગમરા ખુજે, વાકું પરમબ્રહ્મ ઝટ સુજેરે હેજી-એ રાગ

(૧૯૦)

કોઇ નિજગુરૂ ઘટમાં ખુજે, વાકું અગમ પંથ ઝટ સુજેરે, હેજી
સદ્ગુરૂ સાહેબ ઘટમાં સમજી, લેના ઉસકા નામા;
અનામીકા કોઇ નામ ન જાણે, સો પરમાતમ રામા. કોઇ૦ ૧
શ્વાસોશ્વાસે નિશદિન સમરે, રહી ધ્યાને ગુલ્તાના;
અલખ નિરંજન નિર્ભયદેશી, દેખે સો મસ્તાના. કોઇ૦ ૨
લગી સમાધિ મિટગઇ વ્યાધિ, જ્યોતિ જ્યોત મિલાયાં;
રત્નત્રયીની સ્થિરતા છાજે, સોહિ ચરણ પરખાયાં. કોઇ૦ ૩

ગગન મણ્ડલમેં નોબત બાજે, જલધર નભજ્યું ગાજે;
તાળી અનુભવ રસકી લાગી, તખ્તે સ્વયં બિરાજે. કોઈ૦ ૪
સ્થિરતા સુખમાં હંસા ખેલે, ભેદ તસ વિરલા લેતા;
બુદ્ધિસાગર આત્મ ઉજાગર, દશા લહે તે ચેત્યા. કોઈ૦ ૫

ૐ શાન્તિઃ

માણસા.

आत्मपद.

(૧૯૧)

આતમ તત્ત્વ અનાદિરે, આદિ સિદ્ધપણે તસ પાઉ;
નિશ્ચયનયથી નિર્લેપી જે, આપ સ્વરૂપે ગાઉ. આતમ૦ ૧
ભૂલ્યો પણ તે નહીં ભૂલાએ, ચિદાનન્દ પદવાસી;
કાશી જમના ગંગા ઘટમાં, મિટ ગઈ ઉદાસી આતમ૦ ૨
જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિપુટી, નિત્યપણે પ્રકાશી;
જન્મ મરણની દુગ્ધા મિટ ગઈ, દિલવર્તી ઉદાસી. આ૦ ૩
સહુ ઋદ્ધિ મુજ ઘટમાં ભાસી, કોને દઉ સાબાશી;
બુદ્ધિસાગર આતમજ્ઞાને, મિટે સકલ દુઃખ રાશિ. આતમ૦ ૪

માણસા.

॥ શ્રી વીર સ્તવન ॥

(૧૯૨)

ઋષભ જીનેશ્વર પ્રીતમ માહરોરે—એ રાગ.

અનન્ત અનુપમ ગુણમય મૂરતિજી
શ્રી મહાવીર જીણંદ

સ્થાપન નિક્ષેપે ગુણ સ્મૃતિ હુવેજી
વાચક વાચ્ય સંબંધ. અનંત૦ ૧
વાચ્ય લક્ષ્ય અર્થે ગમ કેમ પડેજી,
જો નહિ શબ્દનો વૃન્દ;
શબ્દ શક્તિ વાચ્યાર્થે માનતાંજી,
સ્થાપન સિદ્ધ સંબંધ અનંત૦ ૨
નામ અરિહંત અક્ષર સ્થાપનાજી,
મૂર્તિ પણ લેખાય;
પ્રતિમા અરિહંત શબ્દે સામ્યતાજી,
ત્યાગ ગ્રહણ કેમ થાય. અનંત૦ ૩
ભાવ જીનેશ્વર ભાવી વન્દીએરે;
શ્રી લોગસ્સ મઝારે;
રૂષભાદિક વારે જીન દ્રવ્યથીરે,
આરોપણ સુખ સાર. અનંત૦ ૪
કારણ કાર્યપણે અવલોકીએજી,
ભાવ નિક્ષેપા હેત;
કારણ વિણ કારજ કહો કેમ હુવેજી,
વાચક વાચ્ય સંકેત. અનંત૦ ૫
સદ્વસ્તુ ચઉ નિક્ષેપે ખરીજી,
પુષ્ટાલંબન હોય;
ઉપાદાન શુદ્ધિ પ્રતિમાથકીજી,
કરો ન સંશય કોય. અનંત૦ ૬
મનોવૃત્તિ જેવી મનની હુવેજી,
તેવી ફળની આશ;
ઉપાદાન શુદ્ધિ ભવિ જીવનીજી,
નિમિત્ત કારણ ખાસ. અનંત૦ ૭
નામ નામ શ્રી વીરનું માહરેજી,
આલંબન સુખકાર;
બુદ્ધિસાગર પામર પ્રાણીનેજી,
જીનપ્રતિમા આધાર. અનંત૦ ૮.

ખેરવા.

ॐ શાન્તિઃ

પદ.

અવળી વાણી.

[૧૯૩]

પીપળાના ઝાડપર બેઠાં પંખી દોયરે;
તેમાં ગુરૂ ચેલો એક જ્ઞાનથી જોયરે. જીજીજી૦ ૧
અગ્નિમાંથી જળપ્રગટયું, નભ પહોંચ્યાં પાણીરે;
ગાયની કુખેથી મોટી, સિંહણ વીઆણીરે. જીજીજી૦ ૨
હોનારીને ખીલો હુવે, ભેંસ બેઠી રૂવેરે;
સતી તો વેશ્યાને ખાટે, જુગારીથી સુવેરે, જીજીજી૦ ૩
રાજાતો પ્રજાથી બીવે, અંધારૂંતો દીવેરે,
અજવાળુંતો અંધદેખે, સૈને સોય સીવેરે. જીજીજી૦ ૪
તિલોતો ઘાણીને પીલે, ઉલટી એ વાણીરે;
બુદ્ધિસાગર ત્યાં શું જાણે, દુનિયાદીવાનીરે. જીજીજી૦ ૫

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

માણસા.

अवळीवाळी.

પદ.

[૧૯૪]

લુંટાતો ધોળે દહાડેરે, ચોટા વચ્ચે રાજા ખરો,
જુએ છે અન્ધ આંખેરે, સ્વામિજીની વ્હારે ચઢો;
ક્રૂર લુંટાયા શૂર લુંટાયા, રંક અને શ્રીમાન્,
પેટ ભરીને શેઠ લુંટાયા, નાગરને નાદાન;
મારો સ્વામી ભોળોરે, પીડા એની દૂર કરો. લુંટાતો૦ ૧
બિલ્લી પાછળ ઉંદર ધાયો, ઘાસ ઢોરને ખાય,

શિલા ધોબીને ધૂવે ત્યાં, આરો કૌતુક પાય;
ભૂમિપર મીન ચાલેરે, અગ્નિએ બળે પાણી ઝરો. લુંટાતો૦ ૨
શિષ્ય ગુરૂને નિત્ય ભણાવે, વાનર ભણતો વેદ,
નાટકીયાને દુનિયા પૂજે, મોટાને મન ખેદ;
બુદ્ધિસાગર સમજીરે, માયા મહોદધિ તરો. લુંટાતો૦ ૩

ૐ શાન્તિઃ ૩

બોરીયા આજોલ.

૫૬.

અલખ દેશમેં વાસ હમારા—એ રાગ.

(૧૯૫)

અજપા જાપે સુરતારે ચાલી, ચઢી ગગન ગઢ ઠેરાણી;
ઝળહળ ઝળહળ જ્યોતિરે ઝળકી,
દુગ્ધા ભવકીરે વિસરાણી. અજપા૦ ૧
અવઘટ ઘાટે અવળી વાટે, ચડી ડુંગરપર જા બેઠી;
અસંખ્યપ્રદેશી શિવનાં દર્શન, કરવા દેવળમાં પેઠી. અજ૦ ૨
નિરાકાર નિઃસંગી નિર્મલ, આતમ દેવકું વહાં દીઠા;
સિદ્ધસનાતન નિર્ભય દેશી, શુદ્ધસ્વભાવે જે મીઠા, અજપા૦ ૩
અસંખ્યપ્રદેશી પરમાતમ સો, વીતરાગ જિન પદધારી;
પરમેષ્ઠિમય પરગટ પોતે, તખતેરે બેઠો નિર્ધારી. અજપા૦ ૪
નામ કહું તો નામ ન તેનું, બહુ નામી જગમાં ભાળું;
ગુરૂસંગસે અનુભવ પાયા, ઉઘડયું માયાનું તાળું. અજપા૦ ૫
લોકાલોકનો ભાનુ ઝળકયો, નાઠું માયા અંધારૂં.
બુદ્ધિસાગર જોતાં જાગી, શું જગ મારૂંને તારૂં. અજપા૦ ૬

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

માણસા.

આત્મપદ.

વાણીયારે મન માયા લગાડી મત જાજોરે વેપારી—એ રાગ.

(૧૦૬)

આતમારે મન પ્યારા લાગીરે તારી પ્રીતડી વૈરાગી,
યોગીરે યતિજન તને શોધતારે આતમારે;
ગુણો અવિનાશી કેરા ગાયરે વૈરાગી. આતમા૦ ૧
સાત નયોનું દુર્બીન કરીને આતમારે;
તેથી દેખુંરે ગુણ ધામરે વૈરાગી. આતમા૦ ૨
રત્ન ભરેલી પેટી પારખીરે આતમારે;
તાળાં ખોલીને ધન દેખિયું વૈરાગી. આતમા૦ ૩
ઉગ્યોરે સૂરજ જ્ઞાન દીપતોરે આતમારે;
માયા અંધારૂ નાઠું દૂરરે વૈરાગી. આતમા૦ ૪
જાગોરે યોગીજન મુનિ ચિત્ત ધરીરે આતમારે;
ત્યાગી સંન્યાસી ફકીરરે વૈરાગી. આતમા૦ ૫
માયાના સાગરને જાઓ તરીરે આતમારે;
બુદ્ધિસાગર પેલે પારરે વૈરાગી. આતમા૦ ૬

ૐ શાંતિઃ ૩

વિજાપુર (વિદ્યાપુર)

આત્મપદ.

[૧૦૭]

આતમ દૃષ્ટિ નિજગુણ સૃષ્ટિ પ્રગટી વિઘટી માયા;
છાયા ત્યાં તક સાથ રહેછે, જ્યાંતક વળગી કાયા. આતમ૦ ૧
આત્મા અસંખ્યપ્રદેશી પોતે, આપોઆપ નિહાળું;
શુદ્ધ નિરંજન આતમરાયા, હું પોતાને તારૂં. આતમ૦ ૨
જ્યાં ત્યાં ભાળે પરને પોતે, ભવ ભ્રમણામાં ઝૂલી;
સદ્ગુરૂ કહેણાં દિલ ધાર્યાં, અંતર નૈનાં ખુલી. આતમ૦ ૩

પોતાનાથી ભિન્ન ન પોતે, ભિન્નાભિન્ન સ્વરૂપી;
જ્ઞેયરૂપી જ્ઞેયથી ન્યારો, છે સ્યાદ્વાદસ્વરૂપી. આતમ૦ ૪

શ્રદ્ધા સત્ય સ્વરૂપે ભારી, નિજને પરપ્રકાશી;
ક્ષાયિકભાવે શિવસુખદાયક, ઘટમાં ઝગાકાશી. આતમ૦ ૫

નિજ ઉપયોગે ગુણનો ભોગી; નહિ રાગીને રોગી;
પરને પોતાનું જાણીને, કેમ બનું હું શોગી. આતમ૦ ૬

જાતિ ભાત ન લિંગ ન વેદી, શબ્દથકી હું ન્યારો;
બુદ્ધિસાગર અવસર પામી, ભવી આતમને તારો. આતમ૦ ૭

ૐ શાંતિઃ ૩

માણસા.

સિદ્ધાચલ સ્તવન.

(૧૯૮)

આજ મારાં નયણાં સફલ થયાં—એ રાગ.

મનના મનોરથ સવી ફળ્યા, શ્રી સિદ્ધાચલ દેખી;
અનુભવ આનંદ ઉછળ્યો, અંધ શ્રદ્ધા ઉવેખી. મન૦ ૧

સદ્ગજાનંદ શ્રીનાથજી, વિશ્વાનંદ વખાણ્યો;
શત્રુંજય શાશ્વતગિરિ, તીન ભુવનનો રાણો. મન૦ ૨

મુક્તિરાજ વિજયીસદા, અજરામરસુખવાસી;
વિમલાચલને વન્દનાં, અરે સફલ ઉદાસી. મન૦ ૩

પાપી દુરભવી પ્રાણિયા, દેખે નહિ શુદ્ધસ્થાન;
ગુરૂ ભક્તિમંત પ્રાણીઆ, પામે અમૃતપાન. મન૦ ૪

દયા દરયપદ્મ વડે, ધાય પૂજક પોતે;
રત્નચિંતામણિ હસ્તમાં, ક્યાં તું અન્યમાં ગોતે. મન૦ ૫

દર્શન દુર્લભ તાહરાં, વિરલા કોઇ પામે;
બુદ્ધિસાગર ધ્યાવતાં, મળિયા નિશ્ચય ઠામે. મન૦ ૬

ૐ શાન્તિઃ

આજોલ.

॥ શ્રી શાન્તિનાથ સ્તવન ॥

(૧૯૯)

અજિતજિણંદશું પ્રીતડી—એ રાગ.

શાંતિ જિણેસર વંદના, પૂર્ણાનંદીહો સાસય સુહઠાણ;
અપ્પડિહય શાસણધરા, શિરે ધરતાહો તિહુઅણ જન આણ. શાં૦ ૧
નિયસત્તા પ્રગટી કરી, પરસત્તાહો નિજથી કરી દૂર;
સાઈ અણંત અખ્ખયઠિઇ, શુદ્ધ, લછ્છીહો ભોગી ભરપૂર. શાં૦ ૨
કમ્મઠ્ઠયની વગ્ગણા, નાસંતાંહો નિમ્મલ નિવ્વાણ;
કેવલનાણ દિવાયરૂ, જ્યોતિજ્યોતેહો મળિયા ગુણખાણ. શાં૦ ૩
મનમંદિર મેળાપથી, મુજ સત્તાહો તુજ સરખી થાય;
બુદ્ધિસાગર સેવના, સાધ્ય સિદ્ધિહો સાધક પરખાય. શાંતિ૦ ૪

માણસા.

આત્મકથનપદ.

(૨૦૦)

ભલા જગ કોઇક મુજકું ધ્યાવે. કોઈ૦ ભલા૦
કોઈક ગાવે કોઈક ધ્યાવે, મુજઘર કોઈક આવે. ભલા૦ ૧
નાચ નચાવે કોઇક મુજકું, ભિક્ષા કોઇ મંગાવે;
કોઇક મ્હારી યાદ ન પાવે, ગમનાગમન કરાવે. ભલા૦ ૨
જાપ જપે કોઇ મ્હારે હેતે, કોઈક ટીલાં તાણે;
મતવાદી મતવાદમાં તાણે, તાણે પણ નહીં જાણે. ભલા૦ ૩
શાબ્દિક તાર્કિક પણ્ડિત મોટા, તે પણ મુજને શોધે;
મત મતાન્તર ઝઘડે પાડયો, વિરલા કોઇક બોધે. ભલા૦ ૪
નિરપેક્ષાએ વ્યાપક માને, વ્યક્તિથી તે ભૂલે;
અણુસમ આતમ કોઈક માને, તે પણ ભવમાં ઝૂલે. ભલા૦ ૫
કર્મ સહિતને કર્મ રહિત એમ; સ્યાદ્વાદથી પેખે;
અષ્ટપક્ષથી અસંખ્યપ્રદેશી, જ્ઞાને જ્ઞાની દેખે. ભલા૦ ૬

વ્યક્તિથી નહિ વ્યાપક આતમ, દેહ પ્રમાણે જાણે;
જ્ઞાને વ્યાપક સાપેક્ષે સહુ, જ્ઞાની મનમાં આણે. ભક્તા૦ ૭
પાણી કાયાથી હમ ન્યારા, પઞ્ચભૂત નહીં મારા;
બુદ્ધિસાગર અન્તર્ શોધે, ગ્રહી ગુરુગમ આધારા. ભક્તા૦ ૮

ૐ શાંતિઃ ૩
માણસા.

યોગપદ.

(૨૦૧)

કોઈ એક ભુમીયાંને અંબેર બ્યાંબા અમર ફરૂ—એ રાગ.

કોઈ એક યોગિયો વિચારેરે, આતમ અમર કરેરું,
જરા વિચારી દેહનગરીમાં જુવો ત્યારે,
અનુભવ આતમ જગાડોરે કેરું;
અસંખ્યપ્રદેશી તખતે બેઠો.
જ્ઞાનિજન હાથમાંહિ ચઢીઓરે. આતમ૦ ૧
કાયામન વાણીથકી ન્યારો પડી પડે ઘટ,
ધ્યાન સદા સુખ પાસીઃ કેરું
ગંગા યમુના તીર્થ સરસ્વતી, અંતર્ મનરે શાહીરે. આતમ૦ ૨
દિલ દરિયામાં જુવો અમ૦ રીત છે ભાઇ.
ઇચ્છુ ન કાંઈ એકાકીપણે. કેરું,
તીનભુવન જસ અંતર ભાસે. તેહિ તું અલખ લખ રે. આત૦ ૩
નહિ નામ રૂપ જેનાં અનાદિરૂપ તેરે. નહિ.
નિજમાં નિજ પરખાયરે. કેરું;
નિર્વિકારી શુદ્ધ પ્રદેશી, જ્ઞાનિજન તેહિ પરખેરે. આત૦ ૪
ધરી ધ્યાન રેકતાન કરી નિજઘરે મન.
તેહિ ગુરુને તેહિ શિષ્યરે. કેરું;
બુદ્ધિસાગર તું નિજ ઘર રમજે
સમજે તેની છે બલિહારી. આતમ૦ ૫

ૐ શાંતિ શાંતિ શાંતિ
[illegible]

॥ અધ્યાત્મપદ ॥

(૨૦૨)

અસંખ્યપ્રદેશી ક્ષેત્ર તારૂં, ઉપદેશ વૃષ્ટિ ધાર !! આતમ !!
હાંરે વીરા આજનો દિન રળીયાત. હેજી૦ ૧
ક્રિયાની કરી કોદાળીને, વિવેક બાંધો પાળ. આતમ !!
હાંરે વીરા અલખનાં બીજ વવરાવ. હેજી. અસં૦ ૨
વાડ કરો સમકિતની ત્યાં, સદ્‌ગુરૂ ટોયો મેલ; આતમ !!
હાંરે વીરા નગુરાં પંખી ઉડાડ. હેજી. અસં૦ ૩
અનુભવરસની વૃષ્ટિ થાતાં, પાકી ખેતી પૂર. આતમ !!
હાંરે વીરા સઘળી ફળી તબ આશ. હેજી. અસં૦ ૪
આત્મધર્મની ખેતી પાકી, ભાગી ભવની ભૂખ આતમ !!
હાંરે વીરા ચૂકવ્યાં દેવાં તેણીવાર. હેજી. અસં૦ ૫
આપસ્વભાવે થઇ ગયો ત્યાં, જીવ તે શિવ સ્વરૂપ. આતમ !!
હાંરે વીરા બુદ્ધિસાગર ગુણ ગાય. હેજી. અસં૦ ૬

ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

પેથાપુર.

યોગપદ

[૨૦૩]

અલખ લહેરે લાગીરે, અગમરૂપ દર્શાયું;
માયાનાં તાળાં ખુલ્યાંરે, અંતર્ધન પરખાયું. અલખ૦ ૧
નાભિકમલમાં નિરખી નયણે, ઝગમગ ઝગમગ જ્યોત;
ચઢી શિખરપર જોતાં જોતાં, થયો મહા ઉદ્યોત;
અંધારે અજવાળુંરે, બ્રહ્મગુફામાં જણાયું. અલખ૦ ૨
દુધમાં દુધ પાણીમાં પાણી, જોતાં જાણી જુદાઇ;
પંચભૂતથી ન્યારો આતમ, જડી દેહ સગાઇ;
તલમાંથી તેલ કાઢયુંરે, ઘાણીનો સંગ ત્યજાયું અલખ૦ ૩

ચાલે હાલે ખાવે પીવે, કબૂ ન ભૂલે ભાન;
વ્યવહારે વ્યવહરતો દિસે, અંતરમાં સુલતાન;
અંધા ન દેખે આંખેરે, બહેરાની આગળ બહુ ગાયું. અલખ૦ ૪
ઘૂકબાલને દિવ્ય દૃષ્ટિ થઇ, દિવાકર દેખાય;
કેફીની આગળ સત્ય કહે પણ, ગાંડુ તેહ ગણાય;
બુદ્ધિસાગર તેહુંરે, મારાતો મન સમજાયું. અલખ૦ ૫

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
લીંબોદરા.

સ્વટિપ્પણ.
શિખરપર (બ્રહ્મરંધ્રમાં આત્મોપયોગ ધારા)
નાભિકમલમાં (ચાટક)
ઝળહળ જ્યોત (આત્મઉપયોગ).

યોગપદ.

(૨૦૪)

અલખ દેશમેં વાસ હમારા—એ રાગ.

અવઘટ ઘાટ ઓળંગી હમને, બ્રહ્મગુફામેં વાસ કીયા;
માયા મમતા સબ પરહરકે, દેશ હમારા છીન લીયા અવઘટ૦ ૧
ત્રિવેણીના તીરે ન્હાઇ, પાપ પંકસબ દૂર કીયા;
બંદી પરમેશ્વરકા મારગ, ધમ રત્ન ઉપાય લીયા. અવઘટ૦ ૨
યેહ મારગ ન્યારા સબસેં, પણ શિવ મારગ નહિં ન્યારા;
વીતરાગકા બચન પ્રમાણે, સમજે તો જગકુ પ્યારા. અવઘટ૦ ૩
સચ્ચા હમ કહેતેહું છાના, સમજે જ્ઞાની મસ્તાના;
મસ્તાનાકા મારગ મુક્તિ, ના જાને તે દીવાના. અવઘટ૦ ૪
તીર્થંકરકી બાણી દીલી, પકડ સદા મુક્તિમહેલે;
મારગસચ્ચા સાહિબ સચ્ચા, વિશ્વાસાનું ઘર દીલે. અવઘટ૦ ૫
સત્ય સુનાયા કે હમ પાયા, ગુરૂગમતા લેવે જ્ઞાની;
મમકિતીનાગુરૂ પ્રતાપે, ખાન લેકે નહિ કે. છાની. અવઘટ૦ ૬
ધન ધન જગમાં એસા સંતો, સેવા કરની અનુસારી;
બુદ્ધિસાગર સાચે ભાવે, હું જાઉં નમુ બલિહારી. અવઘટ૦ ૭

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
વિજાપુર.

યોગપદ.

[૨૦૫]

ગગન તખ્તપર ઝગમગ જાગી, જ્યોત જરૂર જયકારીરે હેજી;
ઝરમર ઝરમર મેહુલા વરસે, ચમકી વિજળી સારીરે. હેજી૦
સંતો મારો અલખ જોગીશ્વર જાપ, જપે જ્યાં;
સોઽહં સમાવડ ભારીરે. હેજી૦ ૧
જુગોજુગકી ધૂન લગાઈ, આસન આશા મારીરે, હેજી૦
કર્મ લાકડાં સર્વ જલાકર, ભસ્મ શરીર પર ડારીરે, હેજી. સં૦ ૨
અંતર આતમ પરમાતમકી, ભાંગ ઘૂટકર પ્યારીરે, હેજી૦
મનપ્યાલામેં ભરકર પીતાં, ઘટમાં ચઢી ખુમારીરે, હેજી૦ સં૦ ૩
સબસે ન્યારા સબ હમમાંહિ, માયા હમસેં ન્યારીરે. હેજી૦
દુનિયાદારી દુઃખ કરનારી, ત્યાગી સબકી યારીરે હેજી. સં૦ ૪
ધ્યાનગુફામેં નિશદિન રહેણા, કોઈકુ કાંઈ ન કહેણારે હેજી૦
અનુભવ અમૃત ક્ષણ ક્ષણ પીના, કાંઈ ન લેના દેનારે. હેજી સં૦ ૫
નિર્ભયદેશે આવો મારા સંતો, આનંદકી તૈયારીરે હેજી૦
બુદ્ધિસાગર સંતો એસે, ધ્યાનદશા અતી સારીરે, હેજી. સંતો૦ ૬

સ્વ ટિપ્પણ.

ગગનતખ્ત (આત્માના અસંખ્યપ્રદેશ) જ્યોતિ. (ક્ષયોપશમજ્ઞાન.)
ઝરમર મેહુલા વરસે (આનંદની ધારા).
ચમકી વિજળી-(સ્વસ્વરૂપોપયોગ) અલખ યોગી (આત્મા).

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(પેથાપુર.)

શ્રી સીમન્ધર સ્તવન.

(૨૦૬)

શ્રી સીમન્ધર સ્વામી વીનતિ સાંભળો;
ભરત ક્ષેત્રમાં ધર્મ શુભ ઉદયતે.
કેવલજ્ઞાની વિરહે જિનની વાણીઓ;
સંશય પડતાં મત મતાંતર થાયતે. શ્રી સીમન્ધર૦ ૧

નિન્હવ પ્રગટ્યા હુંડકદાગ્રહ જોરથી,
કરી કુયુક્તિ થાપ્યા નિજ નિજ પક્ષજો;
અલ્પબુદ્ધિથી નિર્ણય કો ન કરી શકે,
નિરપક્ષી વિરલા કોઇ હોવે દક્ષજો. શ્રી સીમંધર૦ ૨

કેઇક મતિમાં આવે તેવું માનતા,
પંચાંગીના કરતા કોઇક લોપજો;
દૃષ્ટિરાગમાં ખૂંચ્યા કેઇક બાપડા;
પંચ વિષનો વ્યાપ્યો છે મહાકોપજો. શ્રી સીમંધર૦ ૩

આભિનિવેશિક જોરે જૂઠું બોલતા,
થાપે મોહે વ્યાપ્યા નિજનિજ પંથજો;
સંઘ ચતુર્વિધમાંહિ ભેદ ઘણા પડ્યા;
ઉત્થાપે કેઇ અધુના નહિ નિર્ગ્રન્થજો. શ્રી સીમંધર૦ ૪

કેઇક ક્રિયાવાદી જડ જેવા થયા,
કેઇક રાખે અધ્યાતમીના ડોળજો;
ગ્રહે એકાંતે જ્ઞાન ક્રિયાના પક્ષને,
પાખંડ ચલવે કે મોટી પોલજો. શ્રી સીમંધર૦ ૫

ભદ્રબાહુ સ્વામી આદિ શ્રુત કેવલી;
પરંપરાથી આવે જે, શ્રુતજ્ઞાનજો;
પરમ્પરા ઉત્થાપક લોપે તેહને,
કરીને વિરૂદ્ધ ભાષણ વિષનુ પાનજો. શ્રી સીમંધર૦ ૬

ઈત્યાદિક જાણો છો જિનજી જ્ઞાનથી,
કરજો સ્વામી દુષમકાળે સહાયજો.
આપ ભક્તિશક્તિસ્ફુર્તિ મતિની થતાં,
તરતમયોગે શિવમારગ પરખાયજો, શ્રી સીમંધર૦ ૭

સહુથ એકવિશવર્ષ સુધી પ્રભુ વીરનું,
શાસનસંઘ તે અવિચ્છિન્ન વર્તાયજો;
યુગપ્રધાનો થાશે આત્માર્થી ઘણા,
કારણયોગે કાર્યની સિદ્ધિ ગુહાયજો. શ્રી સીમંધર૦ ૮

—

વાચક યશોવિજયજી વચને ચાલવું,
ગુરૂપરંપરાધર્મે ક્રિયા આચારજો;
અનેકાન્ત મારગ શ્રદ્ધા સાચી ગ્રહી,
બુદ્ધિસાગર આશા શિવ સુખ સારજો. શ્રી સીમંધર૦ ૯

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સાણંદ.

॥ શ્રી વીર સ્તવન ॥

[૨૦૭]

ચરમ જિનેશ્વર શાસન નાયક વિનવું.
ચોવીસમા તીર્થંકર ત્રિશલાનંદજો;
જ્ઞાતપુત્ર મહાવીર પ્રભુજી વંદના,
ભાવદયાના સાગર સત્ય ભદન્તજો. ચરમ૦ ૧
કેવલજ્ઞાની વાણી સાચી ધારતાં,
કરી પરીક્ષા મતિ શક્તિ અનુસારજો;
પ્રગટી શ્રદ્ધા ષડ્દ્રવ્યાદિક વસ્તુની,
જાણી વાણી, પ્રગટ્યો અંતર પ્યારજો. ચરમ૦ ૨
પરંપરાગમ અનુસરીને ચાલવું,
પટ્ટપરંપર સુવિહિતસૂરિ આજ્ઞાયજો;
એવી શ્રદ્ધા વાસિત મન મારૂં સદા,
બુદ્ધિસાગર આણા ધર્મ કથાયજો. ચરમ૦ ૩

સાણંદ.

પક્ષપાતત્યાગ પદ.

(૨૦૮)

અવધુ સો જોગી ગુરૂ મેરા—એ રાગ.

અબધૂત પક્ષપાત કેમ કીજે, શું સાહિબ કહું રીજે. અ૦
પક્ષપાતમાં જગ બંધાણું, સહુ પોતાનું તાણે.
જ્યાં ત્યાં જઇને પુછીએ તો, અનુભવ એહ પ્રમાણે. અ૦ ૧

આબજુ બ્રહ્મા વિષ્ણુ વખાણે, બ્રહ્માએ જગ કીધું;
સ્વામિનારણીયા સહેજાનન્દે, મન પોતાનું દીધું. અ૦ ૨
મારી આલમઉં ખુદાદેવકી, મુલ્લાં શું સમજાવે;
કહેતા ખ્રીસ્તિ પાદરીઓ એમ, ઇશ્વર જગ નિર્માવે. અ૦ ૩
અદ્વૈતવાદી દ્વૈત ન ભાસે, કહેતા ઉલટ આણી;
ક્ષણિક આતમ સૌગત માને, મત પોતાને. તાણી. અ૦ ૪
સમેનયોંકા જ્ઞાનવિના જગ, પક્ષપાત બંધાયા;
અનેકાન્ત મારગ જબ દેખે, તબ નિરપક્ષ કહાયા. અ૦ ૫
અલખ નિરંજન પરમાતમ સો, દુનિયા નહીં નીપજાવે,
વિષ્ણુ તો નહીં આવે જાવે, કયું અવતાર ધરાવે. અ૦ ૬
ખુદા પ્રભુતો કર્મ રહિત છે, દ્વૈતપણું જગ ભાસે,
નિત્ય આતમા જન્માંતરમાં, આપસ્વરૂપ પ્રકાશે. અ૦ ૭
કાલ અનાદિ જગ એ જાણો, એહુ સ્વભાવ પ્રમાણો;
આપોઆપ સ્વરૂપે ખેલો, મનશંકા મત આણો. અ૦ ૮
રાગદ્વેષકો ત્યાગ કરીને, દેખો સહુજન સરખા;
બુદ્ધિસાગર આતમધ્યાને, પરમાતમપદ પરખા. અ૦ ૯

શાન્તિઃ

મહેસાણા.

અધ્યાત્મપદ.

(૨૦૫)

અબધૂત સોજોગી ગુરૂમેરા—એ રાગ.

હમતો દુનિયાંસે ન ડરેંગે, આતમ ધ્યાન ધરેંગે હમતો૦
નિન્દકખાંતે નિન્દા કરશે, ભક્તજનો ગુણ ગાશે;
દુનિયા દીવાની ગાંડા કહેશે, કોઇક મારગ ધારે. હમતો૦ ૧
ક્રિયાવાદી કપટી લેખે, જ્ઞાનવાદી મન ઘહેલો;
ભોગી લેખે એ ભીખારી, હટકી કહે હટકેલો. હમતો૦ ૨

દુનિયાદારી નહિ હૈ હમારી, જ્ઞાનદશા ચિત્ત ધારી;
ડાક ડમાલા મૂરખ ચાળા; એ સબ ખટપટ વારી. હમતો૦ ૩
સ્યાદ્વાદમારગ મનમાંહી, શ્રદ્ધા જીનની સાચી;
અવલંબ્યો મારગ એ મોટો, કલિકાલે પણ રાચી. હમતો૦ ૪
ચિત્ત હમારા જ્યાં રંગાયા, ત્યાં હમ રંગે રહીશું;
યોગ્ય જીવની આગળ અન્તરૂ,- તત્ત્વની વાતો કહીશું, હમતો૦ ૫
વાડામાંહિ બકરાં રહેશે, મૃગપતિ વનમાં ચરશે;
વિષ્ટાભોજન રાસભ, મૌક્તિક,-ચારો હંસ તે ચરશે. હમતો૦ ૬
ચિદ્ઘન આતમ અન્તરૂ ખોજ્યો; સ્થિરદૃષ્ટિ ચિત્ત ધારી;
બુદ્ધિસાગર શાશ્વત શિવપદ, પામી લહો સુખ ભારી. હમ૦ ૭

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

મહેસાણા.

હિતશિક્ષા (ગુંહળી.)

પદ.

(૨૧૭)

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.

સુખદાયક હિતશિક્ષા સાચી સાંભળો;
ધરજો મનમાં પ્રેમ ધરી નરનારજો.
પ્રભુ ભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો,
ફરતાં ફરતાં ગણજો મન નવકારજો. સુખ૦ ૧
નિન્દા ચાડી ચુગલી કરવી વારજો,
દ્વેષ કરો નહિં શત્રુપર તલભારજો;
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરીને કરશો નહિ આહારજો. સુખ૦ ૨
નિજ શક્તિ અનુસારે લક્ષ્મી ધર્મમાં,
વાપરશો લહી માનવ ભવ અવતારજો;

હળી મળી ગ્રંપીને ઘરમાં ચાલવું.
ઘરમાં કરશો નહિ ખટપટથી ખારજો. સુખ૦ ૩
દીન દુઃખી અનાથપર કરૂણા કીજીએ,
પર ઉપકારે પાપકર્મનો નાશ જો;
મનમાં પણ ભૂંડું નહિ પરનું ચિંતવો,
સારામાં સારૂં છે ધર્મ વિચારજો. સુખ૦ ૪
સુખની વેળા ભાગ્યથકી જો સંપજે,
ત્યારે મનમાં કરશો નહિ અહંકારજો;
દુઃખની વેળા દીલગીરીને ત્યાગીએ,
એક અવસ્થા રહે નહીં સંસારજો. સુખ૦ ૫
જુગારીની સંગત કીજે નહીં કદી,
કુમિત્રોની સોબત દુઃખ દાતારજો;
કડવી પણ હિત શિક્ષા મનમાં ધારવી,
પરનારી વેશ્યાનો ત્યજજો પ્યારજો. સુખ૦ ૬
માતપિતાની ભક્તિ કરીએ ભાવથી,
સંકટ પડતાં કરવી પરને સ્હાયજો;
નાત જાતના સ્હામા પડીએ નહિં કદી,
નિત્ય સવારે લાગો ગુરૂને પાયજો. સુખ૦ ૭
વચન વિચારી બોલો સહુ મીઠાશથી,
મોટા જનનું સાચવવું બહુમાનજો;
ગંભીર મનના થાજો સુખડાં સંપજે.
સદ્ગુરૂ ગુણનું કરવું જગમાં ગાનજો. સુખ૦ ૮
સમયસૂચકતા સમતા રાખી ચાલીએ,
ધર્મશાસ્ત્રનો ધરજો મન આચારજો;
બુદ્ધિસાગર સદ્ગુરૂ સંગતિ કીજીએ.
પામો તેથી ભવસાગરનો પારજો. સુખ૦ ૯

સાણંદ.

પતિવ્રતા સ્ત્રીવિષે.

પદ.

(૨૧૧)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

પતિવ્રતા પ્રમદાના ધર્મો સાંભળો,
પ્રભાતકાલે વ્હેલી ઉઠે નારજો;
મહામંત્ર પરમેષ્ઠીનો મનમાં ગણે,
દિન કૃત્યોનો ક્રમથી કરે વિચારજો. પતિવ્રતા૦ ૧

પ્રતિદિવસ લઘુતાથી વિનયે વર્તતી,
પ્રેમે પડતી સાસુ સસરા પાયજો;
ગૃહનાં કાર્ય કરે યતનાથી જાગીને,
વૃદ્ધબાલને ખવરાવીને ખાયજો. પતિવ્રતા૦ ૨

નણંદ જેઠાણી જેઠ દીયરને દાસીઓ,
વર્તે સદાચરણથી સહુની સાથજો;
કપટી મેહણાં સહન કરે સહુ પ્રીતથી,
નવરાશે ભજતી તે ત્રિભુવનનાથજો. પતિવ્રતા૦ ૩

બાલક બચ્ચાંને જાળવતી પ્રેમથી,
કદી ન કરતી કુકર્મસાથે પ્યારજો;
મોહું પેર કરીને સહુનું સાંભળે,
પરપુરૂષથી કદિ કરે નહિં પ્યારજો. પતિવ્રતા૦ ૪

મીઠાવચને બોલે સહુની સાથમાં,
સુખદુઃખ વેળા રાખે મન સમભાવજો;
વરની વાતો કેની આગળ નાહીં કરે,
ધર્મ કર્મનો કરતી મનમાં ઉછાવજો. પતિવ્રતા૦ ૫

નહિં પહેરે પતિને [illegible] ગર્દ કદિ,
સંકટ પડતાં પતિને કરતી સહાયજો;
આફત આવે પતિને ધીરજ આપતી,
[illegible] નહીં [illegible]. પતિવ્રતા૦ ૬

[illegible] નહિં કરે,
[illegible] નહીં [illegible]

લાજ મરે મોટાની કુલવટ સાચવી,
પતિ આજ્ઞા લોપે નહિ સુખની ખાણજો. પતિવ્રતા૦ ૭
દેવગુરૂને વંદન કરતી ભાવથી,
સદ્ગુરૂ વચનામૃત સાંભળતી પ્રેમજો;
બ્રહ્મ વ્રતોને પ્રાણાંતે પણ પાળતી,
સતીવ્રતોને સાચવતી ધરી નેમજો. પતિવ્રતા૦ ૮
ધર્મકર્મમાં સર્વ જનોને જોડતી;
બાલક બાલિકાને દેતી બોધજો;
કપરો પતિ આપે તે સર્વે સાંભળે,
પતિના સામું ન બોલે ન ધરે ક્રોધજો. પતિવ્રતા૦ ૯
સુલસા ચંદનબાલા સીતા રેવતી;
દમયંતી સુભદ્રા શુભ અવતારજો;
બુદ્ધિસાગર સતીઓ એવી શોભતી.
પાળો શીયળ કુળવંતી શુભ નારજો. પતિવ્રતા૦ ૧૦

સાણંદ.

સટ્ટાવિષે.

(પદ)

(૨૧૨)

ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ.

સટ્ટામાં બટ્ટો છે સજ્જન સાંભળો,
ચિંતાતુર મનડું રહેવે નિશદિનજો;
આશા તૃષ્ણાવૃદ્ધિ દુઃખડાં સંપજે,
કુવ્યાપારે મૂરખ પર આધીનજો. સટ્ટામાં૦ ૧
લોભનણો નહિ થોભ જુગારે જાણીએ,
ઘડી ઘડીમાં રંગ ઘણા બદલાયજો;
બીજો ધંધો સુઝે નહીં સટ્ટાથકી,
અર્ધે વાતે પૂરો વ્યસની થાયજો. સટ્ટામાં૦ ૨
મળે ન શાંતિ, સટ્ટાના વ્યાપારથી,
જાઓ અવસ્થા સટોરિયાની ઘોરજો;

જોષ જુએ કોઇ સટ્ટાના વ્યાપારમાં,
ભિક્ષા હાંલ્લુ સીંકે ચઢે નહિ સારજો. સટ્ટામાં૦ ૩
ચંચલ લક્ષ્મી સટ્ટાના વ્યાપારથી,
સમજો સમજુ મનમાં નરને નારજો;
ત્યજો વ્યસન સટ્ટાનું સમજી સત્યને,
કરો પ્રતિજ્ઞા ગુરૂ પાસે નિર્ધારજો. સટ્ટામાં૦ ૪
લોભી લક્ષ્મી લાલચથી કૂટાય છે,
ત્યાગો જૂગટું સટ્ટાના વ્યાપારજો;
બુદ્ધિસાગર ન્યાયોપાર્જિત વિત્તથી,
ધર્મબુદ્ધિ પ્રગટે સુખ મંગલમાલજો. સટ્ટામાં૦ ૫

સાણંદ.

हितशिक्षा.

॥ पतिव्रतास्त्रीविषे ॥

(२१३)

ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ રાગ.

સાચી શિક્ષા સમજુ સ્ત્રીને સાનમાં,
કદી ન કરવો પ્રાણપતિ પર ક્રોધજો.
સાસુ સસરાની હિતશિક્ષા માનવી,
પુત્ર પુત્રીને દેવો સારો બોધજો. સાચી૦ ૧
પતિ આજ્ઞાએ કારજ સહુ ઘરનું કરે,
નિંદા લવરી કરે નહીં તલભારજો;
અન્ય પુરૂષની સાથે પ્રીતિ નહીં કરે,
પતિ દુઃખે દુઃખી શીલવંતી નારજો. સાચી૦ ૨
પુત્ર પુત્રીઓ પ્રેમે પ્રમદા પાળતી,
લડે નહીં ઘરમાં કોઇની સાથજો;
નિત્ય નિયમથી ધર્મ કર્મ કરતી રહે,
સમરે પ્રેમે ત્રણભુવનના નાથજો. સાચી૦ ૩

લજ્જા રાખી બોલે મોટા આગળે,
લક્ષ્મી જેવી તેવું ભોજન ખાયજો;
લોક વિરૂદ્ધ વર્તે નહિ કુળવટ સાચવી,
કુલટાસ્ત્રીની સાથે ક્યાંયે ન જાયજો. સાચી૦ ૪
સમતા રાખે સહુ કારજ કરતાં થકાં,
શિક્ષા દેતાં કદી નહીં અકળાયજો;
ગંભીરતા રાખી વર્તે સંસારમાં,
એવી સ્ત્રીના સદ્ગુણ સર્વે ગાયજો. સાચી૦ ૫
દેવ ગુરૂને પ્રેમે ભક્તિ જેહની,
સંકટ આવે પતિને કરતી સ્હાયજો;
બુદ્ધિસાગર શીયળ પાળે પ્રેમથી,
શીયળવંતી નારી સુખડાં પાયજો. સાચી૦ ૬

સાણંદ.

હિતશિક્ષા.

સ્ત્રીધર્મવિષે

(૨૧૪)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

શાણી સ્ત્રીને શિખામણ છે સહેજમાં
શીયળપાળો ધારી મનમાં ટેકજો;
શ્રદ્ધા ભક્તિ વિનય વિચારે ચાલવું,
સત્યાસત્યનો મનમાં કરી વિવેકજો. શાણી૦ ૧
દયાદાન આભૂષણને કરી ધરો,
ક્રોધાવેશે કદી ન દેવી ગાળજો;
દેરાણી જેઠાણી સાથે સંપીને,
વર્તે કરતી કુટુંબની સંભાળજો. શાણી૦ ૨
કુળ લજ્જાથી કદી પાપ ન કરજો,
પ્રાતઃકાળે વહેલી જાગે પ્રભુજો;

અભક્ષ્યભક્ષણ પ્રાણાંતે પણ નહીં કરે,
દેવ ગુરૂનાં દર્શન કરીને ખાયજો. શાણી૦ ૩

રડવું રોવું નિર્લજ વાણી ભાખવી,
કરતી તેનો સત્ય ટેકથી ત્યાગજો;
સારી સ્ત્રીની સોબત કરતી પ્રેમથી,
વીતરાગ ધર્મે વર્તે મન રાગજો. શાણી૦ ૪

પાડોશીની સાથે વર્તો પ્રેમથી,
પર પુરૂષની સાથે હાસ્ય નિવારજો;
મિષ્ટ વચન સમતાથી હરખે બોલતી,
ધન ધન એવી સ્ત્રીનો જગ અવતારજો. શાણી૦ ૫

નિંદા ઝગડા વૈર ઝેરથી વેગળી,
સહુના સારામાં મનડું હરખાયજો;
બુદ્ધિસાગર બાળક ગુરૂણી માત છે,
સારી સ્ત્રીથી કુટુંબ સુખિયું થાય જો. શાણી૦ ૬

સાણંદ

॥ પુત્રીને માની શિખામણ. ॥

[૨૧૫]

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

શિક્ષા બાલીકાને માતા આપતી,
સંગત સારી બાલીકાનો રાખજો;
કરો વિનય મોટાંનો હરખી હેતથી,
દુર્ગુણોને મનથી કાઢી નાખજો. શિક્ષા૦ ૧
ભણવી વિદ્યા ચીવટ રાખી વ્હાલથી,
કદી ન રાખો ગાળ દેવાની ટેવજો;
વ્હેલાં ઉઠી અભ્યાસે મન વાળવું,
માત પિતાની કરવી પ્રેમે સેવજો. શિક્ષા૦ ૨

માત કહે તે કાર્યો કરતી પ્રેમથી,
માત પિતાને કરવા નિત્ય પ્રણામજો;
નવરાં આથડવું નહિ પરના આંગણે,
દેવગુરૂનાં સ્મરવાં પ્રાત: નામજો. શિક્ષા૦ ૩

રોવું રીસાવું નહિં હઠથી દીકરી,
જૂઠું ચોરી ચુગલી કરજે ત્યાગજો;
વિદ્યાની ખામીથી મૂર્ખી સહુ કહે,
કરજે સાચો ધર્મમાર્ગથી રાગજો. શિક્ષા૦ ૪

નિત્ય નિયમથી સહુકૃત્યો કરવાથકી,
હળવે હળવે કાર્યો સર્વે થાયજો;
બુદ્ધિસાગર શિક્ષા માની માનતાં,
દીકરી ગુણિયલ કુટુંબમાંહી ગણાયજો. શિક્ષા૦ ૫

સાણંદ.

॥ પુત્રને પિતાની શિખામણ. ॥

[૨૨૬]

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

પિતા કહે છે પ્રેમપાત્ર નિજ પુત્રને,
કરજોડીને સાંભળજે મુજ પુત્રજો;
કુળદીપક થાવાને વિદ્યા શિખવી,
ધર્મ નીતિથી સાચવવું ઘર સૂત્રજો. પિતા૦ ૧

વિદ્યા ધન મોટામાં મોટું જાણજે,
એક ચિત્તથી કર તેનો અભ્યાસજો;
નિંદા લબરી જૂઠું ચોરી ત્યાગજે,
ગુરૂ વચનનો મન મંદિર વિશ્વાસજો. પિતા૦ ૨

વિનયવંતને અર્પે વિદ્યા શારદા,
વિનય મંત્રથી દેવી વશમાં થાયજો;
માતપિતાને પાયે લાગો પ્રેમથી,
હરખી અડસઠ તીરથમાંહિ ન્હાયજો. પિતા૦ ૩

હળીમળીને ચાલો સહુની સાથમાં,
કદી ન કરવો ક્રોધે કડવો કલેશજો;
સગાં સંબંધી મિત્રાદિકની સાથમાં,
રીસાવાની ટેવ ન રાખો લેશજો. પિતા૦ ૪

રમત ગમતમાં ફોગટ કાળ ન ગાળવો,
માતપિતાને પૂછી કરવાં કામજો;
સટેલ શઠ મિત્રોની સોબત ત્યાગવી,
વાપરજો નહિ આડે રસ્તે દામજો. પિતા૦ ૫

ભવિષ્યની આબાદી દોલત દેશની,
દેશોન્નતિ નિશાની બાલક ધારજો;
શ્રદ્ધાભક્તિ દેવગુરૂમાં રાખજે,
ધરજે દીલમાં ધર્મકર્મનો પ્યારજો. પિતા૦ ૬

ધર્મસૂત્ર સદ્ગુરૂની પાસે શીખવાં,
દેવગુરૂને વંદન કર ત્રિકાલજો;
કેફી વસ્તુ દારૂ માંસ નિવારજે,
સહુની સાથે કરજે સાચું વ્હાલજો. પિતા૦ ૭

ક્રોધ માન માયાને ત્યાગી ટેકથી,
સદ્ગુણ માલા કંઠે ધરજે સારજો;
બુદ્ધિસાગર એવા પુત્રો પાકશે,
ત્યારે થાશે દેશોદય ઉદ્ધારજો. પિતા૦ ૮

સાણંદ

॥ શિષ્યને સદ્ગુરૂની શિક્ષા. ॥

(૨૧૭)

ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ રાગ.

સદ્ગુરૂ દેછે શિક્ષા શિષ્ય પ્રતિમુદા,
નમન કરીને શિષ્ય સુણે કર જોડજો;
સર્વ જીવની સાથે મૈત્રી ભાવના,
કદી ન કરજે યોગી યતિથી હોડજો. સદ્ગુરૂ૦ ૧

॥ પુરૂષના ધર્મવિષે. ॥

(૨૧૮)

ઓધવજી સન્દેશો કહેજો શ્યામને—એ રાગ.

સમજુ નરને શિખામણ છે સાનમાં,
કરે નહિ પરલલના સાથે પ્યારજો;
હાંસી ઠઠ્ઠાં પરસ્રી સાથે નહીં કરે,
કામી નરનો ધિક્ક ધિક્ક અવતારજો. સમજુ૦ ૧

છેલ છબીલો કૂલકલંકી નહીં હુવે,
વિચારીને બોલે સારા બોલજો;
કહેતો જેવું તેવું મનથી પાળતો,
એવા નરનો જગમાં વધતો તોલજો. સમજુ૦ ૨

મદિરાપાની લંપટસંગત નહીં કરે,
કુલવટથી ચલવે જગમાં વ્યવહારજો;
ન્યાયવૃત્તિથી ધંધો કરતો સત્યથી,
ન્યાય લક્ષ્મીના ભોજનથી આહારજો, સમજુ૦ ૩

સહુની સાથે વર્તે મૈત્રીભાવથી,
માત પિતાને નમન કરે હિત લાયજો;
મોટા જનનું માન કરે તે પ્રેમથી,
કલંક આળ ચઢે ત્યાં કબુ ન જાયજો. સમજુ૦ ૪

આડ રસ્તે લક્ષ્મી ખરચે નહીં કદી,
જ્ઞાત જાતિનો કરે તેહ ઉદ્ધારજો;
દુ:ખી દીનને સ્હાય, શક્તિથી આપતો,
કુટુંબ જનની સાથે રાખે પ્યારજો. સમજુ૦ ૫

પૂજ્ય ગુરૂને વંદન કરે બહુ ભાવથી,
સદ્દગુરૂ શિક્ષા શ્રવણ કરે હિત લાયજો;
વૈયાવચ્ચ કરે શ્રી સદ્દગુરૂરાયનું,
સાધર્મીને દેખી મન હરખાયજો. સમજુ૦ ૬

પુત્ર પુત્રીને સમજણ આપે પ્રેમથી,
ગંભીર મનથી વર્તે સહુની સાથજો;

॥ લક્ષાધિપતિયોને હિતશિક્ષા. ॥

(૨૧૯)

ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ.

હે લક્ષાધિપતિયો !! જગમાં શું રહ્યા,
ક્યાંથી આવ્યાને ક્યાં જશો ભવ્યજો;
શાને માટે જન્મ્યા જાગી જાણજો,
સમજો જગમાં શું સારૂં કર્તવ્યજો. હે લક્ષા૦ ૧

શેર એક દારૂનો નીશો જે ચડે;
લાખોપતિને તેવું ધનનું ઘેનજો,
ધનના ઘેને ઘેરાયો અહંકારમાં;
એવા નરને પડે ન ક્યાંયે ચેનજો. હે લક્ષા૦ ૨

ગાડી વાડી લાડીમાં ગુલતાન છે,
પૈસા માટે પાપ કરે નિશદીનજો;
વૈરાગ્યે મન વાળે ક્યાંથી પ્રાણિયા,
વ્યાપારે વર્તે વૃત્તિ લયલીનજો. હે લક્ષા૦ ૩

પૈસાને પરમેશ્વર માન્યો પ્રેમથી,
સ્રીને ગુરૂ માની કરતા તસ સેવજો;
રાત દિવસ લોભે લલચાયો લાલચુ;
એક ચિત્તથી સેવે નહિ જિન દેવજો. હે લક્ષા૦ ૪

ધર્મ કર્મને મૂકી ક્યાં અથડાઓ છો,
પદવી પુચ્છે મળતું શું ઉપમાનજો;
દુનિયાના માને શું મન મલકાઓ છો;
લક્ષ્મી દેખી શું થાવો ગુલતાનજો. હે લક્ષા૦ ૫

મરતાં લક્ષ્મી સાથ ન આવે જાણજો,
હાય હાય કરતો જઇશ તું એક જો;
લક્ષ્મી લાલચે લોભ વધે છે સોગણો,
સત્યાસત્યનો દિલમાં કરો વિવેકજો. હે લક્ષા૦ ૬

લક્ષાધિપતિયોની રાખો થઇ ગણી,
મરતાં તેવી રાખ તમારી થાયજો;

ચેતો ચેતો વૈરાગી થઇ જાગજો;
નહિ ચેતે તે પાછળથી પસ્તાયજો. હે લક્ષ્મ૦ ૭
સાત ક્ષેત્રમાં લક્ષ્મી ખર્ચો ભાવથી,
દુઃખી જનનો કરજો ઝટ ઉદ્ધારજો;
ફોગટ લક્ષ્મી ખર્ચો નહીં કુક્ષેત્રમાં,
પુણ્ય કર્યાથી સ્વર્ગાદિક અવતારજો. હે લક્ષ્મ૦ ૮
શરીર ન્યારૂં લક્ષ્મી ન્યારી ઉપરે,
એકીલો જીવ જાશે કોઇ ન સાથજો;
ધર્મ કરી લ્યો સદ્‌ગુરૂગમથી પ્રાણિયા,
સેવો શ્રી કરૂણાલુ જિનવર નાથજો. હે લક્ષ્મ૦ ૯
ધર્મ કરંતાં સુખિયા જગમાં પ્રાણિયા,
શાશ્વત સુખડાં સાહેજે તેથી થાયજો;
બુદ્ધિસાગર અવસર પામી ચેતજો,
પામો જલ્દી શિવસંપદ સુખદાયજો. હે લક્ષ્મ૦ ૧૦

ૐ શાન્તિઃ શાન્તિઃ

॥ શ્રાવકનું વર્ણન. ॥

પદ.

(૨૨૭)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

મહાણુ ગંભીર શ્રાવક સુજાણ છે,
જીવ દયાળુ ઘરમાં સત્ય વિવેકજો;
નવ તત્ત્વાદિક સમજે ગુરૂગમ જ્ઞાનથી;
જૈન ધર્મની સાચી મનમાં ટેકજો. મહાણુ૦ ૧
જીનવર દેવ મહાથી તેહ સનાથ છે,
અનાથ નહીં કહેવાતો શ્રાવક પુત્રજો;
કરે કમાણી ન્યાયથી સંસારમાં,
સંતોષે મહાલે છે ઘરનું સૂત્રજો. મહાણુ૦ ૨
મુનિની પાસે વ્રત ઉચ્ચરતો બારથી,
લીધાં તેવાં વ્રત પાળે સુખકારજો;

સાધર્મીને દેખી મન હરખાય છે,
ભક્તિથી કરતો તેનું બહુ માનજો. શ્રદ્ધાળુ૦ ૩
સત્ય મનોરથ મુનિવ્રતનો દીલમાં કરે,
કારાગૃહ સમ જાણે આ સંસારજો;
જલ પંકજવત્ ન્યારો અન્તરથી રહે,
સંકટ પડતાં ધરે ધીરજ નિર્ધારજો. શ્રદ્ધાળુ૦ ૫
સદ્ગુરૂ મુનિને ખમાસમણ દે ભાવથી,
ગુરૂસાક્ષીએ કરતો પ્રત્યાખ્યાનજો;
પ્રતિક્રમણ સામાયિક સમજીને કરે,
ધર્મ કર્મમાં નિશદિન રહે ગુલ્તાનજો. શ્રદ્ધાળુ૦ ૬
નિન્દા લવરી ચાડી ચુગલી નહિં કરે,
પ્રિય સાચથી બોલે રૂડા બોલજો;
ચોરી જારી પાપ કરે નહિં સ્વપ્નમાં,
જૈનધર્મનો વધતો તેથી તોલજો. શ્રદ્ધાળુ૦ ૭
જીનપ્રતિમાને પૂજે જે બહુમાનથી,
જીનની આણાએ સમજે જે ધર્મજો;
દાન દિયે મુનિવરને જે બહુમાનથી,
એવા શ્રાવક પામે શાશ્વત શર્મજો. શ્રદ્ધાળુ૦ ૮
તન મન ધનથી જૈનધર્મ વૃદ્ધિ કરે,
ગુરૂ આણાએ ધર્મ કરે સુખકારજો;
બુદ્ધિસાગર શ્રાવક એવા પાકશે,
ત્યારે થાશે જૈન ધર્મ ઉદ્ધારજો. શ્રદ્ધાળુ૦ ૯

॥ વ્યવહાર ધર્મારાધનવિષે. ॥

પદ.

(૨૨૧)

(રાગ ઉપરનો)

સાચી શિક્ષા સાંભળજો સહુ વ્હાલથી,
નય વ્યવહારે ધરવો ધર્માચારજો;
પુષ્ટાલમ્બન નિમિત્ત કારણ સેવના,
એહિજ વ્યવહારે વર્તો સુખકારજો. સાચી૦ ૧

દેવગુરૂની શ્રદ્ધા સાચી રાખજો,
ધર્મક્રિયાથી નિર્મલ આતમ થાયજો;
સમજો હેતુ ધર્મક્રિયાના, ભાવથી;
ધર્મક્રિયામાં અભ્યાસી સુખ પાયજો. સાચી૦ ૧

ઉદ્યમની બળવત્તા સાચી માનજો,
ધર્મોદ્યમથી સફલ હુવે અવતારજો;
શૂરા થઇને આળસ ત્યાગી સેવીએ,
જૈનધર્મને ભવોભવમાં સુખકારજો. સાચી૦ ૩

ભવિતવ્યતા માનંતાં એકાંતથી,
આલસનું ઘર બનશો સજ્જન ભવ્યજો;
સેવો ઉદ્યમ સમજો સાચા તત્ત્વને,
સંયમપુષ્ટિકર સુંદર કર્તવ્યજો. સાચી૦ ૪

નયવ્યવહારે શાસન ચાલે વીરનું,
જંગમ તીર્થોન્નતિ વ્યવહારે થાયજો;
શ્રાવક સાધુધર્મે પણ વ્યવહાર છે.
પૂજા ભક્તિ વ્યવહારે જયકારજો. સાચી૦ ૫

નિશ્ચયનય જાણી તજતાં વ્યવહારને.
હોવે તેથી ધર્મ તીર્થ ઉચ્છેદજો;
બે નય માને ધર્મકર્મની સાધના,
નાસે તેથી જન્મમરણના ખેદજો. સાચી૦ ૬

દુનિયાના વ્યવહારે વર્તો ભાવથી.
ધર્મતણા વ્યવહારે શંકા થાયજો;
તે પણ મિથ્યા ભ્રમણા જાણી ત્યાગજો,
નયવ્યવહારે ઉદ્યમથી સુખ પાયજો. સાચી૦ ૭

બે નય માને અનેકાન્તની સિદ્ધિ છે,
જ્ઞાનક્રિયાથી શાશ્વત મુક્તિ થાયજો;
બુદ્ધિસાગર અંતરમાં અધ્યાત્મથી.
વર્તો બાહિર વ્યવહારે હિત થાયજો. સાચી૦ ૮

॥ પદ ॥ ॥ મૂર્ખવિષે. ॥

(૨૨૧)

હવે મને હાર નામશું નેહ લાગ્યો-એ રાગ.

મૂર્ખની સંગત કોઇ ન કાળમાં છે સારી,
આપે છે દુઃખ બહુ ભારીરે. મૂર્ખ૦

વિનય વિવેકનું નામ ન જાણે,
પોતાનો મત તાણે;
બોલ બોલ્યામાં કંઇ ન સમજે,
કાળ ઉચિત નહિ જાણેરે. મૂર્ખ૦ ૧

મૂર્ખ મિત્ર ન સારો જગતમાં,
અરિ પણ પંડિત સારો;
મૂર્ખ શીરે કંઇ શૃંગ ન ઉગે,
લક્ષણથી અવધારોરે. મૂર્ખ૦ ૨

વાત વાતમાં લડી પડે છે,
વિવાહની વરશી તે વાળે,
ભોળપણથી ભરમાવ્યો ભમે છે,
ચાલે છે ડાકડમાલેરે. મૂર્ખ૦ ૩

રીસાય છે રૂડી વાત કહ્યાથી તે,
પોતાની હઠ નહીં મૂકે;
માને પોતાને ડહાપણ દરિયો,
પરઉપકારમાં તે ચૂકેરે. મૂર્ખ૦ ૪

દારૂપાની સડેલ શઠને,
મૂઢની સંગત ખોટી;
ખરા રંગમાં તો ભંગ જ પાડે,
સમજો વાત આ તો મોટીરે. મૂર્ખ૦ ૫

વન વગડામાં વાસ જ સારો,
મૂઢની સંગત વારો;
બુદ્ધિસાગર અવસર જ્ઞાતા,
જ્ઞાની સંગત દિલ ધારોરે. મૂર્ખ૦ ૬

॥ पद. सिद्धोचाल ! ! !॥

(२२२)

(હવે મને-એ રાગ.)

અવળો શું ચાલે, ચેતન ચાલ શિવ વાટે,
તત્ત્વસ્વરૂપ હિતમાટેરે. અવળો૦
માયાના પાશમાં નિશદિન ઝૂલ્યો,
ભણી ભણતરને શું ભૂલ્યો;
માયાના ફંદમાંરે ફોગટ ફુલ્યો,
ડહાપણના દરિયે તું શું ડૂલ્યોરે. અવળો૦ १
અલખ સ્વરૂપી આતમરાયા,
નિર્લયદેશ સુહાયા;
બુદ્ધિસાગરધ્યાન ધર્યાથી,
અનુભવ આનંદ પાયારે. અવળો૦ २

पद. मुसाफर

(હવે મને હરિ નામશું નેહુ લાગ્યો-એ રાગ.)

(२२३)

મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો,
માને શું મોહે મારો મારોરે. મુસાફર૦
લાખ ચોરાશીમાં દેહ ધર્યા બહુ,
જન્મ જરા દુઃખ પામી;
માનવભવ એળે ચૂક ન જીવડા,
ભજી લેને અંતર્યામીરે. મુસાફર૦ १
કાયા મહેલનો કાંઈ ન ભરૂસો,
જલમાં ઉઠેલ પરપોટો,
અમૂલ્ય શ્વાસોશ્વાસ વહે છે,
મૂરખ વાળ નહિ ગોટોરે. મુસાફર૦ २

કળા કરો કાયામાટે કરોડ પણ,
તારી ન થાય કોઈ કાળે;
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નિજ.
પડ નહિ મોહની જંજાળેરે. મુસાફર૦ ૩

આરે જગતમાં જન્મીને જીવડા–શું ?
ધર્મ સાધન તેં તો સાધ્યું;
ક્ષણ ક્ષણમાં ભૂલ્યો ભાન પોતાનું,
મનડું તો મોહમાંહિ વાધ્યુંરે મુસાફર૦ ૪

વિષયવાસનાના અવળા જે ઘાટો,
ઓળગી ચાલજેરે વાટે;
બુદ્ધિસાગર ખેલ નથી બાળકનો,
શિવ સુખ છે શીર સાટેરે. મુસાફર૦ ૫

પદ.

॥ શૂરવીર સાધુ વ્રત પાળે છે તે ઉપર. ॥

(૨૨૪)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

મુક્તિના પન્થે શૂરવીર ચાલશેરે જાગી,
કાયર તો જાય ત્યાંથી ભાગીરે. મુક્તિ૦
સુભટનો વેષ પહેરી પચૈયો રણમાં તો,
ચાલે છે સહુનીરે આગે;
ખરાખરીનો જ્યારે ખેલ આવે ત્યારે,
મૂઠીવાળીને ભીરૂ ભાગેરે. મુક્તિ૦ ૧
સતીનો ડોળ ભલે રાખે સહુ નારિયો,
પતિની સાથ સતી બળશે;
ભક્તિયું તેલ માગે ખરા ભક્તની,
ભક્તિ તે ભાવમાંહિ ભળશેરે. મુક્તિ૦ ૨
દીક્ષા લેઈને, સાધુ કહાવે સહુ,
વિરલા સંયમથી વિચરતા;

કરી કેશરીયાં મોહ હઠાવી,
જય લક્ષ્મી કેઇ વરતારે. સુક્તિ૦ ૩
લીધો વેષ તેને ભજવે છે શૂરે જન,
બોલે છે બોલ તેવું પાળે;
બુદ્ધિસાગર શૂરવીર સાધુઓ,
શિવપુર સન્મુખ ચાલેરે. સુક્તિ૦ ૪

॥ આત્મપદ. ॥

(૨૨૫)

(હવે મને હરિ નામ શું નેહ લાગ્યો—એ રાગ.)

પરખ્યાથી પ્રેમી સુરતામાં લય મને લાગી;
મિથ્યા ભ્રમણાઓ ભાગીરે. પરખ્યા.
કડવા લીંબડાના જેવું છે ભવસુખ,
તેમાં ન ચેન કાંઇ પડતું;
વિષયવાસના વિષ સમ જાણી,
મનડું ઉદાસીન રહતું રે. પરખ્યા. ૧
ભોગો તે રોગ જેવા કુટુમ્બ જાળ જેવું,
દેખું ન ક્યાંઇ સુખ આશા;
મારૂં તારૂં આ સારૂંને ખોટું.
એ સહુ દુનિયા તમાસારે. પરખ્યા૦ ૨
ઝળહળ ઝગમગ જ્ઞાનની જ્યોતિ,
સત્ય આતમને પ્રકાશી;
ઝરમર ઝરમર ઉપશમ ધારા,
મનડું અન્યત્ર ન વાસેરે. પરખ્યા૦ ૩
અનુભવ અમૃત સ્વાદ લહીને,
આત્મસ્વભાવમાંરે રહીશું;
બુદ્ધિસાગર અવિહડ રટનાથી,
ધ્યાન સમાધિ લય લહીશુંરે. પરખ્યા૦ ૪

સાણંદ. શાન્તિઃ ૩.

ચેતનબોધ પદ.

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

(૨૨૬)

ચેતનજી સમજો જૂઠી આ દુનિયાની બાજી,
રહ્યો શું તેમાં રાચી માચીરે, ચેતન૦

અજ્ઞાને અંધ થઇ જોયું ન જીવડા,
આત્મસ્વરૂપ જેહ સાચું;
હસતાં હેં હેં કરતાં એ માનવી,
ફાટી જાશે તારૂં ડાચું રે. ચેતન૦ ૧

મહેલ ચણાવ્યા બાગ બનાવ્યા,
લક્ષ્મીના લોભમાં તણાયો;
એક દિન અણધાર્યો ઉઠીશ દેહથી,
કોઇ ન જાણે ક્યાં તું જાયોરે. ચેતન૦ ૨

મનમાં આવે તેવું માની લે માનવી,
અંતે તો કાંઇ નથી તારૂં;
ચેતન ચાલે ગંદીરે કાયા,
મિથ્યા માને મારૂં મારૂંરે. ચેતન૦ ૩

ચેતન પણ જડ જેવો બનીને,
કાંઇ ન મનમાં વિચાર્યું;
ગણકાર્યું નહિં ગુરૂનું બોલવું,
મોહે આયુષ્ય સહુ હાર્યું રે. ચેતન૦ ૪

સમજ સમજ દિલમાંહિરે જીવડા,
ધર્મે ઉદ્યમ ચિત્ત ધારો;
બુદ્ધિસાગર સદ્ગુરૂજીના શરણે,
રહી આતમ ઝટ તારોરે. ચેતન૦ ૫

સાણંદ. ૐ શાન્તિઃ ૩.

પદ–મિથ્યાસગપણ.

(હરિ મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

(૨૨૭)

જોઇને જોયું સગપણ દુનિયાનું કાચું,
મોહ માયામાં શીદ રાચુંરે. જોઇને૦
અસંખ્યપ્રદેશી આતમરાયા,
જ્ઞાન દર્શનગુણ ધારી;
ચારિત્ર ગુણથી શોભેરે આતમ,
તે હું પોતે સુખકારીરે. જોઇને૦ ૧
કાયા પુદ્ગલયોગ લેશ્યાથી ન્યારો,
શક્તિ અનંતનો હું સ્વામી;
બ્રહ્મા શંકર શિવ વિષ્ણુ હું આતમ,
નામ રહિત હું અનામીરે. જોઇને૦ ૨
શબ્દના ભેદનો ઝઘડો ચુકાવી,
અર્થથી તત્ત્વ મેં તાણ્યું;
છાશે ભરમાયાં દુનિયામાં દર્શન,
સાત નયોથી મેં તો જાણ્યુંરે. જોઇને૦ ૩
ધન્ય ગુરૂ જેણે ભેદ બતાવીને,
અન્તરની શક્તિ જણાવી;
બુદ્ધિસાગર હવે ભૂલું ન ભવમાં,
પામીને તક રૂડી આવીરે. જોઇને૦ ૪

કૃષ્ણ પદ. આત્મસ્વરૂપકૃષ્ણનું ગાન.

(૨૨૮)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

રમજો રંગે કૃષ્ણજી (ચેતનજી) રંગમાંરે રાચી,
સમજીને વાત આ તો સાચીરે. રમજો૦

અસંખ્યપ્રદેશી આર્યક્ષેત્રમાં,
સુમતિ યશોદાના જાયા;
વિવેકનંદના તનુજ સોહાયા,
સમતાવ્રજ દેશે આયારે. રમજો૦ ૨

સ્થિરતા રમણતા રાધાને લક્ષ્મી,
તેહના પ્રેમમાં રંગાયા;
ધારણ દ્વારિકામાં વાસ કર્યો રૂડો,
ચરણ વસુદેવ રાયારે. રમજો૦ ૨
ભાવદયા દેવકીનારે છોરૂ,
આકાશ ઉપમાથી કાળા;
અનુભવદૃષ્ટિ મોરલીના નાદે,
લય લાગી લટકાલારે. રમજો૦ ૩
સાતનયોના વાક્યોની મટકી,
વેચે મહિયારણ સારી;
ક્ષયોપશમજ્ઞાનવૃત્તિ આહીરણ;
આત્મજ્ઞાનદધિ ધારીરે. રમજો૦ ૪
ભેદજ્ઞાનદૃષ્ટિ લકુટીથી ભાગી,
તત્ત્વામૃત દહી ચાખ્યું,
ગીર્વાણીના ધારી ગિરધારી,
જ્ઞાનીએ ભાવથી એ ભાખ્યુંરે, રમજો૦ ૫
આતમધ્યાનનો રાસ રમાડીને,
આનન્દ, વૃત્તિયોને આપે;
રાગ દ્વેષાદિક મોટા જે રાક્ષસ,
તેને મૂળમાંથી કાપેરે, રમજો૦ ૬
નિશ્ચય વિષ્ણુ વ્યવહારે કૃષ્ણ;
અવતારી જીવ પોતે;
આતમ કૃષ્ણને આતમ વિષ્ણુ,
બીજે શીદને તું ગોતેરે. રમજો૦ ૭
અધ્યાતમથી કૃષ્ણ છે આતમ,
ઔદયિકજલધિ નિવાસી;
પરભાવ નાગરાજ જીતીને ઉપર,
પોઢ્યા છે વિષ્ણુ વિલાસીરે. રમજો૦ ૮

નિજગુણ કર્ત્તા પરગુણ હર્ત્તા,
આતમ કૃષ્ણ કહેવાયો;
સમજ્યા વિણ તાણાતાણ કરીને,
અન્તર્ ભેદ કો ન પાયોરે. રમજો૦ ૯

આતમ કૃષ્ણને ભાવોને ગાવો,
લેજો માનવભવ લ્હાવો;
બુદ્ધિસાગર હરિ આતમરાયા,
અન્તરદૃષ્ટિથી પ્યાવોરે. રમજો૦ ૧૦

સાખુંદ. ૐ શાન્તિઃ

वैराग्य ५६.

(૨૨૯)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો–એ રાગ.)

ચેતનજી ચેતો કોઈ ન દુનિયામાં તારૂં,
મિથ્યા માને છે મારૂં મારૂંરે. ચેતનજી૦

લાખ ચોરાશીમાં વાર અનન્તી, દેહ ધર્યાં દુઃખ પામી;
મળીયો માનવ ભવ હાર ન આતમ, ઉદ્યમમાં રાખ
નહિં ખામીરે. ચેતન૦ ૧

કાયારે બંગલો મુસાફર જીવડો, જોજે તું આંખને ઉઘાડી;
ઉચાળો અણધાર્યો ભરવોરે પડશે, પડયાં રહેશે ગાડીવાડીરે. ચે૦ ૨

રામ રાવણને પાણ્ડવ કોરવ, મૂકી ચાલ્યા સહુ માયા;
બણીઠણી શું ફૂલી ફરેછે, પડતી રહેશે તારી કાયારે. ચેતન૦ ૩

માયા મમતાને આળસ છાંડી, ધ્યાન ધરો સુખકારી;
બુદ્ધિસાગર સદ્ગુરૂના પ્રતાપે, પામો જીવ ભવપારીરે. ચેતન૦ ૪

સાખુંદ.

વૈરાગ્ય પદ.

(૨૩૦)

(હવે મને૦-એ રાગ.)

હવે હું સમજ્યો જિનવર નામ એક સાચું,
સાચું જિન નામ બીજું કાચું રે. હવે૦

માતપિતા ભાઇ દીકરાને દીકરી, લલના કુટુમ્બ નહિં મારૂં;
મારૂં મારૂં કરી મમતાથી હાર્યો, જાણ્યું હવે સહુ ન્યારૂંરે. હવે૦ ૧

જન્મીને જાણ્યું ન તત્ત્વ સ્વરૂપ મેં, ફોગટ ફન્દમાં હું ફસ્યો;
લક્ષ્મીસત્તાની ઘેનમાં ઘેરાયો, ભણતર ભણીને હુંતો ભૂલ્યોરે. હવે૦ ૨

કાયા મન વાણીથી ન્યારો હું આતમ, અલખસ્વરૂપી સુહાયો;
ધ્યાન ધરીને જોયું સ્વરૂપ તો, આનન્દ અતિશય પાયોરે. હવે૦ ૩

ભેદુગુરૂએ મને ભેદ બતાવીને, વિષયવાસનાથી વાર્યો;
બુદ્ધિસાગર ધન્ય ધન્ય ગુરૂજી, આપ તર્યા ને મ્હને તાર્યોરે. હવે૦ ૪

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન મંગલ.

(૨૩૧)

(હવે મને હરિ નામશું નેહ લાગ્યો-એ રાગ.)

શ્રી સંખેશ્વર પાર્શ્વજી તારજોરે વ્હાલા,
બાલ કરે છે કાલાવાલારે. શ્રી સંખેશ્વર૦

ધરણેન્દ્ર પદ્માવતી દેવી, શાસન સાનિધ્યકારી;
વિઘ્નાપહારી મંગલકારી, સાહાય્ય કરે સુખકારીરે. શ્રી૦ ૧

શ્રી ચિન્તામણિ પાર્શ્વમંત્રના, જાપે સિદ્ધિ જયકારી;
દર્શન દેઇને દુઃખડાં ટાળે, મહિમા જગતમાંહિ ભારીરે. શ્રી૦ ૨

અનુભવઅમૃતજ્ઞાનની ધારા, બાલક આપનારે પામે;
સંઘ ચતુર્વિધ શાસન ઉન્નતિ, થાશે આપના જ નામેરે. શ્રી૦ ૩

શાંતિ તુષ્ટિ પુષ્ટિ કર્ત્તા, પાપપાખંડ સહુ હર્તા;
પાર્શ્વ પ્રભુનામ મન્ત્રના ધ્યાને, ભવસાગર જીવ તરતારે. શ્રી૦ ૪

આત્મસમાધિના દાતાને જ્ઞાતા, અરજી આ ઉરમાં સ્વીકારો;
મોટાને પહિલો બાલ તમારો, દયા લાવીને ઝટ તારોરે. શ્રી૦ ૫

નિરાકારને સાકારવાદની,—તાણાતાણિ કોઈ ઝૂલ્યા;
બેહુની પારો ભેદ લહ્યાવિણુ,ભણતરમાં ભ્રાન્તિથી ભૂલ્યારે. શ્રી૦ ૬

નિરાકારને સાકાર તું પ્રભુ, સાપેક્ષે સહુ સાચું;
સ્યાદ્વાદ દર્શન જ્ઞાનવિના પ્રભુ, જાણ્યું હવે સહુ કાચુંરે. શ્રી૦ ૭

કપરે કોટિ પ્રયત્નો કરો કોઈ, જૂઠું તે જૂઠ સહુ જાણું;
સ્યાદ્વાદદર્શન આતમ સ્પર્શન, આત્મપ્રદેશે રંગાણુંરે. શ્રી૦ ૮

દેવદેવ ને ગુરૂ સુખસાગર, ધર્મગુરૂ ઉપકારી;
બુદ્ધિસાગર જયજય બોલો, જિનદર્શન બલિહારીરે. શ્રી૦ ૯

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

આત્મજ્ઞાન પદ.

(૨૩૨)

(શ્રી ભાવસાગરજી કૃત)

આત્મજ્ઞાન છે સૌથી સાધનસાર, ધરૂં હૃદયે ધ્યાન;
ઉતારે ભવપાર, પમાડે ભવપાર. આતમ૦ ૧

અધ્યાત્મ જોગ ઘણા ગુણકાર,
મોટા મોટા મુનિયો ચાહે છે અપાર. આતમ૦ ૨

જાણ્યા વિના જે આતમતત્ત્વ સાર,
કરણી કહી છે જૂઠ નિરધાર. આતમ૦ ૩

પર્યાય ગુણ દ્રવ્ય અધિકાર,
જેહ જાણે તેનો સફલ અવતાર, આતમ૦ ૪

મૂલ સ્વરૂપનું ધ્યાન ધરે સાર,
કુરગડુ મુનિનીપેરે નિરધાર. આતમ૦ ૫

ગજસુકુમાલ મેતારજસાર,
તત્ત્વજ્ઞાન કર્યું એને પ્રભુ—શ્રીકાર, આતમ૦ ૬

પૃથ્વીચન્દ્ર રાજસભા મોઝાર,
બેઠા બેઠા કીધો એને તત્ત્વવિચાર. આતમ૦ ૭
ગુણસાગર મુનિમાં શીરદાર,
ચોરીમાં કેવલ પામ્યા બલીહાર. આતમ૦ ૮
ઇલાચી કુમાર વલી પામ્યા પાર,
ભરતાદિકને સંભાળો દીલધાર. આતમ૦ ૯
ઇત્યાદિક અનેક વલી પામ્યા પાર,
ષટ્ દર્શન પણ માને નિરધાર. આતમ૦ ૧૦
જે વડ ભાગી ધ્યાન ધરે આ સાર,
ભાવ કહે મારે એનો છે આધાર. આતમ૦ ૧૧

आत्मज्ञान.

(૨૩૩)

રાગ કાન્હરો.

જોઇ જોઇ એ જગની બાજી, ભાન ભૂલી ત્યાં થઉં શું રાજી;
સૌજન સ્વારથ સગપણ સાધે, સત્ય સ્વરૂપ વિરલા આરાધે. જોઇ૦ ૧
જોગી જતિ પણ સ્વાર્થનામાટે, આશા ધરી ફરે વાટે ઘાટે, જોઇ૦ ૨
કોઇક દાસ દીવાન કહાવે, માતપિતા ભાઇ લલના થાવે. જોઇ૦ ૩
આખર ખાલી હાથે જાવું, તો ફોગટ મન શું મકલાવું. જોઇ૦ ૪
ચડતી પડતી સહુની ચાલે, મૂછ મરડી શું તું મ્હાલે. જોઇ૦ ૫
સત્યસ્વરૂપ પરમાતમ મારૂં, એ સહુ પુદ્ગલ મુજથી ન્યારૂં. જોઇ૦ ૬
હાય હાય અરે હાર્યો બાજી, ગર્વે ગાંડો ફૂલ્યો ગાજી. જોઇ૦ ૭
કરવું શું ને કરે શું ખોટું, ધર્મ કર્મ નહીં માન્યું મોટું. જોઇ૦ ૮
ભણતર ભણીને કેઇક ભૂલ્યા, કેક ડહાપણ દરિયામાં ડૂલ્યા. જોઇ૦ ૯
જાણ્યું તેવું જગમાં સાચું, કહેણી તેવી રહેણી રાચું. જોઇ૦ ૧૦
બહુ બોલે તે બાંડા જાણો, બુદ્ધિ પ્રભુને મનમાં આણો. જોઇ૦ ૧૧

वैराग्य.

(૨૩૪)

રાગ કાન્હરો.

કયાંથી આવ્યો કયાં જાઇશ ભાઈ, જોને તપાસી તારી સગાઇ. કયાંથી૦ ૧
કાયા માયા કાચી કે સાચી, રંગમાં રાચી રહ્યો શું માચી. કયાંથી૦ ૨
ફૂલી ફોગટ શું ફાંફાં મારો, ફોગટ જન્મ ગુમાવી શું હારો. કયાંથી૦ ૩
કંચન કામિની મારાં માની, નાહક મુંઝે કરી નાદાની. કયાંથી૦ ૪
મરણ સમય તું ખાલી જાશે, ત્યારે મૂરખ તું પસ્તાશે. કયાંથી૦ ૫
ચાલ્યા સહુજન નિજ નિજ વાટે, ચેત, ચતુર તું ચેતનમાટે. કયાંથી૦ ૬
મધુબિન્દુસમ સુખ સંસારે, ત્રાસ ન વળશે તેથી કયારે. કયાંથી૦ ૭
મોહ માયા જગની છે મોટી, ક્ષણમાં વિનાશી દુઃખકર ખોટી. કયાંથી૦ ૮
લટપટ ખટપટ ઝટપટ ત્યાગી, આત્મસ્વરૂપનો થા તું રાગી. કયાંથી. ૯
સત્ય શુદ્ધ પરમાત્મસ્વરૂપ, बुद्धिसागर सुखचिद्रुप. કયાંથી૦ ૧૦

अवली वाणी.

(૨૩૫)

અજબ તમાસો દુનિયાકે બીચમેં, કયા કહું ગુજ સખી શાણીરે. અ૦
ગાય બિયાણી આસમાનમાં, દુધ લીધું બેગી તાણીરે. અજબ૦ ૧
અંધાજન છાશે ભરમાયા, છાશકું દુધ જ માનીરે;
આપ આપકી ખેંચાખેંચે, વદતા કદાગ્રહ આણીરે. અજબ૦ ૨
સવળાને અવળું કરી માને, આપોઆપ વખાણેરે;
અવળાને સવળું કરી દેખે, ઔર મીઠું નિજ કરી માનેરે. અજબ૦ ૩
કર્તા ન હર્તા, કર્તા હર્તા, ઇશ્વરમાં આરોપેરે,
સત્ય તત્ત્વ સ્યાદ્વાદ નયનબિન, સત્યધર્મને લોપેરે. અજબ૦ ૪
તિન ભુવન જ્ઞાતા ગુજ ત્રાતા, જીનેશ્વર જે ઓધેરે.
સત્યતત્ત્વ શાશ્વતપદદાયક, બુદ્ધિસાગર શોધેરે. અજબ૦ ૫
